

# આગમ મનીષી
# શ્રી તિલોકચંદ જૈન દ્વારા
# સંપાદિત
# જૈનાગમ નવનીત પ્રશ્નોત્તર
# ભાગ – ૬

# ઔપપાતિક સૂત્ર : પરિચય

## પ્રશ્ન–૧ : આ શાસ્ત્રનો પરિચય કયા પ્રકારે છે ?

**ઉત્તર–** સ્થાનકવાસી જૈન પરંપરામાં માન્ય આગમોને ચાર ભાગોમાં વિભાજિત કરવામાં આવેલ છે– અંગશાસ્ત્ર, ઉપાંગશાસ્ત્ર, છેદશાસ્ત્ર અને મૂલશાસ્ત્ર. જેમાં આ પ્રસ્તુત શાસ્ત્ર ૧૨ ઉપાંગ સૂત્રોમાં પ્રથમ સૂત્ર છે. ૧૨ શાસ્ત્રોનું નામ 'ઉપાંગસૂત્ર' હોવા માટે અનેક રીતે જુદા-જુદા સ્પષ્ટીકરણ કરવામાં આવેલ છે. આમ છતાં આ બીજા પ્રકારના વિભાજનમાં છેલ્લા સૂત્રને ઉપાંગસૂત્ર નામ આપેલ છે. આવું ઉપાંગ સૂત્ર, જે વિભાગના અંતમાં છે તેના કારણે આ વિભાગના બધા આગમોને ઉપાંગ સૂત્ર કહેવામાં આવે છે. પ્રચલિત શાસ્ત્રોમાં જે નિરયાવલિકા વગેરે પાંચ સૂત્ર છે, તેના પ્રારંભના મૂળપાઠમાં જ એ શાસ્ત્રનું નામ ઉપાંગસૂત્ર તરીકે કહેવામાં આવેલ છે અને નિરયાવલિકા વગેરે પાંચ વિભાગ તે શાસ્ત્રના અંદરના જ પાંચ વર્ગ છે પરંતુ કોઈક સમયે કોઈ શરતચૂકના કારણે પાંચ વર્ગો જ પાંચ સૂત્ર તરીકે પ્રચલિત થઈ ગયા છે. જેમને તે પછીના અનુગામી વિદ્વાનો તથા સમસ્ત શ્વેતામ્બર જૈન સમાજે પરંપરાગત શ્રદ્ધાથી કોઈપણ તર્ક વગર તે એક શાસ્ત્રને પાંચ શાસ્ત્ર તરીકે ગણતરી કરેલ છે. હકીકતમાં આગમ પ્રમાણથી તે એક જ શાસ્ત્ર છે. આગમ પ્રમાણને માન્ય કરનારા જૈન વિદ્વાનો કોઈપણ શરત કે તર્કથી આ વાતને નકારી શકતા નથી.

આ આગમ પરંપરાના બાર ઉપાંગસૂત્રોમાં પોતાની વિશિષ્ટતાને કારણે પ્રથમ સ્થાન પામેલ છે. આ સૂત્રનો રચનાકાલ અને રચનાકાર(રચયિતા)ની જાણકારી મળતી નથી. તેથી આગમોને લિપિબદ્ધ કરનાર દેવર્ધિગણીના સમયમાં દેવર્ધિગણી વગેરે સ્થવિર ભગવંતોની રચના હોવાનો સ્વીકાર કરવો એ જ શ્રેષ્ઠ માર્ગ છે. કારણ કે દેવવાચક શ્રી દેવર્ધિગણી દ્વારા રચિત શ્રી નંદીસૂત્રની આગમ સૂચિમાં અંગબાહ્ય, ઉત્કાલિક સૂત્રોમાં આ પ્રસ્તુત સૂત્રનો નિર્દેશ કરવામાં આવેલ છે. તે માટે જ સમસ્ત શ્વેતામ્બર જૈન સમાજમાં આ સ્વીકૃત શાસ્ત્ર છે.

આ સૂત્ર ઉપરની પ્રાચીન સંસ્કૃત ટીકા-વ્યાખ્યા નવાંગી ટીકાકાર આચાર્ય શ્રી અભયદેવસૂરિએ કરેલ છે. અર્વાચીન સંસ્કૃત ટીકા શ્રી ઘાસીલાલજી મ.સા.એ





કરેલ છે. હિંદી, ગુજરાતી ભાષાઓ અર્થ અને વિવેચન અનેક સંસ્થાઓમાંથી પ્રકાશિત થયેલ છે. **આગમોના સારાંશ** પુસ્તકોના આયોજનમાં ૩૨ ભાગોમાં આ શાસ્ત્રનો સારાંશ ત્રેવીસમાં પુષ્પમાં આપવામાં આવેલ છે. **જૈન આગમ નવનીત પ્રશ્નોત્તર** ના પ્રસ્તુત પુસ્તકોમાં આ આગમ છઠ્ઠા ભાગ રૂપે વાચકોના કરકમલમાં અર્પણ કરવામાં આવી રહ્યું છે.

આ શાસ્ત્ર મૂલપાઠ રૂપે ૧૨૦૦ શ્લોક પ્રમાણ સ્વીકારવામાં આવેલ છે. તે મુખ્ય બે વિભાગોમાં વિભાજિત છે– (૧) સમવસરણ અને (૨) ઉપપાત. બીજા ઉપપાત વિભાગની મુખ્યતાથી આ શાસ્ત્રને ઔપપાતિક સૂત્ર નામ આપવામાં આવેલ છે.

## પ્રશ્ન–૨ : ઉપાંગસૂત્ર કયા કયા છે અને તેનું નંદીસૂત્રમાં શું સ્થાન છે ?

**ઉત્તર–** પ્રચલિત ૧૨ ઉપાંગસૂત્રો આ પ્રમાણે છે– (૧) ઔપપાતિક સૂત્ર (૨) રાજપ્રશ્નીયસૂત્ર (૩) જીવાભિગમસૂત્ર (૪) પ્રજ્ઞાપના સૂત્ર (૫) જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિસૂત્ર (૬) ચંદ્રપ્રજ્ઞપ્તિસૂત્ર (૭) સૂર્યપ્રજ્ઞપ્તિસૂત્ર (૮ થી ૧૨) નિરયાવલિકા વિગેરે પાંચ સૂત્રો અર્થાત્ ઉપાંગસૂત્ર.

નંદીસૂત્રની આગમ સૂચિમાં અંગબાહ્ય **કાલિક** સૂત્રોમાં જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર અને ચંદ્રપ્રજ્ઞપ્તિસૂત્રનું નામ છે. બાકીના ૧૦ ઉપાંગસૂત્રોનાં નામ ત્યાં ઉત્કાલિક સૂત્રોની સૂચિમાં દર્શાવવામાં આવેલ છે. આથી એ સ્પષ્ટ થાય છે કે એ બધા ઉપાંગ આગમો પ્રાચીનકાળથી છે. આ ૧૨ ઉપાંગસૂત્રોમાંથી માત્ર પ્રજ્ઞાપના સૂત્રના રચનાકારનું નામ શ્યામાચાર્ય તરીકે મળે છે. તે શાસ્ત્રની રચના આચાર્ય દેવર્ધિગણી ક્ષમાશ્રમણના સમયમાં કાલકાચાર્ય(શ્યામાચાર્ય) દ્વારા કરવામાં આવેલી કે કરાવવામાં આવેલ હોય, તે હકીકત છે. પરંતુ કોઈ જાતનો લેખિત ઈતિહાસ ન મળવાને કારણે દેવર્ધિગણીના પહેલાં થઈ ગયેલ શ્યામાચાર્યના નામ સાથે આ સૂત્રની રચનાનો સંબંધ જોડી દેવામાં આવ્યો છે. હકીકતમાં શાસ્ત્રલેખન (લિપિબદ્ધ) પહેલાં અને દષ્ટિવાદ અંગની હાજરીમાં આવા તત્ત્વશાસ્ત્રની રચના થવાનું કોઈ કારણ હતું નહીં . બાકીના ૧૧ ઉપાંગસૂત્રના રચનાકારોનાં નામ મળતા ન હોવાથી એવું સ્વીકારવું સહજ યોગ્ય લાગે છે કે દષ્ટિવાદને લિપિબદ્ધ ન કરવાના નિર્ણયથી આવા અનેક શાસ્ત્રોનું સંકલન, લેખન દેવર્ધિગણી ક્ષમાશ્રમણ વગેરે સ્થવિર ભગવંતોની દેખરેખ નીચે થયેલ છે અને તે સામુહિક આગમલેખન

સંકલન હોવાને કારણે તેમાં કોઈ રચનાકારનું નામ આપવું જરૂરી જણાયું નહીં હોય. તેથી જ નંદીસૂત્ર વગેરે અનેક આગમોના રચનાકાર આજ સુધી અજ્ઞાત રહ્યા છે. પ્રજ્ઞાપના સૂત્રના રચનાકારનું નામ પણ પછીથી ઉમેરેલ ગાથાઓમાં છે પરંતુ મૂળ ગાથાઓમાં નથી. તેથી આવા નામકરણ વગરના બધા શાસ્ત્રો જે નંદીસૂત્રની સૂચિમાં છે તેનું એક પૂર્વધરોની (દેવર્ધિગણી વગેરેની) ઉપસ્થિતિમાં સંપાદન, સંકલન, સંરક્ષણ અને લેખન કરવામાં આવેલ છે, આવું શ્રદ્ધાથી સ્વીકારવું જ યોગ્ય લાગે છે.

**પ્રશ્ન–૩ : પ્રસ્તુત સૂત્રનું વિષય સંકલન કઈ રીતે છે ?**

**ઉત્તર–** આ ઔપપાતિક સૂત્રના વિષયને બે વિભાગ–અધ્યાય રૂપમાં માનવામાં આવે છે. પ્રથમ અધ્યાયનું નામ સમવસરણ છે અને બીજા અધ્યાયનું નામ ઉપપાત છે. પ્રથમ અધ્યાયમાં નગરી, ઉદ્યાન, ચૈત્ય, વૃક્ષ, રાજા, ભગવાનનું શરીર, તેમની શિષ્ય સંપદા, પરિષદમાં દેવ, મનુષ્ય અને નરેન્દ્રોનું આગમન, મૌલિક ઉપદેશ, વ્રતધારણ, પરિષદ વિસર્જન વગેરેનું વર્ણન આવેલ છે. બીજા અધ્યાય રૂપ વિભાગમાં અસંયમી જીવો, પરિવ્રાજકો અને કુશ્રમણોનું દેવોમાં ઉત્પન્ન થવાનું વર્ણન છે. તે પછી સુશ્રમણ તથા સુશ્રાવકોના આચાર, ગુણ અને આરાધનાનું વર્ણન છે. અંતમાં આરાધક સુવ્રતી જીવોની દેવગતિ કે સિદ્ધગતિ, કેવલીસમુદ્‌ઘાત, સિદ્ધ સ્વરૂપ અને તેમના સુખોનું વર્ણન છે.

**વિશેષતા :–** અહીં એક તરફ સામાજીક, રાજનૈતિક, નાગરિક ચર્ચા છે તો બીજી તરફ ધાર્મિક, દાર્શનિક, સાંસ્કૃતિક તથ્યોનું સુંદર નિરૂપણ કરવામાં આવેલ છે. આ સૂત્રની સૌથી મોટી વિશેષતા એ છે કે ભગવતી સૂત્ર તથા અન્ય આગમોમાં આ સૂત્રને જોઈ જવાનો નિર્દેશ કરવામાં આવેલ છે. કારણ એ છે કે અહિં અનેક વિષયોનું વિસ્તૃત વર્ણન કરવામાં આવેલ છે જ્યારે તે વિષયનું બીજા સૂત્રોમાં સંક્ષિપ્ત કથન કરેલ છે. અહીં શ્રમણ ભગવાન મહાવીરના સંપૂર્ણ અંગોપાંગોનું ઉપમા સભર વર્ણન કરેલ છે. સમવસરણનું પણ સજીવ ચિત્રારોપણ કરેલ છે. ભગવાનની ઉપદેશ વિધિ પણ અહીં સુરક્ષિત રીતે આલેખવામાં આવી છે. તપનું સુંદર વિશ્લેષણ તેના ભેદ-પ્રભેદ દ્વારા કરવામાં આવેલ છે. અહીં વૈદિક અને શ્રમણ પરંપરાના પરિવ્રાજકો, તાપસો અને શ્રમણોની આચારસંહિતા પણ આપવામાં આવી છે, વચમાં અંબડ સંન્યાસીનું પણ રસપૂર્ણ વર્ણન છે. અંતમાં સિદ્ધાવસ્થાનું સાંગોપાંગ સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે.



# પ્રથમ વિભાગ : સમવસરણ

**પ્રશ્ન–૧ : પ્રથમ વિભાગના નામકરણની સાર્થકતા શું છે અને અહીં નગરી વિગેરેનું આટલું મોટું વિસ્તૃત વર્ણન શા માટે કરેલ છે ?**

**ઉત્તર–** કોઈપણ નગરમાં તીર્થંકર વગેરેનું આગમન થાય તેને શાસ્ત્રની ભાષામાં **સમવસરણ** કહેવામાં આવે છે, જેમ કે **સામી સમોસઢે, સામી સમોસરિએ.** ભગવાનના દર્શન, વંદન અને પર્યુપાસના કરવા માટે દેવો, મનુષ્યો વગેરે પરિષદના રૂપમાં એકઠા થાય તેને પણ સમવસરણ કહેવામાં આવે છે. આ રીતે પ્રારંભમાં જ સમવસરણનું વર્ણન હોવાથી આ વિભાગને **સમવસરણ** નામ યથાર્થ રૂપે આપેલ છે.

પ્રસ્તુત શાસ્ત્રના પ્રથમ વિભાગમાં ચંપાનગરીમાં ભગવાનના પધારતાં પહેલાં અને પધારતાની સાથેના વર્ણનમાં નગરી, ચૈત્ય, ઉદ્યાન, વૃક્ષ, શિલાપટ્ટક, અશોકવૃક્ષ વગેરેનું તેમજ ઋદ્ધિ સહિત કોણિક રાજા, ધારિણી રાણી, પ્રવૃતિ નિવેદક વગેરેનું વિસ્તૃત વર્ણન છે. રાજા તથા ઈન્દ્ર અને અન્ય જનસમૂહના આગમન વિષે વિસ્તારથી વર્ણન કરેલ છે.

જૈન શ્રમણો માટે કોઈપણ જોવાલાયક, મનોરંજક સ્થળ જોવાનું, ઈન્દ્રિયોના પોષણને અનુલક્ષીને આગમોમાં મનાઈ કરવામાં આવી છે. આમ છતાં સાધકને જાણકારી–જ્ઞાન, અનુભવ મળે એ માટે આગમમાં જ અનેક વિષયોની છણાવટ સહિત વર્ણન વગેરે વિસ્તારથી આપેલા છે. જેમ કે ક્ષેત્રીય, સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક, જીવાદિ તત્ત્વ, સામુહિક યાત્રા, સ્ત્રી શરીર, પુઢષ શરીર, દ્વીપસમુદ્રોનું ક્ષેત્રીય વર્ણન, જ્યોતિષમંડળ સંબંધી આકાશીય–ખગોળ વર્ણન, દેવલોક, નરકલોક, સંપૂર્ણલોક, અલોક સંબંધી ભૌગોલિક વર્ણન આગમોમાં ભરપૂર આપવામાં આવેલ છે.

આ દષ્ટિકોણથી તથા આગમને લિપિબદ્ધ કરવાના સમયે વિશિષ્ટ નિર્ણયથી આ આગમસૂત્રની શરૂઆતમાં સમવસરણના વર્ણન પહેલાં નગર, દેવાલય, બગીચાનાં વૃક્ષો, અશોકવૃક્ષ, શિલાપટ્ટક વગેરેનું અને ભગવાનના સમવસૃત થયાનું વિસ્તૃત વર્ણન કરેલ છે. અહીં એ પણ હેતુ ધ્યાનમાં રાખેલ છે કે ફરી અન્ય આગમો–અંગશાસ્ત્રો કે ઉપાંગશાસ્ત્રો વગેરેમાં નગરી વગેરેનું

વર્ણન કરવાનું હોય ત્યારે વિસ્તારથી કરવું ન પડે અને ટૂંકમાં વર્ણન કરી વિશેષ વર્ણન માટે **જાવ** વગેરે પદોથી નિર્દેશ આપવામાં આવે. તેથી જ અન્ય આગમોમાં નગરી વગેરેનું વિસ્તૃત વર્ણન કરવામાં આવેલ નથી અને આ કારણથી આગમ લેખનના સમયથી જ આ શાસ્ત્રનું મહત્ત્વ વિશેષ રૂપે થઈ ગયેલ છે. જેમ કે **''જહા ઉવવાઈએ''**–જેવું ઔપપાતિક સૂત્રમાં વર્ણન વિસ્તારથી છે તેવું અહીં પણ સમજી લેવું.

**પ્રશ્ન–૨ : ભગવાન મહાવીર સ્વામીનું ચંપાનગરીમાં કેટલા સંત સતીજીઓ સાથે પદાર્પણ થયું ?**

**ઉત્તર–** અહીં શરૂઆતના વિસ્તૃત વર્ણનમાં દર્શાવવામાં આવેલ છે કે એકદા ભગવાન મહાવીર સ્વામી ચંપાનગરીના પૂર્ણભદ્ર દેવાલયના બગીચામાં પધાર્યા અને તેઓ અશોકવૃક્ષની નીચે પૃથ્વી–શિલાપટ્ટક ઉપર બિરાજીત થયા. અહીં ભગવાનના ૧૪,૦૦૦ સાધુઓ અને ૩૬૦૦૦ સાધ્વીજીઓનું કથન છે. પરંતુ તેને ભગવાનની સાધુસંપદાનો ઘોષપાઠ(વિશેષણ રૂપ પાઠ) સમજવો જોઈએ. કારણ કે ભગવાન ૧૪૦૦૦ સાધુઓને બધાને એક સાથે પોતાની સાથે રાખતા નથી. તેમજ સાધ્વીજીઓને તો વિહારમાં સાથે રાખવાનો જિન શાસનમાં નિષેધ માનવામાં આવેલ છે. માટે કોઈપણ તીર્થંકરના વિચરણ સંબંધી વર્ણનમાં સાધુ-સાધ્વીનું જે કાંઈ કથન જોવા મળે તેને એકાંતિક અર્થમાં **''તેઓ ભગવાનની હાજરીમાં ભગવાનની સાથે રહેતા હતા''** તેમ સમજી લેવું જોઈએ નહીં પરંતુ જરૂરિયાત અને ઉપયુક્ત સંખ્યામાં સંતો સાથે રહેતા હતા. બાકીના યોગ્યતા અનુસાર જુદા-જુદા પરિવારોમાં વિચરણ કરતા હતા. તેમજ સાધ્વીજીઓનું વિચરણ પણ અલગ થતું પરંતુ એક સાથે નહીં. માત્ર કથન શૈલીમાં સંપૂર્ણ શિષ્ય સંપદા સાથે વિચરણ કહેવાની પદ્ધતિ હોય છે. બીજી વાત એ પણ છે કે ૧૪-૩૬ હજારની ઉત્કૃષ્ટ સંખ્યા ભગવાનના સંપૂર્ણ જીવન કાળમાં હતી. શરૂઆતના વર્ષોમાં તો જઘન્ય કે મધ્યમ સંખ્યા પણ રહી હોય. તોપણ પ્રસંગાનુસાર એક નિશ્ચિત કરેલા ઘોષપાઠની સમાનતા રાખવા આ કથનશૈલી અપનાવવામાં આવી છે.

**પ્રશ્ન–૩ : કોણિક રાજાએ ભગવાન પ્રત્યે પોતાની ભક્તિ દર્શાવવા માટે કયા અનુષ્ઠાનો આદરેલા હતા ?**





**ઉત્તર–** ભગવાનના વિચરણ સંબંધી, દૈનિક પ્રવૃત્તિ સંબંધી અને ક્ષેમકુશળ સંબંધી સમાચાર હમેશા નિયમિત મળતા રહે તેવી વ્યવસ્થા કોણિક રાજાએ ગોઠવી રાખેલ હતી. આ વ્યવસ્થાનું યોગ્ય સંચાલન થાય તે માટે ઘણા વધારે વેતનવાળા એક પુરુષને નિયુક્ત કરેલ હતો. જેને શાસ્ત્રમાં **પ્રવૃત્તિ વાદક** કહેવામાં આવેલ છે. આ નિયુક્ત પુરુષે બીજા અનેક પુરુષોને જુદા જુદા વેતનથી ગોઠવેલા હતા. જેઓ ભગવાનના રોજબરોજના સમાચાર આગળ-આગળ (એક પુરુષથી બીજા પુરુષ એમ) મોકલતા રહેતા. જેવી રીતે આજના યુગમાં કુરિયરવાળા કે દૈનિક સમાચાર પત્રવાળા આગળ-આગળ ગોઠવેલ વ્યક્તિઓના માધ્યમથી આપ-લે કરે છે. એ જ રીતે રાજાનો તે નિયુક્ત વ્યક્તિ અનેક સંદેશ-વાહક રાખતો હતો. આ રીતે રોજબરોજના ભગવાનના સમાચાર મેળવવાની વ્યવસ્થાથી કોણિકરાજાની ભગવાન પ્રત્યેની પ્રગાઢ ભક્તિ પ્રગટ થાય છે.

ઉપનગરમાં ભગવાનની પધરામણીના સમાચાર દેનારને ૧ લાખ ૮ સુવર્ણમુદ્રા આપવામાં આવી અને નગરીમાં પધરામણીના સમાચારથી ૧૨ લાખ સુવર્ણમુદ્રા આપવામાં આવી. આ પણ કોણિક રાજાનું ભગવાન પ્રત્યેની ભક્તિનું ઉદારતા પૂર્વકનું આચરણ છે.

**પ્રશ્ન–૪ : ભગવાનની સંપદાના શ્રમણોના પૂર્વ સંસારી જીવનની સંપદા, વૈરાગ્ય અને આધ્યાત્મિક સંપદાનું વર્ણન કેવા પ્રકારે કરવામાં આવેલ છે ?**

**ઉત્તર–** ભગવાન મહાવીરના ૧૪૦૦૦ અંતેવાસી શિષ્યો હતા. જેમાંથી કોઈ રાજા, મહારાજા, મંત્રી, મહામંત્રી, શેઠ, સાર્થવાહ, કુમાર, રાજકર્મચારી, સુભટ, યોદ્ધા, સેનાપતિ, અધિકારી, ઈભ્ય શેઠ વગેરે ઉત્તમ જાતિ, કુળ અને ગુણવાળાઓ કે જે રાજાથી પણ વધારે ભોગસામગ્રીવાળા હોવા છતાં સંસારના સુખોને કિંપાક ફળની (દેખાવવામાં સુંદર અને ખાવામાં આવતાં જ જીવ તથા શરીરને જુદા કરનારા એવા ફળ) સમાન દુઃખદાયક જાણીને, જીવન પાણીના પરપોટા સમાન ગણીને, તેમજ ઝાકળના બિંદુ સમાન ચંચળ, નાશવંત જાણીને, મળેલી ૠદ્ધિ-સંપદા, ઘર-પરિવારનો ત્યાગ કરી, મળેલી સંપત્તિનો ત્યાગ, વિતરણ કે દાન કરીને, સંપૂર્ણ સંપદા જાણે કે કપડા ઉપર લાગેલ રજ છે તેમ ખંખેરીને, ત્યાગીને, મુંડિત થઈને, શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પાસે આવી આત્મ કલ્યાણની સાધના માટે દીક્ષા અંગીકાર કરી હતી. આમાંથી કેટલાક શ્રમણોને

દીક્ષિત થયે અર્ધો મહિનો, એક મહિનો, બે, ત્રણ, ચાર વગેરે મહિના થયા હતા. કેટલાકને વધારે મહિના કે વર્ષો થયા હતા અર્થાત્ જુદી જુદી દીક્ષા પર્યાયવાળા અનેકાનેક શ્રમણો હતા.

કેટલાક શ્રમણો મતિ અને શ્રુત એમ બે-બે જ્ઞાન ધારણ કરનારા હતા. કેટલાક અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની હતા. વળી કોઈ કેવળજ્ઞાનદર્શનધારી, સર્વજ્ઞ-સર્વદર્શી હતા. કોઈ શ્રમણો મનોબળ, શરીરબળ અને વચનબળના ઉત્કૃષ્ટ ધારક હતા. કોઈ ખૈલોષધિ વગેરે લબ્ધિજન્ય વિશેષતાઓના ધારક હતા. કોઈ કોષ્ઠબુદ્ધિ, બીજબુદ્ધિ, પટબુદ્ધિ, પદાનુસારીબુદ્ધિના ધણી હતા. કોઈ કાન સિવાય પણ બીજી ઈન્દ્રિયો દ્વારા શબ્દ ગ્રહણ કરવા સમર્થ હતા, તો કોઈ આ પ્રકારની અને બીજી પણ અનેક વિશેષતાઓ યુક્ત લબ્ધિધારી હતા. કેટલાક રત્નાવલી, કનકાવલી, એકાવલી, લઘુસિંહનિષ્ક્રીડિત, મહાસિંહનિષ્ક્રીડિત તપ, ભદ્રપ્રતિમા, મહાભદ્ર પ્રતિમા, સર્વતોભદ્ર પ્રતિમા, આયંબિલ વર્ધમાન તપના ધારક હતા. કેટલાક ઋજુમતિ, વિપુલમતિ, મનઃ પર્યવજ્ઞાન અને કોઈ આકાશગામિનિ વિદ્યા કે વૈક્રિય લબ્ધિના ધારક પણ હતા.

**પ્રશ્ન–૫ : ભગવાન મહાવીરની પધરામણી ચંપાનગરીમાં થતા ઈન્દ્રો, દેવ-દેવીઓનું પણ આગમન થયું, શું બધી મોટી નગરીઓમાં આ પ્રમાણે થાય છે ?**

**ઉત્તર–** કોઈ ખાસ પ્રસંગથી જ ૬૪ ઈન્દ્રો, દેવ-દેવિઓ સાથે સમવસરણમાં આવે છે. દરેક વખતે કે દરેક મોટી નગરીઓમાં આવું થવું જરૂરી નથી. સામાન્ય દેવ અથવા સામાનિક દેવ એકલા કે પરિવાર સાથે ઋદ્ધિ સહિત ક્યાંક ક્યાંક આવે તે સંભવિત છે.

**પ્રશ્ન–૬ : ભગવાનની પધરામણી થતા કોણિક રાજાએ આરંભ-સમારંભ અને નગરીને શણગારવાની કાર્યવાહી શા માટે કરી ?**

**ઉત્તર–** કોણિક રાજાએ ભગવાન માટે કે ભગવાનના સ્વાગત માટે આવું કંઈ જ કર્યું નહોતું. ભગવાનના પદાર્પણ પછી અને બિરાજમાન થયા પછી નગરીની સ્વચ્છતા, સુંદરતા એ તો રાજાને માટે પોતાની શાન અને પોતાની ફરજનો એક ભાગ બની જાય છે. કારણ કે આવા પ્રસંગે તો અન્ય દેવ-દેવીઓ કે રાજાઓનું આવાગમન નગરીમાં સહજ બની જાય છે. રાજાએ પોતે ભગવાન પાસે નગરીમાં





થઈને જ જવાનું હોય છે. તેથી પોતાના હેતુ–પ્રયોજન ખાતર કોણિક રાજાએ નગરીમાં સફાઈ, સજાવટની કાર્યવાહી કરી હતી. આ વર્ણનનો આધાર લઈને આજના સમયમાં સંતોની પધરામણીના સમયે આરંભ-સમારંભ કે આડંબરો કરવા તે યોગ્ય માની શકાય તેમ નથી. કારણ કે કોણિક રાજાએ પધરામણી પછી જ આવી કાર્યવાહી કરી હતી.

**પ્રશ્ન–૭ : રાજા અને રાણી ભગવાનના દર્શન કરવા સાથે જાય છે કે આગળ-પાછળ જાય ?**

**ઉત્તર–** વર્ણન કરવાની શૈલીમાં પહેલાં રાજાનું વર્ણન પુઢં કરી પછી રાણીઓનું વર્ણન કરવામાં આવે છે. પરંતુ રાજા અને રાણીઓએ જવાનું જ છે અને તે માટે રાજા પહેલેથી જ રથ વાહન વગેરે તૈયાર કરવાનો આદેશ એક સાથે જ આપે છે તેથી બન્નેનું સાથે જ જવાનું સમજવું ઉચિત ગણાય. રાજા પોતાની આવડી મોટી ઋદ્ધિ, ઠાઠ-માઠથી જાય અને રાણીઓ પાછળથી એકલી જાય તેવું ઉપયુક્ત પણ ગણાય નહીં .

બન્ને, સપરિવાર, ઠાઠમાઠથી સાથે જ જાય છે. સમવસરણમાં સ્ત્રી પરિષદની જુદી વ્યવસ્થા હોય છે તેમાં રાણીઓ બેસતી નથી. રાજાની સાથે જ અગાઉ નકકી કરેલ સ્થાન પર રાજાને આગળ રાખીને બેસે છે. બાકીના બીજા સ્ત્રી પુઢષો અલગ-અલગ સ્થાનો ઉપર પોત-પોતાની પરિષદમાં બેસે છે. અહીં પાઠમાં **પુરઓ કાઉં ઠિઈયા ચેવ** આ શબ્દનો એવો અર્થ કરવામાં આવે છે કે– ભગવાનના સમવસરણમાં રાણીઓ અને બધી સ્ત્રીઓ ઉભી રહેતી હતી. રાજસી વૈભવવાળી સુકોમલ શરીરવાળી રાણીઓ, શેઠાણીઓ વગેરે કલાક બે કલાક પ્રવચનમાં અને પરિષદની આગળની જગ્યાએ ઉભી રહીને પોતાનું પ્રદર્શન કરે એ યોગ્ય લાગતું નથી. તેમજ આટલા સમય સુધી ઉભું રહેવું પણ શક્ય લાગતું નથી. તેથી ઉપરોક્ત પાઠમાં **ચેવ** શબ્દ ઉભા રહેવાની વિશેષતાને માટે નહીં પણ **પુરઓ કાઉં** ની વિશેષતાને માટે આપવામાં આવેલ છે કે અન્ય સ્ત્રીઓ સ્ત્રીપરિષદમાં બેસતી અને વિશિષ્ટ સ્ત્રીઓ પોતાના પતિની સાથે નકકી કરેલા સ્થાને પતિને આગળ રાખીને જ એટલે કે પતિની પાછળ જ બેસે છે. પ્રસ્તુત પાઠમાં **સ્થિતા** શબ્દથી પણ ભ્રમ ઉત્પન્ન થાય છે. પરંતુ અહીં આ શબ્દથી બેસવા માટેનો અર્થ થાય છે. ઉભા રહેવાનો એકાંત અર્થવાળો આ

શબ્દ નથી. **''સ્થિર થઈને બેસવું''** એ અર્થને લક્ષમાં લઈ સમજવું જોઈએ. આમે ય તે સ્ત્રીઓએ વિશાળ પરિષદમાં પોતાનું શરીર સંકોચીને બેસવાનું ઉચિત ગણાય છે. સ્ત્રીઓએ પુરુષોની વિશાળ પરિષદમાં વચ્ચે ઉભા રહેવું એ અશોભનીય પણ લાગે છે. તેથી આગમમાં આવતા શબ્દોને પ્રસંગોને અનુકુળ અર્થ કરીને સમજવા ઉચિત ગણાશે.

**પ્રશ્ન–૮ : ભગવાનની ધર્મદેશનાનું અહીં જે વિસ્તૃત કથન છે તેવું દરેક ધર્મ ઉપદેશ સમયે હંમેશાં એક સરખું હોય તેમ સમજવું ?**

**ઉત્તર–** ભગવાનનો ઉપદેશ પરિષદને અનુલક્ષીને નવી-નવી પદ્ધતિથી હોય તેમ સ્વીકારવું જોઈએ. ભગવાન તો સર્વજ્ઞ સર્વદર્શી હોય છે. પરિષદની મુખ્ય વ્યક્તિ અથવા સમસ્ત પરિષદને લક્ષ્યમાં રાખીને તેઓ યોગ્ય વિષય ઉપર પ્રવચન આપતા હોય છે. પ્રસ્તુતમાં શાસ્ત્રકારે એક સમાન્ય ઉપદેશનું સંકલન કરેલ છે એમ સમજવું જોઈએ. તીર્થંકર ગોખેલું–રટણ કરેલું એક સરખું પ્રવચન હંમેશાં કરે છે, એમ સમજવું ઉપયુક્ત નથી અથવા તેઓ કેવળ અવ્યક્ત ધ્વનિ જ કરે છે એવું માનવું પણ આગમ સમ્મત નથી.

**પ્રશ્ન–૯ : ભગવાનની ભાષા અર્ધમાગધી જ કેમ કહેવામાં આવે છે?**

**ઉત્તર–** અર્ધમાગધી ભાષામાં શાસ્ત્રોની રચના ગણધર ભગવંતો કરે છે. આ તથ્યને લઈને એમ માની લેવામાં આવે છે કે ભગવાન હંમેશાં અર્ધમાગધી ભાષા બોલે છે.

વાસ્તવમાં બોલચાલની ભાષા કરતાં શાસ્ત્રોની ભાષાનું મહત્ત્વ કંઈક જુદું હોવું જોઈએ. અન્યથા બોલવાની ભાષાના શબ્દો શાસ્ત્રના મૂળપાઠમાં મિશ્રણ થવાની શક્યતા રહે છે. તેથી શાસ્ત્ર રચનાની ભાષા, બોલવાની ભાષાથી વિશિષ્ટ રાખવામાં આવે તો જ શાસ્ત્રની સ્વતંત્ર મહત્તા અને શુદ્ધતા અથવા નિર્ભેળતા કાયમ રહી શકે છે.

ઉપાંગસૂત્રોમાં કોઈપણની વિકૃતિભ્રમ વગેરેને કારણે તીર્થંકરોની પ્રવચનની ભાષા આગમની ભાષાની નકલરૂપ અર્ધમાગધી કરી દેવામાં આવી છે. પરંતુ કોઈપણ અંગસૂત્રમાં આ વાતનું સમર્થન કરે તેવો મૂળપાઠ જોવા મળતો નથી. આમ આપણે જોઈએ વિચારીએ તો ક્ષેત્ર, કાળ, વ્યક્તિ, પરિષદને યોગ્ય સરળભાષામાં ઉપદેશ હોય તે સમુચિત ગણાય. દેવોની અને આગમોની





ભાષા અર્ધમાગધી હોય તે માની શકાય છે પરંતુ ઉપદેશ–પ્રવચનની ભાષા તો પરિષદની મુખ્યતાને ધ્યાનમાં રાખીને હોવી જોઈએ અર્થાત્ વક્તા જો અનેક ભાષાઓમાં નિષ્ણાંત હોય તો તે હાજર પરિષદની મુખ્યતાવાળી અને પ્રચલિત ભાષામાં વક્તવ્ય આપવાનું જ લાભદાયી સમજે. તેવી જ રીતે તીર્થંકરો પણ જનાનુકુલ, ક્ષેત્ર અનુકુળ કોઈપણ ભાષામાં પ્રવચન ફરમાવી શકે છે તથા પ્રશ્ન, વાર્તાલાપ પણ જનભોગ્ય કોઈપણ ભાષામાં કરી શકે છે. તેમના પ્રવચનોને અર્ધમાગધી ભાષામાં બાંધી લેવા કે હંમેશાં અર્ધમાગધી ભાષામાં જ વાત કરે છે, તેવું માનવું વિચારશૂન્ય પ્રવાહ માત્ર બની ગયેલ છે, એવો આભાસ થાય છે.

આજે આપણા આગમો અર્ધમાગધી ભાષામાં છે. તેને સામાન્ય જનતા વાંચીને કે સાંભળીને તેના અર્થ-ભાવ સમજી શકે નહીં. તો પછી આવા વક્તવ્ય જનતા માટે શું કામના ? તીર્થંકરના વચન અતિશયથી પરિવર્તિત ભાષામાં તીર્થંકરના વચનોની મૌલિકતા ન રહેવાને લીધે જિનવાણીનો પ્રભાવ કે અસર ઓછી થાય, તેમ સંભવ છે. તેથી ક્ષેત્રની મૌલિક ભાષા અને જનભાષામાં જ ભગવાનના પ્રવચનો હોય તેમ સ્વીકારવું જોઈએ. તિર્યંચ અને દેવોને માટે તેમજ ખાસ અલ્પ સંખ્યામાં આવેલા અન્ય ભાષાના મનુષ્યો માટે વચન અતિશયનો ઉપયોગ સમજવો જોઈએ પરંતુ પ્રવચનની મુખ્ય ભાષા તો મુખ્ય પરિષદ અથવા અધિકતમ પરિષદને અનુકૂળ સમજવી જોઈએ.

**પ્રશ્ન–૧૦ : ભગવાન મહાવીર સ્વામીના ગુણોનું અને શરીરનું વર્ણન અહીં કઈ રીતે કરવામાં આવે છે ?**

**ઉત્તર–** અહીં આ શાસ્ત્રના પ્રારંભમાં ગ્રામ-નગર વિચરણ કરતાં ચંપાનગરીમાં ભગવાનની પધરામણીનું વર્ણન છે. આ પ્રસંગથી ભગવાનના **નમોત્થુણં** માં દર્શાવેલ ગુણોનું તથા અન્ય પણ અનેક ગુણોનું તેમજ ભગવાનના શરીર સૌષ્ઠવનું વર્ણન, માથાના વાળથી શરૂ કરીને પગના નખ સુધીનું ક્રમશઃ સમસ્ત અંગોનું સ્પષ્ટ વર્ણન કરવામાં આવેલ છે. આ વર્ણન આ પ્રમાણે છે–

શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ધર્મની આદિ કરનારા સ્વયં સંબુદ્ધ તીર્થંકર હતા. પુરુષોતમ વગેરે **નમોત્થુણં** માં દર્શાવેલ ગુણોથી યુક્ત હતા. અરહા–પૂજનીય, રાગાદિ વિજેતા, કેવલજ્ઞાન યુક્ત, ઉત્સેધાંગુલથી સાત હાથની ઊંચાઈવાળા, સમચોરસ સંસ્થાન અને વજ્રૠષભનારાચ સંઘયણથી યુક્ત,

શરીરના અંતવર્તી પવનના ઉચિત વેગ યુક્ત, નિર્દોષ ગુદાશય યુક્ત, કબુતર સમાન પાચનશક્તિવાળા હતા. પેટ અને પીઠની નીચેના બંને પડખા તથા જાંઘ સુંદર અને સુગઠિત હતી. તેમનું મુખકમળ સુરભિમય નિશ્વાસથી યુક્ત હતું. ઉત્તમ ચામડીવાળા, નિરોગી, ઉત્તમ પ્રશસ્ત અત્યંત શ્વેત માંસવાળા, જલ્લ, મલ અને દાગ આદિ વગરનું તેમનું શરીર હતું. એટલે કે નિઢપલેપ, સ્વચ્છ, તેજથી ઝગમગતા તેમના દરેક અંગોપાંગ હતા.

**ક્રમિક વર્ણન :–** ઉત્તમ લક્ષણવાળું ઉન્નત **મસ્તક** હતું. સુંવાળા, કાળા, ચમકતા, વાંકળિયા વાળ તેમના મસ્તક ઉપર હતા. તેમના છત્રાકાર મસ્તકનો ઉપરનો ભાગ ફોલ્લા, ફોલ્લી, ખીલ કે કોઈ ઘાના ચિન્હ વગરનો હતો. અર્ધ ચંદ્ર સમાન લલાટ, પૂર્ણ ચંદ્ર સમાન મુખ, સોહામણા કાન, ભરાવદાર ગાલ(કપોલ), કંઈક ખેંચાયેલા ધનુષ્યની પણછ સમાન સુંદર વાંકી ભમ્મરો, પુંડરીક કમળ સમાન સફેદ નયન, પદ્મકમળ સમાન વિકસિત આંખો, ગરૂડની ચાંચ સમાન લાંબી, સીધી અને ઉન્નત નાસિકા(નાક), સુંદર હોઠ, દાંતોની શ્રેણી ગાયના દૂધ સમાન સફેદ હતી. દાંત અખંડ, પરિપૂર્ણ અને સુંદર આકારવાળા હતા. જીભ અને તાળવું તપેલા સોના સમાન લાલ હતા. દાઢી, મુછના વાળ મર્યાદિત રહેતા હતા. હડપચી, માંસલ સુગઠિત હતી. ગર્દન ચાર આંગળ પહોળી ઉત્તમ શંખ સમાન ત્રણ શળવાળી હતી. ઉત્તમ હાથી સમાન કાંધ, ગોળ, લાંબી ભુજાઓ, સુદઢ સ્નાયુ, નાગરાજ સમાન ફેલાયેલ દીર્ઘ(લાંબા) હાથ, લાલાશ પડતી હથેળી, ઉન્નત કોમળ સુગઠિત હાથ, છિદ્ર રહિત આંગળીઓ હતી. તેમની હથેળીમાં સૂર્ય, ચંદ્ર,ચક્ર, દક્ષિણાવર્ત, સ્વસ્તિક(સાથિયા) વગેરે શુભ સૂચક રેખાઓ હતી. તેમનું વક્ષઃસ્થળ–છાતી સુવર્ણશિલા સમાન સ્વચ્છ, પ્રશસ્ત, સમતલ, વિશાળ હતું. તેમજ સ્વસ્તિક ચિન્હ સહિત છાતી હતી. માંસલ શરીર હોવાને કારણે કરોડરજ્જુ દેખાતી નહોતી, શરીર સુવર્ણ સમાન દીપતું, સુંદર, રોગ વગરનું, સુનિષ્પન્ન તેમજ ઉત્તમ પુરુષના ૧૦૦૮ લક્ષણ સહિતનું હતું. પડખાના ભાગ નીચે તરફ જતા સાંકડા થતા હતા. છાતી અને પેટ ઉપર રોમરાય હતી. પેટની નીચેના બન્ને પડખા સુનિષ્પન્ન હતા. માછલી જેવું પેટ હતું. તેમની દુંટી(નાભિ) ગોળ, સુંદર, વિકસિત હતી. ઉત્તમ સિંહની કમર સમાન ગોળ ઘેરાવવાળી તેમની કમર હતી.

ઉત્તમ પાણીદાર ઘોડાના સુનિષ્પન્ન ગુપ્તાંગ જેવો તેમનો ગુહ્ય ભાગ





હતો. તેમનું શરીર મળ-મૂત્રના વિસર્જનની અપેક્ષાએ નિર્લેપ(સ્વચ્છ) હતું. હાથીની સૂંઢની જેવી સુગઠિત તેમની જાંઘો હતી. અતિ સુંદર ડબાના ઢાંકણા જેવા તેમના ઘુંટણ હતા. હરિણીની પીંડી જેવી ઉતાર(આકારવાળી)ગોળ તેમની પિંડીઓ હતી. તેમના પગના ટેરવા સુંદર અને સુગઠિત હતા. તેના પગ મનને ગમી જાય તેવા સુંદર હતા અને પગની આંગળીઓ ક્રમશઃ અનુપાતિક રૂપમાં સુંદર હતી, નખ, તાંબાની સમાન લાલ હતા, પગના તળિયા લાલ કમળ ના પાંદડા સમાન સુકોમળ હતા, પગના તળિયાની રેખાઓથી પર્વત, નગર, મગર, સાગર, ચંદ્ર જેવા ઉત્તમ ચિન્હો તેમજ સ્વસ્તિક જેવા મંગલ ચિન્હો દેખાતા હતા.

તેમનું રૂપ અસાધારણ હતું, તેમનું તેજ નિર્ધૂમ અગ્નિ સમાન હતું. તેઓ હિંસા–પ્રાણાતિપાત રહિત, મમતા રહિત અકિંચન હતા, નિઢપલેપ– કર્મબંધથી રહિત હતા. તેઓ નિર્ગ્રંથ પ્રવચનનો ઉપદેશ આપનારા, ધર્મશાસનના નાયક, ચોત્રીસ અતિશય અને પાંત્રીસ સત્ય વચનના અતિશય સહિત હતા. આકાશમાં રહેલા ચક્ર, છત્ર, ચામર, સ્ફટિકરત્નથી બનેલું પાદપીઠ સહિતનું સિંહાસન અને ધર્મધ્વજ આ બધા તેમની આગળ ચાલતા રહેતા હતા.

આ પ્રકારે શ્રમણ ભગવાન મહાવીર ૧૪૦૦૦ સાધુ, ૩૬૦૦૦ સાધ્વીઓના પરિવાર સંયુકત એક ગામથી બીજે ગામ વિહાર કરતા ચંપા નગરી બહાર ઉપનગરમાં આવી પહોંચ્યા.

**પ્રશ્ન–૧૧ : તીર્થંકર અથવા ગુઢ ભગવંત નગર કે બગીચામાં પધારેલ છે તેવા સમાચાર મળતા શ્રાવક પરોક્ષ વંદન કેવી રીતે કરે છે ?**

**ઉત્તર–** પ્રસ્તુત શાસ્ત્રમાં ભગવાનના આવવાના સમાચાર મળતા જ કોણિક રાજા સિંહાસન ઉપરથી નીચે ઉતરી ગયા, પગની પાદુકા કાઢી, રાજચિન્હ જેવા કે તલવાર, છત્ર, મુકુટ, ચામર વગેરે એક તરફ રાખીને, ખંભે રાખવાના ખેસને મુખ આડે રાખીને હાથ જોડી, મસ્તક ઉપર અંજલિ કરી, પવિત્ર ભાવોથી સાત-આઠ ડગલા તીર્થંકરની દિશામાં આગળ ચાલી, પછી ડાબા ઘુંટણને ઉંચો રાખી, જમણા પગને જમી પર રાખી, ત્રણ વખત મસ્તકને જમીન ઉપર લગાડ્યું, ત્યાર પછી કંઈક નમીને બંને હાથોને સંકોરી ઘુંટણ ઉપર રાખી મસ્તક ઉપર અંજલિ કરીને **નમોત્થુણં** ના પાઠથી સિદ્ધ ભગવાનની સ્તુતિ કરી.(પહેલું ણમો-ત્થુણં સિદ્ધ ભગવાનને કર્યું). ત્યાર પછી એ જ નમોત્થુણં ના પાઠથી ભગવાન

મહાવીર સ્વામીને પોતાના ધર્મગુઢ, ધર્માચાર્યનું સંબોધન કરી વંદન નમસ્કાર કર્યા. આ પ્રકારની જ વિધિ રાજપ્રશ્નીય (રાયપ્પસેણીય)સૂત્રમાં પણ વર્ણવેલી છે. શ્રમણોપાસક ચિત્તસારથીએ કેશીશ્રમણને પોતાના ધર્મગુઢ અને ધર્માચાર્ય સંબોધન કરીને નમોત્થુણંના પાઠથી પરોક્ષ વંદન નમસ્કાર કરેલ છે. તાત્પર્ય એ છે કે પરોક્ષ રીતે ગુઢને પણ નમોત્થુણંના પાઠથી વંદન કરવામાં આવે છે.

**પ્રશ્ન–૧૨ : બગીચામાં ઉતરેલા શ્રમણોની જ્ઞાન આરાધના કેવી રીતે દર્શાવવામાં આવી છે ?**

**ઉત્તર–** કેટલાક શ્રમણો આચારાંગસૂત્રને કંઠસ્થ કરનારા હતા. કેટલાક શ્રમણો, સૂત્રકૃતાંગ, ઠાણાંગ, સમવાયાંગ વગેરે સૂત્રોને કંઠસ્થ કરનારા હતા અને કેટલાક શ્રમણ ૧૧ અંગ અથવા સંપૂર્ણ દ્વાદશાંગને ધારણ કરનારા હતા. આ શ્રમણો ત્યાં બગીચામાં જુદા જુદા સ્થાનો ઉપર, અલગ અલગ નાના-મોટા સમૂહમાં છુટા-છુટા બેઠા હતા. કોઈ વાંચણી દેતા–આગમો વાંચતા, વંચાવતા, કોઈ પ્રશ્નોત્તર કરતા કે સમાધાન કરતા, કોઈ સ્વાધ્યાય દ્વારા પુનરાવર્તન કરતા, કોઈ ચિંતન મનન કરી અનેક પ્રકારે ધર્મકથા કરતા હતા અને કોઈ વિશિષ્ટ આસનોમાં બેસીને ધ્યાનમાં લીન બની રહ્યા હતા.

ભગવાનના આ શ્રમણો, સંસારને મહાસમુદ્રની ઉપમાવાળું સમજીને ભવભ્રમણરૂપ ભયથી ઉદ્વિગ્ન બની, વિરક્ત ભાવમાં લીન રહેતા તેમજ સંયમ તપને ધર્મરૂપી નૌકા સમજી તેના દ્વારા આત્માની સુરક્ષા કરતા થકા મોક્ષ પ્રાપ્તિના હેતુથી સમ્યક પુઢષાર્થ કરી રહ્યા હતા.

**પ્રશ્ન–૧૩ : આ સમવસરણ વિભાગમાં બીજા કયા કયા વિષયોનો સમાવેશ કરેલ છે ?**

**ઉત્તર–** સ્થવિરોના ગુણ, અણગારોના ઉપમાયુક્ત ગુણ, દેવોનું, જનસમુદાયનું, રાજા-રાણીઓ વગેરેનું આગમન, ભગવાનનો અસ્ખલિત પરિપૂર્ણ ઉપદેશ. ઉપદેશમાં–લોકસ્વરૂપ, ૧૮ પાપો અને તેનો ત્યાગ, દાન-શીલ-તપ, ભાવ વગેરે શુભકૃત્યો, નિર્ગ્રંથ પ્રવચનનું મહાત્મ્ય, ચાર ગતિમાં જવાના ૪-૪ કારણો, જીવનો મોક્ષ, દ્વિવિધ ધર્માચરણ એટલે કે શ્રાવકધર્મ અને સાધુધર્મ, ઉપસંહાર તેમજ ભક્તિભાવ પૂર્વક પરિષદનું વિસર્જન થવું વગેરે વિષયોનું વિશ્લેષણ કરેલ છે. અણગારોના તપનું પણ વિશ્લેષણ ઘણું જ વિસ્તારથી કરવામાં આવેલ છે.





આ વિષયો ઉપરનું વર્ણન સારાંશ પુસ્તકમાં તથા ભગવતી સૂત્ર, પ્રશ્નવ્યાકરણ સૂત્રના પ્રશ્નોત્તરમાં સ્પષ્ટ કરવામાં આવેલ છે. તેથી અહીં તેનો ફરીથી વિસ્તાર કરવામાં આવેલ નથી.

## બીજો વિભાગ : ઉપપાત

**પ્રશ્ન–૧ : આ વિભાગના નામકરણની સાર્થકતા કયા પ્રકારે છે ?**

**ઉત્તર–** વિવિધ જીવોની પોતાની કરણી અનુસાર પરભવ કે દેવગતિમાં ઉત્પન્ન થવા વિષયક વર્ણન હોવાથી આ બીજા વિભાગનું નામ **ઉપપાત** સાર્થક છે. પ્રશ્નોની શરૂઆત ગૌતમસ્વામી દ્વારા કરવામાં આવેલ છે અને જવાબ ભગવાન દ્વારા આપવામાં આવેલ છે. એક-બે પ્રશ્નો પછી સંલગ્ન નિરૂપણ શૈલીથી અનેક પ્રકારના જીવોની ઉત્પત્તિનું વર્ણન છે એટલે કે પછી પ્રશ્નોત્તર વગર નિરૂપણ છે.

**પ્રશ્ન–૨ : ગણધર ગૌતમ સ્વામીના ગુણનો પરિચય કયા પ્રકારે કરવામાં આવેલ છે અને શરૂઆતની પ્રશ્નોત્તર શૈલીમાં શું કહેવામાં આવ્યું છે ?**

**ઉત્તર–** પ્રથમ ગણધર ઈન્દ્રભૂતિ ગૌતમ, શ્રમણ ભગવાન મહાવીરના પ્રથમ જ્યેષ્ઠ શિષ્ય હતા. લગભગ સાત ફૂટ તેમની અવગાહના(ઊંચાઈ) હતી. સમચોરસ સંસ્થાન, વજ્રઋષભનારાચ સંઘયણ યુક્ત એમનું પાર્થિવ શરીર હતું એટલે ઉત્તમ સુડોળ શરીરની આકૃતિ હતી તેમજ તેમનું શરીર અનુપમ શ્રેષ્ઠ શક્તિથી ભરપૂર પણ હતું. ગૌર વર્ણ હતો. તેઓ કઠોર અને વિપુલ તપ કરનારા હતા. સાધનામાં સશક્ત, વિશાલ ગુણોના ધારક, કઠોરતમ બ્રહ્મચર્ય વ્રતની વિશુદ્ધ પાલના કરનારા હતા. શરીરની મમતાના ત્યાગી હતા, તેજોલેશ્યા આદિ વિવિધ લબ્ધિઓના ધારક હતા. અવધિજ્ઞાની તેમજ મનઃપર્યવજ્ઞાની શ્રમણ શિરોમણી હતા. દ્વાદશાંગીના ધારક, ૧૪ પૂર્વધર, અજોડ મતિશ્રુત જ્ઞાનના ધારક હતા. આ શ્રમણ ગૌતમ, ભગવાન મહાવીર સ્વામીની દષ્ટિ મર્યાદાના ક્ષેત્રમાં રહીને વિશિષ્ટ ધ્યાનમુદ્રાના આસનમાં બેસીને હંમેશાં ધ્યાનમાં લીન રહેતા હતા. તેમનું આ ધ્યાન અનુપ્રેક્ષા ધ્યાન કે પ્રેક્ષા ધ્યાન હતું. આવી અનુપ્રેક્ષા અને પ્રેક્ષાના માધ્યમથી કેટલીયે જિજ્ઞાસાઓ લઈ વિના વિલંબે ભગવાન મહાવીર

પાસે જઈ વિનયપૂર્વક જિજ્ઞાસાનું સમાધાન મેળવી લેતા હતા. ગૌતમ સ્વામીના પ્રારંભિક પ્રશ્નોત્તરોના વિષય આ પ્રમાણે હતા–

**પાપકર્મનો બંધ :–** અસંયત, અવિરત, પાપકારી કાર્યોનો ત્યાગ ન કરનારા, જુદા જુદા પાપકાર્યો કરનારા, ઈન્દ્રિયો ઉપર સંયમ ન રાખનારા, એકાંત પાપી, અજ્ઞાની, ભાવ નિદ્રામાં સુતેલા જીવો મુખ્યત્વે પાપકર્મોના જ પોટલા બાંધે છે. મોહકર્મનું વેદન કરતા કરતા પણ જીવ ફરી ફરી મોહનીય કર્મ બાંધતો હોય છે અને આમ કરતો જીવ છેવટે ક્યારેક સાધનામાં આગળ વધતાં દશમાં ગુણસ્થાનકે પહોંચ્યા પછી જ મોહકર્મના બંધનને રોકે છે અને ત્યાં કેવળ વેદનીય કર્મનો જ બંધ થાય છે.

તે અસંયત જીવોમાં જે ત્રસ જીવોની હિંસામાં લાગ્યા રહે છે તે જીવો મરીને નરકે જાય છે અને જે ત્રસ પ્રાણીઓની હિંસામાં લીન થતા નથી, તેમાંથી કોઈ જીવ દેવ પણ બની શકે છે અને કોઈ અન્ય ગતિઓમાં પણ જઈ શકે છે. દેવગતિમાં કયા-કયા અને કેવા-કેવા અજ્ઞાની, અસંવૃત જીવો જાય છે તેનું સ્વરૂપ આ પ્રમાણે છે– (૧) જે અજ્ઞાની જીવો કોઈ પણ જાતની ધાર્મિક ભાવના કે ધાર્મિક પ્રેરણા વિના જ માત્ર અશુભકર્મોના ઉદયે અથવા પરિસ્થિતિવશ ભૂખ, તરસ સહન કરે છે, બ્રહ્મચર્ય પાળે છે, સ્નાન કરતા નથી, ઠંડી-ગરમી સહન કરે છે, ડાંસ-મચ્છર જનિત કષ્ટો સહન કરે છે તેમજ મેલ, પરસેવા વગેરે બીજા ઘણાં કષ્ટો પણ સહન કરે છે તેઓ ટૂંકા સમય કે વધારે સમયના આવા કષ્ટો સહન કરી મરીને વ્યંતર જાતિના ભૂત, પિશાચ, યક્ષ, રાક્ષસ આદિ દેવ બને છે. ત્યાં તેમને દશ હજાર વર્ષનું આયુષ્ય હોય છે. આવા જીવોનું દેવ બનવું તે ધર્મ કે આરાધનાની કક્ષાનું નથી પણ કેવળ સંસાર ભ્રમણની કક્ષાનું હોય છે.

(૨) જે કોઈ પ્રકારે ગુન્હો–અપરાધ કરીને રાજપુરુષો દ્વારા તેને યાતના–દુઃખો આપવામાં આવે તે ભોગવીને મૃત્યુ પામે છે, વિરોધીઓ દ્વારા કમોતે મારી નાખવામાં આવે છે, જે દુઃખોથી હારી–થાકીને આત્મહત્યા કરી લે, અચાનક કોઈ ઘટના બનવાથી કમોતે મૃત્યુ પામે, આવા કમોતે મરનારા મરતી વેળાએ રૌદ્ર કે સંક્લિષ્ટ ભાવો–પરિણામો ન રાખ્યા હોય અને સહજ સામાન્ય ભાવમાં આર્તધ્યાનમાં મરે તો તે વ્યંતર દેવોમાં ઉત્પન્ન થાય છે. ત્યાં ૧૨૦૦૦ વર્ષની ઉત્કૃષ્ટ ઉંમર પ્રાપ્ત કરે છે. તેમનો દેવ ભવ પણ ભવભ્રમણ રૂપ હોય છે.

(૩) જે સ્વભાવથી ભદ્ર, ઉપશાંત, ક્રોધ વગેરે કષાયોની અલ્પતાવાળા છે.





નમ્ર, સરળ, વિનયવંત, માતા-પિતાની સેવા કરનારા અને તેમની આજ્ઞાનો લોપ નહી કરનારા, અલ્પ ઈચ્છાવાળા, અલ્પ પરિગ્રહી અને અલ્પ આરંભ-સમારંભ કે અલ્પ પાપ પ્રવૃતિ કરનારા તેમજ સ્વાભાવિક રીતે જ અલ્પ પ્રવૃત્તિથી જીવન નિર્વાહ કરનારા હોય, વ્રત, નિયમ કે ધર્મનું જ્ઞાન ન હોવા છતાં ધર્મ આચરણ કરવાથી તે જીવો દેવગતિમાં જાય છે. આ જીવો વ્યંતર જાતિના દેવો બને છે અને ઉત્કૃષ્ટ ૧૪ હજાર વર્ષનું આયુષ્ય પામે છે. તેમનો પણ આ દેવભવ સંસારભ્રમણ રૂપ જ હોય છે.

(૪) જે સ્ત્રીઓ પતિથી ત્યજાયેલી હોય, બાલવિધવા હોય, રાજાના અંતઃપુરમાં રહેતી હોય, પતિ પરદેશ રહેતો હોય અને બીજો પતિ ન કરે, પરિસ્થિતિવશ ખાવા-પીવાનું વગેરે સુખનો ઉપભોગ ન કરતી હોય, સંયોગ ન મળવાથી શણગાર ન કરતી હોય, ભૂખ-તરસ, ઠંડી-ગરમી, ડાંસ-મચ્છર વગેરે કષ્ટો સહન કરતી હોય, અલ્પ પરિગ્રહ અને અલ્પ આરંભ-સમારંભથી જેનું જીવન ચાલતું હોય, ઈચ્છાઓ અલ્પ હોય, આ પ્રકારે અકામ બ્રહ્મચર્ય પાલન કરવાથી કે કષ્ટો સહન કરવાથી આવા જીવ મૃત્યુ પામીને વ્યંતર દેવમાં જન્મ પામે છે ત્યાં અધિકતમ ૬૦ હજાર વર્ષનું આયુષ્ય પામે છે. તેનો આ દેવભવ પણ ધર્મઆરાધનાનો ન ગણાતાં સંસાર ચક્રનો ભવ ગણાય છે.

## પ્રશ્ન–૩ : ત્યાગી, તપસ્વી, બાલ અજ્ઞાની જીવોની ગતિ કયા પ્રકારની દર્શાવવામાં આવી છે ?

**ઉત્તર–** (૧) દિવસમાં એક જ વખત ભોજન લેનારા જેમાં પાણી ઉપરાંત એક દ્રવ્ય, બે દ્રવ્ય, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ, દશ કે કોઈ અગીયાર દ્રવ્ય ભોજનમાં લેનારા, ગૌ સેવાનું વિશેષ વ્રત અને પ્રદર્શન કરનારા, અતિથિ સેવા, દાન વગેરે સહિત ગૃહસ્થ ધર્મને જ શ્રેષ્ઠ કલ્યાણકારી માનનારા અને તે મુજબ કરનારા, ધર્મશાસ્ત્રની કથા વાંચનારા કથાકાર, ભક્તિમાર્ગી, અનાત્મ-વાદી (આત્માને ન માનનારા) ક્રિયા વિરોધી, વૃદ્ધ-તાપસ, શ્રાવકધર્મને સાંભળ નારા બ્રાહ્મણ, નવ વિગય એટલે કે શરાબ-માંસના ત્યાગી, જેઓ માત્ર સરસવનું તેલ એક જ વિગય તરીકે ખાનારા મનુષ્ય, અલ્પઈચ્છા, અલ્પપરિગ્રહ, અલ્પ પાપ પ્રવૃત્તિથી જીવન ચલાવનારા, મૃત્યુ પામી વ્યંતર દેવોમાં અધિકતમ ૮૪ હજાર વર્ષના આયુષ્યવાળા જન્મે છે. બાલભાવ તેમજ અજ્ઞાન દશાને કારણે

તેઓ ધર્મના આરાધક હોતા નથી. તેથી તેમની આ દેવ અવસ્થા પણ ભવભ્રમણની અવસ્થા છે.

(૨) ગંગા નદીના કિનારે વાનપ્રસ્થ તાપસો રહે છે. તેમાંના કોઈ અગ્નિહોત્રી હોય છે, કોઈ વસ્ત્રધારી, કોઈ પૃથ્વીને જ પથારી ગણીને સુનારા, શ્રાદ્ધ કરનારા, પાત્રા, કુંડી ધારણ કરનારા, ફળને જ ભોજનમાં લેનારા(ફળાહારી), પાણીમાં એક વાર ડુબકી મારી સ્નાન કરનારા કે પાણીમાં ડુબી રહીને સ્નાન કરનારા, માટી વગેરેને શરીર ઉપર લગાડીને સ્નાન કરનારા, ગંગા નદીના દક્ષિણી કિનારે રહેનારા કે ઉત્તરી કિનારે રહેનારા, શંખ વગાડીને ભિક્ષા લેનારા, ગંગાના કિનારે ઉભા રહીને અવાજ કરીને ભિક્ષા લેનારા, લાંબા સમય સુધી એક જ હરણ કે હાથી વગેરેના માંસ ખાનારા, દંડને ઉંચો રાખીને ચાલનારા, દિશાપ્રોક્ષી–દિશાઓમાં પાણી છાંટી ફળ-ફૂલ એકઠા કરનારા તેમજ પોતાને મળેલ આહારમાંથી દાન દઈને ખાનારા, ગુફાવાસી, જલવાસી–પાણીમાં નિવાસ કરનારા, જલતટવાસી, વૃક્ષની નીચે રહેનારા, માત્ર જલાહારી–પાણીનો જ આહાર લેનારા, માત્ર વાયુ આહારી, શેવાળ, કંદ, છાલ, પાંદડા, પુષ્પ, ફળ, બીજનો આહાર કરનારા, નીચે પડેલા જ કંદમૂળ વગેરેનો આહાર કરનારા, પંચાગ્નિ તાપથી શરીરને તપાવનારા, આવા સાધકો વિવિધ પ્રકારના વાનપ્રસ્થ પર્યાયનું પાલન કરી ઉત્કૃષ્ટ જ્યોતિષી દેવોમાં ઉત્પન્ન થાય છે. ત્યાં તેમનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક લાખ વર્ષ અધિક એક પલ્યોપમનું હોય છે. આ દેવોની સ્થિતિ પણ બાલભાવ અને અજ્ઞાન-દશાની હોવાથી, શુદ્ધ નિષ્પાપ ધર્મને નહીં સમજતા હોવાથી ધર્મના આરાધક હોતા નથી એટલે કે તેમને પ્રાપ્ત થયેલ દેવ ભવ પણ મોક્ષના હેતુ વાળો હોતો નથી, સંસારભ્રમણ રૂપ હોય છે.

(૩) જે શ્રમણો પ્રવર્જિત થઈને (દીક્ષા લઈને) અનેક પ્રકારે હાસ-પરિહાસ, હસીમજાક કરે, ઢંગધડા વગરના આલાપ-પ્રલાપ કરે, ભાંડ-ભવાયાની જેમ ચાળા પાડે, બીજાને હસાવવા માટે, ગાવાની સાથે ચેષ્ટાઓ કરે, નૃત્ય વગેરેમાં વધારે રુચિ રાખે અને તેમાં આનંદ માનીને મસ્તીથી રહે, આવી મોહરૂપ દશા કે મોહવર્ધક દશામાં રહીને આલોચના પ્રતિક્રમણ વગેરે ન કરવાથી તેઓ પણ શ્રમણધર્મના આરાધક નથી પરંતુ વિરાધક બનીને પ્રથમ સૌધર્મ દેવલોકમાં કાંદર્પિક હાસ્યપ્રિય એટલે કે નોકર દેવોના રૂપમાં ઉત્પન્ન થાય છે. ત્યાં તેમની ઉત્કૃષ્ટ સ્થિતિ એક લાખ વર્ષ અધિક એક પલ્યોપમની હોય છે.





(૪) પરિવ્રાજકોના અનેક પ્રકાર હોય છે– (૧) પચ્ચીસ તત્ત્વોના માનનારા અને અનાત્મવાદી, અનીશ્વરવાદી, સાંખ્યમતાવલંબી(પાંચ મહાભૂત, અગિયાર ઈન્દ્રિય, પાંચ તન્માત્રાઓ, એટલે કે પુરુષ, પ્રકૃતિ, બુદ્ધિ, અહંકાર વગેરે માનનારા) (૨) હઠયોગી (૩) મહર્ષિ કપિલના મતને માનનારા (૪) ભૃગુઋષિની પરંપરાને માનનારા–ભાર્ગવ (૫) ગુફા, પર્વત, આશ્રમ, દેવસ્થાનમાં રહેનારા માત્ર ભિક્ષા માટે જ વસ્તીમાં આવે તે હંસ પરિવ્રાજક (૬) નદીતટ કે નદીના સંગમસ્થાનમાં રહે તે, પરમહંસ– મૃત્યુ સમયે વસ્ત્ર, ઘાસ વગેરેનો પણ ત્યાગ કરી દેનારા (૭) ગામમાં એક રાત શહેરમાં પાંચ રાત રહે અને મળતા ભોગોનો જે સ્વીકાર કરનારા–બહૂદક (૮) ગૃહસ્થાવસ્થામાં રહીને પણ ક્રોધ, લોભ, મોહ ને અહંકારનો ત્યાગ કરનારા, કુટીવ્રતી કે કુટીચરી. (૯) નારાયણમાં ભક્તિશીલ પરિવ્રાજક–કૃષ્ણ પરિવ્રાજક તથા (૧૦) આઠ બ્રાહ્મણ પરિવ્રાજક તેમજ આઠ ક્ષત્રિય પરિ-વ્રાજક. આઠ બ્રાહ્મણ પરિવ્રાજકના નામ– ૧. કર્ણ ૨. કરકંડ ૩. અંબડ ૪. પરાશર ૫. કૃષ્ણ ૬. દ્વૈપાયન ૭. દેવગુપ્ત ૮. નારદ. આઠ ક્ષત્રિય પરિવ્રાજકોના નામ– ૧.શીલંધી ૨. શશીધર ૩. નગ્ન ૪. ભગ્નક, ૫. વિદેહ ૬.રાજરાજ ૭. રાજરામ ૮.બલ.

આ પરિવ્રાજકો ૪ વેદ, ઈતિહાસ, નિઘંટુ, છ અંગોમાં નિષ્ણાત, વ્યાકરણ, જ્યોતિષ વગેરે બ્રાહ્મણ યોગ્ય શાસ્ત્રોમાં સુપરિપક્વ જ્ઞાનવાળા હોય છે. આ પરિવ્રાજક દાન ધર્મની તેમજ સ્વચ્છતા મૂલક ધર્મની પ્રરૂપણા, વિશ્લેષણ કરીને ખૂબીપૂર્વક સમજાવે છે અને કહે છે કે દરેક વસ્તુને અમે માટી કે જળથી શુદ્ધ કરી, પવિત્ર આચરણ કરી પવિત્ર બનાવીએ છીએ. સ્નાન આદિથી દેહને પવિત્ર બનાવી અમે અને અમારા મતને અનુસરનારા સ્વર્ગગામી થઈશું. પરિવ્રાજકોની આચાર પ્રણાલી– ૧. તે પરિવ્રાજકો વાવડી, તળાવ, નદી વગેરેમાં પ્રવેશ કરતા નથી પરંતુ રસ્તામાં આવી જાય તો તેમાં ચાલવાની છૂટ ૨. સંપૂર્ણ વાહન ઉપયોગનો ત્યાગ ૩. હાથી, ઘોડા, ગધેડા વગેરેની સવારીનો પણ ત્યાગ, જેમાં પરવશ કે બળજબરીનો આગાર ૪. દરેક પ્રકારના ખેલ, નૃત્ય, કુતૂહલ, મનોરંજન, વીણા વાદન અને દર્શનીય–જોવાલાયક સ્થળો, પદાર્થોને જોવા, સાંભળવા તેમને માટે ત્યાજ્ય હોય છે ૫. લીલી વનસ્પતિનો સ્પર્શ કરવો, મસળવી, તોડવી, ડાળ–પાંદડાને ઊંચા કરવા પણ તેમને માટે ત્યાજ્ય છે ૬. દરેક પ્રકારની વિકથા, હાનિકારક, નિરર્થક કથાવાર્તા કરવી પણ તેમને માટે

ત્યાજ્ય છે ૭. તુમ્બા, લાકડા અને માટી સિવાયના કોઈ પણ પાત્ર કે પાત્રબંધન રાખતા નથી ૮. હાથની વિંટીથી માંડીને ચૂડામણી સહિતના આભૂષણો પહેરવાની તેમને મનાઈ છે ૯. ગેઢઆ રંગના વસ્ત્ર સિવાય બીજા કોઈ પણ રંગના વસ્ત્ર પરિવ્રાજકોને કલ્પતા નથી ૧૦. કરેણની માળા સિવાય બીજા કોઈ ફૂલની માળા તેઓ પહેરતા નથી ૧૧. ગંગાની માટી સિવાયનો કોઈ પણ ચંદન, કેસર વગેરેનો લેપ શરીર ઉપર કરતા નથી ૧૨. તેઓને પીવા માટે બે શેર(એક પ્રસ્થક) પાણી અને હાથ-પગ ધોવા, પાત્રા ધોવા કે સ્નાન કરવા માટે આઠ શેર (એક આઢક) પાણી કલ્પે છે; સ્વચ્છ, નિર્મલ અને ગાળેલું પાણી લેવાનું કલ્પે છે. આવું પાણી પણ ગૃહસ્થ આપે તો જ તેઓને લેવાનું હોય, વગર દીધેલ, પોતાની મેળે પાણી લઈ શકાતુ નથી. આવા આચારનું પાલન કરીને ઉત્કૃષ્ટ પાંચમા દેવલોકમાં ઉત્પન્ન થાય છે. ત્યાં તેમની દશ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ હોય છે. શુદ્ધ નિષ્પાપ ધર્મથી અજાણ, અજ્ઞાન હોવાને કારણે તેઓ પણ ધર્મના આરાધક હોતા નથી.

**પ્રશ્ન–૪ : પ્રસ્થક અને આઢક માપ કોને કહે છે ?**

**ઉત્તર–** અનુયોગદ્વાર સૂત્રમાં આ માપની વિગત છે, જેમ કે–

૨ અસૃતિ(ચુલ્લુ)=૧ પ્રસૃતિ(પસલિ)
૨ પસલિ= ૧ સેતિકા(ખોબો)
૪ સેતિકા=૧ કુડવ(અર્ધોશેર)
૪ કુડવ= ૧ પ્રસ્થક (૨ શેર)
૪ પ્રસ્થક=૧આઢક(૮ શેર)
૪ આઢક = ૧ દ્રોણ(૩૨ શેર)

અંબડ સંન્યાસીને અર્ધો આઢક(૪ શેર) પાણી પીવામાં અને વાસણ વગેરે ધોવામાં લેવાનું કલ્પતું હતું. એક આઢક(૮ શેર) પાણી સ્નાનના ઉપયોગમાં લેવાનું કલ્પતું હતું. અંબડ સંન્યાસીના શિષ્યોને એક પ્રસ્થક(૨ શેર) પાણી પીવામાં અને એક આઢક(૮ શેર) પાણી વાસણ ધોવામાં અને સ્નાનના ઉપયોગમાં લેવાનું કલ્પતું હતું. મૂળ પાઠમાં અંબડના સ્નાનનું કથન છે. અન્ય સંન્યાસીઓના આચાર વર્ણનમાં સ્નાનના પાણીનું કથન નથી. પરંતુ આ પરિવ્રાજકોને સ્નાન





તો જરૂરી હોય છે. કેમ કે તેઓ સુચિધર્મ અને જલાભિષેકથી જ પવિત્ર બનીને સ્વર્ગમાં જવાનું માનતા હોય છે. તેથી પરિવ્રાજકોના વિધાનવાળા પાઠમાં પાઠ સુધારીને સ્નાનનો પાઠ સ્વીકારી લેવો જોઈએ.

**પ્રશ્ન–૫ : અન્ય મતના સંન્યાસ ધર્મની સાથે નિર્ગ્રંથ પ્રવચનની આરાધનાનું પાલન થાય ખરૂં ? આવી આરાધના કોણે કરી ?**

**ઉત્તર–** અન્ય મતના કેટલાએ સંન્યાસીઓના વર્ણન આગમોમાં આવે છે. તેઓ લગભગ ભગવાનથી પ્રતિબોધ પામીને અન્યમતની પ્રવ્રજ્યાનો ત્યાગ કરી જિન મતની પ્રવ્રજ્યા અંગીકાર કરીને મોક્ષની સાધના કરે છે, જેમાં સ્કંધક સંન્યાસી વગેરે છે પરંતુ માત્ર અંબડ સંન્યાસી એક એવા સાધક થયા છે કે જેમણે પોતાનો સંન્યાસ છોડ્યા વિના જિનમતનો અને જિનમતના શ્રાવક વ્રતોનો સ્વીકાર કરી તેની પાલના અને આરાધના પોતાના સાતસો શિષ્યો સાથે કરી હતી. તે ગુઢ અને શિષ્યો બધા પરલોકના આરાધક બન્યા છે. આવી મિશ્ર આચાર પ્રવૃતિમાં તેમણે ભગવાનનું શિષ્યત્વ સ્વીકાર કર્યું હતું તેમજ ભગવાને પણ તેના આ વ્યવહારનો એટલે કે દ્વિવિધ આચારનો વિરોધ કર્યો નહોતો. અનેકાન્ત ભરેલા સિદ્ધાંતોમાં ભગવાન અને અંબડ બંનેની આ ઉદાર તથા સુમેળભરી દષ્ટિ અને વિચારણા રહેલ હતી.

**અંબડ પરિવારના શિષ્ય–** પ્રશ્ન–૩માં કહ્યા મુજબ પરિવ્રાજકોના ભેદોમાં કહેલા બ્રાહ્મણ પરિવ્રાજકોમાં અંબડ સંન્યાસીનું કથન આવે છે. એ અંબડ પરિવ્રાજકનું જીવનવૃત્તાંત આ પ્રમાણે છે– અંબડ પરિવ્રાજકને સાતસો શિષ્ય હતા. વિચરણ કરતાં તેમને એક સમયે ભગવાન મહાવીર સ્વામીની સેવાનો અવસર મળી ગયો. નિર્ગ્રંથ પ્રવચન સાંભળીને તેને શ્રાવકના ૧૨ વ્રત ધારણ કરવાની ઈચ્છા થઈ. ભગવાને તેને શ્રાવકવ્રત અંગીકાર કરાવ્યા. આ રીતે અંબડ પરિવ્રાજક નિર્ગ્રંથ પ્રવચનનો સ્વીકાર કરી શ્રાવકના વ્રતોનું પાલન કરતા થકા પરિવ્રાજક પર્યાયમાં વિચરણ કરવા લાગ્યા. તેણે યોગ્ય સમયે પોતાના શિષ્યોને પણ ઉપદેશ આપીને વ્રતધારી શ્રાવક બનાવ્યા. તેઓ ગૃહસ્થ જીવનનો સ્વીકાર ન કરતા પરિવ્રાજક પર્યાયમાં વિચરણ કરતા રહ્યા. આવું કરવામાં તેને શ્રાવકવ્રતની આરાધના કરવામાં કોઈ મુશ્કેલી પણ નહોતી પડતી. અંબડ પરિવ્રાજક કેટલીક વાર એકલા વિચરણ કરતા હતા.

એક સમયે અંબડના સાતસો શિષ્યોએ કપિલપુરથી પુરિમતાલનગરી તરફ જવા પ્રસ્થાન કર્યું. રસ્તામાં પીવા માટે લીધેલ પાણી પૂરું થઈ ગયું. જેઠ મહિનાની આકરી ગરમી પડી રહી હતી. બધા તરસથી આકુળ–વ્યાકુળ થઈ ગયા હતા. પાણીની શોધ કરી પણ સંયોગવશ તેમને કોઈ પાણી દેનાર મળ્યું નહીં. દરેકનો નિર્ણય એક જ હતો કે મુશ્કેલીના સમયમાં પણ દીધા વિનાનું પાણી લેવું નહીં. ગંગા નદી પાસે પણ પહોંચી ગયા, ત્યાં પણ સખત ગરમીને કારણે માનવોની આવ–જા બંધ થઈ ગઈ હતી. છેવટે બધાએ નદીના રેતાળ કિનારે પાદપોપગમન સંથારો ગ્રહણ કરવાનો નિર્ણય કરી લીધો. પોતાના વિવિધ ભંડોપકરણ, વસ્ત્ર–પાત્ર વગેરે ૧૪ ઉપકરણોનો ત્યાગ કર્યો, ત્યાર બાદ રેતી ઉપર પલ્યંક આસને બેસી, બંને હાથ જોડી, સિદ્ધ ભગવંતોને નમોત્થુણંના પાઠથી વંદન કરી, ફરી બીજા નમોત્થુણં વડે શ્રમણ ભગવાન મહાવીરને વંદન કર્યા, ત્યાર બાદ પોતાના ધર્મગુઢ, ધર્માચાર્ય અંબડ સંન્યાસીને ભાવપૂર્વક નમસ્કાર કર્યા અને ત્યાર પછી આ પ્રમાણે શબ્દો ઉચ્ચાર્યા– પહેલાં અમોએ અંબડ પરિવ્રાજક સમક્ષ આજીવન સ્થૂલ હિંસા, જૂઠ, ચોરી, પરિગ્રહનો ત્યાગ કરેલ હતો તેમજ સંપૂર્ણ અબ્રહ્મચર્યનો પણ ત્યાગ કર્યો હતો. હવે અમો શ્રમણ ભગવાન મહાવીર સામે પરોક્ષ રૂપે સંપૂર્ણ હિંસા, જૂઠ, ચોરી વગેરે તેમજ સંપૂર્ણ અઢાર પાપોનો આજીવન ત્યાગ કરીએ છીએ, ચારે પ્રકારના આહારનો ત્યાગ કરીએ છીએ અને અતિ પ્રિય એવા આ શરીરનો પણ પૂર્ણરૂપથી ત્યાગ કરીએ છીએ. આ પ્રમાણે વિધિવત્ મોટી સંલેખનાના પાઠથી પાદપોપગમન સંથારો–આજીવન અનશન ધારણ કરી સમાધિપૂર્વક સમય વ્યતીત કરવા લાગ્યા. યથાસમયે તેઓનું આયુષ્ય પૂરું થયે બધા શિષ્યો પાંચમા દેવલોકમાં દશ સાગરોપમની સ્થિતિએ ઉત્પન્ન થયા. અંબડના શિષ્યોની આ ધર્મની આરાધના થઈ. કારણ કે તેઓ પરિ-વ્રાજક પર્યાયમાં રહીને પણ નિષ્પાપ નિર્વદ્ય ધર્મને સમજ્યા હતા. તેમજ શક્તિ પ્રમાણે શ્રાવકધર્મ અંગીકાર પણ કરેલ હતો.

હવે શિષ્યો વિના અંબડ સંન્યાસી, પરિવ્રાજક પર્યાયમાં એકલા જ વિચરણ કરતા શ્રાવકના ૧૨ વ્રતોનું પાલન કરતા હતા. છઠને પારણે છઠનું સતત તપ કરવાથી તેમજ યથાસમયે આતાપના લેવી આદિ સાધનાઓ કરવાથી તેને વૈક્રિય લબ્ધિ અને અવધિજ્ઞાન પ્રાપ્ત થયેલ હતું. પોતાના બળ અને શક્તિથી લોકોને આકર્ષિત કરવા એક સાથે સો ઘરોમાં રહેતા અને ભોજન કરતા. આવી





વાતનો લોકોમાં પ્રચાર પણ થવા લાગ્યો. આવી ચર્ચા ગણધર ગૌતમસ્વામીએ પણ ગોચરી દરમ્યાન સાંભળી હતી.

આ રીતે વિચરણ કરતા અંબડજી શ્રાવકધર્મનું પાલન કરતા થકા અને નિર્ગ્રંથ પ્રવચનમાં અતૂટ શ્રદ્ધા રાખતા થકા બ્રહ્મચર્યનું પૂર્ણપણે પાલન કરતા હતા. તેમજ પરિવ્રાજક પર્યાયના નિયમોનું પણ પાલન કરતા હતા. વિશેષતા એ છે કે તેઓ આધાકર્મી, ઉદ્દેશિક, મિશ્ર, ક્રીત, પૂતિકર્મ, અધ્યવપૂર્વક, ઉધાર, અનિસૃષ્ટ, અભિહડ, સ્થાપિત, રચિત વગેરે દોષોવાળા આહાર ગ્રહણ કરતા નહીં. કંતારભક્ત, દુર્ભિક્ષ ભક્ત, ગ્લાન ભક્ત, બાદલિક ભક્ત, પાહુણ ભક્ત વગેરે દોષવાળા આહારપાણી વાપરતા નહીં. કંદમૂળ, પાંદડા, ફૂલ, ડાળ, બીજ વગેરે પણ લેતા નહીં. તેમણે ચાર પ્રકારના અનર્થ દંડનો પણ આજીવન ત્યાગ કરેલ હતો.

પીવા માટે અને હાથપગ ધોવા માટે ચાર શેર(અર્ધો આઢક)પાણી તેમજ સ્નાન વગેરે માટે ૮ શેર(૧ આઢક)થી વધારે પાણી લેતા નહીં. પાણી લેવામાં પણ તેઓ નિયમોનું સંપૂર્ણ પાલન કરતા. અંબડ સંન્યાસી અરિહંત કે અરિહંતના શિષ્યો સિવાય કોઈને વંદન નમસ્કાર(સવિધિ ગુઢવંદન) કરતા નહીં. આ પ્રમાણે અંબડ સંન્યાસી પોતાના પૂર્વ વેશની અને આચરણની સાથે શ્રાવક-વ્રતોની આરાધના કરી અંતિમ સમયે એક મહિનાનો સંથારો કરી મૃત્યુ પામી પાંચમા દેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યાં તેમની સ્થિતિ ૧૦ સાગરોપમની છે. દેવભવ પૂરો કરીને અંબડનો જીવ મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્તમ કુળમાં જન્મ લેશે, દઢપ્રતિજ્ઞ નામ રાખવામાં આવશે, ૭૨ કળાઓમાં પારંગત થશે. યૌવનવય થતાં માતા પિતા તેને ભોગ ભોગવવાનું નિમંત્રણ આપશે પરંતુ તે તેનો સ્વીકાર કરશે નહીં. તે શ્રમણ નિર્ગ્રંથો પાસે દીક્ષા અંગીકાર કરશે. તે અનેક વર્ષ સંયમ પર્યાયનું શુદ્ધ રૂપે પાલન કરશે. જેનાથી તેને કેવળજ્ઞાન કેવળદર્શનની પ્રાપ્તિ થશે. અનેક વર્ષ કેવળી પર્યાયમાં વિચરણ કરી, સંપૂર્ણ કર્મોનો ક્ષય કરી સિદ્ધ, બુદ્ધ અને મુક્ત બનશે. સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થવા માટે જ શ્રમણો, આવી સંયમ સાધનાના કઠોરતમ નિયમોનું પાલન કરે છે. તે કેટલાક નિયમો આ પ્રમાણે છે– (૧) નગ્નભાવ– શરીર સંસ્કાર(શણગાર)નો ત્યાગ. (૨) મુંડભાવ– ઘર અને મમત્વનો ત્યાગ. (૩) સ્નાનનો ત્યાગ. (૪) દાંતણ–મંજન કરવાનો ત્યાગ (૫) કેશ-લોચ અર્થાત્ મસ્તકના અને દાઢી-મૂછના બધા વાળ હાથથી ખેંચી

કાઢવા. (૬) અખંડ બ્રહ્મચર્ય પાલન. (૭) છત્ર ત્યાગ. (૮) જુતા–પગરખા આદિનો ત્યાગ. (૯) જમીન અથવા પાટ કે લાકડાના પાટિયા ઉપર સુવું. (૧૦) ઘર ઘરથી ભિક્ષા લેવી. (૧૧) લાભાલાભમાં સંતોષી રહેવું. (૧૨) બીજાઓ દ્વારા કરવામાં આવતી હીલના, તિરસ્કાર, નિંદા, ગર્હા, મારકૂટ, પરાભવ, વ્યથા વગેરે; આવી બધી પરિસ્થિતિમાં સમભાવ અને પ્રસન્નતા રાખવી અને બીજા કોઈ પણ રાગદ્વેષ, ઊંચ-નીચ, સંકલ્પ-વિકલ્પ કરવા નહીં. બીજા પણ નાના-મોટા ઈન્દ્રિય વિરોધી કષ્ટકારી સંયોગ, ૨૨ પરિષહ, દેવ, મનુષ્ય, તિર્યંચો દ્વારા થતા ઉપસર્ગો વગેરેમાં સમભાવથી તેનો સ્વીકાર કરીને શાંત તથા પ્રસન્ન રહેવું. તન મનની પ્રતિકૂળ સ્થિતિમાં તેનો પ્રતિકાર કરવો નહીં અને તેમાં જ્ઞાતા–દષ્ટા બનીને સમભાવ રાખવો. આ બધા મન અને શરીરના કષ્ટસાધ્ય નિયમો, સાધકો પોતે, કર્મથી સર્વથા મુક્ત થવા માટે ધારણ કરતા હોય છે.

**પ્રશ્ન–૬ : શ્રમણ ધર્મમાં દીક્ષિત થઈને પણ વિરાધક થતાં જીવોની પરલોકની ગતિ કેવા પ્રકારની હોય છે ?**

**ઉત્તર– (૧) ગુઢ પ્રત્યનીક શ્રમણોની ગતિ–** શ્રમણ ધર્મમાં વિરાધક થનાર જીવોનું પણ અનેક પ્રકારે વર્ણન છે. તેમાં કોઈ શ્રમણો નિર્ગ્રંથ પ્રચવચમાં દીક્ષિત થઈ કયારેક અહંભાવમાં આવી જઈને આચાર્ય, ઉપાધ્યાય, કુળ, ગણ, ગુઢ વગેરેનો તિરસ્કર કરે, બદનામ કરે, નિર્ગ્રંથ પ્રવચનથી વિપરીત પ્રરૂપણા કરી પોતે તો ભ્રમિત થાય અને બીજાને પણ ભ્રમિત કરે છે. આ રીતે અભિનિવેશિક મિથ્યાત્વ યુક્ત શ્રમણ પર્યાયનું પાલન કરે છે. આવા સાધકો અંતિમ સમયે પોતાના દોષોની આલોચના-પ્રાયશ્ચિત કર્યા વિના આયુષ્ય પૂર્ણ કરી જઘન્ય ભવનપતિ ઉત્કૃષ્ટ છઠ્ઠા દેવલોકમાં કિલ્વીશિક દેવ (હલકા પ્રકારના દેવ) તરીકે ૧૩ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિએ ઉત્પન્ન થાય છે. આ સાધક જીવો મિથ્યાદષ્ટિ હોવાને કારણે, બાલભાવને કારણે આરાધક હોતા નથી. તેથી તેમનો આ દેવભવ સંસારભ્રમણ રૂપ સમજવો જોઈએ.

**(૨) આજીવિક(ગોશાલક) મતાવલંબીની ગતિ–** આજીવિક મતાવલંબી શ્રમણો બે ઘરના કે ત્રણ, ચાર, પાંચ, છ, સાત ઘરોના અંતરમાંથી ભિક્ષા ગ્રહણ કરે છે. કોઈ કેવળ કમળનાળ લે, કોઈ પ્રત્યેક ઘરથી ભિક્ષા લેનારા, આકાશમા વીજળી ચમકે ત્યારે ભિક્ષા નહીં લેનારા, માટીના મોટા વાસણમાં પ્રવેશ કરી તપ કરનારા વગેરે વિવિધ વિહારચર્યા અને તપ કરનારા ગોશાલક મતાવલંબી





કાળ કરીને જઘન્ય ભવનપતિ ઉત્કૃટ ૧૨ મા દેવલોકમાં ઉત્પન્ન થાય છે. ત્યાં તેનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૨૨ સાગરોપમનું હોય છે. તેઓ પણ મિથ્યાત્વથી અભિભૂત થયેલા હોઈને અજ્ઞાન દશામાં હોવાને કારણે ધર્મના આરાધક હોતા નથી. (ગૌશાલક પોતાને તીર્થંકર કહીને શ્રમણ દીક્ષા જ આપતો હતો.)

**આત્મોત્કર્ષ–કુશીલ શ્રમણોની ગતિ–** કોઈ શ્રમણ નિર્ગ્રંથ પ્રવચનમાં પ્રવ્રજિત થઈને કાલાંતરે મહિમા, પ્રશંસા, માન પ્રતિષ્ઠાથી અભિભૂત થઈને પોતાના વખાણ અને અન્યોની ટીકા, બદનામી કરે છે અને કરાવે છે. ઉપરાંત દોરા, ધાગા, રક્ષાપોટલી, મંત્ર, તંત્ર, યંત્ર વગેરે ચમત્કારોવાળી પ્રવૃત્તિથી લોકોને આકર્ષિત કરે છે. આ પ્રકારના કુશીલ આચરણો કરીને પણ શ્રમણ પર્યાયનું પાલન કરે છે. આવા શ્રમણો મૃત્યુ પર્યંત દોષોની આલોચના પ્રાયશ્ચિત્ત કરતા નથી અને મૃત્યુ પામીને જઘન્ય ભવનપતિ ઉત્કૃષ્ટ ૧૨ મા દેવલોકમાં આભિયોગિક દેવ રૂપે, ઉત્કૃષ્ટ ૨૨ સાગરોપમના આયુષ્યમાં ઉત્પન્ન થાય છે. આવા સાધક શુદ્ધ નિરતિચાર સંયમની આરાધના નહીં કરવાને કારણે સંયમ ધર્મના વિરાધક જ કહેવામાં આવે છે. તેઓ ઉત્કટ તપ-સંથારાના કારણે અને શુભ લેશ્યાના સંયોગે ઊંચી ગતિમાં જાય છે.

**(૩) નિન્હવોની ઉત્પત્તિ–** જે શ્રમણો નિર્ગ્રંથ ધર્મમાં પ્રવ્રજિત થઈને માન સંજ્ઞાથી પ્રેરાઈ, તીર્થંકરના જ્ઞાન અને સિદ્ધાંતોની ઉપેક્ષા કરે છે અને પોતાની માન્યતા અને સિદ્ધાંતો(ભગવાનના સિદ્ધાંતોથી વિપરીત) ની પ્રરૂપણા કરે છે. તર્કવાદી બની, પોતાના બુદ્ધિચાતુર્યથી પોતાના અભિનિવેશિક મિથ્યાત્વને પોષે છે અને બીજાને પણ આવી અસત્ પ્રરૂપણામાં ભાવિત કરે છે અને મિથ્યા મતમાં જોડે છે. આમછતાં લિંગ અને બાહ્યાચારથી શ્રમણપર્યાયમાં રહે છે. આવા શ્રમણો વિશુદ્ધ દ્રવ્ય શ્રમણાચારનું પાલન કરતા હોવાથી અને મિથ્યાત્વ ભાવોમાં હોવા છતાં જઘન્ય ભવનપતિ ઉત્કૃષ્ટ નવગ્રૈવેયક સુધીના દેવોમાં ૩૧ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિએ ઉત્પન્ન થાય છે. તેઓ ઉત્કટ તપ-સંથારાના કારણે તેમજ શુભ લેશ્યાના સંયોગે આવી ઊંચી ગતિમાં જાય છે.

**પ્રશ્ન–૭ : નિર્ગ્રંથ પ્રવચન સ્વીકારનારા આરાધકોની ગતિ કેવા પ્રકારની કહેવામાં આવી છે ?**

**ઉત્તર– સંજ્ઞી પંચેન્દ્રિય શ્રાવકની ગતિ–** પાંચ જાતિના સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયને

યથાયોગ્ય ચિંતન, મનન અને આત્મખોજ કરવાથી જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થાય છે. આ જ્ઞાન પ્રાપ્તિથી વિવેક પુરસ્સર તેઓ શ્રાવકના વ્રતો ધારણ કરે છે અને પોતાની ક્ષમતા અનુસાર પાલન પણ કરે છે. સામાયિક પૌષધ વ્રત વગેરે અનુકુળતા પ્રમાણે કરે. તેઓ શ્રમણોપાસક પર્યાયનું પાલન કરતા થકા સમાધિ-પૂર્વક આયુષ્ય પૂર્ણ કરી જઘન્ય પ્રથમ દેવલોકમાં અને ઉત્કૃષ્ટ આઠમા દેવલોકમાં ઉત્પન્ન થાય છે. તેઓ નિર્ગ્રંથ પ્રવચન અને શ્રાવક ધર્મના આરાધક હોય છે. દેવલોકમાં તેમનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૮ સાગરોપમનું હોય છે. તેઓ વધારેમાં વધારે ૧૫ ભવથી વધુ ભવભ્રમણ કરતા નથી.

**શ્રમણોપાસક મનુષ્યોની ગતિ–** કેટલાયે મનુષ્યો ધર્મપ્રેમી, ધર્મશ્રદ્ધાવાળા, ધર્માનુયાયી, ધાર્મિકવૃત્તિ અને ધર્મસંસ્કારોવાળા હોય છે. સદાચારી તથા સંતોષી હોય છે, અલ્પારંભ અને અલ્પ પરિગ્રહથી પોતાનું જીવન ચલાવે છે. તેઓ હિંસા આદિ મિથયાત્વ સુધી ૧૮ પાપોના અંશતઃ ત્યાગી હોય છે અને કેટલાક અંશોમાં તેમના ૧૮ પાપ ખુલ્લા રહે છે અર્થાત્ તેમની મર્યાદાઓ હોય છે.

આ રીતે આરંભ-સમારંભ, કરવું-કરાવવું, ભોજન વગેરે પોતે પકાવે કે બીજાની પાસે પકાવડાવે, ચીજવસ્તુને ખાંડવી-પીસવી, કોઈને મારપીટ કરવી, વધ-બંધન કરવા, કિલામના પહોંચાડવી વગેરે ક્રિયાઓના અંશતઃ ત્યાગી હોય છે. તેમજ કોઈ મર્યાદાવાળા આગાર રાખે છે. સ્નાન, શરીરને ચોળવું, માલીશ કરવું, લેપ કરવા, શણગાર, આભૂષણ, માળાઓ પહેરવી, મનને ગમે તેવા શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શના સુખોના અંશતઃ ત્યાગી હોય છે અથવા મર્યાદિત આગાર રાખે છે. આ શ્રમણોપાસક બીજાને પીડાકારી થાય તેવા સાવદ્ય યોગોના અંશતઃ ત્યાગી અને મર્યાદિત આગારવાળા હોય છે.

આવા શ્રમણોપાસક, જીવ-અજીવ તત્ત્વોના જાણકાર હોય છે. પુણ્ય-પાપને અનુભવપૂર્વક સમજતા થકા આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષના વિષયમાં કુશળ, દેવ-દાનવ વગેરેથી પણ ધર્મમાં નહીં ડગનારા, નિર્ગ્રંથ પ્રવચનોમાં શંકા જેવા દોષોથી રહિત, નિર્ગ્રંથ પ્રવચનના સિદ્ધાંતોના અર્થ અને પરમાર્થના જાણકાર હોય છે. તેમના હા-હાડની મિંજામા ધર્મપ્રેમ અને તેના પ્રત્યેનો અનુરાગ ભરેલ હોય છે. નિર્ગ્રંથ પ્રવચનને જીવનના અર્થ અને પરમાર્થ રૂપ સમજે છે. બાકીના વ્યર્થ કાર્યો આત્માને માટે નિષ્પ્રયોજનરૂપ છે તેમ સમજે છે. દાન કરવાની





પૂર્ણ મનોવૃત્તિવાળા હોય છે તેથી તેના ઘરના દરવાજા હંમેશાં ખુલ્લા રહે છે એટલે કે અંદરથી બંધ રહેતા નથી. આવા શ્રાવકોના ઘેરથી કોઈ ખાલી હાથે પાછું જતું નથી. ખાસ કારણ વગર તેઓ અંતઃપુર અથવા કોઈના ઘરમાં દાખલ થતા નથી, મહિનામાં છ પ્રતિપૂર્ણ પૌષધ કરનારા હોય છે. શ્રમણો-નિર્ગ્રંથોને કલ્પતા આહારપાણી, વસ્ત્રપાત્ર, રજોહરણ, ઔષધભેસજ તેમજ મકાન, પાટ, ઘાસ વગેરે પરમ ભક્તિભાવ અને વિવેકથી પ્રતિલાભિત કરતા થકા શ્રમણોપાસક પર્યાયમાં વિચરણ કરે છે. અંતિમ સમયે અવસર આવવા પર સંલેખના સહિત સંથારો ગ્રહણ કરે છે. આલોચના અને પ્રતિક્રમણથી શુદ્ધિ કરીને, ભાવસમાધિ સહિત પંડિત મરણને પ્રાપ્ત કરે છે તેવા શ્રમણોપાસક જઘન્ય પ્રથમ દેવલોક અને ઉત્કૃષ્ટ ૧૨ મા દેવલોકમાં ૨૨ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિએ ઉત્પન્ન થાય છે. આ શ્રમણોપાસક ધર્મના આરાધક હોય છે. તેથી ૧૫ ભવોથી વધારે સંસારભ્રમણ કરતા નથી અર્થાત્ મોક્ષગામી થઈ જાય છે.

**નિર્ગ્રંથ સુશ્રમણોની ગતિ–** શ્રમણનિર્ગ્રંથ શ્રેષ્ઠધર્મી, ધર્માનુરાગી અને ધાર્મિક જીવન જીવનારા હોય છે. ૧૮ પાપોના પૂર્ણતયા ત્યાગી હોય છે અર્થાત્ (૧) હિંસા (૨) અસત્ય (૩) ચોરી (૪) અબ્રહ્મચર્ય (૫) પરિગ્રહના પૂર્ણ ત્યાગી હોય છે. (૬) માન-ઘમંડ (૮) માયા-કપટ પ્રપંચના ત્યાગી હોય છે. (૯) લોભ-લાલચ (૧૦) રાગ (૧૧) દ્વેષથી તેઓ દૂર રહે છે. (૧૨) કલેશ-ઝગડા કરવા (૧૩) આક્ષેપ કરવા (૧૪) ચાડી-ચુગલી કરવી (૧૫) બીજાના અવગુણ-નિંદા, તિરસ્કાર કરવો તેના સર્વથા ત્યાગી હોય છે. (૧૬) હર્ષશોક અર્થાત્ મનગમતા પ્રસંગોમાં ખુશ થવું અને અણગમતા પ્રસંગોમાં ઉદાસ થઈ જવું તેમને યોગ્ય હોતું નથી, હંમેશાં ગંભીર અને પ્રસન્ન મુદ્રામાં રહેવું એ જ તેમનો આચાર હોય છે. (૧૭) કપટ સહિત જૂઠ બોલવું, ઠગવું, છેતરવું વગેરેના સંપૂર્ણ ત્યાગી હોય છે. (૧૮) ખોટી શ્રદ્ધા, પ્રરૂપણા અર્થાત્ જિન આજ્ઞાથી ઓછું અધિક કે વિપરીત બોલવું, સમજવું કે માનવું તેના પૂર્ણ ત્યાગી હોય છે. આ રીતે ૧૮ પાપોની સાથે સાથે તે કરવું-કરાવવું, રસોઈ બનાવવી, આરંભ-સમારંભ, ખાંડવું-પીસવું, બીજાને પીડાકારી કાર્યો કરવા તેમજ સ્નાન અને શરીરની સુશ્રૂષા કરવી, માળા અલંકાર વગેરે પ્રવૃત્તિઓના પણ પૂર્ણતયા ત્યાગી હોય છે. શબ્દ, રૂપ આદિ ઈન્દ્રિયોના વિષયોમાં રાચવું કે વિશેષ રૂપે રાચવું તેમને પૂર્ણ રૂપે ત્યાજ્ય હોય છે.

આવા એ અણગાર પાંચ સમિતિ સહિત હોય છે અર્થાત્ સમિતિઓમાં પ્રયત્નશીલ રહેતા હોય છે. ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત, ઈન્દ્રિયોને વશમાં રાખનારા, વિષયોમાં અનાશક્ત, નિયમ-ઉપનિયમો યુક્ત બ્રહ્મચર્યનું પરિપાલન કરનારા, મમત્વરહિત, અકિંચન, ભાવગ્રંથિઓ રહિત તેમજ આશ્રવ રહિત હોય છે, કર્મબંધનથી રહિત હોય છે. તેઓ સૂત્રોમાં કહેલ ૨૨ ઉપમાઓથી યુક્ત હોય છે એટલે તેવા ગુણોથી સંપન્ન હોય છે. નિર્ગ્રંથ પ્રવચન, જિનાજ્ઞા તેમજ શાસ્ત્રાજ્ઞાને જ મુખ્ય રાખીને જીવનની મન, વચન અને કાયાની પ્રવૃત્તિ કરનારા હોય છે.

આ પ્રકારની વિહારચર્યાથી વિચરણ કરનારા તે અંતિમ સમયે સંલેખના સહિત સંથારો કરીને એ જ અવસ્થામાં કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રાપ્ત કરીને સિદ્ધ બની જાય છે. તેમજ કોઈ શ્રમણ સંયમની આરાધના કરીને જઘન્ય પ્રથમ દેવલોકમાં ઉત્કૃષ્ટ સર્વાર્થસિદ્ધ અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થાય છે. તેમજ તેઓ જઘન્ય બે પલ્યોપમ અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની સ્થિતિ પ્રાપ્ત કરે છે. ત્યાર બાદ જઘન્ય એક ભવ મનુષ્યનો ઉત્કૃષ્ટ ૧૫ ભવ દેવ-મનુષ્યના પ્રાપ્ત કરી સિદ્ધ બુદ્ધ અને મુક્ત બને છે.

ધર્મ આરાધક શ્રમણ, શ્રમણોપાસક જઘન્ય પહેલા દેવલોકમાં બે પલ્યની સ્થિતિમાં જાય છે. તેમજ ધર્મના વિરાધક આદિ વર્ણવેલ બધા જઘન્ય ભવનપતિ અથવા વ્યંતર દેવોમાં ૧૦ હજાર વર્ષની સ્થિતિમાં જાય છે. તે ધર્મના વિરાધક જીવો દેવગતિમાં ન જાય તો બીજી ત્રણ ગતિમાં પણ જાય છે. ઉત્કૃષ્ટપણાની ગતિ-સ્થિતિ બધાની ઉપર કહેલ વર્ણનમાં કહેવામાં આવી છે.

**કેવળી સમુદ્દ્ઘાત–** બધા કેવળી ભગવાન કેવળી સમુદ્દ્ઘાત કરતા નથી. જે કેવળી ભગવંતોનું છ મહિનાથી વધારે આયુષ્ય બાકી હોય અને કેવળજ્ઞાની થઈ જાય તો તે કેવળી ભગવાન સમુદ્દ્ઘાત કરતા નથી.

જેનું છ મહિનાથી ઓછું આયુષ્ય બાકી રહ્યું હોય ત્યારે કેવલજ્ઞાન થાય અથવા જીવનની અંતિમ ક્ષણોમાં કેવળજ્ઞાન થાય અને તેના આયુષ્ય વગેરે કર્મોની અત્યધિક અસમાનતા હોય તો કેવળી પોતાના અસમાનતા વાળા કર્મોને સમાન અવસ્થા કરવા માટે કેવળી સમુદ્દ્ઘાત કરે છે અને જેને કર્મોની અસમાનતા ન હોય તે કેવળી સમુદ્દ્ઘાત કરતા નથી.





આ કેવળીસમુદ્દ્ઘાત, યોગ નિરોધ અવસ્થાના, અધિકતમ અંતર્મુહૂર્ત પહેલાં થઈ જાય છે. ત્યાર પછી સંપૂર્ણ યોગોનો નિરોધ કરી શરીરની ૨/૩(બે તૃતીયાંશ) અવગાહનામાં આત્મપ્રદેશોને અવસ્થિત કરી દે છે. આ અવસ્થિત અવસ્થામાં પાંચ લઘુ અક્ષરનું ઉચ્ચારણ થાય તેટલો સમય રહે છે. તે અવસ્થામાં શરીરનું હલન-ચલન વગેરે ત્રણે યોગની ક્રિયાઓ થતી નથી; તેને ૧૪મું ગુણસ્થાન કહે છે. આ ગુણસ્થાનવાળા અયોગી કેવળી કહેવાય છે. તેઓ આયુષ્ય સહિત સંપૂર્ણ કર્મનો ક્ષય કરી તેમજ ઔદારિક, તૈજસ, કાર્મણ એમ ત્રણે શરીરનો ત્યાગ કરી હંમેશને માટે શાશ્વત સિદ્ધ અવસ્થા પ્રાપ્ત કરી લે છે.

## પ્રશ્ન–૮ : સિદ્ધ ભગવાનનું સ્વરૂપ કેવું છે અને તેમના સુખોને કઈ રીતે સમજવા ?

**ઉત્તર–** જેવી રીતે અગ્નિમાં બળી ગયેલા બીજ ફરી વખત અંકુરિત થતા નથી તેવી રીતે સંપૂર્ણ કર્મબીજ બળી જવાથી સિદ્ધોને સંસારમાં ફરી વખત આવવા-જવાનું થતું નથી.

વજ્રઋષભનારાચ સંઘયણવાળા તેમજ બધી આકૃતિઓવાળા મનુષ્ય સિદ્ધ બની શકે છે. જઘન્ય બે હાથ ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્યવાળા મનુષ્ય સિદ્ધ બની શકે છે. જઘન્ય આઠ વર્ષથી થોડી વધારે ઉંમર(ગર્ભાવાસ સહિતના નવ વર્ષ) ઉત્કૃષ્ટ પરિપૂર્ણ એક કરોડ પૂર્વ ઉંમરવાળા સિદ્ધ બની શકે છે.

બધા દેવલોકથી ઉપર (પછી) સિદ્ધશિલા છે, જે પૃથ્વીકાયમય ૪૫ લાખ યોજનના વિસ્તારવાળી ગોળાકાર છે. કિનારે માખીની પાંખથી પણ વધારે પાતળી છે. મધ્યમાં આઠ યોજન જાડી છે. તેની ઉપરની સપાટી સમતલ છે, નીચે છત્રાકારે ગોળ છે. આ સિદ્ધશિલા સર્વાર્થસિદ્ધ અણુત્તર વિમાનથી ૧૨ યોજન ઉપર છે. તે શિદ્ધશિલાથી ઉપર સર્વત્ર ઉત્સેધાંગુલ (પાંચમા આરાના ૧૦૫૦૦ વર્ષ (અર્ધો પાંચમો આરો) વિત્યા બાદના સમયના પ્રમાણયુક્ત માનવની આંગળીનું માપ)ના એક યોજન સુધી લોક રહેલ છે. તેના પછી અલોક છે. આથી સિદ્ધશિલાની ઉપરની સપાટી સમતલ છે તેમ સાબિત થાય છે. લોકના અંતિમ છેડાથી લોકની અંદર ૩૩૩ ધનુષ ૩૨ આંગળ સુધીના જાડા ક્ષેત્રમાં અનંતાનંત સિદ્ધભગવંતો રહેલા છે. આ બધા આત્માઓની અવગાહનાનો ઉપલો છેડો અલોકને અડીને (સ્પર્શીને) રહે છે.

આ સિદ્ધભગવાન અહીં સાદિ અનંતકાળ સુધી અરૂપી શુદ્ધ આત્મ સ્વભાવ અવસ્થામાં સ્થિર રહે છે. સિદ્ધોના આત્મપ્રદેશોની અવગાહના જઘન્ય એક હાથ આઠ અંગુલની છે અને ઉત્કૃષ્ટ ૩૩૩ ધનુષ ૩૨ આંગળની હોય છે અને મધ્યમ બધી અવગાહનાઓ હોય છે. ૪૫ લાખ યોજન ક્ષેત્રમાં કોઈ પણ સ્થળ(પ્રદેશ) સિદ્ધો વિનાનું નથી પરંતુ પ્રત્યેક પ્રદેશ પર અનંત સિદ્ધોના આત્મ-પ્રદેશ રહેલા છે.

એક દીપકના પ્રકાશની સાથે સેંકડો દીપકના પ્રકાશ પણ એ જ આકાશ પ્રદેશોમાં રહી શકે છે. જ્યારે આ રૂપી પુદ્ગલ પ્રકાશને રહેવામાં કોઈ અડચણ નડતી નથી તો અરૂપી અનંત સિદ્ધોના આત્મપ્રદેશ, એકમાં અનેક વ્યાપ્ત થઈને રહે તેમાં કોઈ પણ પ્રકારની શંકાને સ્થાન નથી અર્થાત્ આ રીતે અનંતા અનંત સિદ્ધ ભગવાન નિઃશંક એક સાથે રહી શકે છે.

બધા જ સિદ્ધ ભગવાની અવગાહના એક સરખી હોતી નથી. અંતિમ ભવમાં મનુષ્ય દેહની જે અવગાહના અને સંસ્થાન હોય તેના બે તૃતિયાંશ જેટલી, પ્રત્યેક સિદ્ધની પોતાની અલગ અલગ અવગાહના હોય છે.

આ સિદ્ધ ભગવાન ત્યાં સ્થિર રહીને પણ લોક-અલોકના બધા ભાવોને દ્રવ્ય, ગુણ, પર્યાયોને કેવળજ્ઞાનથી જાણે છે તેમજ કેવળદર્શનથી જુએ છે. આ જ્ઞાન અને દર્શન બે જ આત્મગુણ સિદ્ધોમાં રહેલા છે. તેનો ઉપયોગ, સાકાર ઉપયોગ અને અનાકારોપયોગ કહેવામાં આવે છે.

**સિદ્ધોના સુખનું જ્ઞાન–** સિદ્ધોના સુખને પ્રત્યક્ષ જાણી શકાતું નથી, કેમકે તેઓ અરૂપી હોવાથી એ પરોક્ષ વિષય બને છે તેથી તેને ઉપમા દ્વારા જાણવું જોઈએ. સિદ્ધોને જે અવ્યાબાધ સુખ પ્રાપ્ત થયેલ છે તે ન તો મનુષ્યને કે ન તો દેવોને હોય છે. કારણ કે દેવ અને મનુષ્યના સુખો ચડતા-ઉતરતા અને નાશવંત હોય છે. કલ્પના કરીએ કે બધા જ દેવોનું જીવનપર્યંતનું બધુ જ સુખ એકઠું કરવામાં આવે અને તેને અનંતગણું ગણવામાં (ગુણાકાર કરવામાં) આવે તો પણ તે સિદ્ધ ભગવાનના સુખની સમાન થઈ શકે નહીં.

બીજી કલ્પનાથી આ પ્રકારે સમજાવ્યું છે કે સિદ્ધોના સંપૂર્ણ સુખને અનંત વર્ગથી ભાગવામાં (ભાગાકાર કરવામાં) આવે તો જે સુખની શેષ રાશિ બાકી વધે





તે જુદી-જુદી રાખતા સંપૂર્ણ આકાશમાં પ્રદેશોમાં પણ સમાઈ શકે નહીં.

જેમ કોઈ અસંસ્કૃત વનવાસી પુરુષ શહેરના એક જાતના ગુણોને, સુખોને જાણતો સમજતો હોવા છતાં પણ પોતાના સાથી વનવાસીઓને શહેરની એ સુખ સગવડતાઓ, સુવિધાઓ, સામગ્રીઓને જંગલની કોઈ વસ્તુની ઉપમા આપીને કે કોઈ સુખની ઉપમા આપીને પણ વાસ્તવિકરૂપથી સમજાવી શકે નહિં. કારણ કે જંગલમાં એવી કોઈ વસ્તુ નથી જેને શહેરના સુખની ઉપમા આપી શકાય. આ રીતે ખુદ સર્વજ્ઞ સર્વદર્શી તીર્થંકર કેવળજ્ઞાની ભગવાન પણ છદ્મસ્થોને સાંસારિક પદાર્થોની ઉપમા આપીને પણ સિદ્ધોના પૂર્ણ વાસ્તવિક સુખને સ્વયં જાણતા હોવા છતાં સમજાવી શકતા નથી. કેવળ શ્રદ્ધા કરવા માટે અપેક્ષામાત્રથી અંશતઃ સમજાવી શકે છે. હકીકતમાં સિદ્ધોનું સુખ અનુપમ છે તેને માટે સંસારમાં કોઈ સાચી પરિપૂર્ણ ઉપમા છે જ નહીં. અહીં પણ અપેક્ષાએ સૂક્ષ્માંશ ઉપમા દ્વારા શ્રદ્ધાગમ્ય કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

જેમ કોઈ પુરુષ પોતાની ઈચ્છા મુજબનું સર્વ ગુણ અને વિશેષતાઓ વાળું સ્વાદિષ્ટ ભોજન કરીને ભૂખ-તરસ મિટાવીને અપરિમિત તૃપ્તિ, ઈચ્છિત આનંદનો અનુભવ કરે છે. તે જ રીતે દરેક સમયે પરમ તૃપ્તિયુક્ત, અનુપમ શાંતિયુક્ત સિદ્ધ પ્રભુ શાશ્વત વિઘ્ન રહિત, પરમ સુખમાં લીન રહે છે.

તેઓ સર્વ દુઃખોને પાર કરી ચુકેલ હોય છે અર્થાત્ તેમણે સંપૂર્ણ દુઃખો અને તેની પરંપરાઓને મૂળમાંથી નાશ કરી નાખેલ છે. તેઓ જન્મ, જરા અને મૃત્યુના બંધનથી સર્વથા મુક્ત છે. તે સિદ્ધ પ્રભુ અનુપમ સુખસાગરમાં જ સદાકાળ અવસ્થિત રહે છે.

## ।। ઔપપાતિક સૂત્ર સંપૂર્ણ ।।

# રાજપ્રશ્નીય સૂત્ર : પરિચય

**પ્રશ્ન–૧ : આ સૂત્રનો પરિચય કયા પ્રકારે છે, તેના નામની સાર્થકતા તેમજ વિષયવસ્તુ કેવા પ્રકારે છે ?**

**ઉત્તર–** આ સૂત્રમાં રાજા પ્રદેશી દ્વારા શરીરમાંથી ગયેલા આત્માના અસ્તિત્વ, નાસ્તિત્વ સંબંધી પ્રશ્નચર્ચાનું વિસ્તૃત વર્ણન છે. જેમાં કેશીસ્વામી દ્વારા અપાયેલા ઉત્તરો અનેક ભવ્ય આત્માઓના સંશયોનું ઉન્મૂલન કરવા(જડમૂલથી કાઢી નાખવા) સમર્થ છે. આ પ્રકારે આધ્યાત્મિક અપેક્ષાથી આ પ્રશ્નોત્તરોની પ્રધાનતા-વાળા આ શાસ્ત્રનું સાર્થક નામ **રાજપ્રશ્નીય સૂત્ર** રાખવામાં આવેલ છે.

ઔપપાતિક સૂત્રની જેમ આ સૂત્ર પણ ૧૨ ઉપાંગસૂત્રોમાં બીજું ઉપાંગ સૂત્ર છે. નંદીસૂત્રની સૂત્ર સૂચિમાં ઉત્કાલિક અંગબાહ્ય આગમોમાં આ સૂત્રનું નામ સ્પષ્ટ મળે છે. આ સૂત્રના રચયિતા અને રચનાનો સમય ઔપપાતિક સૂત્રની જેમ જ અજ્ઞાત છે. આમ છતાં નંદીસૂત્રમાં આ નામ હોવાથી આ શાસ્ત્ર સમસ્ત શ્વેતામ્બર જૈન સમાજમાં ૩૨ કે ૪૫ આગમોમાં સ્વીકારવામાં આવે છે. રચનાકારનું નામ અજ્ઞાત હોવાથી પરિશેષ ન્યાયથી દેવર્ધિગણિના આગમ લેખનના સમયમાં સંકલિત-સંપાદિત કરવામાં આવ્યું હોય તેવું આ સૂત્ર છે એમ સમજવું જ ઉચિત રહે છે.

આ એક શ્રુતસ્કંધ રૂપ શાસ્ત્ર છે. અહીં અધ્યયન, ઉદ્દેશક જેવા કોઈ વિભાગ નથી. વિષયની અપેક્ષાએ માત્ર બે વિભાગ છે. જેમકે– (૧) સૂર્યાભ દેવનું વર્ણન (૨) પરદેશી રાજાનું વર્ણન. આ સૂત્ર ઉપરની પ્રાચીન વ્યાખ્યા સંસ્કૃતમાં મલયગિરિ આચાર્યની ટીકાના રૂપમાં છે. અર્વાચીન સંસ્કૃત, હિન્દી, ગુજરાતીમાં અનેક આચાર્યોની વ્યાખ્યા જોવા મળે છે. આમ આ શાસ્ત્ર શ્વેતામ્બર જૈન સમાજમાં અનેક જગ્યાએ પ્રકાશિત-પ્રચલિત છે. આ શાસ્ત્રના મૂળપાઠ પરિમાણ ૨૦૭૮ શ્લોક પ્રમાણ માનવામાં આવે છે.

આ સૂત્રના પ્રથમ વિભાગમાં સૂર્યાભદેવનું, તેમની સંપૂર્ણ ૠદ્ધિ, સંપદાનું, દેવ વિમાન વડે ભગવાનના દર્શન કરવા આવવાનું, નાટક દેખાડવાનું તેમજ દેવના જન્મ સમયે જે મહોત્સવ કરવામાં આવે તેનું વર્ણન વિસ્તારથી છે.





સાથે જ સૂર્યાભ વિમાનનું યથાતથ્ય વર્ણન પણ છે. બીજા વિભાગમાં સૂર્યાભ દેવના પૂર્વભવ રૂપ પરદેશી રાજાના સાંસારિક તથા અધર્મી જીવનનું તેમજ ચિત્ત સારથીના પ્રયત્નથી કેશીશ્રમણ સાથેના સત્સંગથી પરિણમેલ ધાર્મિક જીવન અને અંતિમ આરાધનાનું સુંદર વર્ણન છે. આ રીતે કથાશાસ્ત્ર હોવા છતાં આત્મ-વિકાસ માટે પરિપૂર્ણ તેમજ સચોટ પ્રેરણારૂપ આ શાસ્ત્ર અબાલવૃદ્ધ સહુને માટે રુચિકર શાસ્ત્ર છે. પ્રસ્તુત પ્રશ્નોત્તર પ્રાવધાનમાં (સંપાદનમાં) પ્રથમ પરદેશી રાજા સંબંધી પ્રશ્નોત્તર આપીને પછી સૂર્યાભદેવ સંબંધી પ્રશ્નોત્તર આપવામાં આવેલ છે અને સમગ્ર પ્રકરણને એક જ વિભાગ રૂપમાં રાખવામાં આવેલ છે.

**પ્રશ્ન–૨ : પરદેશી રાજાનો પરિચય શું છે અને તેનું જીવન કેવું હતું ?**

**ઉત્તર–** સાડા પચ્ચીસ આર્ય દેશોમાં કેકયાર્ધ દેશમાં શ્વેતાંબિકા નગરી હતી. ત્યાં પરદેશી રાજા રાજ્ય કરતા હતા. તે અધર્મી, અધર્મ આચરણ કરનારો તેમજ અધર્મથી જ પોતાનું જીવન વ્યતીત કરતો હતો.

આ રાજા આત્મા, ધર્મ વગેરેમાં કાંઈ માનતો જ નહીં, હિંસામાં આસક્ત રહીને, ક્રૂર પાપકારી, ચંડ, રુદ્ર અને ક્ષુદ્ર થઈને રહેતો હતો. કૂડ-કપટવાળો, નિર્દય, નિર્ગુણ, મર્યાદાહીન, વ્રતપચ્ચક્ખાણ વગેરેથી રહિત અધર્મનો સરદાર થઈને રહેતો હતો. પોતાની પ્રજાનું પણ સારી રીતે પાલન-રક્ષણ કરતો નહીં. તેમજ ધર્મગુરુ કે મહાત્માઓનો આદર-સત્કાર, વિનય, ભક્તિ કાંઈ પણ કરતો નહીં.

તેને સૂર્યકાંતા નામની રાણી હતી તેમજ સૂર્યકંત નામનો યુવરાજ પુત્ર હતો. જે રાજ્યની દેખરેખ-સંભાળ રાખતો હતો. આ રાજાના ભ્રાતૃકુળમાં એટલે કે કુટુંબમાં ચિત્ત નામક સારથી(પ્રધાન)હતો. જે ચારે પ્રકારની બુદ્ધિનો સ્વામી, કાર્યદક્ષ, ચતુર સલાહકાર, રાજાનો પ્રમાણભૂત, અવલંબનભૂત, ચક્ષુભૂત, મેઢી-ભૂત હતો. રાજ્યકાર્યમાં સક્રિય ભાગ લેતો હતો. આવો સારો સહયોગ હોવા છતાં પરદેશી રાજા મહાઅધર્મી અને પાપી હતો, ત્યાં સુધી કે તેના હાથ હમેશા ખૂનથી રંગાયેલા રહેતા, એવું અહીં કહેવતની ભાષામાં મૂલપાઠમાં કહેવામાં આવેલ છે.

**પ્રશ્ન–૩ : પરદેશી રાજાએ પોતાના પાપમય જીવનને ધર્મિષ્ઠ કેવી રીતે બનાવ્યું હતું ?**

**ઉત્તર**— રાજાનું પોતાનું જીવન અધર્મિષ્ઠ તો હતું જ પરંતુ વધારે તો એ હતું કે ધર્મગુરુઓ અને મહાત્માઓનો તે દ્વેષી હતો અને સમયે સમયે મહાત્માઓને માટે દુઃખદાયી અને પીડા આપનાર બનતો હતો. રાજાનું આવું પાપી આચરણ ચિત્તસારથી પ્રધાનને ખટકતું હતું. પરંતુ રાજાના દુરાગ્રહીપણાની સામે તે કાંઈ કરી શકતો નહીં. છતાં રાજાની વૃત્તિ સુધારવાની હિતચિંતા તેના મગજમાં હંમેશાં રહ્યા કરતી. એક સમયે તેની જ સૂઝ-બૂઝ અને સમજદારીથી તે પરદેશી રાજા કેશીશ્રમણની ધર્મસભા(પ્રવચનસભા)માં પહોંચી ગયા. કેશીશ્રમણ ચાર જ્ઞાનના ધણી અને ભગવાન પાર્શ્વનાથના શાસનમાં વિચરણ કરનારા હતા. એક જ દિવસમાં અને એક જ બેઠકની સત્સંગમાં, કેશીશ્રમણના જ્ઞાન તેમજ વિવેક અને સમજાવવાની છટાથી પરદેશી રાજાનું મિથ્યાત્વ અજ્ઞાન સમાપ્ત થઈ ગયું. જેનાથી તે ધર્મપ્રેમી, ધર્મિષ્ઠ, બાર વ્રતધારી શ્રમણોપાસક બની ગયા. પૌષધવ્રત પણ યથાસમય કરવા લાગ્યા. રાજ્યમાંથી તેનું વિરક્ત મન હવે ઉદાસીન રહેવા લાગ્યું તેમજ સંસારના સુખોમાં હવે તેને રસ પડતો નહીં. પરિણામે તેનો અધિકતમ સમય ધર્મારાધનામાં વીતવા લાગ્યો. ચિત્ત સારથી(પ્રધાન) તેમજ સૂર્યકંત રાજકુમાર રાજ્યના સંચાલનમાં રસ લેતા હતા તેથી રાજ્ય-વ્યવસ્થા બરોબર ચાલતી હતી.

રાજાનું આવું ધર્મમય જીવન રાણી સૂર્યકંતાને ગમ્યું નહીં. તેને એવું લાગવા માંડયું કે રાજા હવે ધર્મની પાછળ પાગલ બની ગયા છે. રાણીએ સૂર્યકંત કુમારને બોલાવી રજુઆત કરી કે– રાજા તો હવે ધર્માંધ બની ગયા છે, રાજકાજ કે સુખભોગમાં ક્યાંય તેમનું ધ્યાન રહેતું નથી, તો પછી આવા રાજાને શસ્ત્ર-પ્રયોગ કે બીજી કોઈ પણ રીતે મારીને તારો રાજ્યાભિષેક કરવો યોગ્ય લાગે છે. કુમારને આવું પિતૃહત્યાનું કામ બરાબર લાગ્યું નહીં.

રાણીને હવે ભય લાગ્યો કે કુમારને વાત ગમી નથી. તેથી તે ક્યારેક રાજાને કહી દેશે. રાણીએ જલ્દીથી કામ પતાવવાનો ઉપાય વિચારી લીધો. એક દિવસે રાજાના ભોજનમાં ઝેર ભેળવી દીધું, ત્યાં સુધી કે આસન વગેરે પણ વિષયુક્ત કરી નાખ્યા. યોગ્ય સમયે રાજા ભોજન લેવા બેઠા. દરેક પ્રકારે ઝેરની અસર રાજાને થવા લાગી. રાજાને સમજમાં આવી ગયું કે આજે રાણીએ બધા વિષમય સંયોગો ઊભા કર્યા છે. ધર્મ ભાવોથી ઓતપ્રોત રાજાએ પોતાના કર્મોદયનો અને ધર્મ કર્તવ્યનો વિચાર કર્યો. રાણી તરફના તેના વિચારોની ઉપેક્ષા





કરી દીધી. સાવધાનીપૂર્વક રાજા પૌષધશાળામાં પહોંચી ગયા. વિધિવત્ વ્રત પ્રત્યાખ્યાન કરી સંથારો ગ્રહણ કરી લીધો અર્થાત્ ૧૮ પાપોને ત્રણ કરણ અને ત્રણ યોગથી સર્વથા ત્યાગી દીધા. આહાર પાણીનો ત્યાગ કર્યો, તેમજ શરીર પ્રત્યેનો મમત્વભાવ દૂર કરી તેને પણ વોસિરાવી દીધું. ઝેરના પ્રકોપથી વેદના તીવ્ર-તીવ્રતમ થવા લાગી. રાજા આત્મભાવ, સમભાવમાં લીન બની ગયા. રાણી પ્રત્યે મનમાં પણ અશુભ વિચારને આવવા દીધો નહીં. આયુષ્યદોરી તૂટવાનો સમય આવી ગયો હતો. શ્રાવકધર્મની ઉત્કૃષ્ટ તેમજ સમભાવોની અનુપમ આરાધના કરીને પ્રથમ દેવલોકમાં રાજાનો જીવ સૂર્યાભ વિમાનમાં સૂર્યાભદેવના રૂપમાં ઉત્પન્ન થયો. અહીં તે શક્રેન્દ્ર સમાન દેવ બન્યા અર્થાત્ ઈન્દ્ર જેવી જ લગભગ ઋદ્ધિ તેમજ આયુષ્ય પ્રાપ્ત કર્યા. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી મહાવિદેહક્ષેત્રમાં જન્મ લઈ સંયમ તપની આરાધના કરી, સંપૂર્ણ કર્મનો ક્ષય કરી સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થશે.

આ રીતે એક જ વખતના કેશીસ્વામીના સત્સંગથી અધર્મી જીવન જીવતા રાજાએ પોતાના જીવનનું એવું તો પરિવર્તન કરી દીધું કે નરક, તિર્યંચ ગતિના ભ્રમણને તાળા મારી એક ભવ કરી મોક્ષગામી બની ગયા.

## પ્રશ્ન–૪ : રાજાનું જીવન સુધારવાનું શ્રેય ચિત્તસારથીને કેવી રીતે જાય છે ?

**ઉત્તર**— કૃણાલદેશની રાજનગરી શ્રાવસ્તિ નગરીમાં જિતશત્રુ રાજા રહેતા હતા. તેઓ પરદેશી રાજાને આધીન રાજા હતા. એક સમયે કોઈ આવશ્યક કાર્ય માટે ચિત્તસારથીને રાજાની આજ્ઞાથી શ્રાવસ્તી નગરીમાં જવાનું થયું. ત્યાં સંયોગવશાત્ કેશીશ્રમણનો સત્સંગ થયો. ચિત્તસારથીએ કેશીશ્રમણ પાસે ૧૨ વ્રત અંગીકાર કર્યા. ક્રમશઃ વિકાસ કરતા તે શ્રમણોપાસકને યોગ્ય ગુણોથી સંપન્ન થયા. રાજ-કાર્ય પતાવીને પાછા શ્વેતાંબિકા નગરીમાં આવવાનું હતું. ચિત્તસારથી શ્રમણો-પાસકે કેશીશ્રમણને આગ્રહભરી વિનંતી કરી કે આપ શ્વેતાંબિકા નગરીમાં પધારો. કેશીસ્વામીએ પરદેશી રાજાના પાપિષ્ટ વ્યવહારોને લીધે સ્પષ્ટ ના કહીને શ્વેતાંબિકા નગરીમાં આવવા માટે પ્રશ્નચિન્હ મૂકી દીધું અર્થાત્ ત્યાં ન આવવાના ભાવ વ્યક્ત કર્યા.

ચિત્તસારથીએ બધી પરિસ્થિતિનો વિચાર કરી, ફરી નિવેદન કર્યું કે–

ભંતે ! બીજા પણ ઘણા ધર્મપ્રેમી લોકો ત્યાં રહે છે એક રાજાને કારણે આ લોકોને ધર્મથી વંચિત રાખી શકાય નહીં. તે લોકો આપનો આદર સત્કાર કરી દર્શનલાભ, પ્રવચનલાભ અવશ્ય લેશે અને આહારપાણી આદિથી આપની પૂર્ણ ભક્તિ કરશે. આ રીતનું તીવ્ર હાર્દિક ભાવનાવાળું નિવેદન કેશીશ્રમણના ભાવોને પરિવર્તિત કરી ગયું. તેમણે આશ્વાસન વચન કહ્યા કે– જેવો અવસર, આપના નિવેદનને ધ્યાનમાં રાખશું.

યથાસમયે શ્વેતાંબિકા નગરીમાં કેશીશ્રમણની પધરામણી થઈ. ચિત્તસારથી તેમજ અનેક નગરજનોએ દર્શન, પ્રવચન આદિનો લાભ લીધો. ચિત્તે રાજાને પ્રતિબોધ આપવાનું પણ કહ્યું. મુનિએ કહ્યું કે જે સત્સંગમાં આવે જ નહીં, દૂર દૂર રહે તેને કેવી રીતે પ્રતિબોધ આપવો ? ત્યારે ચિત્તસારથીએ રાજાને કોઈ ઉપાયથી સત્સંગમાં લાવવાનો નિર્ણય કર્યો. કંબોજ દેશના ઘોડા આવ્યા હતા અને તેને પલોટવામાં–શિક્ષિત કરવામાં આવ્યા હતા. રાજાને તેની પરીક્ષા લેવાનું નિવેદન કરવામાં આવ્યું. શીઘ્રગતિવાળા ઘોડા થોડા સમયમાં જ ઘણે દૂર નીકળી ગયા. રાજા ગરમી અને તરસથી અકળાવા લાગ્યો, સારથીને નિવેદન કર્યું, તેણે મોકો જોઈને રથ ઘુમાવ્યો અને શીઘ્રગતિથી બગીચામાં કે જ્યાં કેશી શ્રમણનું પ્રવચન ચાલી રહ્યું હતું ત્યાં નજીકમાં એક ઝાડની છાયામાં રથને રોકી દીધો. રાજાના વિશ્રામની અને પાણીની બરાબર વ્યવસ્થા કરી દીધી. રાજા શાંતિથી વિશ્રામ લઈ રહ્યા હતા કે કેશીશ્રમણના પ્રવચનનો અવાજ સાંભળ્યો. ધ્યાનથી અવાજ તરફ જોયું તો વિશાળ પરિષદ પણ રાજાની નજરમાં આવી. ધર્મદ્વેષી રાજાની વિશ્રાંતિનો ભંગ થયો. તેને થયું કે મારા પોતાના બગીચામાં હું શાંતિથી વિશ્રામ લઈ શકતો નથી. અહીં તો જડમૂંડ લોકો એકઠા થઈને જડમૂંડની ઉપાસના કરી રહ્યા છે અને તે આટલા મોટા અવાજથી બોલી રહ્યા છે. રાજાએ પોતાના આવા ભાવ ચિત્તસારથી પાસે રજુ કર્યા. ચિત્ત તો રાજાનું ધ્યાન તે તરફ જ ખેંચવા ઈચ્છતો હતો. ચિત્તે ધીરેથી કહ્યું– આ ૪ જ્ઞાનના ધારક અને ભગવાન પાર્શ્વનાથના શાસનના શ્રમણ છે. તેમને આધોવધિ જ્ઞાન(લઘુ અવધિજ્ઞાન) છે તેમજ મનઃ પર્યવજ્ઞાની છે અર્થાત્ તેઓ આપના અને મારા મનની વાત જાણવા સમર્થ સંત છે.

રાજા પ્રભાવિત થયો. ચિત્તનો દાવ બરાબર લાગી ગયો. રાજાએ મુનિ પાસે જવાનો પ્રસ્તાવ મૂક્યો. આ રીતે બંને ધર્મસભામાં મુનિની નજીક પહોંચી





ગયા. ચિત્તસારથીએ પોતાની સૂઝ-બુઝથી રાજાને કેશીશ્રમણ પાસે પહોંચાડી દીધો. આ કારણથી ચિત્તસારથીને, અધર્મીરાજાને ધર્મિષ્ઠ બનાવવાનો પૂરો યશ જાય છે. મુનિની સેવામાં જતાં જ રાજાનો જીવન વ્યવહાર અમાસની રાતમાંથી પૂર્ણિમાની ચાંદની રાત જેવો બની ગયો અને થોડા જ સમયમાં આત્મકલ્યાણ સાધી ગયા.

**પ્રશ્ન–૫ : હઠીલા અને અધર્મી પરદેશી રાજાને મુનિએ કેવી રીતે સન્માર્ગે વાળ્યા ?**

**ઉત્તર–** કેશીશ્રમણ તો મહાજ્ઞાની સંત હતા. તેમણે જ્ઞાનના બળે બુદ્ધિમતા, વિચક્ષણતા અને નિર્ભીકતાથી કામ લીધું. રાજા પણ બુદ્ધિમાન અને પોતાના વિચારોનો પાકો હતો. તેણે સભામાં જઈને વંદન કર્યા વિના ઉભા ઉભા જ કેશીશ્રમણને પ્રશ્નો પુછવાનું શરૂ કરી દીધું. આપ અધોવધિજ્ઞાની છો ? શું આપ પ્રાસુક અન્નનું ભોજન કરનારા છો ?

કેશીશ્રમણ– હે રાજન્ ! જેવી રીતે વણિક–વેપારી લોકો કર(દાણ)ચોરી કરવાના વિચારથી સીધો માર્ગ નથી પૂછતા, બસ એવી રીતે તું પણ વિનય વ્યવહાર ન કરવાની ભાવનાથી અયોગ્ય રીતે પ્રશ્ન કરી રહ્યો છે. હે રાજન્ ! મને જોઈને તારા મનમાં સંકલ્પ ઉત્પન્ન થયો કે જડમૂંડ મૂર્ખ માણસો જડમૂંડ મૂર્ખની ઉપાસના કરે છે વગેરે.

**પરદેશી રાજા–** હા, આવા વિચારો આવ્યા, પરંતુ આ આપે કેવી રીતે જાણ્યું ?

**કેશીશ્રમણ–** શાસ્ત્રમાં પાંચ જ્ઞાન કહ્યા છે તેમાંથી ચાર જ્ઞાન મને છે. જેમાના ચોથા મનઃપર્યવજ્ઞાન દ્વારા મેં જાણ્યું કે તેં આવો સંકલ્પ–વિચાર કર્યો.

**રાજા–** હું અહીં બેસી શકું ?

**કેશી–** આ તારો બગીચો છે, તું જાણે. ત્યારે પરદેશીરાજા ચિત્તસારથી સાથે બેસી ગયા.

**રાજા–** ભંતે ! આત્મા શરીરથી અલગ છે કે શરીર એ જ આત્મા છે ?

**કેશી–** રાજન્ ! શરીર એ આત્મા નથી પરંતુ આત્મદ્રવ્ય શરીરથી અલગ છે. આત્માના અસ્તિત્વનું જ્ઞાન અને શ્રદ્ધા તે બંને સ્વસંવેદનથી જ થઈ શકે. સંસારમાં જેટલાયે પ્રાણી છે તેને સુખ-દુઃખ, ધનવાન-નિર્ધન, માન-અપમાનનું જે સંવેદન થાય છે, અનુભૂતિ થાય છે તે આત્માને થાય છે, શરીરને નહીં, શરીર તો જડ છે.

***ચેતનની શંકા કરે, ચેતન પોતે આપ,***
***શંકાનો કરણહાર, જડ નહીં છે એ સાફ.***

***આત્મા છે કે નથી આ શંકા પણ જડ શરીરને નથી થતી. આવો સંશય ચેતન તત્ત્વને થાય છે. આ શરીર મારું છે, આવું કહેવામાં મારું શબ્દ સિદ્ધ કરે છે કે હું કોઈ શરીરથી અલગ વસ્તું છું અને એ જ આત્મતત્ત્વ છે, જીવ છે, ચૈતન્ય છે.*** આત્મા શરીરના નાશ થયા પછી પણ રહે છે. પરલોકમાં જાય છે, જન્મ-મરણ કરતો રહે છે. તેથી શંકા કરનારો, સુખ-દુઃખનો અનુભવ કરનારો, આત્માના અસ્તિત્વનો નિષેધ કરનારો અને **હું** અને **મારું** શરીર એવા બધા અનુભવ કરનારો આત્મા જ છે અને તે આ શરીરથી જુદો જ છે.

આંખ જોવાનું કામ કરે છે, કાન સાંભળે છે પણ તેનો અનુભવ કરીને ભવિષ્યમાં યાદ કોણ રાખે છે ? આ યાદ રાખનારું તત્ત્વ ઈન્દ્રિયો અને શરીરથી અલગ છે અને એ જ આત્મતત્ત્વ છે. તેને કોઈપણ નામથી કહો પરંતુ તે છે શરીરથી ભિન્ન બીજું તત્ત્વ.

આ રીતે પ્રથમ ઉત્તરમાં જ રાજા પ્રભાવિત થયા કેમ કે મુનિનો ઉત્તર યુક્તિપૂર્ણ હતો. પરંતુ રાજાના મગજમાં અનેક તર્ક ઘર કરી બેઠા હતા. આથી તે બરાબર જામીને ચર્ચા કરવા બેસી ગયો.

**પ્રશ્ન–૬ : પરદેશી રાજાના મુખ્ય તર્ક કયા કયા હતા અને તેનું સમાધાન કેશીશ્રમણે કેવી રીતે કર્યું ?**

**ઉત્તર– રાજા–** પ્રદેશી રાજાના મુખ્ય તર્ક આ પ્રમાણે છે – ભંતે ! મારા દાદા મારા ઉપર અત્યંત સ્નેહ રાખતા હતા. હું તેમને ખૂબ જ પ્રિય હતો. તેઓ પણ મારી જેમજ અધર્મિષ્ઠ હતા તેમજ **આત્માને શરીરથી જુદો ન માનતા હતા.** તેથી તેઓ નિઃસંકોચ પાપકર્મ કરતા થકા જીવન વ્યતીત કરતા હતા. આપની માન્યતા અનુસાર તેઓ નરકમાં ગયા હશે, ત્યાં તેમને દારૂણ દુઃખ અને દુઃખ જ મળતું હશે તો મારા ઉપર સ્નેહના કારણે મને સાવધાન કરવા આવવા જોઈએ કે ''હે પ્રિય પૌત્ર ! હું મારા પાપકર્મોથી નરકમાં ગયો છું અને મહાન દુઃખમાં પડી ગયો છું. તેથી તું આવા પાપકર્મ કર નહીં, ધર્માચરણ કર, પ્રજાનું સારી રીતે પાલન–સંરક્ષણ કર'' પરંતુ તેમનું આજ સુધીમાં આવવાનો પ્રશ્ન જ થયો નથી. તેથી હે ભંતે ! આત્મા કોઈ અલગ ચીજ નથી, શરીર એ જ આત્મા છે અને શરીરના નષ્ટ થયા બાદ કોઈપણ અલગ ચીજ રૂપ આત્માની કલ્પના કરવી ખોટી છે.





**કેશી–** રાજન્ ! તારા દાદા નરકમાં ગયા હશે તો પણ આવી શકે નહીં. આનું કારણ એ છે કે જો કોઈ પુરૂષ તારી રાણી સૂર્યકંતા સાથે કામભોગોનું સેવન કરે અને તું એને જોઈ જાય તો શું દંડ આપે ?

**રાજા–** એ દુષ્ટને હું તુર્ત જ દંડ આપું અર્થાત્ તલવારથી તેના ટુકડે ટુકડા કરી પરલોકમાં પહોંચાડી દઉં.

**કેશી–** જો તે એમ કહે કે રાજન્ ! મને એક બે કલાકનો સમય આપો જેથી હું ઘરવાળાને મળીને આવું અને તેને શિખામણ આપતો આવું તો શું તું તેને છોડી દઈશ ?

**રાજા–** નહીં. તેને આટલું બોલવાનો સમય પણ ન આપું અથવા તે આટલું બોલવાની હિંમત પણ ન કરી શકે અને છતાં કહે તોપણ એ દુષ્ટને હું એક ક્ષણની પણ છૂટ ન આપું.

**કેશી–** રાજન્ ! આવી જ સ્થિતિ નરકના જીવોની અર્થાત્ તારા દાદાની હશે. પોતાના દુઃખની સામે તે અહીં આવવાનો વિચાર પણ કરી શકે નહીં અને છતાં આવવાનું ચાહે તોપણ આવી શકે નહીં.આથી તારા દાદા તને કહેવા માટે આવી શકે નહીં. માટે તારે તેની આશા રાખવી અને જીવ-શરીરને જુદા માનવા એ ઠીક નથી.

**રાજા–** ભંતે ! મારા દાદીમા તો ખૂબ જ ધર્મિષ્ઠ હતા તે આપના હિસાબે અવશ્ય સ્વર્ગમાં ગયા હશે. તેને તો પાપફળનું કોઈ પ્રતિબંધ નથી, તે તો મને આવીને કહી શકે ને પૌત્ર ! જો હું ધર્મ કરીને સ્વર્ગમાં ગઈ છું, તું પાપકાર્ય ન કર, આત્મા અને શરીર જુદા છે તેમ માનીને ધર્મ કાર્ય કર, પ્રજાનું સારી રીતે પાલન કર વગેરે પરંતુ તેના દ્વારા પણ ક્યારે ય સાવધાન કરવાનો પ્રસંગ આવ્યો નથી. જ્યારે મારા ઉપર તો તેનો અત્યંત સ્નેહ હતો. માટે પરલોક, દેવલોક અને આત્મા એવું કાંઈ છે જ નહીં આવી મારી માન્યતા છે.

**કેશી–** રાજન્ ! જ્યારે તું સ્નાનવિધિ કરી, પુજાની સામગ્રી વગેરે લઈને મંદિરમાં જઈ રહ્યો હોય અને રસ્તામાં કોઈ પુરૂષ અશુચિ(મળ)ભરેલા શૌચાલય પાસે બેસીને તને બોલાવે કે અહીં આવો, થોડીવાર અહીં બેસો તો તું ત્યાં ક્ષણ માત્ર માટે પણ જઈશ નહીં. આ જ રીતે હે રાજન્ ! મનુષ્ય લોકના ૫૦૦ જોજન ઉપર

સુધી અશુચિ વગેરેની દુર્ગંધ આવે છે. આ કારણથી દેવ-દેવીઓ અહીં આવી શકતા નથી. એટલે તારી દાદી પણ તને કહેવા માટે આવી શકતી નથી.

દેવલોકથી નહીં આવવામાં અશુચિ ઉપરાંત બીજા પણ કેટલાક કારણ છે. જેમ કે ત્યાં ગયા પછી અહીંનો પ્રેમ સમાપ્ત થઈ જાય છે, ત્યાં દેવલોકના પ્રેમમાં પડી જાય છે. હમણા જાઉં, હમણા જાઉં એવા વિચારમાં કોઈ નાટક કે એશોઆરામમાં લાગી જાય, તેટલા સમયમાં તો અહીં કંઈ કેટલીયે પેઢી વીતી જાય છે. તેથી તારી દાદી આવવાના ભરોસે તારી આ માન્યતા ખોટી છે.

**રાજા–** ભંતે ! આ ઉપરાંત પણ મારો અનુભવ છે કે શરીરથી અલગ કોઈ જીવ તત્ત્વ નથી. એક સમયે મેં એક અપરાધીને લોખંડની પેટીમાં બંધ કરી માથે ઢાંકણ બંધ કરી દીધું. તેના ઉપર ગરમ લોખંડ અને તાંબાથી લેપ(શીલ) કરી એક વિશ્વાસુ પહેરદારને નિયુક્ત કરી દીધો. થોડા દિવસ પછી પેટી ખોલી તો તે વ્યક્તિ મૃત્યુ પામેલ હતો છતાં એ પેટીમાં ક્યાંય સોયના નાકા જેટલું પણ છિદ્ર નહોતું પડયું હવે જો આત્મા કોઈ અલગ વસ્તુ હોય અને ત્યાંથી જાય, તો પછી પેટીમાં ક્યાંક તો છિદ્ર હોવું જોઈએ પરંતુ ઘણું બારીકાઈથી જોવા છતાં તેમાં કોઈ પ્રકારનું છિદ્ર જોવા મળ્યું નહીં. તેથી મારી માન્યતા દઢ થઈ કે શરીરથી અલગ કોઈ જીવ તત્ત્વ નથી.

**કેશી–** રાજન્ ! ચારે તરફથી બંધ એક દરવાજાવાળો ખંડ–રૂમ છે. દિવાલો તેની મજબૂત બનેલી હોય. તેમાં કોઈ વ્યક્તિઓ બેંડવાજા, ઢોલ વગેરે લઈને ઘુસી જાય પછી દરવાજો બંધ કરી માથે લેપ(શીલ) કરી દેવામાં આવે અને પછી એ અંદર રહેલા પુરુષ જોરથી ઢોલ, ભેરી વગેરે બજાવે તો બહાર અવાજ આવશે ? તેની દિવાલોમાં કોઈ છિદ્ર પડશે ?

**રાજા–** તેમાં કોઈ છિદ્ર નહીં પડે છતાં બહાર અવાજ તો આવશે.

**કેશી–** રાજન્ ! જેમ છિદ્ર કર્યા વગર પણ અવાજ બહાર આવી શકે તો આત્મ-તત્ત્વ તો અવાજથી પણ અતિ સૂક્ષ્મ છે. તેની ગતિ અપ્રતિહત છે. અર્થાત્ દિવાલ યા લોખંડ કે પથ્થરોથી રોકી શકાતી નથી. તેથી તું શ્રદ્ધા કર કે જીવ એ શરીરથી ભિન્ન તત્ત્વ છે.(અહીં શીશીને બંધ કરી કાંકરાનો અવાજ બહાર આવે તે દષ્ટાંતથી પણ સમજી શકાય)





**રાજા–** ભંતે ! એક વખત મેં એક અપરાધીને મારી લોખંડની પેટીમાં બંધ કરી ઢાંકણાને લેપ લગાવી છિદ્ર વિનાની કરી દીધી. થોડા દિવસ પછી જોયું તો એમાં હજારો જીવ–કીડા ઉત્પન્ન થઈ ગયા હતા. અંદર બંધ પેટીમાં આ જીવ ક્યાંથી થયા ? અંદર તો એક પણ જીવ નહોતો.

**કેશી–** રાજન્ ! કોઈ સઘન લોખંડનો ગોળો છે તેને અગ્નિમાં રાખવામાં આવે તો થોડા સમયમાં તે પૂર્ણ રીતે તપીને લાલ થઈ જાશે, તો એમ સમજવું કે તેમાં અગ્નિએ પ્રવેશ કર્યો છે. પછી તે લોઢાને જોઈએ તો તેમાં કોઈ છિદ્ર પડેલ નથી આમ છતાં તેમાં અગ્નિએ પ્રવેશ તો કર્યો જ છે. એ જ રીતે જીવ પણ બંધ પેટીમાં પ્રવેશ કરી શકે છે. તેનું અસ્તિત્વ અગ્નિથી પણ અતિ સૂક્ષ્મ છે. તેને લોખંડ આદિમાં અંદર પ્રવેશવા કે બહાર નીકળવામાં કોઈ અડચણ થતી નથી. તેથી હે રાજન્ ! તું શ્રદ્ધા કર કે શરીરથી અલગ આત્મ તત્ત્વ છે. જન્મ મરણ અને પરલોક પણ છે.

**રાજા–** એક શસક્ત વ્યક્તિ પાંચ મણ વજન ઉપાડીને રાખી શકે છે અને બીજી અશક્ત વ્યક્તિ આ વજન ઉપાડી શકતી નથી. એટલે હું માનું છું કે શરીર એ જ આત્મા છે. જો આત્મા અલગ હોય તો એક આત્મા આ વજન ઉપાડી શકે છે તો બીજો પણ ઉપાડી શકત કેમ કે શરીરથી સશક્ત કે અશક્ત ગમે તે હોય બંનેમાં આત્મા તો એક સરખો અને અલગ અલગ છે. આમ બધા આત્મા એક સરખા હોવા છતાં સરખું વજન ઉઠાવી શકતા નથી. આથી મારી માન્યતા સાચી છે કે શરીર એ જ આત્મા છે. જેવું શરીર હોય તેવું કાર્ય કરે છે. તેથી અલગ-અલગ આત્મા હોવાની માન્યતા રાખવાની જરૂર નથી.

**કેશી–** સમાન શક્તિવાળા પુરુષોના સાધનમાં તફાવતને કારણે કાર્યમાં પણ તફાવત પડે તે સ્વાભાવિક છે. જો એક સરખી શક્તિવાળા બે પુરુષોને લાકડી કાપવાનું કાર્ય સોંપવામાં આવ્યું પરંતુ એકને તીક્ષ્ણ ધારવાળી કુહાડી આપવામાં આવી અને બીજાને બુટ્ટી(ધાર વગરની)કુહાડી આપવામાં આવી. ધારવાળી કુહાડીવાળો પુરુષ તુરત જ લાકડીને કાપીને રાખી દેશે જ્યારે બુટ્ટી કુહાડી જેની પાસે છે તે નહીં કાપી શકે. આથી એમ અર્થ તો નથી થતો કે જેવું શસ્ત્ર તેવું કાર્ય થાય છે તો વ્યક્તિ કાંઈ નથી. પરંતુ વ્યક્તિનું અસ્તિત્વ હોવા છતાં જેવા પ્રકારનું સાધન છે એને કારણે કાર્યમાં તફાવત થાય છે. એ જ રીતે આત્મતત્ત્વ

બધાનું સરખું હોવા છતાં સાધનરૂપ શરીરની અપેક્ષા કાર્યમાં ફરક રહે જ છે. ભાર ઉપાડવા માટે નવી-જુની કાવડ કે દોરી જેવી મજબૂત હશે તે મુજબ વ્યક્તિ ભાર ઉઠાવી શકશે. સાધનની મુખ્યતાને કારણે આવું બને છે. માટે રાજન્ ! આ તર્કથી પણ તારું, 'આત્મા ભિન્ન છે' તેમ ન માનવું અસંગત છે.

**રાજા**– એક સમયે મેં એક વ્યક્તિનું જીવતા વજન કરીને તેને તત્કાલ પ્રાણ વગરનો કરી વજન કર્યું તો તેના વજનમાં કોઈ ફરક ન પડયો. આપની માન્યતા અનુસાર શરીરથી જુદો આત્મા ત્યાંથી નીકળ્યો જ હોય તો પછીના વજનમાં કાંઈક તો તફાવત પડવો જોઈએ.

**કેશી**– રાજન્ ! કોઈ મશકમાં હવા ભરીને તેનું વજન કરવામાં આવે પછી તેમાંથી હવા કાઢીને વજન કરવામાં આવે તો તેમાં કોઈ ફેર પડતો નથી. આત્મ-તત્ત્વ આ હવાથી પણ સૂક્ષ્મ છે(અરૂપી છે). તેથી તેના નિમિત્તથી વજનમાં કોઈ ફેર પડતો નથી. તેથી હે રાજન્ ! તારે આ શ્રદ્ધા કરવી જોઈએ કે શરીરથી આત્મા ભિન્ન તત્ત્વ છે.

**રાજા**– એક સમયે મેં એક અપરાધીને લઈને તેના બધા જ શરીરના બારીક-બારીક ટુકડા કર્યા અને તેમાં જોયું તો ક્યાંય જીવ દેખાયો નહીં તેથી મેં માન્યું કે શરીરથી ઉપરાંત જીવ નામની કોઈ ચીજ છે નહીં.

**કેશી**– રાજન્ ! તું પેલા મૂર્ખ કઠિયારા કરતાં પણ વધારે મૂર્ખ અને વિવેકહીન છો. એક વાર કેટલાક માણસો સાથે મળીને લાકડા કાપવા જંગલમાં ગયા. તે દિવસે એક નવો માણસ પણ સાથે ગયો. જંગલ ઘણું દૂર હતું. રસોઈ કરવી અને ભોજન કરવું, તે બધું તેઓ ત્યાં જંગલમાં જ કરતા હતા. તેના માટે તેઓ સાથે અગ્નિ (અંગારા) લઈ જતા હતા. આજે તેઓએ નવા માણસ કઠિયારાને કહ્યું કે તું અહીં જંગલમાં જ રહે અમે લાકડા કાપીને આવીએ છીએ. ત્યાં સુધીમાં તું રસોઈ બનાવી તૈયાર રાખજે, કદાચ આપણે સાથે લીધેલ અગ્નિ ઠરી ગયો હોય તો આ અરણીના લાકડા છે તેનાથી અગ્નિ પેટાવીને રસોઈ તૈયાર કરજે. અમે લાકડા કાપીને આવશું ત્યારે જમીને આપણે પછી ઘર તરફ જઈશું.

તેમના ગયા પછી એ કઠિયારાએ રસોઈ બનાવવાની તૈયારી કરી પરંતુ જોયું તો અંગારા તો ઠરી ગયા હતા. તેણે અરણીના લાકડાને જોયું તો અગ્નિ દેખાયો નહીં. પછી તેણે તેના નાના-નાના ટુકડા કરી જોયું તોપણ તેમાં ક્યાંય





અગ્નિ દેખાયો નહીં. અગ્નિ વગર તે રસોઈ બનાવી શક્યો નહીં અને હતાશ થઈને એક બાજું બેસી ગયો.

જ્યારે જંગલમાંથી કઠિયારા લાકડા લઈને આવ્યા અને બધું જોયું; પછી એક જણાએ અરણીના લાકડા લઈ ઘસીને અગ્નિ ઉત્પન્ન કર્યો, રસોઈ બનાવી અને જમ્યા. તેઓએ આ નવા કઠિયારાને કહ્યું– મૂર્ખ ! તું લાકડાના ટુકડા કરીને તેમાંથી અગ્નિ શોધવાનો પ્રયત્ન કરે તો તેમાંથી તને અગ્નિ મળવાનો ? આ રીતે હે રાજન્ ! તારી પ્રવૃત્તિ પણ એ મૂર્ખ કઠિયારા જેવી થઈ.

**રાજા**– ભંતે આપ જેવા જ્ઞાની, બુદ્ધિમાન અને વિવેકશીલ વ્યક્તિ આ વિશાળ સભામાં મને આવા તુચ્છ અને નિષ્ઠુર હલ્કા શબ્દો વડે અનાદરયુક્ત વર્તન કરો તે શું ઉચિત છે ?

**કેશી**– રાજન્ ! તું જાણે છે કે પરિષદ કેટલા પ્રકારની હોય. તેમાં કોની સાથે કેવો વ્યવહાર કરવો જોઈએ, કોને દંડ આપવો જોઈએ. છતાં પણ તે મારી સાથે (શ્રમણની સાથે) શ્રમણોચિત વ્યવહાર ન કરતાં, તેનાથી વિપરીત વ્યવહાર કર્યો, તો પછી તારી સાથે મારે આવા જ શબ્દોથી જવાબ આપવા યોગ્ય છે, આ તું સમજી શકતો નથી ?

**રાજા**– પોતાનો આશય સ્પષ્ટ કરતાં રાજાએ કહ્યું કે હું શરૂઆતના વાર્તાલાપથી જ સમજી ગયો હતો કે આ વ્યક્તિ(કેશીશ્રમણ) ની સાથે જેટલી વિપરીત રીતે વ્યવહાર–વાતો કરશું તેટલું વધારે તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થશે. અને તેમાં લાભ થશે, નુકશાન નહીં થાય. હું તત્ત્વજ્ઞાન, સમ્યક્ શ્રદ્ધા, સમ્યક ચારિત્ર પ્રાપ્ત કરીશ, જીવ અને જીવના સ્વરૂપને સમજીશ. આ કારણથી મેં આવો વ્યવહાર કર્યો.

**રાજા**– હે ભંતે ! આપ તો સમર્થ છો, મને હથેળીમાં રાખેલ આંબળાની જેમ એકવાર આત્માને બહાર કાઢી બતાવી આપો.

**કેશી**– રાજન્ ! જુઓ, આ વૃક્ષના પાંદડા વગેરે હલી રહ્યા છે તે હવાથી હલે છે. તો હે રાજન્ ! તું એ હવાને આંખોથી જોઈ શકતો નથી, હાથમાં રાખીને કોઈને બતાવી શકતો નથી છતા હવા છે એમ સ્વીકાર તો તું કરે છે. આ જ રીતે હે રાજન્ ! આત્મા હવાથી પણ સૂક્ષ્મ છે. કારણ કે હવા તો બાદર રૂપી પદાર્થ છે પરંતુ આત્મા તો અતિ સૂક્ષ્મ એટલે અરૂપી પદાર્થ છે. તેને હાથમાં રાખીને કેવી

રીતે બતાવી શકાય ! હવે તું શ્રદ્ધા કર કે હવાની જેમ આત્મા પણ સ્વતંત્ર, અચક્ષુગ્રાહ્ય તત્ત્વ છે.

(કોઈ વ્યક્તિએ વકીલની પરીક્ષા પાસ કરેલ છે તેને પ્રત્યક્ષ જાણવા માટે કોઈ ડોક્ટર તેના શરીરને કે મગજના ટુકડા કરી તેમાં જ્ઞાન જોવા ઈચ્છે તો તેને નહીં દેખાય. જો જ્ઞાનને આ રીતે નથી જોઈ શકાતું તો પછી જ્ઞાની (આત્મા) ને આમ પ્રત્યક્ષ જોવાનો સંકલ્પ તર્ક કરવો જ અયોગ્ય છે.)

જમીનમાં કેરી, દ્રાક્ષ, શેરડી વગેરે બધા તત્ત્વ રહેલ છે તેવી શ્રદ્ધાથી કોઈ વ્યક્તિ બી વાવે તો તેને ફળ મળે છે પરંતુ જો કોઈ વ્યક્તિ જમીનને ખોદીને તેના કણ કણમાં કેરી, દ્રાક્ષ, શેરડી વગેરેના પરમાણુને પ્રત્યક્ષ જોવાનો પ્રયત્ન કરે તો તેમાં તે સફળ થશે નહીં.

આ રૂપી પદાર્થ પણ સૂક્ષ્મ તથા વિરલ હોવાને કારણે સામાન્ય જ્ઞાન વાળા માણસને પ્રત્યક્ષ દૃષ્ટિથી જોવામાં આવતો નથી તો પછી આત્મા અરૂપી અતિસૂક્ષ્મ પદાર્થને જોવાની કલ્પના કરવી તે નાદાનપણું કે બાલિશતા છે.

તેથી આત્મા, પરલોક, પુદ્ગલ, પરમાણુ, સૂક્ષ્મ સમય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, તૈજસ, કાર્મણ શરીર, કર્મ વગેરે કેટલાયે તત્ત્વો જીવની જેમ સામાન્ય જ્ઞાનીઓ માટે શ્રદ્ધાનો વિષય છે પરંતુ પ્રત્યક્ષ જાણી શકાતા નથી.

**રાજા–** ભંતે ! જીવને અલગ તત્ત્વ માનીએ તો તેનું એક પરિમાણ(માપ)પણ માનવું જોઈએ. તોપછી આ આત્મા ક્યારેક હાથીની વિશાળ કાયામાં, તો ક્યારેક કીડી જેવા નાના શરીરમાં કેવી રીતે રહી શકતો હશે ? જો તેને નાનો માનવામાં આવે તો હાથીના શરીરમાં કેવી રીતે રહે છે અને જો તેને હાથી જેવડો મોટો માનવામાં આવે તો કીડીના જેવા નાના શરીરમાં કઈ રીતે રહી શકે છે ? ન જ રહી શકે. તો પછી શરીરથી અલગ આત્મા છે એવું માનવું જોઈએ નહીં, નહીંતર આવી દ્વિધા ઉત્પન્ન થાય છે.

**કેશી–** રાજન્ ! જેવી રીતે એક દીવો મોટા હોલ(રૂમ)માં હોય તો તેનો પ્રકાશ સમાઈ જાય છે અને જો તેનાથી નાના નાના કમરામાં રાખવામાં આવે તો તેનો પ્રકાશ તે કમરામાં પણ સમાઈ જાય છે. એ જ દિવાને એક કોઠીમાં રાખવામાં





આવે તો કોઠીમાં પ્રકાશ સમાવિષ્ટ થઈ જાય છે. આનું કારણ એ છે કે રૂપી પ્રકાશમાં સંકોચ અને વિસ્તારનો ગુણ છે. એ જ રીતે આત્માના પ્રદેશો નિશ્ચિત પરિમાણવાળા હોવા છતાં સંકોચ–વિસ્તારવાળા બની શકે છે. કર્મના ઉદયથી જેવું અને જેટલું શરીર મળે છે તેમાં તે વ્યાપ્ત થઈને રહી શકે છે. આમાં કોઈ મુશ્કેલી પડતી નથી. તેથી હે રાજન્ ! તું શ્રદ્ધા કર કે જીવ અને શરીર અલગ અલગ છે. જીવ એ શરીર નથી અને શરીર એ જીવ નથી.

**રાજા–** ભંતે ! આપે જે કંઈ સમજાવ્યું તે ઠીક છે પરંતુ મારા બાપદાદાએ સમજાવ્યું છે તે મારા પૂર્વજોનો ધર્મ મારે કેમ છોડી દેવો. બાપદાદાથી ચાલતો આવતો મારો ધર્મ કહે છે કે જીવ અને શરીર એક જ છે. જીવ કોઈ અલગ વસ્તુ નથી. હવે પેઢીઓથી મળેલો આ ધર્મ હું કેવી રીતે છોડી શકું ?

**કેશી–** હે રાજન્ ! તું લોહવણિકની જેમ મૂર્ખ અને જિદ્દી ન બન. નહીંતર તારે પણ એની જેમ પસ્તાવાનો વારો આવશે.

કેટલાક વણિકો ધન કમાવા માટે યાત્રા અર્થે નીકળ્યા. રસ્તામાં એક ઘનઘોર જંગલમાં પહોંચ્યા. ત્યાં તેમણે લોખંડની એક વિશાળ ખાણ જોઈ. જેમાં ઘણું બધું લોખંડ વેરવિખેર પડેલ હતું. આ લોકોએ વિચારણા કરી લોખંડનો ભારો બાંધી લીધો. આગળ ચાલ્યા તો સીસાની (ધાતુની) ખાણ આવી. બધાએ વિચાર કરીને લોખંડનો ભારો છોડીને સીસાના ભારા બાંધ્યા. એક વણિકને ઘણી રીતે બધાએ સમજાવ્યું પણ તેણે કહ્યું કે આટલા બધા દૂરથી મહેનત કરીને જે લાવ્યો છું તે હું છોડીશ નહીં.

આગળ ચાલ્યા તો તાંબાની ખાણ આવી, પછી ચાંદીની અને પછી સોનાની ખાણ આવી. બધા વણિકોએ પહેલાની વસ્તુ છોડી દીધી. હાનિ કે લાભનો વિચાર કરીને આગળ મળતી વસ્તુ લેતા ગયા. પરંતુ પેલો લોહવણિક એક જ વાત ઉપર ચીટકી રહ્યો કે હું લોખંડ છોડીશ નહીં. કારણ કે પહેલેથી લેતો આવ્યો છું. વારંવાર છોડવું-લેવું અસ્થિર મગજનું કામ હું કરતો નથી. છેવટે રત્નો અને હીરાની ખાણ આવી. બધા વણિકોએ એક સલાહ કરી હીરા ભરી લીધા. ખુશીમાં આવી ગયા અને હવે પોતાના દેશ તરફ પાછા ફરવાનો સંકલ્પ કર્યો. પેલા લોહવણિકને ફરી એક વખત સમજાવવાનો પ્રયત્ન કર્યો કે ભાઈ પેલા તું પોટલું છોડ અને હીરા લઈ લે પરંતુ અભિમાનને કારણે જડની જેમ પોતાની માન્યતાને વળગી રહ્યો અને હીરા પણ લીધા નહીં.

નગરીમાં આવીને બધા વણિકોએ હીરા, રત્નની કિંમત મેળવી અખૂટ ધન સામગ્રી પ્રાપ્ત કરી અને વિશાળ સંપત્તિ મેળવીને સુખચેનમાં પોતાનું જીવન વ્યતીત કરવા લાગ્યા. હવે પેલો લોહવણિક લોખંડની કિંમતનું જ ધન મેળવી, મકાન, રહેણીકરણીમાં જેવો હતો તેવો જ રહ્યો. પછી તો પોતાના સાથીઓની વિશાળ સંપત્તિ, બંગલા વગેરે જોઈ જોઈને પશ્ચાત્તાપ કરવા લાગ્યો. વણિક હોવા છતાં સત્ય-અસત્ય, હાનિ-લાભનો કોઈ વિચાર ન કર્યો. પોતાના પૂર્વગ્રહમાં રહીને પશ્ચાત્તાપ અને દુઃખ જ મેળવ્યું. તેવી જ રીતે હે રાજન્ ! તું પોતે બુદ્ધિમાન છો છતાં બધુ સમજી લીધા પછી પણ સત્યાસત્યનો નિર્ણય કરીને સાચી વાત સ્વીકારવા તૈયાર નથી થતો તો પછી તું પેલા લોહવણિક જેવો જ થશે.

[ કેટલાયે લોકો સામાન્ય બુદ્ધિવાળા અને ગાડરિયા પ્રવાહમાં ચાલનારા હોય છે. તેઓ જૂની રૂઢિઓને પૂર્વજોના નામથી ચલાવ્યા જ કરે છે. તેમાં તે પોતાનો અહંભાવ અને દેખાદેખીવૃત્તિને પોષતા હોય છે.પરંતુ હકીકતમાં તેઓ અત્યંત હલકી કક્ષાની બુદ્ધિવાળા અને પ્રતિષ્ઠાહીન વ્યક્તિ હોય છે. ]

**રાજાનું પરિવર્તન–** કેશીકુમાર શ્રમણના નિર્ભય અને સચોટ વાક્યોએ તથા તર્કબદ્ધ દષ્ટાંતોથી તેના આગ્રહપૂર્ણ વિચારોમાં પરિવર્તન લાવી દીધું. ચિત્ત-સારથીનો પ્રયત્ન અને કોઠાસૂઝ સફળ થઈ. રાજાએ મુનિને વંદના નમસ્કાર કરી કહ્યું કે ભંતે ! હું એવું નહીં કઢં કે મારે લોહવણિકની જેમ પસ્તાવું પડે. હવે હું આપની પાસેથી ધર્મ સાંભળવા ઈચ્છું છું.

કેશીશ્રમણે સમયોચિત ધર્મઉપદેશ આપ્યો. જેનાથી પરદેશી રાજા વ્રતધારી શ્રમણોપાસક બની ગયા. બીજા દિવસે પોતાના પરિવાર અને સંપૂર્ણ ઠાઠમાઠથી કેશીશ્રમણના દર્શન માટે આવ્યા. પાંચ પ્રકારના અભિગમ સાથે તેણે મુનિના અવગ્રહમાં(મુનીની સન્મુખ ચાર હાથની જગ્યામાં) પ્રવેશ કર્યો, વંદન, નમસ્કાર કર્યા અને પહેલા દિવસે પોતાનાથી થયેલ અવિનય, અશાતનાની પૂર્ણ ભક્તિભાવ પૂર્વક હાર્દિક ક્ષમાયાચના કરી તેમજ ઉપદેશ સાંભળવા માટે વિશાળ પરિષદની સાથે કેશીશ્રમણની સમક્ષ બેસી ગયા. કેશીશ્રમણે પરદેશી રાજા અને તેની પ્રમુખ રાણી સૂર્યકંતા તેમજ વિશાળ પરિષદને લક્ષમાં રાખી ઉપદેશ આપ્યો. ઉપદેશ સાંભળીને પરિષદ વિસર્જિત થઈ. કેશીશ્રમણે રાજાને થોડાક ભલામણ વચનો કહ્યા.





**શિક્ષા સંકેત–** હે પરદેશી ! જેમ બાગ, શેરડીનું ખેતર, ખેતરમાં આવેલ ખળું અને નૃત્યશાળા કયારેક રમણીય અને સુંદર હોય છે તો કયારેક સુમસામ, અસુંદર થઈ જાય છે તેવી રીતે તું ધર્મની અપેક્ષાએ રમણીય બનીને પાછો અરમણીય બની જાતો નહીં.

કેશીશ્રમણની આવી શિખામણના સંકેત શબ્દો સાંભળીને રાજાએ કહ્યું– ભંતે ! આ મુખ્ય શ્વેતાંબિકા નગરી સહિત સાત હજાર ગામ-નગરોની આવકને હું ચાર વિભાગોમાં વહેંચી દઈશ– **૧.** રાજ્યની વ્યવસ્થા માટે **૨.** ભંડારમાં **૩.** અંતઃપુર માટે **૪.** દાનશાળા માટે. દાનશાળા માટે સુંદર મકાન બનાવીશ અને તેમાં નોકરની વ્યવસ્થા કરી દઈશ. જ્યાં ગરીબોને ભિક્ષુઓને અને અન્ય યાચકોને ભોજન વગેરેની સુંદર વ્યવસ્થા કરવામાં આવશે. આ ઉપરાંત હું પોતે વ્રત, પચ્ચક્ખાણ, ધર્મજાગરણ વગેરે પૌષધ કરતો થકો ઉત્તરોત્તર ધર્મ આરાધનામાં વૃદ્ધિ કરતો રહીશ. આ રીતે પરદેશી રાજાએ દ્રવ્ય અને ભાવથી પૂર્ણ રૂપે જીવનનું પરિવર્તન કર્યું. તેમણે અમાસમાંથી પૂનમ જેવું જીવન બનાવીને અથવા મહાન અધર્મીમાંથી આદર્શધર્મી જીવન બનાવીને રાજાએ દિવ્ય દેવાનુભવ અને મહાન ઐશ્વર્યને પ્રાપ્ત કર્યું.

તે દેવભવનું ચાર પલ્યોપમનું આયુષ્ય પૂર્ણ કરી મહાવિદેહક્ષેત્રમાં જન્મ લઈને, રાજ્ય ઋદ્ધિનો ત્યાગ કરી બાળબ્રહ્મચારી દઢપ્રતિજ્ઞ નામના શ્રમણ થશે. કેટલાયે વર્ષ કેવળપર્યાયમાં વિચરણ કરશે અને અંતિમ સમયે અનેક દિવસોના સંથારા સાથે નિર્વાણને પ્રાપ્ત કરશે. હમેશ હમેશને માટે જન્મ મરણના ભવ-ચક્રમાંથી મુક્તિ મેળવશે.

## પ્રશ્ન–૭ : સૂર્યાભદેવના સૂર્યાભવિમાનની વિશાળતા અને દિવ્યતાનું વર્ણન કેવી રીતે છે ?

**ઉત્તર–** સૌધર્મ નામનું દેવલોક આપણી સમભૂમિથી અસંખ્ય જોજન ઉપર છે. આ દેવલોકમાં ૩૨ લાખ વિમાન છે. તેમની વચમાં પાંચ અવતંસક(મુખ્ય) વિમાન છે. તેમના નામ–(૧) અશોક અવતંસક (૨) સપ્તપર્ણઅવતંસક (૩) ચંપક અવતંસક (૪) આમ્ર અવતંસક (૫) સૌધર્માવતંસક. સૌધર્માવતંસક વિમાનથી પૂર્વમાં અસંખ્ય યોજન દૂર સૂર્યાભવિમાન આવેલું છે. આ વિમાન સાડા બાર લાખ યોજનનું લાંબુ અને પહોળું તથા ૩૯,૫૨, ૮૪૮(ઓગણચાલીસ લાખ,

બાવર હજાર, આઠસો અડતાલીસ) યોજન પરિધિવાળું ગોળાકાર છે તેમજ પરકોટાથી ઘેરાયેલું છે.

**દરવાજાનું વર્ણન–** આ વિમાનની ચારે દિશામાં ચાર હજાર દરવાજા છે જે ૫૦૦ યોજન ઊંચા, ૨૫૦ યોજન પહોળા છે. આ દરવાજાની બંને તરફ બેઠક આવેલી છે. જેમાં સોળ-સોળ વિભાગ છે. સુખડ, ચંદનના કળશ છે, માળાઓ, ઘંટડી સાથે ખીંટી, ખીંટીઓ ઉપર ૧૬-૧૬ નાની ખીંટીઓ છે. જેમાં ચાંદીના છીંકા (લટકતી ધુપદાની) જેમાં ધુપદાની રહેલી છે. બેઠક-બાંકડા ઉપર પુતળીઓ, ઘંટ, વનમાળાઓ વગેરેની પંક્તિ(શ્રેણી) આવેલી છે અને બંને વિભાગની નિષીધિકાઓમાં સોળ-સોળ પ્રાસાદાવતંસક(શ્રેષ્ઠ મહેલ) છે. જે ૨૫૦ યોજન ઊંચા અને ૧૨૫ યોજનના વિસ્તારવાળા ગોળાકાર છે, તે ૨૫૦ યોજન લાંબા, પહોળા અને ૧૨૫ યોજન ઊંચા ચબુતરા ઉપર સ્થિત છે.

**તોરણનું વર્ણન–** આ ૧૬-૧૬ વિભાગોની સામે તોરણ મંડપ છે જે મણિઓથી બનેલા થાંભલા ઉપર બરાબર બાંધેલા છે. દરેક તોરણની આગળ બે-બે પુતળીઓ, નાગદંત, હાથીયુગલ, અશ્વયુગલ, નર-કિન્નર, કિંપુઢષ યુગલ, મહોરગ, ગાંધર્વ અને બળદ યુગલ છે. આ પ્રકારના અનેક મંગળ રૂપ, દર્શનીય રૂપ બે-બે પદાર્થો છે. બે બે સિંહાસન, છત્ર, ચામર વગેરે છે.

**દરવાજા ઉપરની ધજાઓ અને ભવન–** એક એક દરવાજા ઉપર દશ પ્રકારની ૧૦૮ ધજાઓ અર્થાત્ ૧૦૮૦ ધજાઓ છે. પ્રત્યેક દરવાજાની ઉપર ૬૫-૬૫ ભવન છે.

**વન ખંડ–** સૂર્યાભ વિમાનથી ૫૦૦ યોજન દૂર ચારે દિશાઓમાં એક-એક બગીચા–વનખંડ આવેલા છે. જે ૫૦૦ યોજન પહોળા અને સૂર્યાભવિમાન જેટલા લાંબા છે. તેના નામ–અશોકવન, સપ્તપર્ણવન, ચંપકવન અને આમ્રવન છે. વનખંડમાં ઠેક-ઠેકાણે વાવડી, પુષ્કરો, કુવા, તળાવ વગેરે છે. જે વેદિકા તેમજ વનખંડથી ઘેરાયેલા છે તેમાં નીચે ઉતરવા માટે ચારે દિશામાં પગથિયા છે. તેમની વચમાં થોડા થોડા અંતરે નાના-મોટા પર્વત-મંડપો આવેલા છે. જ્યાં બેસવા માટે કે સુવા માટે સોના વગેરેના આસન, ભદ્રાસન વગેરે છે. વનખંડમાં ઘણી જગ્યાએ કદલિગૃહ, લત્તાગૃહ, વિશ્રામગૃહ, પ્રેક્ષાગૃહ, સ્નાનગૃહ, શ્રૃંગાર-ગૃહ, મોહનગૃહ, જલગૃહ, ચિત્રગૃહ, અરિસાગૃહ આદિ શોભાયમાન થઈ





રહ્યા છે. તેમજ ઘણી જગ્યાએ જુદી જુદી લત્તા–વેલના મંડપો છે. જેમાં અનેક પ્રકારના બેસવાના–સુવાના પૃથ્વીની શિલાના આસનો છે. ચારે વનખંડોમાં એક-એક પ્રાસાદાવતંસક–શ્રેષ્ઠ મહેલ છે. જેમાં પલ્યોપમની સ્થિતિવાળા એક-એક દેવ રહે છે, તેના નામ– (૧) અશોકદેવ (૨) સપ્તપર્ણદેવ (૩) ચંપક દેવ (૪) આમ્રદેવ. વનખંડોનો બાકીનો ભૂમિભાગ સમતલ, સુંદર અને સુખદ સ્પર્શવાળો છે. અનેક પ્રકારના મણિઓ અને તૃણોથી યુક્ત છે તેમજ તેના મધુર ધ્વનિથી રમણીય લાગે છે. પુણ્યફળનો ભોગવટો કરનારા દેવો અહીં આમોદ– પ્રમોદ કરતા રહે છે.

**ઉપકારિકા લયન–** સુધર્માસભા અને પ્રમુખ સ્થાનોથી યુક્ત રાજધાની સમાન પ્રાસાદ–મહેલોથી યુક્ત ક્ષેત્ર–વિસ્તારને ઉપકારિકાલયન કહેલ છે.

આ ક્ષેત્ર જંબુદ્વીપ જેવડું છે. તેની મધ્યમાં એક ભવ્ય પ્રાસાદ છે જે પાંચસો યોજન ઊંચો, ૨૫૦ યોજનના વિસ્તારવાળો છે. તેની ચારે બાજુ ચાર ભવનો તેના અર્ધા પ્રમાણના વિસ્તારવાળા છે. આ ચારે પ્રાસાદ તેના અર્ધામાપના ચાર-ચાર ભવનોથી ઘેરાયેલા છે. આ ભવનો પણ તેનાથી અર્ધા માપવાળા ચાર-ચાર ભવનોથી ઘેરાયેલા છે. ૧+૪+૧૬+૬૪=૮૫ પ્રાસાદો આવેલા છે. આ ઉપકારિકાલયન સૂર્યાભવિમાનની વચ્ચે મધ્યમાં આવેલ છે. સમભૂમિથી કંઈક ઊંચે છે, તેમાં પ્રવેશ કરવા માટે ચારે દિશાઓમાં પગથિયાની શ્રેણીઓ આવેલી છે. તેની ચારે તરફ પદ્મવર વેદિકારૂપ પાળી છે અને તેની ચારે તરફ બે યોજનમાં કંઈક ઓછું પહોળું વનખંડ આવેલું છે.

**સુધર્માસભાનું બાહ્ય વર્ણન–** મુખ્ય પ્રાસાદાવતંસકથી ઈશાન ખૂણામાં અનેક સ્તંભો ઉપર બનેલી સુધર્માસભા આવેલી છે. તેની ત્રણ દિશામાં ત્રણ દરવાજા અને સોપાનશ્રેણી આવેલી છે. આવી સોપાનશ્રેણી પશ્ચિમ દિશામાં નથી. આ દરવાજા ૧૬ યોજન ઊંચા, ૮ યોજન પહોળા છે. દરવાજાની સામે મંડપ છે, મંડપની આગળ પ્રેક્ષાગૃહ છે. પ્રેક્ષાગૃહની વચમાં એક મંચ છે. મંચની વચમાં ચબૂતરા (મણિપીઠીકા) છે. તેના ઉપર એક એક સિંહાસન છે. તેની આસપાસ અનેક ભદ્રાસન છે. પ્રેક્ષાગૃહની સામે આગળના ભાગમાં ચબુતરા છે. તેના ઉપર સ્તૂપ છે. સ્તૂપની સામે ચબુતરા અને તેના પર ચૈત્યવૃક્ષ છે. ચૈત્યવૃક્ષની સામે ચબૂતરા ઉપર માહેન્દ્રધ્વજા છે અને તેની સામે નંદા નામની પુષ્કરિણી છે.

**સુધર્માસભાનું અંદરનું વર્ણન–** સુધર્મા સભાની અંદર ચારે તરફ કિનારે ૪૮ હજાર ઓરડાઓ જેવા ખુલ્લા વિભાગ છે, તેમાં ૪૮ હજાર લાંબી ખુરશીઓ જેવા આસનો છે. સુધર્માસભાની વચમાં ૬૦ યોજન ઊંચો માણવક ચૈત્ય સ્તંભ છે. જેના ૪૮ તળ તેમજ ૪૮ કોર(કિનારા) છે અર્થાત્ તે સ્તંભ ૪૮ વળાંકવાળો ગોળ છે. તેના મધ્યભાગમાં અનેક ખીંટીઓ છે જેમાં છીંકા લટકી રહ્યા છે. આ છીંકામાં ગોળ ડબ્બીઓ છે અને આ ડબ્બીઓમાં જિનદાઢાઓ (સત્શાસ્ત્રો) છે. આ સત્શાસ્ત્ર(દાઢાઓ) દેવ-દેવિઓ માટે પૂજનીય અને અર્ચનીય છે. *(નોંધઃ–મૂલ શબ્દ **જિણસકહાઓ** છે. સકહા=સત્કથા=સત્શાસ્ત્રની ભગવતી સૂત્રમાં હવનની પહેલાં સાત વસ્તુઓ રાખવાનું કથન છે ત્યાં સત્કથા= સત્શાસ્ત્ર અગ્નિને પાસે રાખવાનું કથન છે. ભક્તામરમાં– **ત્વત્ સંકથાપિ જગતાં દુરિતાનિ હંતિ.** સત્કથા-સત્શાસ્ત્ર. જિનદાઢા અર્થ માત્ર રટણ કરેલો છે. હકીકતમાં સાચો શબ્દાર્થ સત્શાસ્ત્ર છે જે બધામાં બંધબેસતો છે.)* માણવક ચૈત્ય સ્તંભની પૂર્વમાં સિંહાસન અને પશ્ચિમમાં દેવશય્યા છે. દેવશય્યાના ઈશાન ખૂણામાં માહેન્દ્ર ધ્વજની પશ્ચિમે આયુધશાળા છે.

આયુધશાળાના [*ઈશાન ખૂણામાં સિદ્ધાયતન છે. સિદ્ધાયતનનું બાહ્ય વર્ણન સુધર્માસભાના બાહ્ય વર્ણન જેવું જ છે. સિદ્ધાયતનની અંદર ૧૦૮ જિન-પ્રતિમાઓ છે. તેની પાછળ એક છત્રધારક અને બાજુમાં બે ચામરધારીની પ્રતિમાઓ છે. આગળ બે બે યક્ષ, ભૂતગણ આદિની પ્રતિમાઓ છે. ત્યાં ૧૦૮ ઘંટડીઓ, ચંદનકળશ, થાળ, ફૂલની છાબડીઓ, ધૂપની કડછીઓ વગેરે છે. સિદ્ધાયતનના*[1]] ઈશાન ખુણે અભિષેક સભા છે. તેના ઈશાન ખુણામાં અલંકાર સભા છે અને તેના ઈશાન ખુણામાં વ્યવસાય સભા છે. તેમાં પુસ્તકો(ગ્રંથ) રાખેલ છે.જેમાં દેવોના જીતાચાર, કર્તવ્યકલાપનું વર્ણન છે. તેમજ ધાર્મિક લેખ છે. વ્યવસાયસભાના ઈશાન ખુણામાં નંદા નામની પુષ્કરણી છે અને તેના ઈશાન ખુણામાં વિશાળ બલિપીઠ ચબુતરો છે.

*૧. **ટિપ્પણ**– આ ઈટાલી અક્ષરોમાં આપેલ લખાણ સૂત્રમાં પ્રક્ષિપ્તાંશ છે. તેની જાણકારી માટે આગળ શિક્ષા અને જ્ઞેયતત્ત્વનું ૧૧ મું ક્રમાંક વાંચો.*

## પ્રશ્ન–૮ : સૂર્યાભદેવની ઋદ્ધિ-સમૃદ્ધિ તેમજ સ્થિતિ શું છે ?

**ઉત્તર–** સૂર્યાભદેવના સિંહાસનની પૂર્વદિશામાં ચાર અગ્રમહિષીઓ, ઉત્તરપૂર્વ





અને ઉત્તર–પશ્ચિમમાં ચાર હજાર સામાનિક દેવ, દક્ષિણપૂર્વમાં આભ્યંતર પરિષદના આઠહજાર દેવ, દક્ષિણમાં મધ્યમ પરિષદના ૧૦ હજાર દેવ, દક્ષિણ-પશ્ચિમમાં સાત અનિકાધિપતિ દેવ તેનાથી થોડા અંતરે પાછળ ચારે દિશામાં ૧૬ હજાર આત્મરક્ષક દેવ, આ બધા પોતપોતાના નક્કી કરેલા ભદ્રાસન ઉપર બેસે છે. સૂર્યાભદેવની ચાર પલ્યોપમની સ્થિતિ હોય છે. આ રીતે સૂર્યાભદેવ મહાઋદ્ધિ, મહાદ્યુતિ, મહાબલ, મહાયશ, મહાસૌખ્ય, મહાપ્રભાવશાળી છે.

## પ્રશ્ન–૯ : સૂર્યાભદેવનો જન્મ મહોત્સવ અર્થાત્ જન્માભિષેક કઈ રીતે કરવામાં આવ્યો ?

**ઉત્તર–** સૂર્યાભદેવનો જન્મ, ઉપપાતસભામાં થાય છે. તે સામાનિક દેવોના સૂચન પ્રમાણે પૂર્વ દરવાજામાંથી નીકળી સરોવર તરફ જાય છે. ત્યાંથી સ્નાન વગેરેથી નિવૃત્ત થઈ અભિષેક સભામાં આવીને પૂર્વ દિશામાં મુખ રાખી સિંહાસન ઉપર બેસે છે. ત્યાં બધા દેવો મળીને તેનો જન્માભિષેક કે ઈન્દ્રાભિષેક કરે છે. કળશોથી સ્નાન કરાવે છે, અભિષેક કરે છે તેમજ અનેક પ્રકારે આનંદ–હર્ષ મનાવે છે. મંગલ શબ્દોના ઉચ્ચારણ કરે છે. ત્યાર પછી પૂર્વ દરવાજામાંથી નીકળી અલંકાર સભામાં આવી સિંહાસન ઉપર બેસે છે. શરીરને લૂછીને ગોશીર્ષ ચંદનનો લેપ કરે છે. વસ્ત્રયુગલ ધારણ કરે છે તેમજ પગથી માથા સુધી અનેક આભૂષણો ધારણ કરે છે અને કલ્પવૃક્ષની સમાન સુસજ્જ થાય છે.

પછી ત્યાંથી ઉઠી વ્યવસાય સભામાં આવી સિંહાસન ઉપર બેસે છે અને પુસ્તક રત્નનું અધ્યયન કરે છે. ત્યાંથી નીકળી નંદાપુષ્કરિણીમાં આવે છે. હાથપગ ધોઈ પાણીની ઝારી ભરી તેમજ કમળ ફૂલ લઈને ત્યાંથી નીકળે છે.(પછી સિદ્ધાયતનમાં આવે છે, વિનયભક્તિ તેમજ પૂજાવિધિ કરીને ૧૦૮ મંગલ શ્લોક બોલે છે, સ્તુતિ, ગુણકીર્તન કરે છે.)

બધા સ્થાનોની પૂજા અર્ચના કરી પછી વંદન નમસ્કાર કરી, મોરપીંછીથી તે સ્થાનોનું પ્રમાર્જન કરી, પાણીથી પ્રક્ષાલન કરી, ચંદનથી હાથના છાપા લગાવે છે, ધૂપ કરે છે, ફૂલ ચઢાવે છે. તે સ્થાનો આ પ્રકારે છે– સિદ્ધાયતનનો મધ્યભાગ, દક્ષિણદ્વાર, દ્વારશાખા, પશ્ચિમદ્વાર, દ્વાર શાખા, પુતળીયો વગેરે. આ રીતે મુખ્ય મંડપની ચારે દિશાઓમાં, પછી પ્રેક્ષાગૃહ, મંડપના બધા ઉપર કહ્યા તે સ્થાન, ચૈત્યસ્તૂપના બધા સ્થાન, ચૈત્યવૃક્ષના બધા સ્થાન. પછી આ રીતે ઉત્તરી દ્વારના

બધા સ્થાનો અને પૂર્વી દ્વારના બધા સ્થાનોની પૂજાવિધિ કરે છે. ત્યાં પણ જિન સત્કથા (સત્શાસ્ત્ર–ધર્મશાસ્ત્ર)દાઢાઓ, સિંહાસન, દેવશય્યા, મહેન્દ્રધ્વજ, આયુધશાળા, ઉપપાતસભા, અભિષેકસભા, અલંકારસભા, વ્યવસાયસભા, પુસ્તકરત્ન(દેવ આચાર), ચબૂતરા, સિંહાસન, નંદાપુષ્કરણી, સરોવર વગેરે સ્થાનોનું મોરપીંછથી પ્રમાર્જન કરી પાણીથી સિંચન કરી તેમજ ફૂલ, ધૂપ વગેરે ક્રિયાઓ કરે છે. છેવટે બલિપીઠ પાસે આવીને બલિનું વિસર્જન કરે છે. ત્યાર બાદ નોકરદેવો મારફત સૂર્યાભવિમાનના બધા માર્ગ, દ્વાર, વન-ઉપવનમાં આ રીતે પૂજા, અર્ચનવિધિ કરાવે છે, પછી નંદાપુષ્કરણીમાં પગને ધોઈ સુધર્મા સભામાં પૂર્વી દરવાજામાંથી દાખલ થાય છે અને પૂર્વ દિશામાં મુખ રાખી સિંહાસન ઉપર બેસે છે.

**પ્રશ્ન–૧૦ : જન્મ મહોત્સવ માટે સૂર્યાભદેવના નોકર દેવો તિરછા લોકમાંથી કઈ કઈ વસ્તુઓ લાવ્યા અને ક્યાં ક્યાંથી લાવ્યા ?**

**ઉત્તર–** પ્રશ્નોત્તર ૯ માં કહ્યા મુજબ જલાભિષેક અને દેવોની શક્તિથી જન્માભિષેક પૂર્ણ થઈ શકે છે. છતાં સૂત્રના મૂળપાઠમાં તિર્છાલોકના સ્થાનોનું મહત્ત્વ દર્શાવવા માટે દેવલોકને અયોગ્ય અને બિનજરૂરી પદાર્થોનું વર્ણન વિસ્તારથી ક્યારે અને કેવી રીતે આવી ગયું ? કે પછી આ વર્ણન મૌલિક રચનાકારનું છે ? એ વાત વિચારણીય છે. છતાં આ વર્ણનનું સંક્ષિપ્ત અવલોકન કરાવવું જરૂરી થઈ જાય છે, તે આ પ્રમાણે છે– સૂર્યાભદેવની સમાનિક પરિષદના દેવોએ આભિયોગિક દેવોને બોલાવીને કહ્યું કે– દેવાનુપ્રિયો ! તમે બધા તુર્ત જ જાઓ અને સૂર્યાભદેવના અભિષેક માટે બહુમૂલ્ય અને મહાન અર્થવાળા (વિશેષ ગુણવાળા) મહાપુરુષોને યોગ્ય એવી સામગ્રી અહિં લાવો અને અભિષેકની તૈયારી કરો.

ત્યાર બાદ સામાનિક દેવોની આ આજ્ઞા સાંભળી આભિયોગિક દેવોએ આનંદમાં આવી જઈ હર્ષપૂર્વક બંને હાથ જોડી, અંજલિ બનાવી, આવર્તનપૂર્વક મસ્તક નમાવી કહ્યું ખૂબ જ સારું દેવ, એમ જ કરશું. આમ કહીને વિનયપૂર્વક આજ્ઞાનો સ્વીકાર કરી ઉત્તર-પૂર્વ દિશા(ઈશાન ખુણા)તરફ ગયા અને એ ઈશાન ખુણામાં જઈ તેઓએ વૈક્રિય સમુદ્ઘાત કર્યો.

વૈક્રિય સમુદ્ઘાત કરીને સંખ્યાત યોજનનો દંડ બનાવ્યો. ફરી વૈક્રિય





સમુદ્ઘાત કરી ૧૦૦૮ સોનાના કળશો, ૧૦૦૮ રૂપાના કળશો, ૧૦૦૮ મણિના કળશો, ૧૦૦૮ સોના-ચાંદીના કળશો, ૧૦૦૮ સોનાના મણિમય કળશો, ૧૦૦૮ ચાંદી-મણિમય કળશો, ૧૦૦૮ સોના-રૂપા-મણિના કળશો, ૧૦૦૮ માટીના કળશો. આ રીતે ૧૦૦૮–૧૦૦૮ ભૃંગારો, કચોળા, દર્પણો, થાળ, પાત્રીઓ, સુપ્રતિષ્ઠાનો, રત્ન કરંડકો, પુષ્પની છાબડીઓ તેમજ મોરપીંછની છાબડીઓ તેમજ પુષ્પ પટલકો ***યાવત્*** મયૂરપિચ્છપટલકો, સિંહાસનો, છત્રો, ચામરો, તેલ સમુદ્ગકો ***યાવત્*** અંજન સમુદ્ગકો, ધજાઓ, ધૂપદાનીઓ વગેરેની વિકુર્વણા કરી, રચના કરી.

આવી રચના કર્યા પછી સ્વાભાવિક તેમજ વૈક્રિય લબ્ધિથી ઉત્પન્ન કળશો ***યાવત્*** ધૂપદાનીઓને પોતપોતાના હાથમાં લઈ સૂર્યાભ વિમાનની બહાર નીકળ્યા. ત્યાંથી નીકળી પોતાની ઉત્કૃષ્ટ, ચપળ, દિવ્યગતિથી તિર્યંક લોકમાં, અસંખ્યાત યોજન પ્રમાણ ક્ષેત્રને ઓળંગી જ્યાં ક્ષીરસમુદ્ર છે ત્યાં આવ્યા. ત્યાં આવીને કળશોમાં ક્ષીરસમુદ્રનું પાણી ભરે છે તથા ત્યાંથી ઉત્પલ પદ્મ, કુમુદ, નલિન, સુભગ, સૌગંધિક, પુંડરીક, મહાપોંડરીક, શતપત્ર, સહસ્ત્રપત્ર, કમળો લીધા(સો પાંખડી વાળા કે હજાર પાંખડીવાળા કમળ લીધા). કમળ વગેરેને લઈને જ્યાં પુષ્કરોદક સમુદ્ર છે ત્યાં આવ્યા. આવીને કળશોમાં પાણી ભર્યું અને ત્યાંથી પણ ઉત્પલ વગેરે કમળો લીધા.

ત્યાર પછી જ્યાં મનુષ્યક્ષેત્ર હતું અને તેમાં પણ જ્યાં ભરત-એરવત ક્ષેત્ર હતા ત્યાં માગધ, વરદામ અને પ્રભાસ તીર્થો હતા ત્યાં આવ્યા, આવીને આ બધા તીર્થોના પાણી કળશોમાં ભર્યા અને ત્યાંની માટી લીધી. આ રીતે તીર્થોદક તેમજ માટી લઈને જ્યાં ગંગા, સિંધુ, રક્તા-રક્તવતી મહાનદીઓ હતી ત્યાં આવ્યા. ત્યાંથી તે નદીઓના પાણી અને નદી કિનારાની માટી લીધી.

નદીઓના પાણી અને માટી લઈને ચુલહિમવંત અને શિખરી વર્ષધર પર્વત ઉપર આવ્યા. ત્યાં આવીને કળશોમાં પાણી ભર્યું તેમજ સર્વ ઋતુઓના શ્રેષ્ઠ ઉત્તમ પુષ્પો, બધા સુગંધિત દ્રવ્યો, બધા જ પુષ્પગુચ્છાઓ અને સર્વ પ્રકારની ઔષધિઓ તેમજ સિદ્ધાર્થકો(સરસવ)ને લીધા. ત્યાંથી પદ્મદ્રહ અને પુંડરીક દ્રહ ઉપર આવ્યા. અહીં આવીને પહેલાની જેમ જ કળશોમાં પાણી ભર્યું અને સુંદર શ્રેષ્ઠ કમળો, ઉત્પલો વગેરે લીધા.

ત્યાર બાદ ત્યાંથી હેમવત અને હેરણ્યવત ક્ષેત્ર હતા, જ્યાં આ બંને ક્ષેત્રોની રોહિતા, રોહિતાંસા તથા સ્વર્ણકૂલા અને રૂપ્યકૂલા મહાનદીઓ હતી ત્યાં આવ્યા, કળશોમાં તે નદીઓના પાણી ભર્યા, બંને નદીના કિનારાની માટી લીધી, પાણી અને માટીને લઈને જ્યાં શબ્દાપાતિ અને વિકટાપાતિ વૃત્ત વૈતાઢ્ય પર્વતો હતા ત્યાં આવ્યા અને ત્યાંથી સમસ્ત ઋતુઓના ઉત્તમોત્તમ ફૂલો લીધા.

ત્યાંથી મહાહિમવંત અને રૂક્મિ વર્ષધર પર્વત ઉપર આવ્યા. ત્યાંથી જલ અને પુષ્પ વગેરે લઈને મહાપદ્મ અને મહાપુંડરીક દ્રહ હતા ત્યાં આવ્યા. ત્યાં આવીને દ્રહનું જળ અને કમળ વગેરે લીધા.

ત્યાર પછી જ્યાં હરિવર્ષ અને રમ્યકવર્ષ ક્ષેત્ર હતા, હરિકાંતા અને નારિકાંતા મહાનદીઓ તેમજ ગંધાપાતી-માલ્યવંત વૃત્ત વૈતાઢ્ય પર્વતો હતા ત્યાં આવ્યા. અહીં બધા સ્થાનોએથી જળ, માટી, ઔષધિઓ અને પુષ્પ લીધા.

ત્યાર બાદ જ્યાં નિષધ, નીલ નામક વર્ષધર પર્વત હતા, જ્યાં તિગિંછ અને કેસરીદ્રહ હતા ત્યાં આવ્યા અને એ જ રીતે જળ, માટી વગેરે લીધું. ત્યાર પછી મહાવિદેહક્ષેત્રમાં જ્યાં સીતા, સીતોદા મહાનદીઓ હતી ત્યાં આવ્યા અને એ જ રીતે ત્યાંનુ જળ, માટી વગેરે લીધા. પછી જ્યાં ચક્રવર્તી વિજય હતા, જ્યાં માગધ, વરદામ, પ્રભાસતીર્થ હતા ત્યાં આવ્યા, ત્યાં આવીને તીર્થોનું જળ લીધું અને પછી બધી જ આંતર નદીઓનું જળ, માટી લઈને વક્ષસ્કાર પર્વત હતા ત્યાં આવ્યા અને ત્યાંથી સર્વ ઋતુઓના પુષ્પો વગેરે લીધા.

ત્યાર બાદ જ્યાં મંદરપર્વતનું ભદ્રસાલવન હતું ત્યાં આવ્યા, ત્યાંથી સર્વ ઋતુઓના પુષ્પો, સર્વ ઔષધિઓ અને સિદ્ધાર્થકો લીધા, લઈને ત્યાંથી નંદનવન આવ્યા. ત્યાંથી સર્વ ઋતુઓના પુષ્પો, ઔષધિઓ, સરસો અને સરસ ગોશીર્ષ ચંદન લીધું, લઈને જ્યાં સોમનસ વન હતું ત્યાં આવ્યા. ત્યાંથી સર્વ ઋતુઓના પુષ્પો, સર્વ ઔષધિઓ, સિદ્ધાર્થકો(સરસવ), સરસ ગોશીર્ષ ચંદન અને ઉત્તમોત્તમ દિવ્ય પુષ્પમાલાઓ વગેરે લીધા, લઈને પંડકવનમાં આવ્યા, આવીને સર્વ ઋતુઓના પુષ્પો, ઔષધિઓ, સિદ્ધાર્થકો, સરસ ગોશીર્ષ ચંદન, દિવ્ય પુષ્પમાળાઓ અને દર્દરમલય ચંદનની સુરભિ ગંધવાળા સુગંધિત ગંધદ્રવ્યો લીધા.

આ બધા સર્વ ઉત્તમોત્તમ પદાર્થોને લઈને બધા આભિયોગિક દેવો





એક સ્થાન ઉપર એકત્રિત થયા ત્યાંથી ઉત્કૃષ્ટ દિવ્યગતિથી જ્યાં સૌધર્મ કલ્પ હતું, જ્યાં સૂર્યાભવિમાન હતું, જ્યાં તેની અભિષેક સભા હતી ત્યાં આવ્યા, આવીને બંને હાથ જોડી, આવર્તન પૂર્વક મસ્તક ઉપર અંજલિ કરી, સૂર્યાભ દેવને **જય હો વિજય હો** શબ્દોથી વધાવ્યા, વધાઈ આપીને મહાન અર્થવાળી મહામૂલ્યવાન, મહાપુરુષોને યોગ્ય ઈન્દ્રાભિષેકની વિપુલ સામગ્રી રજુ કરી.

અભિષેકની સામગ્રી આવી ગયા બાદ ચાર હજાર સામાનિક દેવો, પરિવાર સહિત ચાર અગ્રમહિષીઓ, ત્રણ પરિષદાઓ, સાત અનિકાધિપતિઓ તેમજ અનેક દેવ-દેવીઓએ સ્વાભાવિક અને વૈક્રિય શક્તિથી બનાવેલા શ્રેષ્ઠ કમલપુષ્પો ઉપર સ્થાપિત કરેલા, સુગંધિત શ્રેષ્ઠ જળથી ભરેલા, ચંદનના લેપથી લીંપેલ પંચરંગી સૂતરના તાંતણાથી બંધાયેલ કંઠવાળા, પદ્મ(સૂર્યવિકાસી) કમળો તેમજ ઉત્પલ (ચંદ્રવિકાસી) કમળોના ઢાંકણથી ઢંકાયેલ, સુકુમાર કોમળ હાથોથી ધારણ કરેલ તેમજ દરેક પવિત્ર સ્થાનોના જળથી ભરાયેલ એક હજાર આઠ સોનાના કળશો ***યાવત્*** એકહજાર આઠ માટીના કળશો, સર્વ પ્રકારની માટી, સર્વ ઋતુઓના પુષ્પો, બધા જ કાષાયિક સુગંધિત દ્રવ્યો, ઔષધિઓ અને સિદ્ધાર્થકો એટલે સરસવ વગેરે તમામ પ્રકારની પવિત્ર અને ઉત્તમોત્તમ સામગ્રી વડે ઉત્તમ વાજિંત્રોની સુરાવલિ સાથે અતિ ગૌરવપ્રદ, ઉચ્ચકોટિનો સૂર્યાભદેવનો ઈન્દ્રાભિષેક કર્યો.

**વિચારણા–** જળ વગેરે તો દેવલોકની વાવડીઓમાં ચાલ્યું જાય પણ તિરછા લોકમાંથી લાવેલ માટી, પુષ્પો, ઔષધિ વગેરે કચરાનું શું થયું હશે ? દેવો તો પોતાની વૈક્રિય શક્તિ વડે ફૂલમાળાઓ વગેરે ઉત્પન્ન કરી શકે છે અને તે પુદ્ગલો વૈક્રિયના હોવાથી ત્યાં જ થોડા સમયમાં વિસર્જિત થઈ શકે છે. આમ છતાં મૂળપાઠમાં આટલું મોટું વર્ણન છે જે અવશ્ય ચર્ચાનો વિષય છે. હુંડા અવસર્પિણી તેમજ ૨૦૦૦ વર્ષના ભસ્મગ્રહના કારણે તે મધ્યકાળમાં શાસ્ત્રોની સાથે ક્યાંક ક્યાંક છેડ-છાડ જરૂરથી થઈ હોય તેવી પૂરી સંભાવના છે.

**પ્રશ્ન–૧૧ : સૂર્યાભદેવ ભગવાન મહાવીરના દર્શન કરવા આમલકપ્પા નગરીમાં કેવી રીતે આવેલ હતા ?**

**ઉત્તર–** ભગવાન મહાવીર વિચરણ કરતાં-કરતાં આમલકપ્પા નગરીમાં પધાર્યા. ત્યાં આમ્રશાલ નામના વનના ચૈત્યમાં, અધિષ્ઠાયક વ્યક્તિની આજ્ઞા લઈ શિષ્ય પરિવાર સાથે ઉતર્યા.

ત્યાંનો શ્વેત રાજા તેની ધારિણી રાણી સાથે અને વિશાળ જનમેદની સાથે ભગવાન મહાવીરના દર્શન કરવા અને ધર્મઉપદેશ સાંભળવા આવ્યા. ભગવાનની પાસે પહોંચીને સર્વપ્રથમ તેણે પાંચ અભિગમ ધારણ કર્યા અર્થાત્ શ્રાવકને યોગ્ય આવશ્યક નિયમોનું આચરણ કર્યું અને ભગવાનને વિધિપૂર્વક વંદન નમસ્કાર કરી બેસી ગયા. તેની સાથે આવેલ જનમેદની પણ ધર્મસભાના રૂપમાં પરિવર્તિત થઈ ગઈ. જુદા-જુદા સમૂહમાં આવેલ લોકો પણ પરિષદમાં એકઠા થઈ ગયા.

**સૂર્યાભદેવની ધાર્મિકતા–** પ્રથમ દેવલોકના સૂર્યાભ નામના વિમાનના માલિક સૂર્યાભદેવ પોતાના ચાર હજાર સામાનિક દેવો, પરિવાર સહિત ચાર અગ્રમહિષીઓ, ત્રણ પ્રકારની પરિષદ, ૧૬ હજાર આત્મરક્ષક દેવો વગેરે પોતાની વિશાળ ઋદ્ધિ સાથે દિવ્ય સુખોનો અનુભવ કરી રહ્યો હતો. આ સમયે તેણે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને જોયું કે ભગવાન મહાવીર આમલકપ્પા નગરીમાં બિરાજમાન છે. આ જોઈને પરમ આનંદિત તેમજ હર્ષિત થઈ, સિંહાસન ઉપરથી નીચે ઉતરી પગમાંથી પાદુકા કાઢી, મોઢા ઉપર ઉત્તરાસંગ(ખેસ) લગાવી, જમણો ઘૂંટણ જમીન ઉપર ટેકવી, ડાબો ઢીંચણ ઊભો રાખી, મસ્તક ત્રણ વખત જમીનને અડાડી પ્રથમ નમોત્થુણંના પાઠથી સિદ્ધ ભગવાનની સ્તુતિ કરી અને બીજા નમોત્થુણંના પાઠથી શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન કરી ગુણકીર્તન કર્યા. પછી સિંહાસન ઉપર બેસી ગયા. તેને મનુષ્ય લોકમાં આવી ભગવાનના દર્શન-સેવા કરવાની ભાવના થઈ. પોતાને આધીન આભિ-યોગિક દેવોને સમવસરણની આસપાસની એક યોજન પ્રમાણ ક્ષેત્રની શુદ્ધિ કરવાનો આદેશ આપ્યો.

**આભિયોગિક દેવોનો આચાર–** સૂર્યાભા દેવની આજ્ઞા અનુસાર આભિયોગિક દેવો આમલકપ્પા નગરીમાં આવી પ્રથમ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન નમસ્કાર કરી પોતાના નામ, ગોત્ર વગેરે બતાવીને પરિચય આપ્યો. ભગવાને સમુચિત શબ્દના ઉપયોગથી બધાના વંદન નમસ્કાર સ્વીકાર્યા અને કહ્યું કે– ''હે દેવાનુપ્રિય ! આ આપ લોકોના જીતાચાર-આચાર પરંપરા છે કે ચારે જાતિના દેવ પ્રસંગે પ્રસંગે અધિપતિ દેવોની આજ્ઞાથી આવે છે. અરિહંત ભગવાનને વંદન, નમસ્કાર કરી, પોતાના નામ ગોત્ર બતાવી પરિચય આપે છે.'' ત્યારે તે આભિયોગિક દેવો ભગવાનના આવા વચનામૃત સાંભળી ફરીથી





હાથ જોડી, મસ્તક નમાવી ત્યાંથી નીકળી ગયા. ત્યાંથી બહાર આવી ભગવાનની આસપાસના એક એક યોજનના વિસ્તારને સંવર્તક વાયુથી સાફ કર્યો, પાણીનો છંટકાવ કરી સુગંધિત દ્રવ્યોથી તે ક્ષેત્રને સુગંધિત કર્યો, ફરી ભગવાનને વંદન કરી દેવલોકમાં પહોંચી ગયા. સૂર્યાભદેવને નિવેદન કર્યું કે આપની આજ્ઞાનું પાલન થઈ ગયું છે.

**સૂર્યાભદેવનું આગમન–** સૂર્યાભદેવની આજ્ઞાથી સેનાપતિ દેવે સુસ્વરા નામનો ઘંટ ત્રણ વખત વગાડી બધા દેવોને સાવધાન કર્યા. પછી બધાને સંદેશ સંભળાવ્યો કે સૂર્યાભદેવ, ભગવાન મહાવીર સ્વામીના દર્શન કરવા જઈ રહ્યા છે. આપ પણ પોતપોતાના વિમાનોમાં અહીં પહોંચી જાઓ. સૂચના સાંભળીને દેવો સુસજ્જિત થઈ યથાસમયે સુધર્માસભામાં પહોંચી ગયા. સૂર્યાભદેવની આજ્ઞાથી એક લાખ યોજનના લાંબા-પહોળા ગોળાકાર વિમાનની વિકુર્વણા કરી. જેના મધ્યમાં સિંહાસન ઉપર સૂર્યાભદેવે આસન લીધું. પછી દરેક દેવ ક્રમાનુસાર પોતપોતાના ભદ્રાસન ઉપર બેસી ગયા. તીવ્ર ગતિથી વિમાન પહેલા દેવલોકના ઉત્તરી–નિર્યાણ માર્ગથી નીકળ્યું, હજારો યોજનની ગતિથી થોડા જ સમયમાં નંદીશ્વરદ્વીપના રતિકર પર્વત ઉપર પહોંચી ગયા. અહીં આવીને આ વિમાનને સંકુચિત(નાનું) કરી દેવામાં આવ્યું અર્થાત્ આમલકપ્પા નગરીની બહાર રાખી શકાય એવું નાનું બનાવી દેવામાં આવ્યું, પછી આમલકપ્પા નગરીમાં આવી વિમાનને ભગવાનની ત્રણવાર પ્રદક્ષિણા લેવરાવી જમીનથી ચાર આંગળ ઊંચું રાખી દેવામાં આવ્યું. સૂર્યાભદેવ પોતાના સમસ્ત દેવપરિવાર સાથે ભગવાનની સેવામાં પહોંચ્યો અને વંદન નમસ્કાર કરી પોતાનો પરિચય આપ્યો. ત્યારે ભગવાને યથોચિત શબ્દોમાં તેની વંદનાનો સ્વીકાર કર્યો અને કહ્યું કે આ તારો ધર્મ છે, કર્તવ્ય છે, જીતાચાર છે, કરણીય છે વગેરે. સૂર્યાભદેવ ભગવાનના વચન સાંભળી અત્યંત હર્ષિત થઈ ત્યાં બેસી ગયા. ત્યારે મનુષ્ય તેમજ દેવોની એ વિશાળ પરિષદને ભગવાને ધર્મોપદેશ આપ્યો. ધર્મોપદેશ અને પરિષદનું વિસર્જિત થવું તે ઔપપાતિક સૂત્ર અનુસાર સમજવું.

**પ્રશ્ન–૧૨ : સૂર્યાભદેવે તેની ઋદ્ધિ અને ભક્તિનું પ્રદર્શન ભગવાનના સમવસરણમાં કેવા પ્રકારે કર્યું ?**

**ઉત્તર–** ધર્મોપદેશની સમાપ્તિ અને પરિષદના વિસર્જન થયા બાદ પણ સૂર્યાભદેવ

ત્યાં રોકાઈ ગયા અને ભગવાનને પ્રશ્ન કર્યો કે હે ભગવન્ ! હું ભવી છું કે અભવી ? સમ્યકદષ્ટિ છું કે મિથ્યાદષ્ટિ, પરિત સંસારી છું કે અપરિત સંસારી, ચરમશરીરી છું કે અચરમશરીરી ? જવાબમાં ભગવાને કહ્યું કે તું ભવી, સમ્યકદષ્ટિ છો અને એક ભવ કરીને મોક્ષે જનાર છો.

સૂર્યાભદેવ અત્યંત આનંદિત થયો અને ભગવાનને કહ્યું કે હે ભગવન્! આપ તો સર્વજ્ઞ, સર્વદર્શી છો, બધું જ જાણો છો, જુઓ છો. મારી દિવ્ય ઋદ્ધિ જુઓ છો પરંતુ ભક્તિવશ થઈને આપના ગૌતમ આદિ ગણધરો અને અણગારોને મારી ઋદ્ધિ અને બત્રીસ પ્રકારના નાટક દેખાડવાની ઈચ્છા છે. આ રીતે ત્રણ વાર નિવેદન કરવા છતાં ભગવાને કોઈ જવાબ આપ્યો નહીં, મૌન રહ્યા. પછી સૂર્યાભદેવે ત્રણ વાર વંદન નમસ્કાર કરી મૌનને સંમતિ માની ભગવાનની સામે પોતાની ઈચ્છા અનુસાર વૈક્રિયશક્તિથી સુંદર નાટય મંડપની રચના કરી અને સ્વતઃ ભગવાનની આજ્ઞા લઈ પ્રણામ કરી ભગવાન સામે મુખ રાખી પોતાના સિંહાસન ઉપર બેસી ગયા.

**નાટયવિધિ–** પછી નાટયવિધિની શરૂઆત કરતાં પોતાની એક ભુજામાંથી ૧૦૮ દેવકુમાર અને બીજી ભુજામાંથી ૧૦૮ દેવકુમારીઓ કાઢી, જે વસ્ત્રા-ભૂષણોથી સુસજ્જિત હતી. ૪૯ પ્રકારના ૧૦૮ વાજીંત્ર વાદકોની વિકુર્વણા કરી પછી એ દેવકુમારોને આદેશ આપ્યો કે તમે ભગવાનને વંદન નમસ્કાર કરી ગૌતમાદિ અણગારોને ૩૨ પ્રકારના નાટક બતાવો. દેવકુમારોએ આદેશ અનુસાર નૃત્ય, ગાન સહિત નાટકવિધિની ક્રમશઃ શરૂઆત કરી.

આ નાટક વિધિના વિષયો મુખ્યત્વે આ પ્રકારે હતા– (૧) આઠ પ્રકારના મંગલ દ્રવ્યો સંબંધી. (૨) પત્ર, પુષ્પ, લત્તા સંબંધી. (૩) વિવિધ ચિત્રો સંબંધી. (૪) પંક્તિઓ, આવલિકાઓ સંબંધી. (૫) ચંદ્રોદય સૂર્યોદયની રચના સંબંધી. (૬) તેના આગમન(ઉદય)સંબંધી. (૭) તેના અસ્ત થવા સંબંધી. (૮) તેમના મંડલ અને વિમાન સંબંધી. (૯) હાથી, ઘોડા વગેરેની ગતિ સંબંધી. (૧૦) સમુદ્ર અને નગર સંબંધી. (૧૧) પુષ્કરણી સંબંધી. (૧૨) કકાર, ખકાર ગકાર આદિ અક્ષર સંબંધી. (૧૩) ઉછળવા, કૂદવા, હર્ષ, ભય, સંભ્રાત, સંકોચ કે વિસ્તારમય હોવા સંબંધી. છેવટે ભગવાન મહાવીર સ્વામીના ભવથી પૂર્વના દેવ ભવ, ત્યાંથી ચ્યવન, સંહરણ, જન્મ, બાલ્યકાળ યૌવનકાળ, ભોગમય જીવન, વૈરાગ્ય, દીક્ષા,





તપ, સંયમ પૂર્વકનું છદ્મસ્થ જીવન, કેવળજ્ઞાનની પ્રાપ્તિ, તીર્થ પ્રવર્તન અને નિર્વાણ પ્રાપ્તિ સંબંધી સમસ્ત વર્ણન યુક્ત નાટ્યવિધિનું પ્રદર્શન કર્યું. ભૂત, ભવિષ્યના અવધિજ્ઞાની દેવે ભાવાવેશમાં ભગવાનના જીવનનું વર્ણન કરતાં મોક્ષ ગયા ત્યાં સુધીનું નાટક કરી દીધું.

નાટયવિધિના ઉપસંહાર કરતાં ચાર પ્રકારના વાજીંત્રો વગાડયા, ચાર પ્રકારના ગીત ગાયા, ચાર પ્રકારના નૃત્ય બતાવ્યા અને ચાર પ્રકારના અભિનય– નાટક દેખાડયા. ત્યાર બાદ શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કરી સૂર્યાભદેવની પાસે આવ્યા. સૂર્યાભદેવે પોતાની સઘળી વિકુર્વણા સંકેલી લીધી. ભગવાનને વંદન નમસ્કાર કરી વિમાનમાં આરૂઢ થઈ દેવલોકમાં ચાલ્યા ગયા.

**પ્રશ્ન–૧૩ : આ શાસ્ત્રના સમસ્ત વર્ણનથી બોધપાઠ, પ્રેરણા અને જાણવા જેવા કયા કયા તત્ત્વો પ્રાપ્ત થાય છે ?**

**ઉત્તર– (૧)** ચિત્તસારથી અને કેશીશ્રમણના અનુપમ આદર્શથી એક દુરાચારી અને પાપી મનુષ્ય કે જેના હાથ ખૂનથી રંગાયેલાં રહેતા એવી ઉપમા આ શાસ્ત્રમાં આપવામાં આવી છે, તેને એક વખતના જ સત્સંગમાં અને સંવાદરૂપ વિશદ ચર્ચામાં મહાન દ્રઢધર્મી અને પ્રિયધર્મી બનાવી દેવામાં આવ્યો.

**(૨)** કેશીસ્વામીનો ઉપદેશ મહારાણી સૂર્યકાંતાએ પણ સાંભળ્યો હતો અને એ તો રાજા જેટલી પાપી પણ નહોતી, રાજાને પણ પ્રિય અને ઈષ્ટ હતી. આ કારણથી પુત્રનું નામ રાણીના નામ ઉપરથી સૂર્યકાંતકુમાર રાખેલ હતું. છતાં પણ રાજાના કોઈ ભવના ઘોર નિકાચિત કર્મના ઉદયથી રાણીને પરદેશી રાજાને મારવાની કુબુદ્ધિ થઈ. જીવ અજ્ઞાનદશામાં ઉતાવળથી કોઈ એવું કામ કરી નાખે છે કે તેનાથી તેને કંઈ લાભ થતો નથી છતાં પોતાના મનમાં ઉભા થયેલા સંકલ્પોને પૂરા કરવામાં લાગી પડે છે. આ પણ જીવની અજ્ઞાનદશાનું એક જાતનું પાગલપણું છે. આવા કામ કરનારા અહીં અપયશ પામે છે, નુકશાન પામે છે અને આવતો ભવ ભગાડીને દુઃખની પરંપરા ઉભી કરે છે.

**(૩)** ધર્મની સાચી સમજણ પ્રાપ્ત થયા પછી રાજા હોય કે પ્રધાન, શ્રાવકના ૧૨ વ્રત ધારણ કરવામાં કોઈ વાત આડે આવતી નથી. તેથી ધર્મપ્રેમી જે કોઈ આત્મા હોય, જે સંયમ સ્વીકાર કરી શકતા નથી, તેમણે શ્રાવક વ્રત ધારણ કરવામાં જરાપણ આળસ, પ્રમાદ કે લાપરવાહી કરવી જોઈએ નહીં. આપણી

સામે ચિત્તસારથી અને પરદેશી રાજાનો મહાન આદર્શ આ અધ્યયનમાં છે. ચિત્તસારથી તો બીજા રાજ્યમાં રાજકાર્ય માટે ગયા હતા. ત્યાં જ ૧૨ વ્રત ધારણ કરી લીધા અને પરદેશીરાજા અશ્વ પરીક્ષા કરવા નીકળ્યા હતા તેમાં જ મુનિનો સત્સંગ થયો અને તે જ દિવસે ૧૨ વ્રતધારી શ્રાવક બની ગયા. આજના આપણા સમયના માણસો જે ધર્મિષ્ઠ છે, જે ૧૨ વ્રતધારી નથી બનતા, તેમણે આ સૂત્રથી પ્રેરણા મેળવીને અવશ્ય ૧૨ વ્રત અંગીકાર કરી લેવા જોઈએ. બાર વ્રત ધારણ કરવામાં અડચણો ઉભી કરતી માનસિક જિજ્ઞાસાઓના સમાધાન માટે જૈનાગમ નવનીત સારાંશ ભાગ–૨, ઉપદેશશાસ્ત્રનું વાંચન કરવું જોઈએ.

(૪) આધ્યાત્મ ધર્મની સાથે સાથે ગૃહસ્થ જીવનમાં અનુકંપાદાન અને માનવ સેવાનું સ્થાન પણ છે. આ વાત, આ સૂત્રના છેવટના શિક્ષાવચન પ્રકરણમાં જોવા મળે છે. પરદેશી શ્રમણોપાસકે તેના ધર્મગુઢ, ધર્માચાર્ય શ્રી કેશીશ્રમણ પાસેથી સદા ધર્મમાં ઉન્નત રહેવાની જે પ્રેરણા મેળવેલ તેના ફલ સ્વરૂપ જે સંકલ્પ પ્રગટ કરેલ હતો તેનું પાલન કરી, કથની અને કરણીમાં એક સાકાર રૂપ આપેલ હતું. તે હતી આધ્યાત્મ જીવનની સાથે શ્રમણોપાસકની અનુકંપા, માનવસેવા કે જનસેવાની ભાવના.

અનેકાંતવાદમય આ નિર્ગ્રંથ પ્રવચન એક આંખથી ચાલતુ નથી પરંતુ એ બંને ચક્ષુ પ્રવર્તક છે. કોઈ માણસો માનવ સેવાનેજ ધર્મ ગણે છે. વ્રત-નિયમ, બાર વ્રત, પૌષધ વગેરેની ઉપેક્ષા કરે છે. તે પણ એક આંખે ચાલવાની કક્ષામાં આવીને નિર્ગ્રંથ ધર્મથી દૂર થઈ જાય છે. તેમજ કેટલાયે શ્રાવક અધ્યાત્મ ધર્મમાં અગ્રેસર થઈને સુખીસંપન્ન હોવા છતાં સાંકડા દિલના અને ટૂંકા વર્તુળમાં જ રહી જાય છે. શ્રમણ કે શ્રમણભૂત ન હોવા છતાં તેમજ ગૃહસ્થ ધર્મ કે સંસારમાં રહેવા છતાં દયા, દાન, માનવસેવા, જનસેવા, ઉદારતાના ભાવોથી ઉપેક્ષિત રહે છે. તેમની ગૃહસ્થ જીવનની સાધના એક ચક્ષુભૂત રહી જાય છે. આનું કારણ એ છે કે છતી સંપત્તિએ ધર્મની પ્રભાવના કરવામાં કે બીજાને સહાયભૂત થવામાં તેઓ કોઈને મદદરૂપ બની શકતા નથી.

આ રીતે આ સૂત્રના અંતિમ પ્રકરણથી શ્રાવકોએ ઉભયચક્ષુ બનવાની પ્રેરણા લેવી જોઈએ અર્થાત્ આધ્યાત્મ ધર્મની આરાધના સાથે, શક્તિ હોવા છતાં અનુકંપાદાન આદિની ઉપેક્ષા કરવી જોઈએ નહીં પરંતુ પોતાની શક્તિ





અનુસાર દાન ધર્મમાં પ્રવૃત્ત રહેવું જોઈએ. જેવી રીતે પરદેશી રાજાએ રાજ્યની આવકનો ચોથો ભાગ દાન, દયા, ધર્મમાં વાપરવાની સુંદર યોજના ઘડી હતી.

(૫) શ્રમણ-શ્રમણીઓએ કેશી શ્રમણની આ ચર્ચા વ્યવહાર અને કુશળતામાંથી અનુપમ પ્રેરણા લેવી જોઈએ કે કેવી રીતે દુરાગ્રહ યુક્ત પ્રશ્નકર્તાઓને પણ સંતુષ્ટ કરી શકાય છે. હૃદયની તેમજ ભાવોની પવિત્રતા રાખવી, એ જ તેમાં અમોઘ શક્તિરૂપ બને છે. આવા પ્રકરણોના વારંવાર સ્વાધ્યાય-મનન કરવાથી બુદ્ધિ કૌશલ અને તર્કશક્તિનો વિકાસ પણ થાય છે.

(૬) કેવળજ્ઞાની ભગવંતો પણ અંતિમ સમયે કેટલાયે દિવસના પચ્ચક્ખાણ સહિત સંથારો કરે છે. આ પણ પરદેશી રાજાના ભાવી ભવ દઢપ્રતિજ્ઞના વર્ણનથી સ્પષ્ટ થાય છે.

(૭) કથાગ્રંથો તેમજ વ્યાખ્યાગ્રંથોમાં પરદેશી શ્રમણોપાસકના છટ્ઠને પારણે છટ્ઠ એમ ૪૦ દિવસની આરાધનાનો ઉલ્લેખ મળે છે જે પરદેશી રાજાના છટ્ઠથી ઓળખાય છે, પણ આવી સ્પષ્ટતા સૂત્રમાં મળતી નથી.

(૮) પાપકર્મનો ઉદય આવે ત્યારે જેને પોતાની ગણતા હોઈએ તે વ્યક્તિ જ વેરી-દુશ્મન બની જાય છે. તેથી સંસારમાં કોઈની સાથે મોહના બંધનથી બંધાવું જોઈએ નહીં. કોઈપણ અપરાધ વગર પ્રાણ લેનાર તરફ પણ દ્વેષભાવ લાવવો એ પોતાને જ કર્મબંધનું કારણ બને છે અને સમભાવ રાખવાથી પોતાને કંઈ જ નુકશાન થતું નથી. આવા પ્રેરણા વાક્યોથી જ પરદેશી રાજાએ પોતાના આત્મ-ધર્મનું આરાધન કરી દેવભવ પ્રાપ્ત કર્યો અને સાથે સદાને માટે ભવ ભ્રમણના ફેરા ટાળવાનું સર્ટિફિકેટ પણ મેળવી લીધું. એક કવિના શબ્દોમાં–

*ઝેર દીધું મહારાણીએ, રાજાપરદેશી પી ગયા,*
*પાપનું વમન કરી, રોષને નિવાર્યો છે.*
*વિપદાઓના માધ્યમથી, કર્મોના કિનારા છે,*
*ડરવું શું કષ્ટોથી, મહાપુરુષોના નારા છે.*

(૯) આત્મા જેવા અરૂપી તત્ત્વોને શ્રદ્ધાથી સમજવા જોઈએ અને સ્વીકાર કરવો જોઈએ. આ જ રીતે તર્કથી અગોચર એવા કેટલાયે તત્ત્વોને શ્રદ્ધાથી સ્વીકારવાની જ આવશ્યકતા રહે છે.સાથે સાથે પરંપરાથી મળેલ કોઈ સિદ્ધાંત કે રૂઢિઓને તેના વિષયમાં વાસ્તવિક જ્ઞાન–સમજણ મળી ગયા પછી, માત્ર

પૂર્વજો કહી ગયા છે એમ ગણીને પોતાની હલકી મનોવૃત્તિને પોષવી જોઈએ નહીં. પછી તે કોઈપણ પરંપરા હોય, સિદ્ધાંતરૂપ બની ગઈ હોય, આચારનો વિષય હોય કે પછી કોઈપણ પ્રકારના ઈતિહાસનો વિષય હોય, તોપણ જો તે અસત્ય, કલ્પિત કે આગમ વિરુદ્ધ હોય, અસંગત હોય, કોઈ ભ્રમથી ચાલી આવતી વાતો, આચારો કે પરંપરાઓ હોય, તો તેને પૂર્વજોની દુહાઈ આપીને જડતાથી પકડી રાખવાને બદલે તેના વિષે સત્ય જાણ્યા પછી પરિવર્તન કરવામાં અચકાવું જોઈએ નહીં. આ પ્રેરણા કેશીસ્વામીએ પરદેશી રાજાને લોહવણિકના દૃષ્ટાંતથી સમજાવી અને પરદેશી રાજાએ સ્વીકાર કર્યો કે હવે હું એવું કરીશ કે જેથી મારે લોહવણિકની જેમ પસ્તાવું પડે નહીં.

**(૧૦)** પરદેશી રાજા અને ચિત્તસારથીના ધાર્મિક શ્રમણોપાસક જીવનના વર્ણનમાં મુનિદર્શન, સેવાભક્તિ, વ્યાખ્યાન શ્રવણ, પાંચ અભિગમ, વંદનવિધિ (તિક્ખુત્તોના પાઠથી), ક્ષેત્ર સ્પર્શના કરવાની (પધારવાની) આગ્રહ પૂર્વકની વિનંતી, સાધુભાષામાં સ્વીકૃતિ, શ્રાવકના ૧૨ વ્રત ધારણ કરવા, પૌષધ કરવો, શ્રમણનિર્ગ્રંથો સાથેનો વ્યવહાર, દૂર રહેલા ક્ષેત્રોમાં શ્રમણોને વંદનવિધિ, બગીચામાં પધારવા પર ચિત્ત સારથીની વંદન વિધિ, પરદેશી રાજાએ સંથારો ગ્રહણ કર્યો તે સમયે પણ સિદ્ધો અને ગુરુને વંદન, સ્વયં પોતે જ સંથારો લીધો આદિ ધાર્મિક કાર્યોનું વર્ણન કરવામાં આવેલ છે. આ શ્રાવકજીવનના શ્રેષ્ઠ આચારોનું સંકલન છે. સાથે જ રાજ્યની ચોથા ભાગની આવકને દાનમાં ઉપયોગ કરવાની ભાવના અને આ તેનો અમલ એ ધર્મજીવનના અંગરૂપ આચાર-વિધિમાં ગણેલ છે.

**(૧૧)** વિશેષમાં ધ્યાન દેવા જેવી વાત એ છે કે અહીં શ્રાવકના જીવનના ત્યાગ-તપોમય વર્ણનમાં ક્યાંય પણ મંદિર, મૂર્તિ બનાવવી, પૂજાવિધિ કરવી અથવા અનેક પ્રકારના મંગલ મનાવવા સંબંધી જરા પણ વર્ણન કરવામાં આવેલ નથી. આવા વિષયને શ્રાવક જીવન સાથે ન જોડતા સૂત્રના પૂર્વ વિભાગમાં દેવભવ સાથે જોડવામાં આવેલ છે. મનુષ્ય લોકમાં, રાજધાની કે નગરીના વર્ણનમાં, શ્રાવકોના પરિગ્રહ, ઉપકરણ તેમજ આધિપત્યની સામગ્રીમાં કે તેની જીવન-ચર્યામાં મંદિર વગેરેના વિસ્તૃત વિષયોને ન જોડતા દેવલોકના વિમાનો સાથે જોડવામાં આવેલ છે. આથી સ્પષ્ટ થાય છે કે મૂર્તિપૂજા, શ્રાવકાચાર કે શ્રમણાચારમાં આવતી નથી.





દેવલોકના બધા સ્થળો શાશ્વતા છે. તેને કોઈએ ક્યારેય બતાવેલ નથી. તેથી ત્યાં કોઈની વ્યક્તિગત મૂર્તિ હોવી સંભવ નથી. કારણ કે અનાદિની વસ્તુમાં વર્તમાન વ્યક્તિના નામની કલ્પના કરવી અસંગત છે. કારણ કે વ્યક્તિ કોઈ અનાદિથી હોતી નથી. તેથી આવા અનાદિ સ્થાનોમાં દેવ, પોતાના જન્મ સમયે લોકવ્યવહાર, આચારના પાલન માટે પૂજા વગેરે કાર્યો કરતા હોય છે. કેમકે એક જ સૂત્રના બે પ્રકરણોમાં શ્રાવકાચાર યુક્ત વર્ણનમાં ક્યાંય પણ મંદિર મૂર્તિ કે મૂર્તિપૂજાને સ્થાન આપવામાં આવેલ નથી. સૂર્યાભદેવે પોતાનો જીતાચાર જાળવવા માટે દેવલોકના બધા નાના મોટા સ્થાનોમાં, યક્ષ, ભૂત વગેરે પોતાનાથી નિમ્નસ્તરના દેવોના બિમ્બની પાણી આદિથી પૂજા કરી છે, છાપા લગાવ્યા છે. સૂર્યાભદેવ દ્વારા મૂર્તિઓ ઉપરાંત જુદા જુદા સ્થાનોની કરેલ કે કરાવેલ પૂજાનું વર્ણન અને સ્થાનોના નામ પ્રશ્ન–૮માં સંકલિત કરેલ છે. આવી પૂજા, અર્ચના કરવાથી એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે દેવ પોતાના જન્મ સમયે જીતાચાર જાળવવા માટે આવી ક્રિયાઓ કરતા હોય છે. દેવો મનુષ્યલોકમાં ધર્મદષ્ટિથી તીર્થંકરોના કે શ્રમણોના દર્શન કરવા માટે આવે છે પરંતુ કોઈ તીર્થસ્થાન કે મંદિરની પૂજા કે સેવાભક્તિ કરવા આવતા નથી અને અહીં દર્શન કરવા આવે ત્યારે દેવલોકમાં રહેલ મંદિરમાં દર્શન કરીને ત્યાંથી નીકળે એવું પણ બનતું નથી. માત્ર જન્મ સમયે જ આવી મંગલ ક્રિયાઓ કરવી એ તેમનો જીતાચાર છે અને તેથી આ સૂત્રમાં વર્ણવેલ દરેક કાર્ય તેઓ કરે છે તેમ બતાવ્યું છે. દેવોના આવા જીતાચાર કે જે જન્મ સમયે કરે છે તેને શ્રાવકાચાર કે સાધ્વાચાર સાથે જોડવું જરાય ઉચિત ગણાય નહીં.

**(૧૨)** યુગપ્રધાન, ચાર જ્ઞાનના ધણી કેશીશ્રમણે તીર્થંકર ભગવાન પાર્શ્વનાથની પરંપરાના હોવા છતાં પરદેશી રાજાને કોઈ તીર્થસ્થળ કે કરોડોના ખર્ચે મંદિર નિર્માણ કરવા માટે કોઈ સૂચન કર્યું નથી. કોઈપણ તીર્થસ્થાને જવાનું પણ કહ્યું નથી કે પરદેશીએ પણ પોતે એવો કોઈ સંકલ્પ કર્યો નથી. આથી સ્પષ્ટ થાય છે કે એ કાળમાં સ્થાવરતીર્થ, મંદિર કે મૂર્તિપૂજાનું ચલણ કે તે માટે કોઈ પ્રેરણા જૈન સાધુ કે શ્રાવકોમાં પ્રચલિત નહોતી. આ જ આગમના કથાનકોના રાજાઓ અને શ્રાવકોની સાથે અર્વાચીન (અત્યારના) ગ્રંથોમાં મૂર્તિ, મંદિરના થોકડાબંધ વર્ણનો જોડી દેવામાં આવ્યા છે. જે સૂત્ર ઉપરાંતની પ્રરૂપણાના દોષથી દૂષિત છે અને મનની કલ્પનાના ઘોડા છે.

**(૧૩)** સૂર્યાભવિમાનના સુધર્માસભાના વર્ણનમાં સિદ્ધાયતનનું વર્ણન આવે છે તેમાં ૧૦૮ જિનપ્રતિમાઓનું વર્ણન છે. આ પ્રતિમાઓની સૂર્યાભદેવે તેના જન્મ સમયે જીતાચાર પ્રમાણે વિધિવત પૂજા ભક્તિ કરી છે પરંતુ સુધર્મા સભાની બહાર સ્તૂપનું જે વર્ણન છે તેની સાથે જિનપ્રતિમાઓનું જે કથન મૂળ પાઠમાં મળે છે તે અસ્થાને છે. અંદરના વિભાગમાં જે ૧૦૮ પ્રતિમાઓની સન્માનપૂર્વક પૂજા-ભક્તિ થાય છે તે અહીં સંભવ નથી. અહીં જે પાઠ છે તેમાં કલ્પના અને પ્રક્ષેપ દોષના લક્ષણો સ્પષ્ટ જોઈ શકાય છે. કેમ કે શાશ્વત દેવલોકના સ્થાનોમાં નામ વગરની ૧૦૮ પ્રતિમાઓ અંદરના ભાગમાં બિરાજમાન છે. ત્યાં દરવાજાની બહારના વિભાગમાં સ્તૂપની તરફ ચારે પ્રતિમાઓનું મુખ હોવાનું કહેવામાં આવ્યું છે અને વર્તમાન ચોવીસીના ઋષભ અને વર્ધમાન નામ રાખવામાં આવ્યું છે. તેમજ એરવતક્ષેત્રના પ્રથમ અને અંતિમ તીર્થંકરનું નામ પણ જોડવામાં આવ્યું છે.

શાશ્વત પ્રતિમાઓમાં વર્તમાન અવસર્પિણીના ચોથા આરાના ચાર તીર્થંકરોના નામ જોડવા એ આ પાઠની કાલ્પનિકતા તેમજ પ્રક્ષેપણ (ઉમેરવા પણા) ને પ્રગટ કરે છે. આ ચારે પ્રતિમાઓનું માપ પણ જે શબ્દોમાં કહેવામાં આવ્યું છે તે પણ વર્ધમાન અને ઋષભ નામના વર્તમાન ચોવીસીના તીર્થંકરોથી અઘટિત થાય છે કેમ કે શાશ્વત સ્થાનોની પ્રતિમાઓની અવગાહના અલગ અલગ હોઈ શકે નહીં અને એક સરખી હોય તો વર્ધમાન અને ઋષભદેવની અવગાહનાનો સુમેળ કઈ રીતે બેસી શકે ? કારણ કે ઋષભદેવની અવગાહના ૫૦૦ ધનુષ્યની અને વર્ધમાનસ્વામીની સાત હાથની અવગાહના હતી. આથી સ્પષ્ટ થાય છે કે સ્તૂપ પાસેની ચાર પ્રતિમાઓનું વર્ણન અસ્થાનીય કાલ્પનિક અને પ્રક્ષેપિત છે.

**(૧૪)** તીર્થંકર ભગવંતોને કે પછી શ્રમણોને પરોક્ષ વંદન નમોત્થુણંના પાઠથી કરવામાં આવે છે. પછી તે શ્રાવક કરે કે દેવ કરે, પછી તે દેવસભામાં કરે, રાજસભામાં કરે, પૌષધશાળામાં કરે કે ઘેર બેઠા કરે તેમજ આ સર્વેયને પ્રત્યક્ષ વંદન તિક્ખુત્તોના પાઠની વિધિથી કરવામાં આવે છે, પછી તે શ્રાવક કરે કે દેવ કરે. સિદ્ધોને હંમેશાં નમોત્થુણંના પાઠથી વંદન કરવામાં આવે છે. આ નિર્ણય પ્રસ્તુત સૂત્રના પ્રસંગો તેમજ અન્ય સૂત્રોના પાઠોથી મળે છે. મોક્ષ પ્રાપ્ત કરેલા તીર્થંકરોને સિદ્ધપદમાં વંદન કરવામાં આવે છે. આ વિષયમાં જે





કંઈ રૂઢિગત પરંપરાઓ હોય તેનો સૂત્રાધાર લઈને, ચિંતન કરી, જરૂરથી સુધારા કરી લેવા જોઈએ.

**ઈચ્છામિ ખમાસમણોના** પાઠથી ઉત્કૃષ્ટ વંદન માત્ર પ્રતિક્રમણના સમયે જ કરવામાં આવે છે. બીજા કોઈ સમયે કે બીજી કોઈ જગ્યાએ ઉત્કૃષ્ટ વિધિથી વંદન કરવામાં આવતા નથી પરંતુ **તિક્ખુત્તોના** પાઠથી કે નમોત્થુણં ના પાઠથી વંદન કરવામાં આવે છે. તેથી બધી જગ્યાએ હમેશા તિક્ખુત્તોના પાઠથી વંદન કરવું કે હંમેશાં બધી જગ્યાએ ઈચ્છામિ ખમાસમણોના અધૂરા કે પૂરા પાઠથી વંદન કરવું એ એકાંતિક આગ્રહવાળી રૂઢ પરંપરા છે.

શ્રમણોને જે નમોત્થુણં આપવામાં આવે છે તેમાં તીર્થંકરોના સંપૂર્ણ ગુણોનું ઉચ્ચારણ ન કરતાં સંક્ષિપ્તમાં બોલવામાં આવે છે. જેમ કે– **નમોત્થુણં કેસિસ્સ કુમાર સમણસ્સ, મમ ધમ્માયરિયસ્સ, ધમ્મોવદેસગસ્સ** તેમજ જો વિશિષ્ટ જ્ઞાની ગુરુ હોય તો **વંદામિ ણં ભંતે તત્થગએ ઈહગયં, પાસઉ મે ભગવં તત્થગએ ઈહગયં તિ કટ્ટુ વંદઈ, ણમંસઈ.** આટલું વધારે બોલવામાં આવે છે.

ઉપકારી શ્રમણોપાસકોને પણ પરોક્ષ ણમોત્થુણંથી વંદન કરી શકાય છે. જેમ કે ઔપપાતિક સૂત્રમાં– **નમોત્થુણં અંબડસ્સ પરિવ્વાયગસ્સ (સમણોવાસગસ્સ) અમ્હ ધમ્માયરિયસ્સ, ધમ્મોવએસગસ્સ.**

ઔપપાતિક સૂત્રમાં પણ ત્રણ વખત નમોત્થુણં દેવાના પ્રસંગોનું કથન છે. પ્રસ્તુત સૂત્રમાં અને જ્ઞાતાસૂત્રમાં બે વખત નમોત્થુણં દેવાના પ્રસંગોનું કથન છે. બે વાર દેવામાં સૂર્યાભદેવે સિદ્ધ અને અરિહંત ભગવાન મહાવીર સ્વામીને, ચિત્ત તેમજ પરદેશી રાજાએ તથા ધર્મરૂચિ અણગારે સિદ્ધ તેમજ પોતાના ગુરુને પરોક્ષ વંદન કરેલ છે. ત્રણ વખત દેનારા અંબડના શિષ્યોએ સિદ્ધોને, ભગવાન મહાવીરને અને ગુરુ અંબડ પરિવ્રાજક શ્રમણોપાસકને નમોત્થુણં થી વંદન કરેલ છે. તાત્પર્ય એ છે કે શાસનપતિ તીર્થંકર હાજર હોય તો ગુરુને વંદન કરવામાં ત્રણ વખત નમોત્થુણં થાય છે. શાસનપતિ તીર્થંકર નિર્વાણ પામેલા હોય તો સિદ્ધ અને ગુરુ એમ બે નમોત્થુણં દેવામાં આવે છે. તે વખતે અરિહંતોને કે મહાવિદેહ સ્થિત વિહરમાન તીર્થંકરોને દેવામાં આવતું નથી. જ્યારે કોઈ ઉપકારી ગુરુને નમોત્થુણં દેવાનું ન હોય તો સિદ્ધ તેમજ શાસનપતિ તીર્થંકરને

એમ બે દેવામાં આવે છે. તેવી જ રીતે ગુઢને જો આપવાનું હોય અને શાસનપતિ તીર્થંકર નિર્વાણ પામેલ હોય તો કેવળ એક નમોત્થુણં સિદ્ધોને દેવામાં આવે છે અર્થાત્ ઉપકારી ગુઢ પ્રત્યક્ષ હાજર છે અને શાસનપતિ તીર્થંકર નિર્વાણ પામી ચુકયા છે તો એક માત્ર સિદ્ધ ભગવાનને નમોત્થુણં આપવામાં આવે છે. આ પ્રમાણે વર્તમાનમાં કોઈ એક જ નમોત્થુણં આપે છે જે આગમ પ્રમાણે છે તેવી પ્રતીતિ થાય છે.

(૧૫) કથારૂપ અધ્યયનોનો સ્વાધ્યાય કરતી વેળાએ, એ ધ્યાનમાં રાખવું જોઈએ કે તેમાંથી, જાણવાજોગ, છોડવાજોગ અને આદરવાજોગ તેમજ સમભાવ, માધ્યસ્થભાવ રાખવા જેવા વગેરે કંઈ કેટલાયે વિષયો હોય છે. તેથી અત્યંત સચેત રહીને, સતર્કતા અને સાવધાની રાખીને વિવેકબુદ્ધિથી કામ લેવું જોઈએ. રાજાઓની ઋદ્ધિના અને દિવ્ય ઋદ્ધિના વર્ણન પણ હોય છે. રાણીઓ, સ્ત્રીઓના અને ભોગસામગ્રીઓના વર્ણન પણ હોય છે, ધર્માચરણો, શ્રાવકાચારો, શ્રમણ ચર્યાઓનું પણ વર્ણન હોય છે, તો કોઈ જીતાચારો, લોકાચારો કે લોકવ્યવહારનું વર્ણન પણ હોય છે. તેમજ કુસિદ્ધાંતો, કુતર્કોના તેમજ મહાઅધર્મી આત્માઓની ક્રૂર પ્રવૃત્તિઓના વર્ણન પણ હોય છે. નિરર્થક ખોટા કર્તવ્યો અને વિષ દેવા રૂપ બીજાનું અહિત કરનારી પ્રવૃત્તિઓનું વર્ણન પણ હોય છે. આવા વર્ણનોથી ચિંતનપૂર્વક અને આચાર શાસ્ત્રોને, ભગવદાજ્ઞાઓને સામે રાખી, સમીક્ષા પૂર્વક આચરણીય તત્ત્વોનો નિર્ણય લેવો જોઈએ. પરંતુ છોડવા જેવા કે જાણવા જેવા (હેય-જ્ઞેય)થી ખોટા નિર્ણયો લેવા જોઈએ નહીં.

***આ ઉપરાંત કથામાં વર્ણવેલ વ્યક્તિઓમાંથી કોઈ ઉપર રાગભાવ કે દ્વેષભાવ, અથવા પક્ષ-વિપક્ષના વિચારોનો ભાવ, નિંદા વગેરે કર્મબંધના પરિણામો ન આવવા જોઈએ. તટસ્થ જ્ઞેય દૃષ્ટિથી જ આ કથાનકોનો વિચાર–પરિશીલન કરવા જોઈએ. આ કથાનકોના પ્રવાહમાં ભાવાવેષથી તણાવું જોઈએ નહીં. કારણ કે કથાનકોના વર્ણનમાં કેટલાયે પ્રકારના ઉતાર-ચઢાવના વર્ણનો ગુંથી લીધેલ હોય છે. તેમાં આપણા સમભાવ, માધ્યસ્થભાવ, તટસ્થભાવને બરાબર સાચવી રાખવા જોઈએ. નહીંતર કારણ વગરના કર્મબંધથી જીવ ભારે થઈ જાય છે. કથાનકો તો બની ગયેલ હોય છે. પછી તે પ્રસ્તુત સૂત્રના***





***પરદેશી રાજા કે સૂર્યકાંતા રાણી હોય અથવા અન્ય મહાભારત કે રામાયણના કોઈ ચરિત્રનાયક રામ-રાવણ, કૌરવ-પાંડવ વગેરે હોય; તેમના માટે આપણા મનમાં સંકલ્પ-વિકલ્પ કરવા હવે નિરર્થક છે. આ માટે જ કહેવામાં આવ્યું છે કે આવા કથા વર્ણનોના અધ્યયનમાં અત્યંત સાવધાન તેમજ વિવેકબુદ્ધિ રાખવી જોઈએ.***

(૧૬) જીતાચાર, લોકવ્યવહાર અને ધાર્મિક આચાર આ દરેકનું પોતાનું અલગ અલગ સ્થાન–ક્ષેત્ર છે.

ગૃહસ્થ શ્રમણોપાસકના જીવનમાં કે દૈવિક જીવનમાં એવા કેટલાયે જીતાચાર કે લોકવ્યવહાર આવે છે કે જે પોતાની જગ્યાએ પોતાની મર્યાદામાં રહે તે યોગ્ય હોય છે પરંતુ જે ધાર્મિક આચાર હોય છે તે બિલકુલ સ્વતંત્ર, સંવર-નિર્જરા તેમજ વ્રતપ્રત્યાખ્યાન, દયા-દાન, શીલ, સંતોષ અનુકંપાના ભાવ રૂપ હોય છે. આ ધર્માચારોમાં અનુકંપાદાન અને જનસેવા રૂપ દાન પુણ્યધર્મ રૂપ હોય છે. અભયદાન તેમજ સુપાત્રદાન સંવર-નિર્જરા રૂપ ધર્મ હોય છે. બાકીના બધા વ્રત-પ્રત્યાખ્યાન, શીલ, સંતોષ રૂપ ધર્માચરણ, સંવર, નિર્જરા ધર્મ રૂપ હોય છે. કોઈપણ ધર્માચરણમાં, જીતાચાર કે લોકાચારને દાખલ કરી દેવો, તેની પરંપરા બનાવી દેવી એ અનુચિત છે. કોઈ પણ જીતાચારને ધર્માચારના વાઘા(કપડા) પહેરાવી દેવા અથવા ધર્માચરણ માની લેવું ઉચિત નથી. તેમજ ગૃહસ્થાવાસમાં કે વ્યવહારિક જીવનમાં, પ્રવૃતિશીલ જીવનમાં અથવા માતા, પિતા, રાજા, સમાજ કે કોઈના આધીન જીવનમાં રહીને પણ જીતાચાર કે લોકાચારની વિવેકહીનપણે, લાભહાનિનો વિચાર કર્યા વગર એકાંત રૂપે ઉપેક્ષા કરવી, એ પણ યોગ્ય નથી પરંતુ જે સાધક ગૃહસ્થ જીવનથી ઉપર ઉઠીને, સ્વતંત્રપણે, નિવૃત્ત થઈને સાધનામય જીવન જીવે છે તેનો જીતાચાર વગેરેનો પૂર્ણ ત્યાગ કરવો અયોગ્ય ગણાતુ નથી, યોગ્ય જ ગણાય છે.

આ કારણથી જ પ્રવૃતિશીલ ગૃહસ્થના જીવનમાં છ પ્રમુખ(મુખ્ય) આગાર હોય છે અને નિવૃત્ત સાધનામય જીવનમાં આ છ આગારનો પણ ત્યાગ હોય છે. છતાં પણ કોઈ **વિશિષ્ટ સાધક** વિવેકબુદ્ધિ રાખીને કોઈ પણ જીતાચાર કે વ્યવહારાચારથી અલગ રહી શકે છે પરંતુ પ્રવૃત્તિશીલ શ્રાવકના જીવનમાં જીતાચારોની એકાંત રૂપથી ઉપેક્ષા અવહેલના કરી શકાતી નથી.

જ્ઞાતાસૂત્રમાં વર્ણવેલ અરણક શ્રાવકને ધર્મ શ્રદ્ધામાંથી પિશાચ રૂપ લઈને આવેલ દેવ પણ વિચલિત કરી શક્યો નથી, તેમણે પણ યાત્રા શરૂ કર્યા પહેલા કેટલાયે મંગલ મુહૂર્તો અને નાવની પૂજા અર્ચના નમસ્કારની પ્રવૃત્તિ કરી હતી.

સમ્યક્દૃષ્ટિ એક ભવાવતારી દેવેન્દ્રો પણ તીર્થંકરોના શરીરને અગ્નિ-સંસ્કાર, ભસ્મ, અસ્થિ વગેરે સંબંધી કેટલીયે ક્રિયાઓ કરે છે, ઉત્કૃષ્ટ ધર્મ આરાધનાથી દેવ બનેલ સૂર્યાભદેવ જેવા પણ સમ્યગ્ દૃષ્ટિ હોવા છતાં કેટલાયે સ્થાનોની પૂજા અર્ચના કરે છે, તે આ સૂત્રમાં સ્પષ્ટ રીતે વર્ણવેલ છે.

તાત્પર્ય એ છે કે જીતાચારને જીતાચાર રૂપમાં સ્વીકારવા જોઈએ અને તેને ધર્માચારણ ન માનતાં યોગ્ય પ્રસંગે જરૂરિયાત અનુસાર સ્વીકાર કરવો, એ ગૃહસ્થ જીવનમાં અયોગ્ય ગણાય નહીં. પરંતુ તેની અવિવેકપૂર્ણ એકાંત ઉપેક્ષા કરવી અનાવશ્યક અને અયોગ્ય છે. ગૃહસ્થ જીવનની સાધનામાં આગળ વધતા નિવૃત્તિમય સાધનાના તબક્કામાં જીતાચાર વગેરેનો ત્યાગ કરવો એ પણ આવશ્યક અને યોગ્ય છે. તેથી દરેક ગૃહસ્થ શ્રાવકે જીતાચાર, લોક-વ્યવહારાચાર તેમજ ધર્માચારનો વિવેકપૂર્વકનો નિર્ણય કરી આચરણ કરવું જોઈએ. ગૃહસ્થ જીવનને કોઈ પણ અવિવેકપૂર્ણ એકાંતમાં નાખવું જોઈએ નહીં. ત્યાં સંસાર વ્યવહાર અને ધર્મકર્તવ્યોનો વિવેકપૂર્વક સમન્વય કરવો ઉપયુક્ત અને સમાધિકારક હોય છે. આ માટે જ પહેલા વ્રતધારી શ્રાવક પ્રસંગ આવ્યેથી સંગ્રામમાં પંચેન્દ્રિય જીવોની ઘાત કરતા હોવા છતાં પોતાના સમકિત અને શ્રમણોપાસક પર્યાયમાં સુરક્ષિત રહી શકે છે, જીવી શકે છે.

(૧૭) શ્રમણોનો એવો આચાર છે કે કોઈપણ નૃત્ય, નાટક કે વાજીંત્રો કે પછી અન્ય જોવાલાયક સ્થળોને જોવા કે જોવા જવાનો સંકલ્પ પણ કરવો નહીં. આવો નિષેધ આચારાંગ સૂત્રમાં અને તેનું પ્રાયશ્ચિત વિધાન નિશીથ સૂત્રમાં છે.

સાધુની પોતાની ભાવના તેમજ સાવધાની અને વિવેકથી પોતે પોતાના આચારનું પાલન કરવું એ જ કર્તવ્ય છે પરંતુ બીજા કોઈ પોતાની આગ્રહપૂર્ણ ઈચ્છા કે સંકલ્પ યા રુચિ પ્રમાણે કરવા ઈચ્છે અને તે સાધુની ઈચ્છા કે નિર્દેશને સ્વીકારવા તૈયાર ન થાય તો આવા આગ્રહી ભાવવાળી વ્યક્તિ સાથે તિરસ્કાર





વૃત્તિ કે હઠાગ્રહ કે દંડનીતિ સાધુએ રાખવી જોઈએ નહીં. પરંતુ ઉપેક્ષાભાવ, તટસ્થભાવ રાખવો જ પર્યાપ્ત થઈ જાય છે.

સૂર્યાભદેવે ગણધર ગૌતમ આદિ અણગારોને પોતાની ઋદ્ધિ અને નાટક દેખાડવાનું નિવેદન કર્યું. સૂર્યાભદેવે ત્રણ વખત કહ્યું તોપણ પ્રભુએ સ્વીકૃતિ આપી નહીં. તેની મનોવૃત્તિ જાણીને તેનો નિષેધ કે તિરસ્કાર પણ કર્યો નહીં. અન્ય શ્રમણોએ પણ કોઈએ વચમાં બોલીને અસભ્ય વ્યવહાર કર્યો નહીં; ત્યારે સ્વીકૃતિ વગર જ સૂર્યાભદેવે પોતાનું કામ કર્યું.

તેથી આવા કોઈ પ્રસંગો ઉપસ્થિત થાય ત્યારે ઉચિત લાગે તો ઉપદેશ-રૂપ સંકેત આપવો અથવા પોતાના આચાર કે શ્રાવકના કર્તવ્યની યાદી આપવી જોઈએ અને છતાં કહેવું નિરર્થક લાગે તો ઉપેક્ષા કરવી જોઈએ પરંતુ અધિકાર, તિરસ્કાર, બહિસ્કાર, દુર્વ્યવહાર વગેરે કોઈ કાર્યો કદાપિ કરવા જોઈએ નહીં કે કરાવવા પણ જોઈએ નહીં અને આવા કાર્યોની અનુમોદના પણ કરવી જોઈએ નહીં. પરંતુ શાલીનતા અને શિષ્ટવ્યવહારોથી મર્યાદામાં રહેવું જોઈએ. ***કારણ કે ધર્મ આત્માના પરિણામોની મુખ્યતા ઉપર નિર્ભર રહે છે. બીજા ઉપર બળજબરી કરીને પોતાને ધર્મી કે ધર્માચારી કહેવડાવવું યોગ્ય નથી.*** *ટૂંકમાં* ***ધોકો મારીને ધરમ કરાવાય નહીં.***

**ઉપસંહાર**– આ રીતે અનેક પ્રકારની શિક્ષાઓ, પ્રેરણાઓ અને જાણવા યોગ્ય તત્ત્વોથી પરિપૂર્ણ આ સૂત્ર સાધકોના અનુભવજ્ઞાન અને શ્રદ્ધાને પુષ્ટ કરે છે. તેથી તેનું અધ્યયન, મનન કરી સંપૂર્ણ આત્મવિકાસને પ્રાપ્ત કરવો જોઈએ.

## ॥ રાજપ્રશ્નીય સૂત્ર સંપૂર્ણ ॥

# જીવાભિગમ સૂત્ર : પરિચય

**પ્રશ્ન–૧ : આ સૂત્રનો પરિચય શું છે ?**

**ઉત્તર :** આ ત્રીજું ઉપાંગ સૂત્ર છે. આ સૂત્ર પણ અજ્ઞાત, બહુશ્રુત દ્વારા રચાયેલ નંદીસૂત્રની સૂચિમાં આવેલ, બધા જ શ્વેતાંબરોમાં માન્ય આગમ છે. ઉવવાઈ, રાજપ્રશ્નીય સૂત્રની જેમ સંકલન, સંપાદન, દેવર્ધિગણિના આગમ લેખન સમય દરમ્યાન કરાવવામાં આવ્યું છે તેમ સ્વીકાર કરવો એ બધી અપેક્ષાઓથી યોગ્ય લાગે છે. આ સૂત્રનો મૂલપાઠ ૪૭૫૦ શ્લોક પ્રમાણ જેટલું સ્વીકારવામાં આવે છે.

**વિષય :–** આ સૂત્રમાં જીવ-અજીવ બંને તત્ત્વોનું વિસ્તારથી વર્ણન છે, જેમાં જીવ તત્ત્વ સંબંધી વર્ણન વધારે આવે છે. આ સિવાય લોક, ત્રણે લોક તેમજ દ્વીપ સમુદ્ર તથા જ્યોતિષી વિમાનો અને વૈમાનિક દેવલોકોનું ક્ષેત્રીય વર્ણન પણ કરેલ છે.

**વિભાગ :–** આ સૂત્રમાં મુખ્ય બે વિભાગ છે–(૧) સંસારી જીવોના મુખ્ય ભેદ ૨ થી ૧૦ સુધી તેમજ (૨) સમસ્ત જીવો(સંસારી અને સિદ્ધ) ના મુખ્ય ભેદ–૨ થી ૧૦ સુધી. અર્થાત્ પ્રથમ વિભાગના ભેદોમાં સિદ્ધોનો સમાવેશ નથી. બીજા વિભાગના બધા ભેદોમાં સિદ્ધોને અવશ્ય રાખવામાં આવ્યા છે. બંને વિભાગોના ૯–૯ અધ્યાયોના પડિવત્તિ–પ્રતિપત્તિ એવા નામ રાખવામાં આવ્યા છે. આમ બધા મળીને આ શાસ્ત્રમાં ૯+૯=૧૮ પ્રતિપત્તિઓ (અધ્યાય રૂપ) છે. પ્રથમ વિભાગ વિશાળ છે, બીજો વિભાગ નાનો છે.

**નામ :–** આ શાસ્ત્રમાં આવેલા પ્રથમ પ્રશ્નના આધારે આ સૂત્રનું નામ **જીવાજીવાભિગમ** રાખવામાં આવેલ છે, મુખ્ય વિષયની અપેક્ષાએ અને નામને ટુંકાવીને બોલવાની રુચિથી આ સૂત્રનું પ્રચલિત નામ **જીવાભિગમસૂત્ર** છે. કેમ કે અહીં શરૂઆતમાં અજીવનું સ્વરૂપ, તેના ભેદ પ્રભેદ દ્વારા બતાવવામાં આવ્યું છે. ત્યાર બાદ જીવ અભિગમ(પરિજ્ઞાન) તેમજ ક્ષેત્રીય વર્ણનનું સાંગોપાંગ પરિજ્ઞાન(પૂરી જાણકારી) આપવામાં આવેલ છે.

**ઉપલબ્ધ સાહિત્ય :–** આ સૂત્ર ઉપરની પ્રાચીન વ્યાખ્યા આચાર્ય મલયગિરિજી મ.સા.ની સંસ્કૃત ભાષામાં છે. અર્વાચીન વ્યાખ્યા, વિવેચન કે ભાવાર્થ સહિત





મૂલપાઠનું પ્રકાશન અનેક સંસ્થાઓએ સમયે સમયે બહાર પાડેલ છે, જે હિન્દી, ગુજરાતી અને સંસ્કૃત ભાષામાં ઉપલબ્ધ થાય છે. અમારા આયોજનમાં પણ આ શાસ્ત્રનું ગુજરાતી અને હિન્દી ભાષામાં સારાંશ અને પ્રશ્નોત્તર બંને રૂપમાં પ્રકાશન થયેલ છે અને હજી થઈ રહ્યું છે.

## ✲ પ્રતિપત્તિ–૧ : દ્વિવિધા જીવ ✲

**પ્રશ્ન–૧ : આ પ્રતિપત્તિની શરૂઆતમાં અજીવ તત્ત્વનો પરિચય-વર્ણન કયા પ્રકારે આપેલ છે ?**

**ઉત્તર :** સર્વ પ્રથમ જીવાજીવાભિગમના બે ભેદ પાડવામાં આવ્યા છે– (૧) અજીવાભિગમ (૨) જીવાભિગમ. જેમાં અજીવાભિગમના બે ભેદ કરવામાં આવ્યા છે– રૂપી અજીવ અને અરૂપી અજીવ. ફરી અરૂપી અજીવના ૩૦ ભેદ અને રૂપી અજીવના ૫૩૦ ભેદ સમજાવવામાં આવેલ છે. વર્તમાનમાં અહીં સંક્ષિપ્ત મૂલપાઠ ઉપલબ્ધ છે અને **પ્રજ્ઞાપના સૂત્ર**નો નિર્દેશ કરી દેવામાં આવ્યો છે અર્થાત્ જીવાભિગમ સૂત્રઅને પ્રજ્ઞાપના સૂત્રની શરૂઆતમાં અજીવના ૫૩૦ ભેદ બતાવવામાં આવેલ છે. જેનો બહુશ્રુતો દ્વારા જીવાભિગમમાં સંક્ષિપ્ત અને પ્રજ્ઞાપનામાં વિસ્તૃત પાઠ રાખવામાં આવ્યો છે.

**અરૂપી અજીવના ૩૦ ભેદ :–** (૧–૩) ધર્માસ્તિકાયના સ્કંધ, દેશ અને પ્રદેશ (૪–૬) અધર્માસ્તિકાયના સ્કંધ, દેશ અને પ્રદેશ (૭–૯) આકાશાસ્તિકાયના સ્કંધ, દેશ અને પ્રદેશ (૧૦) કાળ દ્રવ્ય (૧૧–૧૫) ધર્માસ્તિકાયના પાંચ બોલ– દ્રવ્ય,ક્ષેત્ર,કાળ,ભાવ અને ગુણ. તેવી જ રીતે (૧૬–૨૦) અધર્માસ્તિકાયના પાંચ બોલ (૨૧–૨૫) આકાશાસ્તિકાયના પાંચ બોલ (૨૬–૩૦) કાલદ્રવ્યના પણ પાંચ બોલ– દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ગુણ. આ રીતે અરૂપી અજીવના ૩૦ બોલ થયા.

**રૂપી અજીવના ૫૩૦ ભેદ :–** રૂપી અજીવ કેવળ એક પુદ્‌ગલાસ્તિકાય છે. જે રૂપી હોવાથી તેના વર્ણ–૫, ગંધ–૨, રસ–૫, સ્પર્શ–૮ અને સંસ્થાન–૫ એમ કુલ ૨૫ મૂળભેદ છે. જેના ઉત્તરભેદ ૫૩૦ થાય છે. તે આ પ્રમાણે છે– **(૧) વર્ણ**–કાળા વર્ણના પુદ્‌ગલો બે ગંધમાંથી કોઈ પણ ગંધવાળા હોઈ શકે, પાંચ રસમાંથી કોઈપણ રસવાળા હોઈ શકે, ૮ સ્પર્શમાંથી કોઈપણ સ્પર્શ

વાળા હોઈ શકે અને ૫ સંસ્થાનમાંથી કોઈપણ સંસ્થાનવાળા હોઈ શકે. આ રીતે કાળા પુદ્ગલો ૨ ગંધ, ૫ રસ, ૮ સ્પર્શ અને ૫ સંસ્થાન એમ ૨૦ પ્રકારના હોઈ શકે છે. આ જ રીતે **(૨–૫)** લીલા, લાલ,પીળા અને સફેદ વર્ણવાળા પુદ્ગલો પણ ૨૦–૨૦ પ્રકારના હોઈ શકે છે. આ રીતે પાંચ વર્ણ × ૨૦=૧૦૦ પ્રભેદ થાય છે.

**(૬–૭)** આ જ રીતે ગંધ–૨, સુગંધ અને દુર્ગંધ. તેના ૨૩–૨૩ પ્રકાર પડે છે અર્થાત્ સુગંધીપદાર્થ પાંચ વર્ણ પાંચ રસ, ૮ સ્પર્શ અને પાંચ સંસ્થાન એમ ૨૩ પ્રકારમાંથી કોઈપણ પ્રકારના હોઈ શકે તેથી સુગંધના ૨૩+દુર્ગંધના ૨૩= ૪૬ પ્રકાર ગંધના થાય છે.

**(૮–૧૨)** આવી જ રીતે પાંચ રસના(વર્ણની જેમ) ૨૦–૨૦ પ્રકાર થાય. તેથી ૫×૨૦=૧૦૦ પ્રકાર થાય છે. અર્થાત્ એક એક રસના પુદ્ગલો પાંચ વર્ણ, બે ગંધ, આઠ સ્પર્શ અને પાંચ સંસ્થાનવાળા હોઈ શકે.

**(૧૬–૨૦)** આવી જ રીતે ખરબચડા, સંવાળા વગેરે આઠ સ્પર્શમાંથી પ્રત્યેક સ્પર્શ ૨૩–૨૩ પ્રકારના હોઈ શકે છે અર્થાત્ એક ખરબચડા સ્પર્શવાળા પદાર્થ–પુદ્ગલ પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ તથા ખરબચડા અને સુંવાળા સ્પર્શોને છોડીને બાકીના ૬ માંથી કોઈપણ સ્પર્શવાળા અને પાંચ સંસ્થાનવાળા હોઈ શકે છે. આમ ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૬ સ્પર્શ અને ૫ સંસ્થાન એમ ૨૩–૨૩ પ્રકારના ૮ સ્પર્શના હોય છે. તેથી ૮×૨૩=૧૮૪ પ્રકાર થાય છે.

**(૨૧–૨૫)** આ પ્રકારે પરિમંડલ વગેરે પાંચે ય સંસ્થાનોના ૨૦–૨૦ પ્રકાર હોઈ શકે છે અર્થાત્ પ્રત્યેક સંસ્થાનવાળા પુદ્ગલ ૫ વર્ણ, ૫ રસ, ૨ ગંધ, ૮ સ્પર્શવાળા હોઈ શકે છે. તેથી ૫ સંસ્થાન × ૨૦ = ૧૦૦ પ્રકાર થાય છે. **કુલ સરવાળો–** વર્ણના ૧૦૦+ગંધના ૪૬ + રસના ૧૦૦ + સ્પર્શના ૧૮૪ + સંસ્થાનના ૧૦૦= ૫૩૦ ભેદ થાય છે. આ રીતે વર્ણ વગેરેના મૂળ ભેદ ૨૫ અને ૫૩૦ ઉત્તરભેદ છે.

**પ્રશ્ન–૨ : ધર્માસ્તિકાય આદિના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ વગેરે પાંચ-પાંચ બોલોના શું અર્થ છે ? તેમજ વર્ણાદિ મૂળ ૨૫ ભેદ કયા છે ?**

**ઉત્તર :** દ્રવ્ય, ક્ષેત્ર આદિ પાંચ બોલોના માધ્યમથી ધર્માસ્તિકાય વગેરેનો પરિચય પ્રાપ્ત થાય છે. જેનાથી અરૂપી તત્ત્વોનું સ્વરૂપ સમજી શકાય, જેમ કે–





**૧. ધર્માસ્તિકાય–** (૧) દ્રવ્યથી ધર્માસ્તિકાય એક સંખ્યાવાળું દ્રવ્ય છે. તેની બે ત્રણ વગેરે સંખ્યા હોતી નથી. (૨) ક્ષેત્રથી આ એક ધર્માસ્તિકાય પણ સંપૂર્ણ લોકપ્રમાણ છે અર્થાત્ આખા લોકમાં વ્યાપેલું છે. (૩) કાળથી સદા શાશ્વત છે. (૪) ભાવથી એ અરૂપી અજીવ છે જેને વર્ણ,ગંધ,રસ,સ્પર્શ નથી. અસંખ્યાત પ્રદેશી છે. (૫) ગુણથી ધર્માસ્તિકાયનો ગુણ ચાલવામાં સહાય કરવાનો છે. જેમ માછલીને તરવામાં પાણી સહાયક હોય છે, રેલ્વેને પાટા સહાયક હોય છે તે રીતે જીવ અને પુદ્ગલને સંપૂર્ણ લોકમાં ગતિ કરવામાં ધર્માસ્તિકાય દ્રવ્ય સહાય કરે છે.

**૨. અધર્માસ્તિકાય–** (૧) દ્રવ્યથી એક દ્રવ્ય છે. (૨) ક્ષેત્રથી સંપૂર્ણ લોક પ્રમાણ. (૩) કાળથી સદા શાશ્વત. (૪) ભાવથી વર્ણ વગેરે નથી, અરૂપી અસંખ્યાત પ્રદેશી છે. (૫) ગુણથી સ્થિર કરવામાં સહાયક છે, મદદરૂપ છે. જેમ રાહગીરને વિશ્રામ લેવામાં છાયા મદદરૂપ થાય તેમ ધર્માસ્તિકાય જીવ અને પુદ્ગલોને સ્થિત રહેવામાં સહાયભૂત બને છે.

**૩.આકાશાસ્તિકાય–** (૧) દ્રવ્યથી એક દ્રવ્ય છે. (૨) ક્ષેત્રથી લોક અને અલોક બંનેમાં વ્યાપી છે. (૩) કાળથી સદા શાશ્વત છે. (૪) ભાવથી વર્ણ વગેરે નથી, લોકાલોકમાં હોવાથી અનંતપ્રદેશી છે. (૫) ગુણથી અવગાહગુણ એટલે કે જગ્યા આપવાનો ગુણ છે. જીવ, પુદ્ગલ આદિ દ્રવ્યો, આકાશમાં અવગાહન (જગ્યા) પ્રાપ્ત કરે છે, રહી શકે છે.

**૪. કાળદ્રવ્ય–** કાળને અસ્તિકાય કહેવામાં આવતું નથી. કારણ કે હકીકતમાં વર્તમાનકાળ એ જ કાળદ્રવ્ય છે. તેથી તે અપ્રદેશી દ્રવ્ય છે. (૧) દ્રવ્યથી કાળ અનંત જીવ, પુદ્ગલો ઉપર વર્તે છે. (૨) ક્ષેત્રથી અઢી દ્વીપમાં જ કાળદ્રવ્ય છે. (૩) કાળથી કાળદ્રવ્ય શાશ્વત છે. (૪) ભાવથી વર્ણાદિ રહિત અરૂપી છે અને અપ્રદેશી છે. (૫) ગુણથી વર્તન ગુણ છે. પરિવર્તન લાવવાનો ગુણ છે.

**વર્ણાદિના ૨૫ ભેદ–** વર્ણ–૫ : કાળો, લીલો, લાલ, પીળો અને સફેદ. ગંધ–૨ : સુગંધ અને દુર્ગંધ. રસ–૫ : તીખો, કડવો, તૂરો, ખાટો અને મીઠો. સ્પર્શ–૮ : ખરબચડો, સુંવાળો, હલકો, ભારે, ઠંડો, ગરમ, લૂખો, ચીકણો અને સંસ્થાન–૫ : પરિમંડલ(ચૂડી આકાર), વૃત્ત(ગોળ)ત્રિકોણ, ચતુષ્કોણ અને આયત(લાંબો).

**પ્રશ્ન–૩ : સિદ્ધ ભગવાન તો નિરંજન-નિરાકાર રૂપમાં બધા સમાન હોય છે તો તેના ભેદ-પ્રભેદ કઈ રીતે ?**

**ઉત્તર :** પ્રસ્તુત પ્રથમ પ્રતિપત્તિમાં જીવોના બે ભેદ કહેલ છે– સંસારી અવસ્થા રહિત એટલે કે સિદ્ધ અને સંસારી અવસ્થાને પ્રાપ્ત એટલે કે સમસ્ત સંસારી જીવ.

સંસારી જીવોના ફરી ત્રસ અને સ્થાવર એમ બે ભેદ છે.આ બંનેના ફરી પાછા ત્રણ-ત્રણ ભેદ છે. જેમકે સ્થાવર–૩ : પૃથ્વી, પાણી અને વનસ્પતિ અને ત્રસ–૩ : અગ્નિ, વાયુ અને ત્રસ. ફરી ત્રસના ચાર ભેદ– બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય. ફરી પંચેન્દ્રિયના ૪ ભેદ : દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકી. આ ચારેયના પણ અનેક ભેદપ્રભેદ થાય છે. આ ભેદપ્રભેદ શૈલીનું અનુસરણ કરતા થકા ભૂતપૂર્વ માનવ પર્યાયની અપેક્ષાએ અથવા સિદ્ધ થવાના સ્થળોની અપેક્ષાએ ૧૪ પ્રકારે અને ૧૫ ભેદે સિદ્ધ કહેવામાં આવે છે અને સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત જીવોના તેની સ્થિતિની અપેક્ષાએ ઔપચારિક ભેદનું કથન કરવામાં આવે છે. જે જ્ઞાન, આરાધક સાધકોના અનુભવ અને ક્ષયોપશમ, વિકાસ વગેરેમાં ઉપયોગી થાય છે. તેથી વિભિન્નતા રહિત, સર્વ સમાન સિદ્ધોના પણ આગમોમાં ભેદોનું કથન કરવામાં આવે છે, તે સાપેક્ષ છે તેમ માનવું જોઈએ.

**ચૌદ પ્રકારે સિદ્ધ**– ઉત્તરાધ્યયન સૂત્રના ૩૬મા અધ્યયનની ૫૦ થી ૫૫ સુધીની ગાથામાં ૧૪ પ્રકારના સિદ્ધોનું સંકલન કરવામાં આવેલ છે.

૧. એક સમયમાં નપુંસક ૧૦ સિદ્ધ થઈ શકે છે. તેવી જ રીતે

૨. એક સમયમાં સ્ત્રી ૨૦ સિદ્ધ થઈ શકે છે.

૩. એક સમયમાં પુરુષ ૧૦૮ સિદ્ધ થઈ શકે છે.

૪. એક સમયમાં ગૃહસ્થ ૪ સિદ્ધ થઈ શકે છે.

૫. એક સમયમાં અન્યલિંગી ૧૦ સિદ્ધ થઈ શકે છે.

૬. એક સમયમાં સ્વલિંગી ૧૦૮ સિદ્ધ થઈ શકે છે.

૭. એક સમયમાં ઉત્કૃષ્ટ અવગાહનાવાળા–૨ સિદ્ધ થઈ શકે છે.(૫૦૦ધનુષ)

૮. એક સમયમાં જઘન્ય અવગાહનાવાળા–૪ સિદ્ધ થઈ શકે છે.(૨ હાથ)

૯. એક સમયમાં મધ્યમઅવગાહનાવાળા–૧૦૮ સિદ્ધ થઈ શકે છે.





૧૦. એક સમયમાં ઉંચા લોકમાં ૪ સિદ્ધ થઈ શકે છે.

૧૧. એક સમયમાં નીચા લોકમાં ૨૦ સિદ્ધ થઈ શકે છે. સલિલાવતીવિજયની અપેક્ષાએ.

૧૨. એક સમયમાં સમુદ્રમાં ૨ સિદ્ધ થઈ શકે છે.

૧૩. એક સમયમાં અન્ય પાણીના સ્થળોમાં ૩ સિદ્ધ થઈ શકે છે.

૧૪. એક સમયમાં તિરછા લોકમાં ૧૦૮ સિદ્ધ થઈ શકે છે.

**પંદર ભેદે સિદ્ધ**– પ્રસ્તુત પ્રથમ પ્રતિપત્તિમાં અનંતા સિદ્ધોના ૧૫ ભેદ કહેલ છે. જે મનુષ્યભવની વિશેષતાને સૂચિત કરે છે. પરંપરસિદ્ધના ૧ સમય, ૨ સમય, ૩,૪,૫ આદિ અનંત સમયવાળા સિદ્ધ કહ્યા છે. અહીં કહેવામાં આવેલ સિદ્ધના ૧૫ ભેદ આ પ્રમાણે છે– (૧) તીર્થસિદ્ધા–તીર્થંકરનું શાસન પ્રવર્તન થયા પછી સિદ્ધ થાય તે. (૨) અતીર્થસિદ્ધા– કોઈપણ તીર્થંકરનું શાસન પ્રવર્તતું ન હોય, શાસનનો વિચ્છેદ કાળ હોય ત્યારે સિદ્ધ થાય છે. (૩) તીર્થંકરસિદ્ધા. (૪) અતીર્થંકરસિદ્ધા– તીર્થંકર સિવાયના જીવો. (૫) સ્વયંબુદ્ધસિદ્ધા– કોઈના બોધ વગર પોતાના જ જ્ઞાનથી બોધ પામનારા. (૬) પ્રત્યેકબુદ્ધસિદ્ધા– કોઈ વસ્તુનું નિમિત્ત મળતા પોતે જ બોધ પામે તે. (૭) બુદ્ધબોધિતસિદ્ધા. (૮) સ્ત્રી-લિંગસિદ્ધા(સ્ત્રી શરીર). (૯) પુરુષલિંગસિદ્ધા (પુરુષ શરીર). (૧૦) નપુસક-લિંગસિદ્ધા(નપુસક શરીર). (૧) સ્વલિંગસિદ્ધા (જિનમતવાળા શ્રમણ). (૧૨) અન્યલિંગસિદ્ધા(અન્ય મતવાળા સંન્યાસી વગેરે). (૧૩) ગૃહસ્થલિંગ સિદ્ધા (શ્રાવક કે સામાન્ય કોઈપણ). (૧૪) એક સિદ્ધા(એકલા જ સિદ્ધ થાય તે). (૧૫) અનેકસિદ્ધા(એક સમયમાં એક સાથે અનેક મોક્ષે જાય).

**પ્રશ્ન–૪ : અનંતરસિદ્ધા અને પ્રથમ સમયસિદ્ધામાં શું તફાવત છે ?**

**ઉત્તર :** શાસ્ત્રકારે અનંતરસિદ્ધમાં માનવ ભવની વિશેષતાઓ વગેરેનો સમાવેશ કર્યો છે અને પરંપરસિદ્ધના ભેદમાં પ્રથમ સમયે સિદ્ધ આદિ પ્રકાર બતાવ્યા છે. આ કારણે બંનેના તફાવતને બે અપેક્ષાથી સમજી શકાય છે. (૧) શરીર છૂટ્યા પછીના પ્રથમ સમયવાળા અનંતર છે અને બીજા આદિ પછીના સમય વાળા પરંપર છે અર્થાત્ બીજા સમયવાળા સિદ્ધ પરંપરસિદ્ધના પ્રથમ સમય વાળા છે, ત્રીજા સમયવાળા પરંપરસિદ્ધના બીજા સમયવાળા છે આવો તફાવત સમજવો. (૨) બીજી અપેક્ષા એ છે કે ૧. મનુષ્યભવના અંતિમ સમયની અવસ્થા

રૂપ પૂર્વભાવને અનંતર સમજવા જેના ૧૫ ભેદ મનુષ્ય ભવની અપેક્ષાએ થાય છે અને સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત કરતા જીવ પરંપરસિદ્ધ. આ બંને અપેક્ષામાં પ્રથમ અપેક્ષા સુબોધ્ય લાગે છે. વિશેષ તો જ્ઞાની કહે તે જ પ્રમાણ. **તમેવ સચ્ચં ણિસંકં જં(ભાવં) જિણેહિં પવેઇયં.** અર્થાત્ જે અપેક્ષા જિનેશ્વરના ભાવોની અનુગામી લાગે તેને પ્રમાણભૂત સ્વીકારવું જોઈએ.

**પ્રશ્ન–૫ : સંસારી જીવોના ભેદ કયા પ્રકારે કરવામાં આવેલ છે અને તેની સમજણ અહીં કેવી રીતે આપેલ છે ?**

**ઉત્તર :** પ્રસ્તુત શાસ્ત્રમાં સંસારી જીવોની અપેક્ષાએ ૨,૩,૪ થી ૯,૧૦ સુધીના ભેદ દર્શાવેલ છે. જેમાં આ પ્રથમ પ્રતિપત્તિમાં જીવના મૂળ બે ભેદ, ત્રસ અને સ્થાવર કરીને તેનો વિસ્તાર કરવામાં આવેલ છે. વિસ્તારનો ક્રમ પૃથ્વી, પાણી, વનસ્પતિ રૂપ ત્રણ સ્થાવર પછી અગ્નિ,વાયુ, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવોની ૨૫ દ્વારોથી જાણકારી આપવામાં આવી છે, તે દ્વાર(પ્રકાર) આ પ્રમાણે છે–

**(૧) શરીર :–** સંસારી જીવ જેમાં રહે છે તે. શરીર પાંચ છે– ઔદારિક, વૈક્રિય, તૈજસ, કાર્મણ અને આહારક. ઔદારિક શરીર સ્થૂળ પુદ્ગલોથી બને છે, વૈક્રિય આદિ ક્રમશઃ સૂક્ષ્મ-સૂક્ષ્મતર પુદ્ગલોથી બને છે.

**(૨) અવગાહના :–** જીવોની પોતાના શરીરની લંબાઈ, ઉંચાઈ અથવા ઉત્કૃષ્ટ અવગાહના ક્ષેત્ર.

**(૩) સંઘયણ :–** શરીરની શક્તિ વિશેષ અને હાડકાની મજબૂતી. તેના ૬ પ્રકાર છે.

**(૪) સંસ્થાન :–** શરીરનો બાહ્ય દેખાવ, આકૃતિ, સંરચનાનું પ્રમાણોપેત (પ્રમાણસર)–સુડોલ કે બેડોલ હોવું. આના પણ ૬ પ્રકાર છે.

**(૫) કષાય :–** મોહકર્મના ઉદયથી ક્રોધ વગેરે ચારેય પરિણામો.

**(૬) સંજ્ઞા :–** કર્મજન્ય જીવની આહાર વગેરેની ઈચ્છા, ચંચળતા કે તાલાવેલી. તેના ૪ પ્રકાર છે–આહારાદિ.

**(૭) લેશ્યા :–** જીવના સ્વાભાવિક કે અન્યથી પ્રેરિત પરિણામ ભાવલેશ્યા છે. આ ભાવલેશ્યાથી જે લેશ્યા વર્ગણાના પુદ્ગલોનું જીવમાં આકર્ષણ થાય તે દ્રવ્યલેશ્યા છે. દ્રવ્યલેશ્યાના પુદ્ગલ, આત્મા દ્વારા ગ્રહણ કરેલ કાર્મણ વર્ગણાના





પુદ્ગલોને આત્મા સાથે સંબદ્ધ કરવાનું ગુંદરનું કામ કરે છે. **જીવના પરિણામ કે ભાવલેશ્યા અથવા અધ્યવસાય, આ ત્રણે અભિન્ન પણ છે.** શબ્દપ્રયોગની અપેક્ષાએ તેમજ કોઈ સૂક્ષ્મ અપેક્ષાએ તફાવત પણ ગણવામાં આવે છે. અહીં આગમ પ્રમાણને જ સ્વીકાર્ય ગણવું. લેશ્યાના કૃષ્ણ આદિ છ પ્રકાર દ્રવ્ય અને ભાવ એમ બંને, લેશ્યામાં કહેવામાં આવેલ છે.

**(૮) ઈન્દ્રિય :–** સંસારી જીવને જીવન માટે શરીરમાં પ્રાપ્ત વિશિષ્ટ પ્રકારના સાધન રૂપ દ્રવ્ય ઈન્દ્રિઓ છે અને આ સાધનને ઉપયોગમાં લેવા માટે જીવના કર્મસંબંધી ક્ષયોપશમ એ ભાવઈન્દ્રિઓ છે. અહીં દ્રવ્ય અને ભાવના ભેદ વિના સામાન્યરૂપથી પાંચ ઈન્દ્રિયો કહેવામાં આવી છે.

**(૯) સમુદ્ઘાત :–** કોઈપણ કારણથી સ્થૂળ શરીરમાં રહેલા આત્મપ્રદેશોનું શરીરની મર્યાદામાંથી થોડી ક્ષણો માટે બહાર નીકળવું, કંપિત થવું તે સમુદ્ઘાત છે. કષાયના ઉદ્વેગથી, વેદનાના ઉદ્વેગથી, મરણ સમયે અથવા વૈક્રિય આદિ વિશિષ્ટ લબ્ધિઓના ઉપયોગ સમયે આત્મપ્રદેશો શરીરની બહાર નીકળે છે. આ ક્રિયા તે જ સમુદ્ઘાત કહે છે. તેના સાત પ્રકાર છે. કર્મોની વિષમતાને સરખી–સમ કરવા માટે પણ સમુદ્ઘાત થાય છે, જેમકે કેવલીસમુદ્ઘાત.

**(૧૦) સંજ્ઞી :–** મનરૂપી આત્મસાધન યુક્ત જીવોને સંજ્ઞી કહેવામાં આવે છે અને તેના રહિત જીવોને અસંજ્ઞી કહેવામાં આવે છે.

**(૧૧) વેદ :–** મોહનીય કર્મના ઉદયથી જીવના સ્ત્રી, પુરુષ આદિના સહવાસ સંબંધી સ્થૂળ કે સૂક્ષ્મ વિકારી પરિણામો અથવા કુશીલતાના ભાવ. સ્ત્રી, પુરુષ અને નપુંસક એમ ત્રણ વેદ કહેવામાં આવે છે. સ્થૂળ અપેક્ષાથી સ્ત્રી વગેરેના શરીર વાળાને એ વેદવાળો કહેવામાં આવે છે.

**(૧૨)પર્યાપ્તિ :–** મળેલા શરીરમાં કાર્ય કરવાની ક્ષમતા મળી જવી તે પર્યાપ્તિ છે. જન્મની શરૂઆતથી જ જીવને આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોશ્વાસ, ભાષા અને મનની ક્ષમતા–શક્તિઓ ક્રમશઃ અંતર્મુહૂર્તમાં થઈ જાય છે, તેને આહાર પર્યાપ્તિ ***યાવત્*** મનઃપર્યાપ્તિ કહેવામાં આવે છે. પર્યાપ્તિ ઉપર કહી તેમ ૬ છે.

**(૧૩) દૃષ્ટિ–** આત્માના સંબંધમાં કે અનાદિ સિદ્ધાંતોના સંબંધમાં અથવા સર્વ જ્ઞાની ભાષિત તત્ત્વ સંબંધી જીવની જે શુદ્ધ કે અશુદ્ધ સમજણ હોય તેને દૃષ્ટિ કહે છે. તે સમ્યક, અસમ્યક(મિથ્યાત્વ) અને મિશ્ર એમ ત્રણ પ્રકારે છે.

**(૧૪) દર્શન :–** દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી અથવા ક્ષયથી પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ જોવા સંબંધી ક્ષમતા જીવને મળે તેને દર્શન કહે છે. ચક્ષુ, અચક્ષુ, અવધિ અને કેવળ આ ૪ દર્શન છે.

**(૧૫) જ્ઞાનાજ્ઞાન :–** જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ કે ક્ષયથી જીવના આત્મ પ્રકાશનું ખુલવાપણું જે મળે તે. મતિજ્ઞાન વગેરે તેના પાંચ પ્રકાર છે. જેની દષ્ટિ–સમજ સમ્યક હોય તેને આ પાંચ જ્ઞાન થાય છે અને જેની દષ્ટિ–સમજ અસમ્યક કે મિશ્ર હોય તેને આ પાંચમાંથી મતિ આદિ ત્રણ જ્ઞાન હોય છે તેમજ મિથ્યા સમજથી ભાવિત હોવાને કારણે આ જ્ઞાનમાં કંઈક વિકૃતિ–ખોટી સમજણ આવે તેથી તેને અજ્ઞાન કહે છે. આ રીતે પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન હોય છે.

**(૧૬) યોગ :–** મન, વચન અને શરીર સંબંધી જીવની પ્રવૃત્તિ, આત્મસ્ફુરણા. તેના ત્રણ પ્રકાર છે અને વિસ્તારની અપેક્ષાએ ૧૫ પ્રકાર પણ છે.

**(૧૭) ઉપયોગ :–** જ્ઞાન અને દર્શન એ જીવના મૂળગુણ છે. તેમાં જીવનું પ્રવૃત્ત થવું–ક્રિયાશીલ થવું તેને ઉપયોગ કહે છે. તેના બે પ્રકાર છે– સાકારોપયોગ (જ્ઞાનમાં ઉપયોગ), અનાકારોપયોગ(દર્શનમાં ઉપયોગ) છદ્મસ્થ જીવોને આ બંને ઉપયોગમાં અંતર્મુહૂર્તમાં ફેરફાર થતા રહે છે. કેવળજ્ઞાનીના ઉપયોગમાં ૧–૧ સમયમાં ક્રમશઃ પરિવર્તન થાય છે અર્થાત્ બંને ઉપયોગ સાથે હોતા નથી. જ્ઞાન અને દર્શન સત્તાની અપેક્ષાએ જીવમાં સાથે રહે છે પરંતુ તેના પ્રયોગ-ઉપયોગ ક્રમિક થાય છે.

**(૧૮) આહાર :–** જીવ પોતાના શરીરની અવગાહનાની છએ દિશાઓમાં રહેલા આહારવર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરે છે. આ આહાર રોમાહાર અને શરીરમાં પરિણમતા આહારની અપેક્ષાએ છે. મોઢામાં જે કોળિયો મૂકવામાં આવે છે તે માત્ર પુદ્ગલ પ્રક્ષેપ જ છે. તેને ખાસ આહાર કહેવામાં આવતો નથી. મોઢામાં મૂકેલ કોળિયાનું પરિણમન થઈને સમસ્ત શરીરના વિભાગોને જે મળે છે તેને આહાર કહેવામાં આવે છે. આ સંબંધી જાણવા જેવા અનેક સૂક્ષ્મ, સૂક્ષ્મતર પ્રશ્નો શાસ્ત્રમાં છે. તેનું સંકલન કરી ૨૮૮ પ્રકારનો આહાર એવું કથન શૈલીમાં પ્રચલિત છે. તે સર્વનો ખુલાસો આ પ્રથમ પ્રતિપત્તિના સૂત્ર ૩૩ થી ૪૫ સુધીના મૂલપાઠમાં પ્રશ્નોત્તર રૂપે આવેલ છે.

**(૧૯) ઉપપાત :–** ક્યાં ક્યાંથી આવીને જીવો ઉત્પન્ન થાય છે તે.





**(૨૦) સ્થિતિ :–** જીવના પૂરા એક ભવની નાની કે મોટી ઉંમર અથવા આયુષ્યને સ્થિતિ કહે છે.

**(૨૧) મરણ :–** મારણાંતિક સમુદ્ઘાત કરીને મરનારા અને સમુદ્ઘાત કર્યા વગર મરનારા, સમવહત અથવા અસમવહત એમ બે પ્રકારે મરણ છે. આગમની કથનશૈલીના આશયને બરાબર ન સમજવાને કારણે બે વાર મરણ સમુદ્ઘાત કરવાનો ભ્રમ પેદા થાય છે પરંતુ મરણ સમુદ્ઘાત, જીવ આયુષ્યકર્મ પુદ્ગલોની વિશેષ નિર્જરા માટે એક જ વાર કરે છે. ક્યારેક એ જ અવસ્થામાં મૃત્યુ પામે છે અથવા ફરી પાછા શરીરમાં આવીને મૃત્યુ પામે છે. આ મૃત્યુની ક્રિયાને માટે પણ સમુદ્ઘાત પ્રયોગ ચાલ્યા આવતા પ્રવાહથી લાગેલ છે. જેમકે કેવળીના મરવાના કથનમાં સમુદ્ઘાત શબ્દપ્રયોગ આગમમાં જોવા મળે છે, તે પણ મરવા માત્ર માટે જ પ્રવાહયુક્ત છે. વાસ્તવમાં કેવળીને મરણ સમુદ્ઘાત હોતી જ નથી.

**(૨૨) ઉદ્વર્તન :–** જીવ મરીને ક્યાં ક્યાં ઉત્પન્ન થાય છે તે.

**(૨૩) ગતિ આગતિ :–** ૪ ગતિમાંથી તે જીવ કેટલી ગતિથી આવી શકે અને કેટલી ગતિમાં જાય છે ? **આ રીતે ૨૩ દ્વારોની સમજણ આપેલ છે.**

**પ્રશ્ન–૬ : પૃથ્વીકાય સંબંધી ૨૩ દ્વારોનો પરિચય-પરિજ્ઞાન કયા પ્રકારે છે ?**

**ઉત્તર :** પ્રસ્તુત પ્રતિપત્તિમાં પૃથ્વીના સૂક્ષ્મ અને બાદર એમ બે ભેદ કરીને તે બંને સંબંધી પરિજ્ઞાન–જાણકારી ૨૩ દ્વારની કરાવવામાં આવેલ છે.

**સૂક્ષ્મ પૃથ્વીકાય સંબંધી ૨૩ દ્વારોની વિગત(સ્વરૂપ) :–** સૂક્ષ્મ પૃથ્વી આદિ પાંચ સ્થાવર લોકના સમસ્ત આકાશપ્રદેશો પર રહેલા છે અને તે એક જ પ્રકારના હોય છે.

**(૧) શરીર :–** ત્રણ હોય છે– ઔદારિક, તૈજસ, કાર્મણ.

**(૨) અવગાહના :–** જઘન્ય અને ઉત્કૃષ્ટ આંગળના અસંખ્યાતમા ભાગની હોય છે જેમાં જઘન્યથી ઉત્કૃષ્ટ અસંખ્યગણી હોય છે.

**(૩) સંઘયણ :–** એક જ છઠ્ઠું સેવાર્ત સંહનન છે.

**(૪) સંસ્થાન :–** એક જ છઠ્ઠું હુંડ સંસ્થાન હોય છે. તેમાં પણ મસુરદાળ

જેવા ચપટા અર્ધગોળાકાર હોય છે. અહીં મૂળપાઠમાં અર્ધામસૂરને ચંદ્રમસૂર કહેલ છે. અર્થાત્ ચંદ્ર શબ્દ **અર્ધા** ને માટે કહેલ છે.

**(૫) કષાય :–** સૂક્ષ્મ પૃથ્વીકાયમાં ક્રોધ, માન, માયા અને લોભ એમ ચારેય કષાય હોય છે. તેનું સૂક્ષ્મ રૂપે અસ્તિત્વ હોય છે. આ વાતને તર્કથી સમજવી તે છદ્મસ્થોને માટે અશક્ય છે, આ કેવલજ્ઞાનીનો વિષય છે. આપણે માટે તો માત્ર શ્રદ્ધાગમ્ય છે. જેને મિથ્યાત્વ મોહનો ઉપશમ હોય તેને જ્ઞાનીના વચન ઉપર શ્રદ્ધા હોય છે અને જેને મિથ્યાત્વ મોહનો ઉદય જોરદાર હોય, તે આત્માઓ જ આવા સૂક્ષ્મ તત્ત્વોમાં શંકા-કુશંકા કરવા લાગે છે.

**(૬) સંજ્ઞા :–** આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ એમ ચારેય સંજ્ઞા સૂક્ષ્મ પૃથ્વીકાયમાં હોય છે. જે જ્ઞાની ગમ્ય અને શ્રદ્ધાગમ્ય છે, તર્કગમ્ય નથી.

**(૭) લેશ્યા :–** સૂક્ષ્મ પૃથ્વીકાયમાં કૃષ્ણ, નીલ, કાપોત એમ ત્રણ અશુભ લેશ્યા છે. ઉપર કહ્યું તેમ લેશ્યા, કષાય વગેરે તત્ત્વો શ્રદ્ધાગમ્ય છે.

**(૮) ઈન્દ્રિય :–** એક જ સ્પર્શેન્દ્રિય છે.

**(૯) સમુદ્ઘાત :–** વેદનીય, કષાય, મારણાંતિક. આ ત્રણ સમુદ્ઘાત સૂક્ષ્મ પૃથ્વીકાયમાં કહેલ છે.

**(૧૦) સંજ્ઞી :–** મનનું સાધન ન હોવાથી અસંજ્ઞી છે.

**(૧૧) વેદ :–** તેને એક નપુંસક વેદ જ હોય છે. સ્ત્રી,પુરુષ વગેરેને પામેલા ન હોવાથી મોહકર્મના ઉદયમાત્રથી સંજ્ઞારૂપ સૂક્ષ્મવિકારોનું અસ્તિત્વ હોય તેને નપુંસક વેદ ગણવામાં આવેલ છે. અર્થાત્ જ્યાં સ્ત્રી-પુરુષનો ભેદ હોતો નથી ત્યાં(એકેન્દ્રિયમાં) ઓઘસંજ્ઞારૂપ માત્ર નપુંસકવેદ સૂક્ષ્મ રૂપે હોય છે. ત્રસ જીવોમાં નપુંસક વેદવાળા શરીરની અપેક્ષાએ બે ભેદ કરેલ છે– સ્ત્રીનપુંસક અને પુરુષનપુંસક. સ્ત્રી નપુંસકોની શરીર રચના કંઈક સ્ત્રીને મળતી હોય છે અને પુરુષ નપુંસકોની શરીર રચના કંઈક પુરુષ શરીરને મળતી હોય છે.

**(૧૨)પર્યાપ્તિ :–** ૬ માંથી ૪ પર્યાપ્તિ–આહાર, શરીર, ઈન્દ્રિય અને શ્વાસોશ્વાસ પર્યાપ્તિ હોય છે.

**(૧૩) દૃષ્ટિ–** ત્રણમાંથી એક મિથ્યાદૃષ્ટિ હોય છે.

**(૧૪) દર્શન :–** ચાર દર્શનમાંથી એક અચક્ષુદર્શન હોય છે.

**(૧૫) જ્ઞાનાજ્ઞાન :–** બે અજ્ઞાન–મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન હોય છે.





**(૧૬) યોગ :–** એક કાયાનો યોગ હોય છે.

**(૧૭) ઉપયોગ :–** સાકાર-અનાકાર એમ બંને ઉપયોગ હોય છે.

**(૧૮) આહાર :–** લોકની મધ્યમાં રહેલ જીવો છએ દિશાઓમાંથી આહાર ગ્રહણ કરે છે. તેમજ સૂત્રમાં કહેલ ૨૮૮ પ્રશ્ન વિકલ્પોના ઉત્તર પણ યથાયોગ્ય સમજવા. લોકના અંતમાં રહેલા સૂક્ષ્મ પૃથ્વીકાયના જીવો ૩,૪ કે ૫ દિશાનો આહાર ગ્રહણ કરે છે. કારણ કે પછીની બાકી દિશાઓમાં અલોક આવી જાય છે અને ત્યાં આહારના પુદ્ગલો હોતા નથી. તેથી તે એક બે કે ત્રણ દિશાઓ ઓછી થઈ જાય છે.

**(૧૯) ઉપપાત :–** પાંચ સ્થાવર, ૩ વિકલેન્દ્રિય, સંજ્ઞી અને અસંજ્ઞી પાંચેય તિર્યંચ તેમજ સંજ્ઞી, અસંજ્ઞી મનુષ્યથી આવીને જીવો સૂક્ષ્મ પૃથ્વીકાયમાં ઉત્પન્ન થાય છે. યુગલિક અને અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચ કે મનુષ્ય સૂક્ષ્મ પૃથ્વીકાયમાં આવતા નથી.

**(૨૦) સ્થિતિ :–** જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ પણ અંતરમુહૂર્તની હોય છે.

**(૨૧) મરણ :–** સમવહત,અસમવહત બંને પ્રકારે મરે છે.

**(૨૨) ઉદ્વર્તન :–** સૂક્ષ્મ પૃથ્વીકાય મરીને આગતવાળા બધા સ્થાનોમાં જાય છે.

**(૨૩) ગતિ આગતિ :–** સૂક્ષ્મપૃથ્વીકાયના જીવો બે ગતિમાંથી આવે છે અને બે ગતિમાં જાય છે, નરક અને દેવગતિમાં જતા નથી.

### બાદર પૃથ્વીકાયની ૨૩ દ્વાર સંબંધી વિગત :–

**સ્વરૂપ–** તેના મુખ્ય બે પ્રકાર છે–કોમળપૃથ્વી અને કઠોરપૃથ્વી. કોમલ પૃથ્વીના સાત પ્રકાર છે (૧ થી ૫) પાંચ રંગોની માટી. (૬) પાંડુ માટી(જે મોઢા વગેરે ઉપર લગાડવામાં આવે છે.) (૭) પણગમાટી(પાણી સુકાઈ ગયા પછી જમીન ઉપર જે પોપડી થઈ જાય છે તે). કઠોર પૃથ્વીના અહીં અને પ્રજ્ઞાપના તેમજ ઉત્તરાધ્યયન સૂત્રમાં અનેક(૩૬)ભેદ ૪ ગાથામાં કહેવામાં આવેલ છે જેની ગણત્રી કરતા ૪૦ પ્રકાર થઈ જાય છે. છતાં વર્ણભેદ આદિની અપેક્ષાએ હજારો ભેદ કહેવામાં આવ્યા છે. તેમજ પર્યાપ્ત-અપર્યાપ્તની અપેક્ષાએ સૂક્ષ્મ-બાદર બંને પ્રકારની પૃથ્વીના બે-બે પ્રકાર છે. પર્યાપ્તાથી અપર્યાપ્તા અસંખ્યગણા હોય છે. પર્યાપ્ત નામકર્મવાળાની નિશ્રામાં જ અપર્યાપ્ત નામકર્મવાળા જન્મે

છે અર્થાત્ અપર્યાપ્ત જીવ, પર્યાપ્ત જીવ વગર રહી શકે નહીં પરંતુ પર્યાપ્ત જીવ, અપર્યાપ્ત જીવ વગરના પણ હોઈ શકે છે. આથી જ ઔષતન એક પર્યાપ્તા પાછળ અસંખ્ય પર્યાપ્તા હોય છે. તેથી આગમની ભાષામાં– **જત્થ એગો તત્થ ણિયમા અસંખેજ્જા.** આ વાક્યથી એમ ન સમજવું કે **એક પર્યાપ્તાની સાથે અસંખ્ય પર્યાપ્તા હોય જ.** કેમકે ક્યારેક કોઈ પર્યાપ્તા અસંખ્ય પર્યાપ્તા વગરના પણ હોઈ શકે. તેનું ૨૩ દ્વાર સંબંધી વર્ણન, સૂક્ષ્મ પૃથ્વીકાયના દ્વારની જેમ જ છે, થોડીક વિશેષતાઓ આ પ્રમાણે છે– **લેશ્યા**–૪, **ઉપપાત**– દેવમાંથી પણ આવે. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને બે દેવલોકથી જીવ બાદર પૃથ્વીકાયમાં ઉત્પન્ન થાય છે. **સ્થિતિ**–ઉત્કૃષ્ટ ૨૨ હજાર વર્ષની.**ગતિ-આગતિ**– ત્રણ ગતિમાંથી આવે, બે ગતિમાં જાય. **આહાર**– નિયમા છએ દિશાઓમાંથી ગ્રહણ કરે. કારણ કે બાદરપૃથ્વી લોકના કિનારે હોતી નથી. આ સિવાયના બધા દ્વારોનું વર્ણન સૂક્ષ્મપૃથ્વીની સમાન જાણવું.

**પ્રશ્ન–૭ : અપ્કાય અને વનસ્પતિકાય સંબંધી ૨૩ દ્વાર કયા પ્રકારે છે ?**

**ઉત્તર**– અપ્કાયના ૨૩ દ્વાર પૃથ્વીકાયની સમાન છે, કંઈક વિશેષતા બાદર અપ્કાયમાં આ પ્રમાણે છે– **સંસ્થાન**– હુંડક સંસ્થાનમાં પણ પાણીના પરપોટાના આકારવાળા શરીર આ અપ્કાયના જીવોના હોય છે. **સ્થિતિ**– બાદરમાં ઉત્કૃષ્ટ સાત હજાર વર્ષની. **વનસ્પતિકાયના ૨૩ દ્વાર પણ** સૂક્ષ્મ બાદર બંને પૃથ્વીકાયની જેમ છે. બાદર વનસ્પતિના બે ભેદ–સાધારણ અને પ્રત્યેક. સાધારણ વનસ્પતિ સૂક્ષ્મ સમાન છે અને પ્રત્યેક વનસ્પતિમાં વિશેષતા આ પ્રકારે છે– **સંસ્થાન**– અનિથંથ=અનિયત, **અવગાહના**=ઉત્કૃષ્ટ હજાર યોજન, **સ્થિતિ**= ઉત્કૃષ્ટ ૧૦ હજાર વર્ષ. શેષ બધા દ્વાર બાદરપૃથ્વીની સમાન છે.

**પ્રશ્ન–૮ : તેઉ-વાયુ બે ત્રસજીવોના ૨૩ દ્વાર કેવી રીતે છે ?**

**ઉત્તર :** ત્રસ નામકર્મનો ઉદય આ જીવોને નથી પરંતુ સ્થાવર નામકર્મનો ઉદય હોવાથી આ બંને સ્થાવર જીવ છે. છતાં અહીં તેને ગતિની અપેક્ષા ત્રસ કહેવામાં આવ્યા છે. અન્ય આગમોમાં તેને સ્થાવર પણ કહ્યા છે. તેઉકાયના(અગ્નિના) જીવો સંબંધી ૨૩ દ્વાર સૂક્ષ્મ બાદર પૃથ્વીકાયની જેમ છે. વિશેષતા **સંસ્થાન**– સોય સમુહ સમાન, **લેશ્યા**–૩, **ઉપપાત**–૧૦ દંડકમાંથી આવે. **ઉવટ્ટણા**– નવદંડકમાં જાય, મનુષ્યમાં ન જાય. **સ્થિતિ**– ઉત્કૃષ્ટ ત્રણ દિવસ (રાત-દિવસ). **ગતાગત**–બે ગતિમાંથી આવે એક ગતિમાં જાય, તિર્યંચમાં જ જાય.





**વાયુકાય સંબંધી ૨૩ દ્વાર :**– તેઉકાય સમાન જાણવા. વિશેષતા– **શરીર**–૪, **અવગાહના** વૈક્રિય શરીરની પણ જઘન્ય–ઉત્કૃષ્ટ અંગુલનો અસંખ્યાતમો ભાગ. **સમુદ્ઘાત**–૪, **સ્થિતિ**–ઉત્કૃષ્ટ ૩૦૦૦ વર્ષની, **આહાર**–બાદર વાયુકાય લોકાંતમાં હોવાથી વ્યાઘાત આશ્રી ૩,૪,૫ દિશાનો આહાર હોય છે. લોકની મધ્યમાં રહેલ વાયુની અપેક્ષાએ ૬ દિશાનો આહાર નિર્વ્યાઘાતનો સમજવો.

**પ્રશ્ન–૯ : ઉદાર ત્રસ જીવોમાંથી ત્રણ વિકલેન્દ્રિયોના ૨૩ દ્વારનું વર્ણન કયા પ્રકારે છે ?**

**ઉત્તર :** ત્રસ નામકર્મવાળા જીવોને અહીં **ઉરાલા તસા પાણા** કહેવામાં આવેલ છે. અહીં બેઇન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય સુધીના અને ચારેય ગતિના પંચેન્દ્રિય બધાનો સમાવેશ આ ઉદાર ત્રસ પ્રાણી શબ્દમાં થઈ જાય છે.

બેઇન્દ્રિય જીવોની ૨૩ દ્વારો સંબંધી વિગત :– (૧) શરીર–૩ (૨) અવગાહના– ઉત્કૃષ્ટ ૧૨ યોજન (૩) સંઘયણ–સેવાર્ત (૪) સંસ્થાન–હુંડક (૫) કષાય–૪ (૬) સંજ્ઞા–૪ (૭) લેશ્યા–૩ (૮) ઇન્દ્રિય–૨ (૯) સમુદ્ઘાત–૩ (૧૦) સંજ્ઞી– અસંજ્ઞી છે (૧૧) વેદ–નપુંસક (૧૨) પર્યાપ્તિ– પાંચ ભાષાપર્યાપ્તિ સુધી છે. મનઃપર્યાપ્તિ નથી (૧૩) દષ્ટિ–૨, અપર્યાપ્તા અવસ્થાની અપેક્ષાએ (૧૪) દર્શન–૧ અચક્ષુદર્શન (૧૫) જ્ઞાનાજ્ઞાન–બેજ્ઞાન, બે અજ્ઞાન (૧૬) યોગ–૨, મન નહીં, વચન–કાય છે (૧૭) ઉપયોગ–બંને (૧૮) આહાર– ત્રસનાળમાં હોવાથી નિયમાં ૬એ દિશાનો (૧૯) ઉપપાત– ૧૦ દંડકથી આવે પરંતુ યુગલિકમાંથી ન આવે (૨૦) સ્થિતિ–ઉત્કૃષ્ટ ૧૨ વર્ષ (૨૧) મરણ–બંને પ્રકારે મરે. (૨૨) ઉદ્વર્તના– મરીને ૧૦ દંડકમાં જાય (૨૩) ગતિ–આગતિ– બે ગતિમાંથી આવે બે ગતિમાં જાય.

**તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિય જીવોની ૨૩ દ્વાર સંબંધી વિગત :**– બેઇન્દ્રિયની સમાન જ ગણવું. વિશેષતાઓ– **દર્શન**–તેઇન્દ્રિયમાં–૧ ચૌરેન્દ્રિયમાં–૨ ચક્ષુ, અચક્ષુ. **સ્થિતિ**– તેઇન્દ્રિયમાં ૪૯ દિવસ ચૌરેન્દ્રિયમાં ૬ મહિના ઉત્કૃષ્ટ સ્થિતિ હોય છે. **અવગાહના**– તેઇન્દ્રિયમાં ઉત્કૃષ્ટ ૩ કોશ અને ચૌરેન્દ્રિયમાં ૪ કોશ. પાણીના જીવોની અપેક્ષાએ ત્રણ–ચાર કોશની શરીરની લંબાઈ હોઈ શકે છે.

**પ્રશ્ન–૧૦ : પંચેન્દ્રિય જીવો સંબંધી ૨૩ દ્વારોની જાણકારી કયા પ્રકારે છે ?**

**ઉત્તર :** નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવ આ ક્રમથી અહીં પંચેન્દ્રિય સંબંધી ૨૩ દ્વારોનું કથન આ પ્રમાણે છે–

## નારકી જીવો સંબંધી ૨૩ બોલોની વિગત :–

**(૧) શરીર :–** ત્રણ હોય છે– વૈક્રિય, તૈજસ, કાર્મણ.

**(૨) અવગાહના :–** નાનામાં નાના નારકી પ્રથમ નરકના પોણા આઠ ધનુષ્ય અને ૬ આંગળ અર્થાત્ સવા એકત્રીસ ફુટના હોય છે. ઉત્કૃષ્ટ સાતમી નરકના ૫૦૦ ધનુષના અર્થાત્ ૨૦૦૦ ફુટ હોય છે. જન્મ સમયના અંતર્મુહૂર્ત વીત્યા પછી અને પર્યાપ્તા થઈ જવા સુધીમાં નારકી જીવોની આ અવગાહના થઈ જાય છે અને પછી જીવનભર આટલી જ અવગાહના રહે છે. પહેલી નરકથી બીજી નરકની બે ગણી એમ સાતમી નરક સુધી બમણી, બમણી અવગાહના થતી જાય છે. ઉત્તર વૈક્રિય કરવામાં પ્રત્યેક નારકી જીવ પોતાની મૂળ અવગાહનાથી બમણી બનાવી શકે છે, વધારે બનાવી શકતા નથી.

**(૩) સંઘયણ :–** અશુભ પુદ્ગલોનું પરિણમન હોય છે, હાડકા હોતા નથી.

**(૪) સંસ્થાન :–** હુંડક–બેડોળ, બિભત્સ–ભયાનક શરીર.

**(૫) કષાય :–** ચારે ય.

**(૬) સંજ્ઞા :–** ચારે ય.

**(૭) લેશ્યા :–** ત્રણ લેશ્યા સાતે ય નરકમાં હોય છે. પહેલીથી ત્રીજી સુધી કાપોતલેશ્યા, ત્રીજીથી પાંચમી સુધી નીલ લેશ્યા, પાંચમીથી સાતમી સુધી કૃષ્ણલેશ્યા. આ રીતે ત્રીજી અને પાંચમી નરકમાં બે-બે લેશ્યા અને બાકીની પાંચેયમાં એક એક લેશ્યા હોય છે. જ્યાં બે લેશ્યા હોય ત્યાં કોઈ એક લેશ્યા વાળા અને કોઈ બીજી લેશ્યાવાળા નૈરયિક પણ હોય છે. અર્થાત્ પ્રત્યેક નારકી જીવમાં જીવનભર એક જ (દ્રવ્ય) લેશ્યા હોય છે. ભાવલેશ્યાની અપેક્ષાએ બધા નારકી જીવોમાં છએ લેશ્યાના પરિણામ હોઈ શકે છે.

**(૮) ઈન્દ્રિય :–** પાંચે ય. શ્રોતેન્દ્રિય, ચક્ષુઈન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, રસનેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિય.

**(૯) સમુદ્ઘાત :–** ચાર. વેદનીય, કષાય, મારણાંતિક અને વૈક્રિય સમુદ્ઘાત હોય છે.

**(૧૦) સંજ્ઞી :–** બધા નારકી જીવ સંજ્ઞી હોય છે. પ્રથમ નરકમાં અસંજ્ઞી તિર્યંચ આવીને ઉત્પન્ન થાય છે અને તે પર્યાપ્તા ન થાય ત્યાં સુધી અસંજ્ઞી





કહેવાય છે. તેથી પ્રથમ નરકમાં બંને, સંજ્ઞી અને અસંજ્ઞી, બાકીના નરકમાં એક માત્ર સંજ્ઞી હોય છે.

**(૧૧) વેદ :–** એક નપુંસક વેદ જ હોય છે. ત્યાં સ્ત્રી-પુરુષ હોતા નથી.

**(૧૨) પર્યાપ્તિ :–** ૬. આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોશ્વાસ, ભાષા અને મન. શાસ્ત્રમાં ભાષા અને મન એ બે પર્યાપ્તિને સંયુક્ત માનીને પાંચ પર્યાપ્તિ પણ કહી છે. જન્મ સમયે છએ પર્યાપ્તિ અલગ-અલગ સમયે પુરી થાય છે. જ્યારે ભાષા અને મનપર્યાપ્તિ એક સાથે પૂર્ણ થવાને કારણે અને આ રીતે પાંચ વાર પર્યાપ્તિની પૂર્ણતા થવાને કારણે પાંચ પર્યાપ્તિ પણ કહેવામાં આવે છે. અહીં ભાષા-મનનો સંયુક્ત ઉચ્ચાર કરવામાં આવે છે. જેમ કે **ભાસમણપજ્જત્તિ** અર્થાત્ પૂર્ણતા અને ઉચ્ચારણને લક્ષ્યમાં રાખીને આ પ્રકરણમાં પણ નારકી દેવોની પાંચ-પાંચ પર્યાપ્તિ કહેવામાં આવી છે.

**(૧૩) દષ્ટિ–** સાતે ય નરકમાં સમ્યક , મિથ્યા અને મિશ્ર ત્રણે ય દષ્ટિ હોય છે અને ત્રણેયનું પરાવર્તન પણ થઈ શકતું હોય છે. અર્થાત્ એક જ નારકી જીવ ક્યારેક મિથ્યાદષ્ટિ, ક્યારેક સમ્યગ્દષ્ટિ તો ક્યારેક મિશ્રદષ્ટિવાળો બની શકે છે. કોઈને વળી જીવનભર એક જ દષ્ટિ પણ હોઈ શકે છે.

**(૧૪) દર્શન :–** ત્રણ. ચક્ષુ, અચક્ષુ અને અવધિદર્શન.

**(૧૫) જ્ઞાનાજ્ઞાન :–** ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન. મતિ, શ્રુત અને અવધિ કે વિભંગ. મિથ્યા અને મિશ્રદષ્ટિવાળા નારકી જીવોને ત્રણ અજ્ઞાન હોય છે. સમ્યગ્દષ્ટિ નારકી જીવોને ત્રણ જ્ઞાન હોય છે. અસંજ્ઞી તિર્યંચ જે પ્રથમ નરકમાં ઉત્પન્ન થાય છે તેને અપર્યાપ્ત અવસ્થા સુધી બે અજ્ઞાન હોય છે પછીથી ત્રણ અજ્ઞાન થઈ જાય છે.

**(૧૬) યોગ :–** ૩. મન, વચન અને કાય યોગ.

**(૧૭) ઉપયોગ :–** બંને. સાકાર-અનાકાર ઉપયોગ.

**(૧૮) આહાર :–** છએ દિશાઓમાંથી ૨૮૮ પ્રશ્નોત્તર સહિત.

**(૧૯) ઉપપાત :–** બે દંડકમાંથી આવે અર્થાત્ પ્રથમ નરકમાં સંજ્ઞી, અસંજ્ઞી તિર્યંચ તેમજ સંજ્ઞી મનુષ્યમાંથી આવે. બીજી નરકથી સાતમી નરકમાં સંજ્ઞી તિર્યંચ અને સંજ્ઞી મનુષ્યમાંથી આવે. તિર્યંચના ભુજપરિસર્પ બે નરક સુધી,

ખેચર ત્રણ નરક સુધી, થલચર ચાર નરક સુધી, ઉરપરિસર્પ પાંચ નરક સુધી, જલચર સાતમી નરક સુધી, મનુષ્યાણી અને તિર્યંચાણી છઠ્ઠી નરક સુધી ઉત્પન્ન થાય છે.

**(૨૦) સ્થિતિ :–** પ્રથમ નરકની જઘન્ય ૧૦ હજાર વર્ષ, ઉત્કૃષ્ટ ૧ સાગરોપમ. આગળ ક્રમશઃ ૩,૭,૧૦,૧૭,૨૨ અને ૩૩ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. પૂર્ણ નરકની ઉત્કૃષ્ટ સ્થિતિ પછીના નરકની જઘન્ય સ્થિતિ સમજવી. જેમકે પ્રથમ નરકની ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગરોપમની છે તો બીજી નરકની જઘન્ય સ્થિતિ એક સાગરોપમની છે. બીજી નરકની ઉત્કૃષ્ટ ૩ સાગરોપમ છે તો તે જ ત્રીજી નરકની જઘન્ય સ્થિતિ છે.

**(૨૧) મરણ :–** સમવહત અને અસમવહત બંને મરણ છે.

**(૨૨) ઉદ્વર્તન :–** ઉત્પતિ જેવી જ ઉદ્વર્તના(ગતિ)કહેવી જોઈએ. પ્રજ્ઞાપના સૂત્રમાં પણ આગત સમાન જ ગતિ કહી છે. એટલે કે બે નરકમાંથી નીકળીને ભૂજપરિસર્પ, ત્રણમાંથી નીકળીને ખેચર, ચાર નરકમાંથી નીકળીને સ્થળચર, પાંચ નરકવાળા ઉરપરિસર્પ, ૬ નરકમાંથી નીકળીને મનુષ્યાણી, તિર્યંચાણીમાં અને ૭માંથી નીકળીને જલચરમાં જાય છે. વિશેષ એ છે કે સાતમી નરકમાં મનુષ્ય આવે છે પરંતુ સાતમી નરકના જીવો મનુષ્યમાં જતા નથી. તે માત્ર એક તિર્યંચ જલચરમાં જ જાય છે. ત્યાં પણ જલચર સ્ત્રીમાં નહીં. જલચર પુઢષ કે જલચર નપુંસક બની શકે છે. પ્રથમ નરકમાં અસંજ્ઞી આવે છે પરંતુ આ નરકવાળા અસંજ્ઞીમાં જતા નથી અર્થાત્ આગતની જેમ ગત કહેવામાં બે વિશેષતા સિદ્ધ થાય છે. (૧) સાતમી નરકવાળા મનુષ્યમાં જતા નથી (૨) પ્રથમ નરકવાળા, અસંજ્ઞી તિર્યંચમાં જતા નથી.

**(૨૩) ગતિ આગતિ :–** છ નરક સુધી બે ગતિમાંથી આવે અને બે ગતિમાં જાય. સાતમી નરકમાં બે ગતિમાંથી આવે અને એક ગતિમાં જાય.

**પાંચેય અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયની ૨૩ દ્વાર સંબંધી વિગત :–**

**(૧) શરીર**–૩,

**(૨) અવગાહના**–ઉત્કૃષ્ટ જલચર ૧૦૦૦ યોજન, સ્થલચરની અનેક કોશ. ખેચરની અનેક ધનુષ, ઉરપરિસર્પની અનેક યોજન, ભુજપરિસર્પની અનેક ધનુષ. વૈક્રિય કોઈ નહીં.





**(૩) સંઘયણ :–** એક સેવાર્ત સંહનન.

**(૪) સંસ્થાન :–** ૧, હુંડકસંસ્થાન હોય છે.

**(૫) કષાય :–** ચારેય. ક્રોધ, માન, માયા, લોભ.

**(૬) સંજ્ઞા :–** ચારે ય. આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ.

**(૭) લેશ્યા :–** ત્રણ. કાપોત, નીલ, કૃષ્ણ.

**(૮) ઈન્દ્રિય :–** પાંચે ય.

**(૯) સમુદ્ઘાત :–** ત્રણ. ક્રમશઃ વેદનીય, કષાય અને મારણાંતિક.

**(૧૦) સંજ્ઞી :–** અસંજ્ઞી.

**(૧૧) વેદ :–** એક નપુંસક (અસંજ્ઞી તિર્યંચ સમુચ્છિંમ હોય છે.)

**(૧૨)પર્યાપ્તિ :–** ૫. મનપર્યાપ્તિ હોતી નથી.

**(૧૩) દષ્ટિ**– બે. અપર્યાપ્ત અવસ્થાની અપેક્ષાએ. મિશ્રદષ્ટિ હોતી નથી.

**(૧૪) દર્શન :–** બે. ચક્ષુ, અચક્ષુદર્શન.

**(૧૫) જ્ઞાનાજ્ઞાન :–** બે જ્ઞાન, બે અજ્ઞાન.

**(૧૬) યોગ :–** ૨. વચન અને કાયા.

**(૧૭) ઉપયોગ :–** બંને.

**(૧૮) આહાર :–** નિયમા છએ દિશાઓમાંથી, ૨૮૮ પ્રશ્નોત્તર સહિત.

**(૧૯) ઉપપાત :–** ૧૦ દંડકમાંથી આવે. યુગલિકમાંથી નહીં.

**(૨૦) સ્થિતિ :–** ઉત્કૃષ્ટ–જલચરની ક્રોડપૂર્વ, સ્થલચરની–૮૪ હજાર, ખેચરની–૭૨ હજાર વર્ષ, ઉરપરિસર્પની–૫૩ હજાર વર્ષ, ભુજપરિસર્પની–૪૨ હજાર વર્ષ. જઘન્ય સર્વેયની અંતર્મુહૂર્તની સ્થિતિ હોય છે.

**(૨૧) મરણ :–** બંને.

**(૨૨) ઉદ્વર્તન :–** ૨૨ દંડકમાં જાય. જ્યોતિષી અને વૈમાનિકમાં જાય નહીં. મનુષ્ય, તિર્યંચ યુગલિકમાં પણ જાય,ત્યાં ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સુધીની સ્થિતિ મેળવી શકે છે.

**(૨૩) ગતિ આગતિ :–** બે માંથી આવે ચારમાં જાય.

**પાંચેય સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય સંબંધી ૨૩ બોલોની વિગત :–**

**(૧) શરીર**–૪. ઔદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણ.

**(૨) અવગાહના–જઘન્ય અંગુલનો અસંખયાતમો ભાગ અને** ઉત્કૃષ્ટ જલચર ૧૦૦૦ યોજન, સ્થલચરની ૬ ગાઉ, ખેચરની અનેક ધનુષ, ઉરપરિ-સર્પની ૧૦૦૦ યોજન, ભુજપરિસર્પની અનેક ગાઉની. ઉત્તર વૈક્રિય કરે તો જઘન્ય આંગળનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ અનેક ધનુષ. પાંચેયને વૈક્રિય હોય છે.

**(૩) સંઘયણ :–** છ. વજ્રઋષભનારાચ, ઋષભનારાચ, નારાચ, અર્ધનારાચ, કીલિકા અને સેવાર્ત. એક જીવમાં કોઈપણ એક સંઘયણ હોય છે.

**(૪) સંસ્થાન :–** ૬. એક જીવમાં કોઈપણ એક હોય છે.

**(૫) કષાય :–** ચારે ય. ક્રોધ વગેરે.

**(૬) સંજ્ઞા :–** ચારે ય. આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ.

**(૭) લેશ્યા :–** છ. કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ અને શુક્લ.

**(૮) ઈન્દ્રિય :–** પાંચે ય.

**(૯) સમુદ્ઘાત :–** પાંચ. ક્રમશઃ તૈજસ સમુદ્ઘાત સુધી. આહારક અને કેવલિસમુદ્ઘાત હોય નહીં.

**(૧૦) સંજ્ઞી :–** સંજ્ઞી.

**(૧૧) વેદ :–** ત્રણે ય.

**(૧૨)પર્યાપ્તિ :–** છએ પર્યાપ્તિ છે.

**(૧૩) દષ્ટિ–** ત્રણે ય છે.

**(૧૪) દર્શન :–** ત્રણ. કેવળદર્શન નહીં.

**(૧૫) જ્ઞાનાજ્ઞાન :–** ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન.

**(૧૬) યોગ :–** ત્રણે ય.

**(૧૭) ઉપયોગ :–** બંને.

**(૧૮) આહાર :–** છએ દિશાઓમાંથી ૨૮૮ પ્રશ્નોત્તર સહિત.





**(૧૯) ઉપપાત :–** ૨૪ દંડકમાંથી આવે. આઠમા દેવલોક સુધીમાંથી આવે. યુગલિકોમાંથી આવે નહીં.

**(૨૦) સ્થિતિ :–** ઉત્કૃષ્ટ–જલચર, ઉરપરિસર્પ, ભુજપરિસર્પ આ ત્રણેયની ક્રોડપૂર્વ, સ્થલચરની ૬ પલ્યોપમ, ખેચર પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ.

**(૨૧) મરણ :–** બંને.

**(૨૨) ઉદ્વર્તન :–** ઉત્પતિ સમાન પરંતુ યુગલિકમાં પણ જાય.

**(૨૩) ગતિ આગતિ :–** ૪ ગતિમાંથી આવે ચાર ગતિમાં જાય.

**અસંજ્ઞી મનુષ્ય સંબંધી ૨૩ દ્વારોની વિગત :–**

**(૧) શરીર–**૩. ઔદારિક, તેજસ, કાર્મણ.

**(૨) અવગાહના–**જઘન્ય ઉત્કૃષ્ટ બંને ય આંગળના અસંખ્યાતમા ભાગની.

**(૩) સંઘયણ :–** એક સેવાર્ત.

**(૪) સંસ્થાન :–** એક હુંડક.

**(૫) કષાય :–** ચારેય.

**(૬) સંજ્ઞા :–** ચારેય.

**(૭) લેશ્યા :–** ત્રણ અશુભ.

**(૮) ઈન્દ્રિય :–** પાંચેય.

**(૯) સમુદ્ઘાત :–** ત્રણ. વેદનીય, કષાય અને મારણાંતિક.

**(૧૦) સંજ્ઞી :–** અસંજ્ઞી.

**(૧૧) વેદ :–** એક નપુંસક.

**(૧૨)પર્યાપ્તિ :–** સાડા ત્રણ અર્થાત્ ચોથી પર્યાપ્તિ અધુરી.

**(૧૩) દષ્ટિ–** એક. મિથ્યાદષ્ટિ.

**(૧૪) દર્શન :–** એક. અચક્ષુ(કોઈ બે પણ કહે છે, મૂલપાઠમાં તે સંબંધી સ્પષ્ટીકરણ નથી)

**(૧૫) જ્ઞાનાજ્ઞાન :–** બે અજ્ઞાન.

**(૧૬) યોગ :–** એક કાયાનો.

**(૧૭) ઉપયોગ :–** બંને.

**(૧૮) આહાર :–** નિયમા છએ દિશાઓમાંથી ૨૮૮ પ્રશ્નોત્તર સહિત.

**(૧૯) ઉપપાત :–** ૮ દંડકમાંથી આવે. તેઉ–વાયુ અને યુગલિકમાંથી નહીં.

**(૨૦) સ્થિતિ :–** જઘન્ય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત.

**(૨૧) મરણ :–** બંને.

**(૨૨) ઉદ્વર્તન :–** ૧૦ દંડકમાં જાય, યુગલિકને છોડીને.

**(૨૩) ગતિ :–** ૨ ગતિમાંથી આવે ૨ ગતિમાં જાય.

**સંજ્ઞી મનુષ્ય સંબંધી ૨૩ બોલોની વિગત :–**

**(૧) શરીર**–૫. ઔદારિક, વૈક્રિય, આહારક, તેજસ અને કાર્મણ.

**(૨) અવગાહના**–કર્મભૂમિમાં ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ, યુગલિકમાં જઘન્ય સાધિક ૫૦૦ ધનુષથી લઈને ઉત્કૃષ્ટ ૩ કોશ સુધી હોય છે. ભરત-ઐરવત ક્ષેત્રમાં ૬ આરાની શરૂઆતમાં અને અંતમાં અલગ અલગ હોય છે. દેવકુઢ આદિ અકર્મભૂમિના ૩૦ ક્ષેત્રોમાં પણ અવગાહના ઉત્કૃષ્ટ અલગ અલગ હોય છે અને સદાકાળ સરખી રહે છે. પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં સદા એક સરખો કાળ રહે છે તેથી અવગાહના ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષની હોય છે. એક જ કાળમાં યુગલિકોમાં ઉત્કૃષ્ટ અવગાહનાથી જઘન્ય અવગાહના કંઈક ઓછી હોય છે અર્થાત્ સર્વ પ્રકારના યુગલિક મનુષ્યથી યુગલિક મનુષ્યાણીની અવગાહના કંઈક(ચાર આંગળ લગભગ)ઓછી હોય છે. વૈક્રિય શરીર, કર્મભૂમિના મનુષ્યોમાં જઘન્ય આંગળનો સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ સાધિક એક લાખ યોજન. અકર્મભૂમિના મનુષ્યો વૈક્રિય કરતા નથી.

**(૩) સંઘયણ :–** છ. એક જીવમાં કોઈપણ એક સંઘયણ હોય છે.

**(૪) સંસ્થાન :–** ૬. એક જીવમાં કોઈપણ એક હોય છે.

**(૫) કષાય :–** ચારેય. તથા અકષાયી શ્રમણો હોય છે.

**(૬) સંજ્ઞા :–** ચારેય. તથા નોસંજ્ઞોપયુક્ત શ્રમણો હોય છે.

**(૭) લેશ્યા :–** છ. તથા અલેશી–ચૌદમાં ગુણસ્થાને હોય છે.





**(૮) ઈન્દ્રિય :–** પાંચેય. કેવળીમનુષ્ય અનિન્દ્રિય પણ હોય છે.

**(૯) સમુદ્ઘાત :–** સાતે ય. વેદનીય, કષાય, મારણાંતિક,વૈક્રિય, તેજસ, આહારક અને કેવળી સમુદ્ઘાત.

**(૧૦) સંજ્ઞી :–** સંજ્ઞી.કેવળી મનુષ્યો નોસંજ્ઞી, નોઅસંજ્ઞી હોય છે.

**(૧૧) વેદ :–** ત્રણેય. અવેદી પણ હોય છે.

**(૧૨)પર્યાપ્તિ :–** છએ પર્યાપ્તિ છે.

**(૧૩) દષ્ટિ–** ત્રણેય છે.

**(૧૪) દર્શન :–** ચારેય. ચક્ષુ, અચક્ષુ, અવધિ અને કેવળદર્શન.

**(૧૫) જ્ઞાનાજ્ઞાન :–** પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન.

**(૧૬) યોગ :–** ત્રણે ય. અયોગી પણ હોય છે.

**(૧૭) ઉપયોગ :–** બંને.

**(૧૮) આહાર :–** છએ દિશાઓમાંથી ૨૮૮ પ્રશ્નોત્તર સહિત.

**(૧૯) ઉપપાત :–** તેઉ-વાયુ સિવાય ૨૨ દંડકમાંથી આવે, યુગલિકમાંથી ન આવે. સાતમી નરકમાંથી ન આવે.

**(૨૦) સ્થિતિ :–** જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૩ પલ્યોપમ, ૧૫ કર્મભૂમિના મનુષ્યમાં ઉત્કૃષ્ટ એક કરોડ પૂર્વનું આયુષ્ય હોય છે. મહાવિદેહક્ષેત્રમાં સદા એક સરખો કાળ હોવાથી સ્થિતિ એક સરખી ક્રોડપૂર્વની ઉત્કૃષ્ટ હોય છે. ભરત-એરવતમાં છ આરાની શરૂઆત અને અંતમાં આયુષ્ય અલગ અલગ ઓછું વધુ હોય છે.

**(૨૧) મરણ :–** બંને.

**(૨૨) ઉદ્વર્તન :–** ૨૪ દંડકમાં જાય.(યુગલિકમાં પણ જાય)

**(૨૩) ગતિ આગતિ :–** ૪ ગતિમાંથી આવે ચાર ગતિમાં જાય.

**યુગલિક મનુષ્ય સંબંધી ૨૩ દ્વારોની વિગત :–**

**(૧) શરીર**–૩. ઔદારિક, તેજસ અને કાર્મણ.

**(૨) અવગાહના**–જઘન્ય ૫૦૦ ધનુષથી થોડી વધુ અને ઉત્કૃષ્ટ ૩ ગાઉ.

દેવકુરુ–ઉત્તરકુરુ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ ૩ ગાઉ. હરિવાસ–રમ્યકવાસ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ–૨ ગાઉ, હેમવય–હેરણ્યવય ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ–૧ ગાઉ, છપ્પન અંતર્દ્વીપ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ ૮૦૦ ધનુષ. ઉત્કૃષ્ટથી જઘન્ય ચાર અંગળ ઓછા સમજવા. અવસર્પિણીના પ્રથમ આરાના પ્રારંભમાં ૩ ગાઉ અને અંતમાં ૨ ગાઉ, બીજા આરાના પ્રારંભાં ૨ ગાઉ અને અંતમાં ૧ ગાઉ. ત્રીજા આરાના પ્રારંભમાં ૧ ગાઉ અને અંતમાં ૫૦૦ ધનુષ. ચોથા આરામાં અનેક ધનુષ, પાંચમા આરામાં અનેક હાથ. છઠ્ઠા આરામાં એક હાથ અને અંતમાં મુંઢાહાથની અવગાહના હોય છે. અવસર્પિણી કાળની જેમ ઉત્સર્પિણી ના ૬ આરાની અવગાહના હોય છે. જે ક્રમશઃ ઉપયોગ રાખીને સમજવું.

**(૩) સંઘયણ :–** એક ઋષભનારચ સંઘયણ હોય છે.

**(૪) સંસ્થાન :–** સમચોરસ(પ્રમાણસર)

**(૫) કષાય :–** ચારે ય.

**(૬) સંજ્ઞા :–** ચારે ય.

**(૭) લેશ્યા :–** ચાર. કૃષ્ણ, નીલ, કાપોત અને તેજોલેશ્યા.

**(૮) ઈન્દ્રિય :–** પાંચે ય.

**(૯) સમુદ્ઘાત :–** ત્રણ.

**(૧૦) સંજ્ઞી :–** સંજ્ઞી છે.

**(૧૧) વેદ :–** બે. યુગલિક, નપુંસક નથી હોતા.

**(૧૨)પર્યાપ્તિ :–** છએ પર્યાપ્તિ છે.

**(૧૩) દષ્ટિ–** ૧ પલ્યોપમથી ૩ પલ્યોપમની સ્થિતિવાળામાં બે દષ્ટિ, પલ્યોપમથી ઓછી સ્થિતિવાળાને એક મિથ્યાદષ્ટિ.

**(૧૪) દર્શન :–** બે. ચક્ષુ, અચક્ષુ.

**(૧૫) જ્ઞાનાજ્ઞાન :–** બે જ્ઞાન, બે અજ્ઞાન.(પલ્યોપમથી ઓછી સ્થિતિ વાળાને બે અજ્ઞાન જ હોય છે)

**(૧૬) યોગ :–** ત્રણે ય .

**(૧૭) ઉપયોગ :–** બંને.





**(૧૮) આહાર :–** છએ દિશાઓમાંથી ૨૮૮ પ્રશ્નોત્તર સહિત.

**(૧૯) ઉપપાત :–** સંજ્ઞી-અસંજ્ઞી તિર્યંચમાંથી અને સંજ્ઞી મનુષ્યમાંથી આવે.

**(૨૦) સ્થિતિ :–** દેવકુરુ ઉત્તરકુરુના યુગલિકમાં ઉત્કૃષ્ટ ૩ પલ્યોપમ, હરિવાસ, રમ્યગવાસના યુગલિકમાં બે પલ્યોપમ, હેમવય, હેરણ્યવયના યુગલિકમાં એક પલ્યોપમ, છપ્પન અંતરદ્વીપમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ. જઘન્ય સ્થિતિ તેનાથી એક અંતર્મુહૂર્ત ઓછી હોય છે. ભરત-એરવત યુગલિકની જઘન્ય ક્રોડપૂર્વથી અધિક અને ઉત્કૃષ્ટ–૩ પલ્યોપમ. ત્યાં આરા અનુસાર અલગ-અલગ ગણવી. એટલે કે અવસર્પિણીના પ્રથમ આરાની શરૂઆતમાં ઉત્કૃષ્ટ હોય છે અને ત્રીજા આરાની અંતમાં પ્રથમ તીર્થંકરના જન્મ સમયની આસપાસ જઘન્ય હોય છે. ઉત્સર્પિણી કાળના ચોથા આરાની શરૂઆતમાં ૨૪ મા તીર્થંકરના મોક્ષે ગયા પછી જઘન્ય આયુષ્યના(ક્રોડપૂર્વકથી અધિક)યુગલિક હોય છે અને તેના છઠ્ઠા આરાના અંતમાં ૩ પલ્યોપમના યુગલિક હોય છે.

યુગલિક જ્યારે પણ અને જ્યાં પણ હોય છે તેમનું જઘન્ય આયુષ્ય કંઈક(અંતર્મુહૂર્ત)ઓછું હોય છે અને ઉત્કૃષ્ટ જે કહેવામાં આવે છે તે પરિપૂર્ણ હોય છે. યુગલિક જ્યાં અને જ્યારે હોય છે ત્યારે બધાની અવગાહના લગભગ સરખી હોય છે. યુગલિક સ્ત્રીઓની ચાર અંગળ ઓછી હોય છે.

**(૨૧) મરણ :–** બંને.

**(૨૨) ઉદ્વર્તન :–** દેવગતિમાં જાય. પલ્યોપમમાં આઠમા ભાગથી ઓછા આયુષ્યવાળા યુગલિક ભવનપતિ, વ્યંતરમાં જ જાય છે. તેનાથી વધુ અને દેશોન એક પલ્યોપમ સુધીવાળા ભવનપતિ, વ્યંતર કે જ્યોતિષી સુધી જાય છે. પરિપૂર્ણ એક પલ્યોપમવાળા ભવનપતિથી પ્રથમ દેવલોક સુધી જાય અને એક પલ્યોપમ સાધિક(થોડું વધારે) થી લઈને ૩ પલ્યોપમસુધીવાળા યુગલિક ભવનપતિથી લઈને બીજા દેવલોક સુધી જાય છે.

**(૨૩) ગતિ :–** ૨ ગતિમાંથી આવે એક ગતિમાં જાય.

**પ્રતિપ્રશ્ન– ત્રણ કોશના માનવ યુગલિકનો દેખાવ કેવો હોય છે ?**

**સમાધાન–** ૧૦૦૦ મીટર પગથલી(પગના તળિયા) લાંબી, ૪૦૦૦ મીટરનો કમરનો નીચેનો ભાગ, ૩૦૦૦ મીટરનું ઉપરનું શરીર, ૨૦૦૦ મીટર લાંબા

હાથ, ૧૦૦૦ મીટર ગરદનથી ઉપરનો ભાગ. ૨૫૦૦ મીટરનું એક પગલું, ઓછામાં ઓછી ૭૦૦૦ મીટર લાંબી અને ૨૦૦૦ મીટર પહોળી જગ્યા તેને સુવા માટે જોઈએ. આવા ઉત્કૃષ્ટ ૩ કોશ શરીરના યુગલિક મનુષ્યનો દેખાવ હોય છે. મનુષ્યથી હાથી, ઘોડા વગેરેનો દેખાવ તે તેના પ્રમાણમાં હોય છે.

**ઉપર મુજબના મીટર સંખ્યાનું માપ કાઢવાની રીત :** અવગાહનાનું માપ ઉત્સેધાંગુલથી ગણાય છે. એટલે કે પાંચમો આરો અર્ધો વીત્યા પછી જે પ્રમાણસર મનુષ્ય હોય તેના આંગળાની જાડાઈને ઉત્સેધાંગુલ કહેવાય છે. વર્તમાનમાં આપણો એક હાથ દોઢ ફૂટનો હોય છે. ઉત્સેધાંગુલનો હાથ લગભગ એક ફૂટનો હશે, તેનું ધનુષ્ય ચાર ફૂટનું હશે. એક કોશ ૨૦૦૦ ધનુષ, તો ત્રણ કોશ ૬૦૦૦ ધનુષનો થાય, તેના ફૂટ ગણીએ તો ૬૦૦૦×૪ ફૂટ=૨૪૦૦૦ ફૂટ=૮૦૦૦ ગજ= ૧૭૨૦ મીટર=૩ કોશના યુગલિયા ગણાય. પ્રત્યેક મનુષ્યના પગના તળિયા પોતાની લંબાઈના લગભગ સાતમા ભાગના હોય છે. એટલે કે સ્થૂલ ગણિતથી એક હજાર મીટરના પગના તળિયા કહેવામાં આવ્યા છે.

**તિર્યંચ યુગલિકોના ૨૩ દ્વારોની વિગત :–** સ્થલચર અને ખેચર એમ બે પ્રકારના યુગલિક હોય છે. બાકીના ત્રણ જલચર, ઉરપરિસર્પ, ભુજપરિસર્પમાં યુગલિક હોતા નથી. **અવગાહના–** સ્થલચર યુગલિકની જઘન્ય અનેક ધનુષ, અને ઉત્કૃષ્ટ ૬ ગાઉની. ખેચર યુગલિકની જઘન્ય પણ અનેક ધનુષ, ઉત્કૃષ્ટ પણ અનેક ધનુષની. **સ્થિતિ–** સ્થલચરની જઘન્ય એક કરોડપૂર્વ સાધિક, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ. ખેચરની જઘન્ય એક કરોડપૂર્વ સાધિક, ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ. બાકીના બધા દ્વાર મનુષ્ય યુગલિક જેવા જ હોય છે.

**દેવગતિના ચારેય જાતિના દેવોના ૨૩ દ્વારનો પરિચય :–**

**(૧) શરીર–** બધા દેવોમાં ત્રણ શરીર– વૈક્રિય, તૈજસ અને કાર્મણ.

**(૨) અવગાહના–** ભવનપતિથી બીજા દેવલોક સુધી સાત હાથની, ત્રીજા અને ચોથા દેવલોકમાં છ હાથ, પાંચમા અને છટ્ઠા દેવલોકમાં પાંચ હાથ, સાતમા અને આઠમા દેવલોકમાં ચાર હાથ, નવથી બારમા દેવલોકમાં ત્રણ હાથ, નવ ગ્રૈવેયકમાં બે હાથ. ચાર અનુત્તર વિમાનમાં એક હાથની, સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેશોન(કંઈક ઓછી) એક હાથની હોય છે.

**(૩) સંઘયણ :–** હાડકા ન હોવાથી સંઘયણ નથી. શુભ પુદ્‌ગલ પરિણમે.





**(૪) સંસ્થાન :–** સમચોરસ. ઉત્તર વૈક્રિયમાં બધા સંસ્થાન હોઈ શકે.

**(૫) કષાય :–** ચારે ય.

**(૬) સંજ્ઞા :–** ચારે ય.

**(૭) લેશ્યા :–** છએ. ભવનપતિ વ્યંતરમાં–૪, જ્યોતિષીમાં–૧ તેજોલેશ્યા, વૈમાનિકમાં–૩ તેજો, પદ્મ અને શુક્લ.

**(૮) ઈન્દ્રિય :–** પાંચે ય.

**(૯) સમુદ્‌ઘાત :–** પાંચ. આહારક અને કેવલી સમુદ્‌ઘાત નહીં.

**(૧૦) સંજ્ઞી :–** સંજ્ઞી છે. ભવનપતિ,વ્યંતરમાં થોડો સમય અસંજ્ઞી રહે છે. અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય ઉત્પન્ન થવાની અપેક્ષાએ.

**(૧૧) વેદ :–** બે. નપુંસક નહી.

**(૧૨)પર્યાપ્તિ :–** પાંચ. બોલવાની શૈલીમાં, હકીકતમાં–૬.

**(૧૩) દૃષ્ટિ–** ત્રણેય. પાંચ અનુત્તર વિમાનમાં સમયગ્દષ્ટિ એક જ.

**(૧૪) દર્શન :–** ત્રણેય.

**(૧૫) જ્ઞાનાજ્ઞાન :–** ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન.(પાંચ અનુત્તર વિમાનમાં ૩ જ્ઞાન છે, અજ્ઞાન નહીં)

**(૧૬) યોગ :–** ત્રણેય. **(૧૭) ઉપયોગ :–** બંને.

**(૧૮) આહાર :–** નિયમા છએ દિશાઓમાંથી ૨૮૮ પ્રશ્નોત્તર સહિત.

**(૧૯) ઉપપાત :–** સંજ્ઞી–અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય, સંજ્ઞી મનુષ્ય અને બંને યુગલિકોમાંથી(આ પાંચમાંથી) આવે. જ્યોતિષી અને બે દેવલોક સુધી ચારમાંથી આવે અસંજ્ઞી છોડીને. ત્રીજાથી આઠમા દેવલોક સુધી બેમાંથી, બંને યુગલિક છોડીને. તેનાથી ઉપર બધા એક મનુષ્યમાંથી આવે.

**(૨૦) સ્થિતિ :–** જઘન્ય ૧૦ હજાર વર્ષ, ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ.

**(૨૧) મરણ :–** બંને.

**(૨૨) ઉદ્‌વર્તન :–** સંજ્ઞી તિર્યંચ, સંજ્ઞી મનુષ્ય અને પૃથ્વી, પાણી, વનસ્પતિ આ પાંચમાં જાય.

**(૨૩) ગતિ આગતિ–** બે ગતિમાંથી આવે અને બે ગતિમાં જાય.

**પ્રશ્ન–૧૧ : ચાર જાતિના દેવોની જુદી-જુદી સ્થિતિ કઈ રીતે છે ?**

**ઉત્તર :** ભવનપતિ અને વ્યંતર દેવોની જઘન્ય ૧૦ હજાર વર્ષની, જ્યોતિષીમાં પલ્યોપમનો ૮ મો ભાગ. પ્રથમ દેવલોકમાં એક પલ્યોપમ, બીજા દેવલોકમાં સાધિક એક પલ્યોપમ એટલે પલ્યોપમથી કંઈક વધારે જઘન્ય સ્થિતિ હોય છે. **ઉત્કૃષ્ટ સ્થિતિ આ પ્રમાણે છે–** દક્ષિણ દિશાના અસુરકુમાર દેવોની ૧ સાગરોપમ, ઉત્તર દિશાના અસુરકુમાર દેવોની સાધિક એક સાગરોપમ, દક્ષિણ દિશાના અસુરકુમાર જાતિની દેવીઓની સાડા ત્રણ પલ્યોપમ, ઉત્તર દિશાના અસુરકુમાર દેવીઓની સાડાચાર પલ્યોપમ. દક્ષિણ દિશાના બાકીના (નવનિકાય દેવો)દોઢ પલ્યોપમ. તેની દેવીઓની પોણો પલ્યોપમ. ઉત્તર દિશાના બાકીના નવનિકાય દેવોની દેશોન બે પલ્યોપમ, તેની દેવીઓની દેશોન એક પલ્યોપમની.

વ્યંતર દેવોની ઉત્કૃષ્ટ એક પલ્યોપમ, તેની દેવીઓની અર્ધો પલ્યોપમ, જ્યોતિષીમાં ચંદ્રદેવની એક પલ્યોપમ એક લાખ વર્ષ, તેની દેવીઓની અર્ધી. સૂર્યદેવની એક પલ્યોપમ ૧ હજાર વર્ષ, તેની દેવીઓની અર્ધો પલ્યોપમ–૫૦૦ વર્ષ. ગ્રહદેવોની ઉત્કૃષ્ટ એક પલ્યોપમ, તેની દેવીઓની અર્ધો પલ્યોપમ. નક્ષત્ર દેવોની અર્ધો પલ્યોપમ અને તેની દેવીઓની પા પલ્યોપમ. તારા દેવોની ઉત્કૃષ્ટ પા પલ્યોપમ તેની દેવીઓની ઉત્કૃષ્ટ સાધિક પલ્યોપમનો આઠમો ભાગ.

પ્રથમ દેવલોકના દેવોની ઉત્કૃષ્ટ બે સાગરોપમ, તેની અપરિગ્રહિતા દેવીઓની ૫૦ પલ્યોપમ અને પરિગ્રહિતા દેવીઓની સાત પલ્યોપમની. બીજા દેવલોકના દેવોની ઉત્કૃષ્ટ બે સાગરોપમથી કંઈક અધિક, અપરિગ્રહિતા દેવીઓની ૫૫ પલ્યોપમ, પરિગ્રહિતા દેવીઓની ૯ પલ્યોપમ.

દેવીઓ બીજા દેવલોક સુધી જ છે. આગળના દેવલોકમાં દેવીઓ નથી અને આ પછી પૂર્વના દેવલોકની ઉત્કૃષ્ટ સ્થિતિ તેના પછીના દેવલોકની જઘન્ય સ્થિતિ છે, તે આ પ્રમાણે છે–

ત્રીજા દેવલોકની જઘન્ય બે સાગરોપમની ઉત્કૃષ્ટ સાત સાગરોપમ.

ચોથા દેવલોકની જઘન્ય સાધિક બે સાગરોપમ, ઉત્કૃષ્ટ સાધિક ૭ સાગરોપમ.

પાંચમા દેવલોકની જઘન્ય ૭ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૧૦ સાગરોપમ.





છટ્ઠા દેવલોકની જઘન્ય ૧૦ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૧૪ સાગરોપમ.

સાતમા દેવલોકની જઘન્ય ૧૪ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૧૭ સાગરોપમ.

આઠમા દેવલોકની જઘન્ય ૧૭ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૧૮ સાગરોપમ.

નવમા દેવલોકની જઘન્ય ૧૮ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૧૯ સાગરોપમ.

દશમા દેવલોકની જઘન્ય ૧૯ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૨૦ સાગરોપમ.

અગિયારમા દેવલોકની જઘન્ય ૨૦ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૨૧ સાગરોપમ.

બારમા દેવલોકની જઘન્ય ૨૧ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૨૨ સાગરોપમ.

પ્રથમ ગ્રૈવેયકમાં જઘન્ય ૨૨ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૨૩ સાગરોપમ.

બીજી ગ્રૈવેયકમાં જઘન્ય ૨૩ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૨૪ સાગરોપમ.

ત્રીજી ગ્રૈવેયકમાં જઘન્ય ૨૪ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૨૫ સાગરોપમ.

ચોથી ગ્રૈવેયકમાં જઘન્ય ૨૫ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૨૬ સાગરોપમ.

પાંચમી ગ્રૈવેયકમાં જઘન્ય ૨૬ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૨૭ સાગરોપમ.

છટ્ઠી ગ્રૈવેયકમાં જઘન્ય ૨૭ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૨૮ સાગરોપમ.

સાતમી ગ્રૈવેયકમાં જઘન્ય ૨૮ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૨૯ સાગરોપમ.

આઠમી ગ્રૈવેયકમાં જઘન્ય ૨૯ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૩૦ સાગરોપમ.

નવમી ગ્રૈવેયકમાં જઘન્ય ૩૦ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૩૧ સાગરોપમ.

ચાર અનુત્તર વિમાનમાં જઘન્ય ૩૧ સાગરોપમ ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ. સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોની અજઘન્ય, અનુત્કૃષ્ટ ૩૩ સાગરોપમની છે, એટલે કે ત્યાં જઘન્ય કે ઉત્કૃષ્ટ નહીં પણ એક માત્ર ૩૩ સાગરોપમની છે.

**પ્રશ્ન–૧૨ : સિદ્ધોની ૨૩ દ્વારોની વિગત કેવી રીતે છે ?**

**ઉત્તર :** સિદ્ધોમાં **શરીર** નથી. **અવગાહના–** છેલ્લા શરીરનો ૨/૩ ભાગ એટલે જઘન્ય એક હાથ આઠ આંગળ, ઉત્કૃષ્ટ ૩૩૩ ધનુષ ૩૨ આંગળ. **દષ્ટિ–** સમ્યક દષ્ટિ, **દર્શન–** કેવળદર્શન. **ઉપયોગ–** બંને. **અણાહારક** હોય છે. **ઉપપાત–** મનુષ્યમાંથી આવે. **સ્થિતિ–** સાદિ અનંત. બાકીના બોલ હોતા નથી. કારણ કે સિદ્ધને જન્મ-મરણ અને શરીર હોતા નથી.

**પ્રશ્ન–૧૩ : ત્રસ અને સ્થાવર જીવોની સ્થિતિ, કાયસ્થિતિ અને અંતર શું છે ?**

**ઉત્તર : ત્રસની સ્થિતિ**– જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ. **કાય સ્થિતિ**– જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ સાધિક ૨૦૦૦ સાગરોપમ. **અંતર**– જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ(અનંતકાલ). **ગતિ**–ત્રસ(તેઉ–વાયુ)ની સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત **કાયસ્થિતિ**–ઉત્કૃષ્ટ પૃથ્વીકાય (અસંખ્યાતકાળ) **અંતર**– ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. **સ્થાવર** જીવોની **સ્થિતિ**– જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ ૨૨૦૦૦ વર્ષ. **કાયસ્થિતિ**– ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ, **અંતર**–ઉત્કૃષ્ટ સાધિક ૨૦૦૦ સાગરોપમ.

# ✲ પ્રતિપત્તિ–ર : ત્રિવિધા જીવ ✲

**પ્રશ્ન–૧ : સંસારની સમસ્ત સ્ત્રીઓ સંબંધી પરિચય-પરિજ્ઞાન કયા પ્રકારે છે ?**

**ઉત્તર :** આ બીજી પ્રતિપત્તિમાં જીવોના ત્રણ પ્રકારમાં સ્ત્રી, પુરૂષ અને નપુંસક રૂપે વર્ણન કરેલ છે. જેમાં સ્ત્રી સંબંધી વર્ણન પ્રથમ આ પ્રમાણે કહેલ છે–

**ભેદ-પ્રભેદ**–ગતિની અપેક્ષાએ સ્ત્રીઓના ત્રણ પ્રકાર છે–તિર્યંચાણી, મનુષ્યાણી અને દેવી.**૧.** તિર્યંચાણીમાં જલચર આદિ પાંચ ભેદ. **૨.** મનુષ્યાણીમાં કર્મભૂમિ, અકર્મભૂમિ અને અંતરદ્વીપમાં જન્મતી સ્ત્રીઓ, આ ત્રણ મુખ્ય ભેદ છે. પછી પાંચ ભરત આદિ ૧૦૧ ક્ષેત્ર સંબંધી ભેદાનુભેદ કરવામાં આવ્યા છે. **૩.** દેવીના ભવનપતિ આદિ ચાર મુખ્ય ભેદ છે. પછી અસુરકુમારની દેવીથી લઈને બીજા દેવલોકની દેવીઓ સુધી અનેક ભેદાનુભેદ કહેલ છે.

**સ્થિતિ– ૧.** સમુચ્ચય સ્ત્રી(ત્રણે પ્રકારની ગતિ સહિત) જઘન્ય અંતમુહૂર્ત, ઉત્કૃષ્ટ ૫૫ પલ્યોપમ, બીજા દેવલોકની અપેક્ષાએ. [***અહિં ૫૫, ૫૦, ૯, ૭ એમ ચાર વિકલ્પ આપવામાં આવ્યા છે. આ લખાણમાં ખોટું અને ભ્રમયુકત ચલણ ચાલુ થઈ ગયું છે. કેમ કે આગમકારોની સાવ સીધી પદ્ધતિ છે. જેમાં સમસ્ત સ્ત્રીઓમાં જે ઉત્કૃષ્ટ હોય તે એક જ સમુચ્ચમાં કહી દેવામાં આવે છે. જેમ કે સમુચ્ચ સ્થાવરની ઉત્કૃષ્ટ સ્થિતિ પૃથ્વીની અપેક્ષાએ ૨૨૦૦૦ વર્ષની કહેવામાં આવેલ છે. ત્રસમાં ઉત્કૃષ્ટ ૩૩ સાગર, નરક અને દેવની અપેક્ષાએ માત્ર એક જ કહેવામાં આવી છે. તો પછી દેવીના – અહિં સ્ત્રીમાં ચાર વિકલ્પો બતાવવા એ પ્રસંગ સંગત નથી. એક ઉત્કૃષ્ટ ૫૫ પલ્યોપમ કહેવું એ પ્રાસંગિક શાસ્ત્રીય પદ્ધતિ અનુસાર છે. દેવી સ્થિતિના ચાર વિકલ્પ અહિં સમુચ્ચ સ્ત્રીમાં કયાંક અશુદ્ધિ તેમજ મતિભ્રમથી***





***ચલાવવામાં આવેલ છે. આવા કેટલાયે દોષ લેખન કાળમાં છદ્મસ્થતાને કારણે થયા હશે, આવું માનવામાં જ આગમની પ્રસંગસંગત નિરૂપણા કાયમ રહે છે.***]

**૨. તિર્યંચ સ્ત્રીની સ્થિતિ**– જઘન્ય અંતર્મુહૂર્ત. ઉત્કૃષ્ટ ૩ પલ્યોપમ, જલચર આદિના ભેદથી પ્રથમ પ્રતિપતિની જેમજ સમજી લેવું.

**૩. સામાન્ય મનુષ્યાણીની** સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત. ઉત્કૃષ્ટ ૩ પલ્યોપમની. ધર્માચરિણી સ્ત્રી(સાધ્વી) ની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ દેશોન ક્રોડ પૂર્વ, ૧૫ કર્મ ભૂમિમાં પણ આજ રીતે બંને પ્રકારે (સામાન્ય અને ધર્માચરિણી) સમજવું. **અકર્મભૂમિમાં** અને અંતરદ્વીપમાં જન્મ અને સંહરણ એમ બે અપેક્ષાથી કથન કરેલ છે. જન્મની અપેક્ષાએ એક ઉત્કૃષ્ટ સ્થિતિનું જ કથન છે. ત્રણ પલ્ય, બે પલ્ય, એક પલ્ય અને પલ્યનો અસંખ્યાતમો ભાગ. આ ઉત્કૃષ્ટ સ્થિતિથી જઘન્ય સ્થિતિ કંઈક(અંતર્મુહૂર્ત) ઓછી હોય છે. સંહરણની અપેક્ષાએ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ દેશોન ક્રોડપૂર્વની સ્થિતિ હોય છે અર્થાત્ કોઈનું સંહરણ કરીને યુગલિક ક્ષેત્રમાં રાખેલ હોય અને ત્યાં જઘન્ય અંતર્મુહૂર્તમાં મૃત્યુ પામે અથવા પાછા લઈ જાય. ઉત્કૃષ્ટ–દેશોન ક્રોડપૂર્વ તે ત્યાં યુગલિક ક્ષેત્રમાં જીવી શકે છે.

**૪. ભવનપતિ વગેરે** દેવીની સ્થિતિ પોતપોતાના સ્થાન અનુસાર હોય છે. જે પ્રતિપત્તિ એક પ્રશ્ન–૧૧ માં કહેલ છે. સ્થિતિ પુરા એક ભવની હોય છે અને કાયસ્થિતિ તે તે અવસ્થા(ભાવો)ની એક કે અનેક ભવની હોય છે.

**સ્ત્રીની કાયસ્થિતિ આ પ્રકારે છે– ૧.** સમુચ્ય સ્ત્રીની કાયસ્થિતિ જઘન્ય એક સમયની હોય છે. એક જ ભવમાં સ્ત્રીના ભાવોમાં થતાં પરિવર્તનની અપેક્ષાએ આ સ્થિતિ કહેલ છે. ઉત્કૃષ્ટ અનેક ભવમાં ૧૧૦ પલ્યોપમ અને અનેક ક્રોડપૂર્વ અધિક, મધ્યમ રૂપમાં ૧૦૦ પલ્યોપમ, ૧૮ તેમજ ૧૪ પલ્યોપમ સાધિક અનેક ક્રોડપૂર્વ. સ્ત્રીના લગતાર આઠભવ થઈ શકે છે. જેમાં બે દેવીના ઉત્કૃષ્ટ સ્થિતિના ભવ અને બાકીના ૬ મનુષ્ય, તિર્યંચના ભવ. તેમાં પણ ૫ ભવ ક્રોડપૂર્વની ઉંમરવાળા અને ૬ ઠો ભવ ૩ પલ્યોપમની યુગલાણીનો અને નવમો ભવ સ્ત્રીપણું છોડીને દેવનો થાય. એટલા માટે કુલ આઠ ભવના ૧૧૦ પલ્યોપમ અને અનેક ક્રોડપૂર્વ (૫ + ૩ પલ્યોપમ). અહિં ૧૧૦ પલ્યોપમથી ઉપરના કાળને મૂળપાઠમાં નગણ્ય કરીને ૧૧૦ પલ્યોપમ જ કહી દેવામાં આવ્યા છે. તેમ છતાં ૧૧૦ માં બે દેવીના ભવ લગાતાર થઈ શકે નહીં. વચમાં મનુષ્યાણી

કે તિર્યંચાણીનો ભવ થવો જરૂરી છે. તેથી મૂલપાઠના શબ્દોને અપેક્ષાથી અને આગમના આશયથી સમજવા જોઈએ. ***અહીં પણ મૂળપાઠમાં ઉત્કૃષ્ટ કાયસ્થિતિના પાંચ વિકલ્પો કહ્યા છે. હકીકતમાં તેની પણ જરૂર નથી. તે બધી સ્થિતિઓનો મધ્યમ કાયસ્થિતિમાં સમાવેશ થાય છે. વિશેષ સમાધાન આ પ્રશ્નના સ્થિતિ શીર્ષકમાં કરી દેવામાં આવેલ છે.***

**૨. તિર્યંચાણીની કાયસ્થિતિ** જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૩ પલ્યોપમ સાધિક અનેક ક્રોડપૂર્વ વર્ષ. અહીં ૭ ભવ સામાન્ય તિર્યંચાણીના અને આઠમો ભવ યુગલિક સ્ત્રીનો સમજવો. નવમો ભવ દેવગતિનો થઈ જાય છે.

**૩. સામાન્ય મુનષ્યાણીની** કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ૩ પલ્યોપમ અને અનેક ક્રોડપૂર્વ, તિર્યંચાણીની જેમ સમજવી. ધર્મચારિણી (સાધ્વી) મનુષ્યાણીની કાયસ્થિતિ જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ દેશોન ક્રોડપૂર્વ, સાધ્વીનો એક જ ભવ થાય છે. બીજો ભવ શરૂ થતાં જ સામાન્ય સ્ત્રી થઈ જાય છે.

**અકર્મભૂમિજ મનુષ્યાણીની** કાયસ્થિતિ જન્મની અપેક્ષાએ સ્થિતિની જેમ જ હોય છે. સંહરણની અપેક્ષા જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ ૩ પલ્યોપમ સાધિક દેશોન ક્રોડપૂર્વ. સંહરણ કરીને લાવેલી સ્ત્રી અંતર્મુહૂર્તમાં કાળ કરીને અન્યત્ર બીજે ગમે ત્યાં જઈ શકે છે. ઉત્કૃષ્ટમાં પોતાનો પૂરો દેશોન ક્રોડપૂર્વનો ભવ ત્યાં વિતાવી શકે છે અને પાછી ત્યાં ૩ પલ્યોપમની યુગલિક સ્ત્રી બની શકે છે. ત્યારે ત્યાં ઉત્કૃષ્ટ કાયસ્થિતિ બને છે.

**૪. દેવીની કાયસ્થિતિ** તેની સ્થિતિ જેવી જ હોય છે. કેમ કે દેવોમાં લગાતાર અનેક ભવ થઈ શકતા નથી. એક ભવ દેવનો કરીને તિર્યંચ કે મનુષ્ય ભવ થવો જરૂરી છે. તેથી દેવોની ભવસ્થિતિ અને કાયસ્થિતિ એક સરખી કહેવામાં આવી છે. ખરેખર તો તેઓની કાયસ્થિતિ હોતી જ નથી. માત્ર સ્થિતિ જ હોય છે.

**અંતરકાલ :** જીવ સ્ત્રીપણું છોડીને પુઢષ કે નપુંસકનો ભવ કરી, ફરીથી સ્ત્રીપણું પામે તેના વચ્ચેના કાળને સમુચ્ચય સ્ત્રીનું અંતર કહેવામાં આવે છે. તે જ રીતે તિર્યંચાણી અન્ય બીજા ભવ ભ્રમણ કરી ફરી પાછી તિર્યંચાણી બને તે વચ્ચેનો કાલ તિર્યંચાણીનો અંતરકાલ કહેવાય છે. મનુષ્યાણી અને દેવીનો અંતરકાળ પણ આવી જ રીતે સમજવો.

**સમુચ્ચય સ્ત્રીનો** અંતર જઘન્ય એક સમય, તિર્યંચાણી, મનુષ્યાણી અને





દેવીનો અંતરકાલ જઘન્ય અંતર્મુહૂર્તનો હોય છે. ઉત્કૃષ્ટમાં તે નપુસંકમાં જાય તો વનસ્પતિકાળ જેટલો હોય છે. ધર્માચરિણી(સાધ્વી)નો અંતરકાલ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ દેશોન અર્ધ પુદ્‌ગલ પરાવર્તન કાળ હોય છે. જો પાછી સ્ત્રી ન બને અને પુરૂષ થઈને મોક્ષે જાય તો અંતર કાળ બનતો નથી.

**નોટ :–** એક સમયની કાયસ્થિતિ પ્રાયઃ સ્વભાવતઃ સંયમભાવમાં એટલે કે છટ્ઠા ગુણસ્થાનેથી લઈને આગળના ગુણસ્થાનકોમાં થઈ શકે છે, તેમાં પણ કોઈક ભાવ એક સમયના થતા નથી જેમ કે પુઢષવેદ વગેરે એ સ્વાભાવિક છે. નીચેના ગુણસ્થાનકોમાં વેદ વગેરેનો એક સમયનો ભાવ લગભગ હોતો નથી. કોઈક ભાવમાં જ તે પણ મરણની અપેક્ષાએ એક સમય હોય છે.

**દેવીનું અંતર–** જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ વનસ્પતિકાય. દેવી મૃત્યુ પામીને અંતર્મુહૂર્તનો તિર્યંચ બની ફરી દેવી બની શકે છે. તેમજ અનંતકાળ વનસ્પતિમાં ભવભ્રમણ કરીને દેવી બની શકે છે.

**અલ્પબહુત્વ–** લોકમાં સૌથી ઓછી મનુષ્યાણી, તેનાથી અસંખ્યગણી તિર્યંચાણી અને તેનાથી અસંખ્ય ગણી દેવી હોય છે. (જયોતિષીની અપેક્ષા).

**સ્ત્રી વેદનો બંધ :–** જઘન્ય બંધ (એકેન્દ્રિયની અપેક્ષા) એક સાગરોપમનો સાતમા ભાગનો દોઢ ભાગ. ૧$\frac{૧}{૨}$/૭ અને તેમાં પણ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઓછું. ઉત્કૃષ્ટબંધ (પંચેન્દ્રિય સંજ્ઞીની અપેક્ષા) ૧૫ ક્રોડાક્રોડી સાગરોપમ, અબાધા કાળ ૧૫૦૦ વર્ષનો અર્થાત્ ૧૫૦૦ વર્ષની સ્થિતિ સુધી પ્રદેશબંધ કે પ્રદેશ ઉદય પણ થતો નથી. એકેન્દ્રિય બેઈન્દ્રિય આદિને જઘન્ય બંધમાં જેટલા સાગરોપમના ભાગ હોય, તેમાં એક પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઓછો બંધ કરે છે અને ઉત્કૃષ્ટમાં જેટલા સાગરોપમ હોય તેટલાના સાતમાં ભાગનો દોઢ ભાગ પૂરેપૂરો બંધ કરે છે.

**કામાગ્નિ–** સ્ત્રી વેદનો સ્વભાવ કરીષ અગ્નિ (બકરીના છાણનો અગ્નિ) જેવો હોય છે. તે અગ્નિ પ્રગટીને જલ્દી સમાપ્ત થઈ જાતો નથી પરંતુ લાંબા સમય સુધી જલતો રહે છે. આ જ રીતે સ્ત્રીનો કામાગ્નિ સદા ઉદીપ્ત રહે છે.

**પ્રશ્ન–૨ : સંસારના સમસ્ત પુઢષ સંબંધી પરિચય(પરિજ્ઞાન) કઈ રીતે છે ?**

**ઉત્તર :** પુરૂષ ત્રણ પ્રકારના હોય છે. તિર્યંચ, મનુષ્ય અને દેવ. તેના ભેદ-પ્રભેદ સ્ત્રીના પ્રશ્નમાં કહ્યા પ્રમાણે છે. **સ્થિતિ :–** (૧) સમુચ્ચય પુઢષની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ (૨) તિર્યંચ પુઢષની સ્થિતિ પાંચે ય ભેદોની તિર્યંચાણીની કહી તેમ (૩) મનુષ્યની સ્થિતિના મનુષ્યાણી સમાન, અકર્મભૂમિમાં પણ સ્ત્રીની સમાન. (૪) દેવોની સ્થિતિ જઘન્ય દશ હજાર વર્ષ ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ.

**કાયસ્થિતિ :–** (૧) સમુચ્ચય પુઢષની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ અનેક સો સાગરોપમ સાધિક (૨) તિર્યંચ પુઢષની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ ૩ પલ્યોપમ અને સાધિક સાતક્રોડપૂર્વ. (૩) સામાન્ય મનુષ્યની તિર્યંચ પુરૂષ સમાન કાયસ્થિતિ છે. ધર્મચારી (સાધુ) ની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ દેશોન ક્રોડપૂર્વ. અકર્મભૂમિના પુઢષની કાયસ્થિતિ અકર્મભૂમિની સ્ત્રી સમાન જાણવી (૪) દેવોમાં સ્થિતિની સમાન જ કાયસ્થિતિ હોય છે.

**અંતર :–** સમુચ્ચય પુરૂષનો જઘન્ય એક સમય, તિર્યંચ મનુષ્ય અને દેવ પુઢષનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ વનસ્પતિકાલ. ધર્મચારી(સાધુ) મનુષ્યનું અંતર જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ દેશોન અર્ધપુદ્‌ગલ પરાવર્તન. અકર્મ-ભૂમિના પુઢષનું અંતર તેમની સ્ત્રી સમાન છે. **દેવોનું અંતર–** આઠમાં દેવલોક સુધી જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. નવમાં દેવલોકથી ગ્રૈવેયક સુધી અંતર જઘન્ય અનેકવર્ષ, ઉત્કૃષ્ટ વનસ્પતિ કાળ. અનુત્તર દેવોનું અંતર જઘન્ય અનેક વર્ષ, ઉત્કૃષ્ટ સાધિક સંખ્યાતા સાગરોપમ.

**અલ્પબહુત્વ :–** સૌથી થોડા મનુષ્ય, તેનાથી તિર્યંચ પુઢષ અસંખ્યાતગણા અને તેનાથી દેવપુરૂષ અસંખ્યાત ગણા, જયોતિષીની અપેક્ષા.

**પુરૂષ વેદનો બંધ :–** જઘન્ય આઠ વર્ષ, ઉત્કૃષ્ટ દશ ક્રોડાક્રોડી સાગરોપમ, અબાધા કાળ એક હજાર વર્ષ.

**કામાગ્નિ :–** વનના દાવાનળનો અગ્નિ તીવ્ર હોય છે પરંતુ વનને બાળીને જલ્દી શાંત થઈ જાય છે. તેવી જ રીતે પુરૂષનો કામાગ્નિ બહુ આવેગવાળો હોય પરંતુ વીર્ય ક્ષય થવાથી એકવાર તે શાંત થઈ જાય છે.

**પ્રશ્ન :– ૩ : સંસારના સમસ્ત નપુંસકોનું પરિચય-પરિજ્ઞાન કેવી રીતે છે ?**





**ઉત્તર :** નપુંસક ત્રણ પ્રકારના હોય છે – (૧) નારકી (૨) તિર્યંચ (૩) મનુષ્ય. સાત નરકના સાત ભેદ છે. તિર્યંચના પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય વગેરે ભેદો છે. મનુષ્યના કર્મભૂમિ આદિ ભેદો છે.

**સ્થિતિ :–** (૧) સમુચ્ચય નપુંસકની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ. (૨) નૈરયિક નપુંસકની સ્થિતિ જઘન્ય દશ હજાર વર્ષ ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ. (૩) તિર્યંચ નપુંસકની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ કરોડપૂર્વ. (૪) સામાન્ય મનુષ્ય નપુંસકની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ કરોડપૂર્વ. ધર્મચારી મનુષ્ય નપુંસકની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ દેશોન કરોડપૂર્વ. અકર્મભૂમિ આદિના નપુંકની સ્થિતિ જન્મની અપેક્ષાએ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્ત(સમૂચ્છિર્મ મનુષ્યની અપેક્ષાએ). સંહરણની અપેક્ષાએ– સંજ્ઞી મનુષ્ય નપુંસકનું સંહરણ થાય છે. સંમુર્છિમનું સંહરણ થતું નથી. જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ દેશોન કરોડ પૂર્વ.

**કાયસ્થિતિ :–** (૧) સમુચ્ચય નપુંસકની કાયસ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ વનસ્પતિકાય (૨) નૈરયિક નપુંસકની જઘન્ય દશ હજાર વર્ષ ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ. (૩) તિર્યંચ નપુંસકની જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ વનસ્પતિ કાળ. ૪ સ્થાવરની અસંખ્યકાળ છે અને વનસ્પતિની અનંતકાળ છે. વિકલેન્દ્રિયની સંખ્યાતા કાલ છે. પંચેન્દ્રિય તિર્યંચની અનેક(આઠ) કરોડપૂર્વ. (૪) સામાન્ય મનુષ્ય નપુસંકની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનેક(આઠ) કરોડપૂર્વ. ધર્મચારીની જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ દેશોન કરોડપૂર્વ અકર્મભૂમિ આદિના મનુષ્ય નપુંસકની જન્મની અપેક્ષા કાયસ્થિતિ જઘન્ય અંતમુહૂર્ત અને ઉત્કૃષ્ટ પણ અંતમુહૂર્ત. સંહરણની અપેક્ષા જઘન્ય અંતમુહૂર્ત ઉત્કૃષ્ટ દેશોન કરોડપૂર્વ.

**અંતર–** સમુચ્ચય નપુસંકનું અંતર જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અનેક સો સાગરોપમ. નારકીનું અંતર જઘન્ય અંતરમુહૂર્ત ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. તિર્યંચ નપુંસકનું અંતર જઘન્ય અંતમુહૂર્ત ઉત્કૃષ્ટ અનેક સો સાગરોપમ. એકેન્દ્રિયનું અંતર ઉત્કૃષ્ટ બે હજાર સાગરોપમ સંખ્યાતા વર્ષ અધિક. ચાર સ્થાવરનું અંતર ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. વનસ્પતિનું ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ. બેઈન્દ્રિય આદિનું ઉત્કૃષ્ટ અંતર વનસ્પતિકાય. સામાન્ય મનુષ્ય નપુંસકનું અંતર જઘન્ય અંતમુહૂર્ત ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ. ધર્મચારીનું જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ દેશોન અર્ધ-

પુદ્ગલ પરાવર્તન. અકર્મભૂમિ નપુંસકનું અંતર જન્મની અપેક્ષાએ અને સંહરણની અપેક્ષાએ જઘન્ય અંતમુહૂર્ત ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ છે.

**અલ્પબહુત્વ–** સૌથી થોડા મનુષ્ય નપુંસક, નારકી અસંખ્યગુણ, તિર્યંચ અનંતગુણ.

**નપુંસક વેદનો બંધ–** એક સાગરોપમનો ૨/૭ ભાગ, પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઓછો. ઉત્કૃષ્ટ વીશ ક્રોડાક્રોડી સાગરોપમ. આબાધાકાળ બે હજાર વર્ષ.

**કામાગ્નિ–** મહાનગરમાની આગનો આવેગ વધુ હોય છે અને ઘણા સમય સુધી ચાલે છે તેમ નપુંસક વ્યક્તિના કામાગ્નિનો આવેગ અમર્યાદ હોય છે અને તેની શાંતિ પણ જલ્દી થતી નથી.

# પ્રતિપત્તિ–૩ : ચતુર્વિધા જીવ

## પ્રશ્ન–૧ : આ પ્રતિપતિનો પરિચય શું છે ?

**ઉત્તર :** અહીં ચાર ગતિના આધારે જીવના ચાર પ્રકાર હોય છે. સાથે સાથે નરક ક્ષેત્ર, મનુષ્યમાં અંતરદ્વીપ કહેવાતા યુગલિક ક્ષેત્ર, દ્વીપસમુદ્ર, ચાર જાતિના દેવોના રહેવાના સ્થળો, આ સર્વેયના ક્ષેત્રીય વર્ણન વિસ્તારપૂર્વક આપવામાં આવેલ છે. તેમજ જીવોના ભેદ-પ્રભેદ તથા તે સંબંધી સ્થિતિ આદિ તાત્વિક વર્ણન પણ આપેલ છે. સર્વપ્રથમના ત્રણ ઉદ્દેશકોમાં નરક સંબંધી વર્ણન છે અને ચોથા ઉદ્દેશકમાં બાકીની ત્રણે ગતિ સંબંધી વિસ્તાર છે. તેથી આ ત્રીજી પ્રતિપતિ અને તેમાંયે ચોથો ઉદ્દેશક અતિ વિશાળ બની ગયેલ છે, જેમાં અનેક વિષયો સ્પષ્ટ થયા છે.

વિશેષમાં ભવનપતિ અને વ્યંતર દેવોનું ક્ષેત્રીય વર્ણન, લેખનકાળના સમયમાં અહીં સંક્ષિપ્ત કરી દેવામાં આવ્યું છે. જેના માટે પ્રજ્ઞાપના સૂત્રના બીજા પદ(સ્થાનપદ)નો નિર્દેશ કરવામાં આવેલ છે. હકીકતમાં તે પદના નામ(સ્થાન પદ) પ્રમાણે જીવોના નિવાસ સ્થાનોનું ત્યાં વિશેષ વર્ણન હોય તે યોગ્ય છે. સરવાળે એમ પણ કહી શકાય કે આ ત્રીજી પ્રતિપત્તિના અધ્યયન–સ્વાધ્યાય વગર જૈન ખગોળ, ભૂગોળ સંબંધી જ્ઞાન અપૂર્ણ રહી જાય. આવા મહત્વપૂર્ણ વિષયો સંબંધી ખજાનો આ પ્રતિપતિમાં શાસ્ત્રકારોએ ભરેલ છે.





## પ્રશ્ન–૨ : નરકની સાત પૃથ્વી અને તેના નરકાવાસોની માહિતી અહીં કઈ રીતે આપવામાં આવી છે ?

**ઉત્તર :** નરક સાત છે–પહેલી નરક, બીજી નરક, ત્રીજી નરક, ચોથી નરક પાંચમી નરક, છટ્ઠી નરક અને સાતમી નરક. તેના **નામ–** (૧) ઘમ્મા (૨) વંશા (૩)શૈલા (૪) અંજના (૫) રિટ્ઠા (૬) મઘા (૭) માઘવતી. **ગોત્ર–** (૧) રત્નપ્રભા (૨) શર્કરા પ્રભા (૩) વાલુકા પ્રભા (૪) પંકપ્રભા (૫) ધૂમપ્રભા (૬) તમપ્રભા (૭) તમતમાપ્રભા.

**પૃથ્વી પિંડ–** સાતે નરકના પૃથ્વી પિંડની જાડાઈ– (૧) ૧,૮૦,૦૦૦ (૨) ૧,૩૨,૦૦૦ (૩) ૧,૨૮,૦૦૦ (૪) ૧,૨૦,૦૦૦ (૫) ૧,૧૮,૦૦૦ (૬) ૧,૧૬,૦૦૦ (૭) ૧,૦૮,૦૦૦ યોજનની છે. તે સાતે ય પૃથ્વીઓ અસંખ્ય યોજનની લાંબી પહોળી અને ગોળાકાર છે અને અસંખ્ય યોજનની પરિધિ છે. પૃથ્વી પિંડની જાડાઈ સર્વત્ર સમાન છે.

**કાંડ–** પહેલી નરકમાં ત્રણ કાંડ છે– (૧) ખરકાંડ (૨) પંકકાંડ (૩) અપ્બહુલ કાંડ. ખરકાંડ ૧૬,૦૦૦ યોજનનો છે, પંકકાંડ ૮૪,૦૦૦ યોજનનો છે, અપ્બહુલકાંડ ૮૦,૦૦૦ યોજનનો છે. ખરકાંડના ૧૬ વિભાગ છે– (૧) રત્ન કાંડ (૨) વ્રજ (૩) વૈડૂર્ય (૪) લોહિતાક્ષ (૫) મસારગલ્લ (૬) હંસગર્ભ (૭) પુલક (૮) સૌગંધિક (૯) જ્યોતિરસ (૧૦) અંજન (૧૧) અંજનપુલક (૧૨) રજત (૧૩) જાતરૂપ (૧૪) અંક (૧૫) ફલિહ(સ્ફટિક) (૧૬) રિષ્ટ. આ ૧૬ જાતિના રત્નોના ૧૬ વિભાગ છે. તે પ્રત્યેક એક-એક હજાર યોજન જાડા છે.

પ્રથમ નરકના પૃથ્વીપિંડના એક લાખ એંસી હજાર યોજન ભૂમિભાગના આ ત્રણ વિભાગ છે. આ ત્રણે વિભાગના પૃથ્વી સ્વભાવ, પુદ્ગલ આદિમાં ભિન્નતા છે. શેષ ૬ નરકમાં આ અંતર નથી, માટે તેમાં કાંડ નથી.

**નરકાવાસ :–** નારકીના રહેવાના નગર જેવા સ્થાનને નરકાવાસ કહેવાય છે. તે સંખ્યાતા અને અસંખ્યાતા યોજનના વિસ્તારવાળા છે. બહારથી ચોરસ આદિ છે, અંદરથી ગોળ છે. તે પંક્તિબદ્ધ અને પુષ્પાવકીર્ણ(પ્રકીર્ણ) પણ છે. પંક્તિબદ્ધ નરકાવાસો ત્રિકોણ, ચોરસ અને ગોળ છે. પ્રકીર્ણ નરકાવાસો વિવિધ સંસ્થાન-વાળા છે. સાતે નરકમાં તેની સંખ્યા ક્રમશઃ આ પ્રમાણે છે– (૧) ૩૦ લાખ (૨) ૨૫ લાખ (૩) ૧૫ લાખ (૪) ૧૦ લાખ (૫) ૩ લાખ (૬) ૧ લાખમાં ૫

ઓછા (૭) પાંચ નરકાવાસા છે, તેના નામ– કાલ, મહાકાલ, ઢદ્ર, મહાઢદ્ર, અપ્રતિષ્ઠાન.

**પ્રશ્ન–૩ : સાત નરકની પૃથ્વીઓની નીચે અને ચોતરફ ક્રમશઃ ઘનોદધિ પિંડ અને વલયો કેવી રીતે આવેલા છે ?**

**ઉત્તર :** આ સાત નરકની સાતે પૃથ્વીઓની નીચે ઘનોદધિ આદિ પિંડ સ્વરૂપે આવેલા છે અને આ સાતે નરકની પૃથ્વીની ચારે તરફ ઘનોદધિ આદિના વલયો આવેલા છે. આ પિંડ અને વલય પોત પોતાની રીતે સંપૂર્ણ સ્વતંત્ર છે. ઘનોદધિ આદિ પિંડ પૃથ્વીની નીચે આધારરૂપે રહીને પૃથ્વીની લંબાઈ–પહોળાઈ જેવડા છે અને તેની જાડાઈ જુદી જુદી છે. અર્થાત્ ઘનોદધિ પિંડની જાડાઈ ૨૦,૦૦૦ યોજનની છે. ઘનવાય પિંડની જાડાઈ અસંખ્ય યોજનની છે. તેના પછી તનવાયુ અને આકાશની જાડાઈ નીચાણમાં અસંખ્ય-અસંખ્ય યોજનની છે.

ઘનોદધિ આદિ ત્રણેય વલયો બંગડીના આકારે નરક પૃથ્વીને ચારે તરફ ક્રમશઃ (પહેલા ઘનોદધિ, પછી ઘનવાયુ અને પછી તનવાયુ) ઘેરી લીધેલ છે. ત્રીજા તનવાયના વલય પછી અલોક અને આલોકાકાશ આવેલ છે. એટલે કે તનવાયના કિનારા પછી લોકનો છેડો(અંત) આવી જાય છે. આ ત્રણે વલયોની ઉંચાઈ નરક પૃથ્વીપિંડની જાડાઈ જેટલી હોય છે અને સાતે ય નરકના ત્રણેય વલયોની જાડાઈ જુદી જુદી હોય છે. આ વિગતને સરળતાથી સમજવા માટે નીચે આપેલ કોષ્ટક જુઓ.

**નરકના વલયોની પહોળાઈ :–**

| નરક | ઘનોદધિ વલય | ઘનવાત વલય | તનુવાત વલય | કુલ પહોળાઈ |
|---|---|---|---|---|
| ૧ | ૬ યોજન | + $૪\frac{૧}{૨}$ યોજન | + $૧\frac{૧}{૨}$ યોજન = | ૧૨ યોજન |
| ૨ | $૬\frac{૧}{૩}$ યોજન | + $૪\frac{૩}{૪}$ યોજન | + $૧\frac{૧}{૨}+\frac{૧}{૧૨}$ યોજન = | $૧૨\frac{૨}{૩}$ યોજન |
| ૩ | $૬\frac{૨}{૩}$ યોજન | + ૫ યોજન | + $૧\frac{૧}{૨}+\frac{૨}{૧૨}$ યોજન = | $૧૩\frac{૧}{૩}$ યોજન |
| ૪ | ૭ યોજન | + $૫\frac{૧}{૪}$ યોજન | + $૧\frac{૩}{૪}$ યોજન = | ૧૪ યોજન |
| ૫ | $૭\frac{૧}{૩}$ યોજન | + $૫\frac{૧}{૨}$ યોજન | + $૧\frac{૩}{૪}+\frac{૧}{૧૨}$ યોજન = | $૧૪\frac{૨}{૩}$ યોજન |
| ૬ | $૭\frac{૨}{૩}$ યોજન | + $૫\frac{૩}{૪}$ યોજન | + $૧\frac{૩}{૪}+\frac{૨}{૧૨}$ યોજન = | $૧૫\frac{૧}{૩}$ યોજન |
| ૭ | ૮ યોજન | + ૬ યોજન | + ૨ યોજન = | ૧૬ યોજન |





આ પ્રકારના વલયો કેવળ સાત નરકની પૃથ્વીઓની ચારે બાજુ દિવાલની જેમ (બાઉન્ડ્રી રૂપે) આવેલ છે. તે સિવાય ૧૪ રાજુના લોકમાં કયાંય પણ વલયો આવેલ નથી. ભગવતી સૂત્ર અને પ્રજ્ઞાપના સૂત્ર અનુસાર પણ ઘનોદધિ, ઘનવાયુ અને તનવાયુના કુલ ૭–૭ (અર્થાત્ ૭ × ૩ = ૨૧) વલય (જુદા–જુદા) સાત નરકની પૃથ્વીઓના જ છે.

આ સિવાય નરકની નીચે ઘનોદધિ, ઘનવાયુ અને તનવાયુના જે પિંડ છે તેને ચારે બાજુ પણ વલયો નથી. તે સિવાય દેવલોક, સિદ્ધશિલા કે લોકમાં કયાંય પણ વલયો આવેલ નથી, આ વાત સૈદ્ધાંતિક છે. પરંપરામાં દિગંબર માન્યતાના અનુસરણથી આખા લોકને ૩(ત્રણ) વલય કહેવામાં આવે છે, જે શાસ્ત્રથી સાબિત નથી.

પ્રથમ નરકના પૃથ્વીપિંડના ચરમાંતથી ચારે દિશાઓમાં અલોક ૧૨ યોજન દૂર છે અને સાતમી નરકના પૃથ્વીપિંડના ચરમાંતથી ૧૬ યોજન દૂર છે.

**સંસ્થાન :–** પૃથ્વીપિંડ અને તેની નીચે રહેલા ઘનોદધિ આદિ ઝાલરના આકારે છે અને ચારે બાજુ રહેલા ઘનોદધિ આદિ વલયાકારે છે.

**ઉપસંહાર :–** વ્યવહાર રાશિની અપેક્ષાથી તથા બહુલતાની દષ્ટિથી આ નરક સ્થાનોમાં સર્વ જીવ ઉત્પન્ન થઈ ચૂક્યા છે. આ સર્વે નરકસ્થાન શાશ્વત અને અનાદિ છે. **પ્રથમ નરકથી બીજી નરક જાડાઈમાં થોડી ઓછી છે, વિસ્તાર**ની અપેક્ષાથી વિશેષાધિક છે. આ પ્રમાણે આગળ આગળની નરકમાં સમજી લેવું.

**પ્રશ્ન–૪ : સાતે ય નરક પૃથ્વીમાં આવેલા આંતરા-પાથડાનું સ્વરૂપ કેવા પ્રકારે છે ?**

**ઉત્તર :** નરક પૃથ્વીના ઉપરના ભાગને **છત,** નીચે તળિયાના ભાગને **ઠીકરી,** અને તેની વચ્ચે મકાનના માળની જેમ જેટલા વિભાગ હોય તેને **પાથડા**– પ્રસ્તટ કહે છે. બે પાથડાની વચ્ચેના ભાગને આંતરા કહે છે. પાથડા દરેક નરકમાં છે. આંતરા છ નરકમાં છે. સાતમી નરકમાં નથી. ઉપરની છત અને નીચેની ઠીકરી સર્વ નરકમાં છે. સર્વ પ્રથમ ઉપર છત ત્યાર બાદ પાથડા, આંતરા, પાથડા એ પ્રમાણે છે. અંતમાં પાથડા અને ત્યાર બાદ ઠીકરી છે. સાતમી નરકમાં ઉપર છત પછી પાથડો અને નીચે ઠીકરી છે. તેના માપ યોજનામાં આ પ્રમાણે છે.

## છત, આંતરા, પાથડાનું પરિમાણ :–

| નરક | છત અને ઠીકરી | પાથડા | પાથડાનું માપ | આંતરા | આંતરાનું માપ | પૃથ્વીપિંડ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧000×૨ | ૧૩ × | ૩000 | ૧૨ × | ૧૧,૫૮૩ $\frac{૧}{૩}$ = | ૧,૮૦,000 |
| ૨ | ૧000×૨ | ૧૧ × | ૩000 | ૧૦ × | ૯,૭00 = | ૧,૩૨,000 |
| ૩ | ૧000×૨ | ૯ × | ૩000 | ૮ × | ૧૨, ૩૭૫ = | ૧,૨૮,000 |
| ૪ | ૧000×૨ | ૭ × | ૩000 | ૬ × | ૧૬, ૧૬૬ $\frac{૧}{૨}$ = | ૧,૨૦,000 |
| ૫ | ૧000×૨ | ૫ × | ૩000 | ૪ × | ૨૫,૨૫૦ = | ૧,૧૮,000 |
| ૬ | ૧000×૨ | ૩ × | ૩000 | ૨ × | ૫૨,૫00 | ૧,૧૬,000 |
| ૭ | ૫૨૫00×૨ | ૧ × | ૩000 | – – | – = | ૧,૦૮,000 |

**પ્રશ્ન–૫ : નરક પૃથ્વી અને નારકી જીવો સંબંધી અહીં બીજા પણ કયા કયા તત્વો દર્શાવવામાં આવ્યા છે ?**

**ઉત્તર : વર્ણ, ગંધ આદિ–** નરકાવાસ અતિશય કાળા, ભયંકર ત્રાસદાયી હોય છે. મરેલા જાનવરોના સડેલા મૃત કલેવરની દુર્ગંધથી પણ અનિષ્ટતર દુર્ગંધિત ત્યાંનું વાતાવરણ હોય છે. તીક્ષ્ણ શસ્ત્ર અને પ્રજ્વલિત અગ્નિથી વિશેષ અનિષ્ટતર તેનો સ્પર્શ છે.

સંખ્યાતા યોજનના નરકાવાસનો સામાન્ય કે મધ્યમ ગતિવાળા દેવો છ માસમાં પાર પામી શકે છે. પરંતુ અસંખ્યાત યોજનવાળા નરકાવાસનો તે ગતિથી પાર પામી શકતા નથી. સાતમી નરકમાં એક અપ્રતિષ્ઠાન નરકાવાસો લાખ યોજનનો છે. શેષ ચાર અસંખ્ય યોજનના છે. શેષ નરકમાં સંખ્યાતા યોજનના અને અસંખ્યાતા યોજનના ઘણા-ઘણા નરકાવાસા છે. સર્વ નરકાવાસા સંપૂર્ણ વજ્રમય છે, દ્રવ્યથી શા✓ત છે અને વર્ણાદિ પર્યાયની અપેક્ષા અશા✓ત છે.

**અવગાહના–** ભવ સંબંધી અને વૈક્રિય સંબંધી બે પ્રકારની અવગાહના હોય છે. ભવ સંબંધી જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને વૈક્રિય સંબંધી જઘન્ય અંગુલના સંખ્યાતમાં ભાગની હોય છે. ઉત્કૃષ્ટ આ પ્રમાણે છે.

**નરકના વૈક્રિય શરીરની ઉત્કૃષ્ટ અવગાહના :–**

| નરક | ભવધારણીય ઉત્કૃષ્ટ | ઉત્તર વૈક્રિય ઉત્કૃષ્ટ |
|---|---|---|
| ૧ | ૭ાાા ધનુષ્ય– ૬ અંગુલ | ૧૫ાા ધનુષ્ય ૧૨ અંગુલ |
| ૨ | ૧૫ાા ધનુષ્ય ૧૨ અંગુલ | ૩૧ા ધનુષ્ય |
| ૩ | ૩૧ા ધનુષ્ય | ૬૨ા ધનુષ્ય |
| ૪ | ૬૨ા ધનુષ્ય | ૧૨૫ ધનુષ્ય |
| ૫ | ૧૨૫ ધનુષ્ય | ૨૫૦ ધનુષ્ય |
| ૬ | ૨૫૦ ધનુષ્ય | ૫૦૦ ધનુષ્ય |
| ૭ | ૫૦૦ ધનુષ્ય | ૧૦૦૦ ધનુષ્ય |





નારકીના જીવો પોતાના શરીર પ્રમાણથી બમણું વૈક્રિય કરી શકે છે. માટે ભવધારણીય અવગાહનાથી ઉત્તર વૈક્રિયની અવગાહના બમણી કહી છે.

**આહાર, ✓ાસ, પુદ્ગલ :–** નારકીના શરીર વર્ણ, ગંધ, સ્પર્શની અપેક્ષાથી અકાંત અમનોજ્ઞ હોય છે. તેના ✓ાસોચ્છ્વાસ અને આહારમાં પણ અનિષ્ટ, અમનોજ્ઞ પુદ્ગલોનું પરિણમન થાય છે.

**લેશ્યા :–** પહેલી-બીજી નરકમાં કાપોત લેશ્યા, ત્રીજીમાં કાપોત અને નીલ, ચોથીમાં નીલ, પાંચમીમાં નીલ અને કૃષ્ણ, છઠ્ઠીમાં કૃષ્ણ, સાતમીમાં મહાકૃષ્ણ લેશ્યા હોય છે.

**વેદના :–** ૧ થી ૩ નરકમાં ઉષ્ણ વેદના, ચોથીમાં ઉષ્ણ વેદનાના સ્થાન ઘણા અને શીતવેદનાના સ્થાન થોડા, પાંચમીમાં શીત વેદનાના સ્થાન ઘણા અને ઉષ્ણ વેદનાના થોડા, છઠ્ઠીમાં શીત વેદના, સાતમીમાં મહાશીત વેદના હોય.

**વૈક્રિય :–** નારકીના જીવ એક કે ઘણા રૂપોની વિકુર્વણા કરી શકે છે. ૧ થી ૫ નરક સુધી સંખ્યાત, સંબદ્ધ અને સરખા રૂપોની વિકુર્વણા કરી શકે છે. વૈક્રિયથી અનેક પ્રકારના શસ્ત્રો બનાવીને એક બીજાને પરસ્પર અત્યંત ત્રાસ ઉપજાવે છે. છઠ્ઠી-સાતમી નરકમાં વૈક્રિયથી છાણના કીડાની સમાન નાના નાના વજ્રમુખી કીડાની વિકુર્વણા કરે છે અને એક બીજાના શરીરમાં પ્રવેશ કરીને તેના શરીરને અંદરથી કોતરીને ખોખરું ચાળણી જેવું કરી નાંખે છે. આ પ્રમાણે પરસ્પર પ્રગાઢ વેદના ઉત્પન્ન કરે છે.

**ક્ષુધા આદિ વેદના હેતુ ઉપમાઓ :–** નારકીને ભૂખ-તરસની વેદના એટલી તીવ્ર હોય છે કે તેને સર્વ સમુદ્રોનું પાણી પીવડાવી દેવામાં આવે અને સર્વ પુદ્ગલોનો આહાર કરાવવામાં આવે તો પણ તૃપ્તિ નથી થતી. તે નારકી જીવ ત્યાં સદા ભયાક્રાંત, ત્રસ્ત, ભૂખ્યા, તરસ્યા, ઉદ્વિગ્ન, વ્યથિત અને વ્યાકુળતાથી નરકના દુઃખોનો અનુભવ કરે છે. ત્યાં ગરમી એવી પ્રચંડ હોય છે કે લોઢાનો સઘન તપાવેલો ગોળો એક જ ક્ષણમાં પીગળીને પાણી જેવો બની જાય છે.

ગરમીથી સંતપ્ત વ્યક્તિ જેવી રીતે વાવડી આદિમાં પ્રવેશ કરીને આનંદનો અનુભવ કરે છે તેવી રીતે અસત્ કલ્પનાથી ઉષ્ણવેદનાનું વેદન કરતા નૈરયિકને મનુષ્યલોકની ફેક્ટરીની વિશાળ ભટ્ટીમાં રાખવામાં આવે તો પરમ શીતલતાનો અનુભવ કરે છે.

શીતવેદનાવાળા નરકસ્થાનોમાં કાતીલ ઠંડીની પ્રચંડ વેદના હોય છે. ત્યાં લોઢાનો ગોળો કાતીલ ઠંડીથી વિખરાઈ જાય અને અસત્ કલ્પનાથી તે સ્થાનના નેરયિકને અહીં હિમાલય જેવા હિમ પર્વત પર રાખવામાં આવે તો પણ પરમ શાંતિ અને ઉષ્ણતાનો અનુભવ કરે છે.

**નરકમાં પૃથ્વી-પાણી-વનસ્પતિ :–** સાતે નરકમાં પૃથ્વી, પાણી અને વનસ્પતિનો સ્પર્શ અનિષ્ટ, અકાંત, અપ્રિય, અમનોજ્ઞ અને અસુખકર હોય છે. ***[તેથી સ્પષ્ટ થાય છે કે– નરકમાં પણ ક્યાંક જલસ્થાન હોય છે અને વૃક્ષ આદિ પણ હોય છે અથવા તો દેવો દ્વારા વિકુર્વિત પણ હોઈ શકે છે.]***

નરકાદિમાં રહેનારા પૃથ્વીકાય આદિ જીવો મહાકર્મ, મહાક્રિયા, મહાઆશ્રવ, મહાવેદનાવાળા હોય છે.

સર્વ જીવો નરકમાં પાંચ સ્થાવરરૂપે અને નારકરૂપે અનેકવાર અથવા અનંતવાર ઉત્પન્ન થઈ ચૂકયા છે.

**અવધિક્ષેત્ર :–** નારકીના જીવોને જન્મથી જ અવધિજ્ઞાન કે વિભંગજ્ઞાન હોય છે. તેઓ અવધિજ્ઞાનથી જઘન્ય અર્ધ ગાઉ, ઉત્કૃષ્ટ ચાર ગાઉ ક્ષેત્ર જાણે-દેખે.

**નૈરયિકોના અવધિક્ષેત્ર (ઉત્સેધાંગુલથી) :–**

| નરક | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| ૧ | ૩½ ગાઉ | ૪ ગાઉ |
| ૨ | ૩ ગાઉ | ૩½ ગાઉ |
| ૩ | ૨½ ગાઉ | ૩ ગાઉ |
| ૪ | ૨ ગાઉ | ૨½ ગાઉ |
| ૫ | ૧½ ગાઉ | ૨ ગાઉ |
| ૬ | ૧ ગાઉ | ૧½ ગાઉ |
| ૭ | ½ ગાઉ | ૧ ગાઉ |





ચક્રવર્તી, વાસુદેવ, માંડલિક, મહારાજા, સામાન્ય રાજા, મહારંભી, મહાકુટુંબી, આદિ જીવો આ નરકોમાં ઉત્પન્ન થાય છે. અર્થાત્ મહાઋદ્ધિ સંપન્ન જીવો, મહા આસક્ત જીવો જો જીવનપર્યંત તેનો ત્યાગ કે ત્યાગવૃત્તિ કેળવે નહીં તો તે જીવો મહાપાપકર્મનું આચરણ કરીને નરકગતિમાં ઉત્પન્ન થાય છે અને મહા આરંભ, સમારંભના કાર્યો કરનારા નરકગતિમાં દીર્ઘકાલ પર્યંત પરવશપણે ત્યાંની તીવ્ર વેદનાનો અનુભવ કરે છે. આ લોકનો મોભો (મોટાઈ) તથા અભિમાન વગેરે તેઓના બધા ધૂમિલ–નષ્ટ થઈ જાય છે.

**વૈક્રિય શરીર :–** નારકી દ્વારા કરાયેલું વૈક્રિય શરીર અંતર્મુહૂર્ત સુધી સ્થિર રહી શકે છે. તિર્યંચ અને મનુષ્ય દ્વારા કરાયેલી વિકુર્વણા પણ અંતર્મુહૂર્ત સુધી જ સ્થિર રહે છે પરંતુ તેમનો ઉત્કૃષ્ટ સમય નરક કરતાં ચાર ગણો હોય છે. દેવો દ્વારા કરાયેલું વૈક્રિય શરીર અથવા અન્ય કોઈ પણ વિકુર્વણા ઉત્કૃષ્ટ પંદર દિવસ સુધી રહી શકે છે.

**નારકીનું સુખ :** ૧. જન્મ સમયે (પૂર્વભવમાં સહજરૂપે અને શાતાપૂર્વક મૃત્યુ થયું હોય તો ઉત્પતિના સમયે શાતાનું વેદન કરે છે) ૨. દેવના ખાસ પ્રયત્નથી ૩. શુભ અધ્યવસાયોથી ૪. કર્મોદયથી નૈરયિક જીવોને કયારેક કંઈક શાતાનો અનુભવ થાય છે એટલે કે સુખની અનુભૂતિ થાય છે. તીર્થંકરના જન્મ સમયે શાતા ઉપજવાની વાત ટીકાકારે અહીં કરેલ નથી. પરંતુ બીજા યોગ્ય સ્પષ્ટીકરણ કરેલ છે.

**નારકીનું દુઃખ :–** નૈરયિકો, નરકના સેંકડો દુઃખોથી અભિભૂત થઈ કયારેક ૫૦૦ યોજન ઊંચા ઊછળે છે. નરક પૃથ્વીના ક્ષેત્ર સ્વભાવથી જ નૈરયિકોને ક્ષણમાત્ર પણ સુખ હોતું નથી. તે જીવો રાત-દિવસ દુઃખનો જ અનુભવ કરે છે.

આ રીતે નરકોમાં અતિશીત, અતિઉષ્ણ, અતિભૂખ, અતિ તરસ, અતિભય ઈત્યાદિ સેંકડો દુઃખો નિરંતર ભોગવવા પડે છે.

**પ્રશ્ન–૬ : અહીં તિર્યંચ ગતિના વર્ણનમાં શું વિશેષતા દર્શાવવામાં આવી છે ?**

**ઉત્તર :** તિર્યંચના પાંચ પ્રકાર છે. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય. તેમાં સૂક્ષ્મ-બાદર, પર્યાપ્ત-અપર્યાપ્ત, સંજ્ઞી-અસંજ્ઞી, આદિ અનેક ભેદ-પ્રભેદ છે. ખેચર, ઉરપરિસર્પ, ભુજપરિસર્પ અને જલચર આ ચારેયના

અંડજ, પોતજ, સંમૂર્ચ્છિમ એ ત્રણ યોનિ સંગ્રહ છે. સ્થલચરના જરાયુજ અને સંમૂર્ચ્છિમ એ બે યોનિ સંગ્રહ છે.

**જાતિ, કુલકોડી, યોનિના જીવોની સમજણ–** ૮૪ લાખ જીવાયોનિ છે. તેમાં તિર્યંચની ૬૨ લાખ જીવાયોનિ છે અને ૧ કરોડ ૨૨½ લાખ જાતિ કુલકોડી યોનિ છે. જીવાયોનિ એટલે જીવને ઉત્પન્ન થવાનું સ્થાન. અર્થાત્ જીવ, યોનિમાં ઉત્પન્ન થાય છે. જેમ કે છાણ વગેરે. વીંછી આદિનું ઉત્પત્તિ સ્થાન છે. કુળ યોનિમાંથી ઉત્પન્ન થાય છે. એક યોનિમાં અનેક કુળો થાય છે. જેમકે છાણરૂપી યોનિમાં કૃમિ, કીડી અને વીંછીઓના કુળો ઉત્પન્ન થાય છે અથવા છાણ વગેરે એક યોનિમાંથી ઉત્પન્ન થતાં વીંછીમાં લાલ, પીળા, કાળા આદિ વર્ણોના ભેદથી અનેક પ્રકારના કુળો ઉત્પન્ન થાય છે. જીવોની કુળકોટિ નીચે પ્રમાણે છે–

| | | |
|---|---|---|
| પૃથ્વીકાયની કુળ કોટિ | ૧૨,૦૦,૦૦૦ | બાર લાખ |
| અપ્કાયની કુળ કોટિ | ૭,૦૦,૦૦૦ | સાત લાખ |
| તેઉકાયની કુળ કોટિ | ૩,૦૦,૦૦૦ | ત્રણ લાખ |
| વાઉકાયની કુળ કોટિ | ૭,૦૦,૦૦૦ | સાત લાખ |
| વનસ્પતિકાયની કુળ કોટિ | ૨૮,૦૦,૦૦૦ | અઠયાવીસ લાખ |
| બેઈન્દ્રિય જીવોની કુળ કોટિ | ૭,૦૦,૦૦૦ | સાત લાખ |
| તેઈન્દ્રિય જીવોની કુળ કોટિ | ૮,૦૦,૦૦૦ | આઠ લાખ |
| ચૌરેન્દ્રિય જીવો ની કુળ કોટિ | ૯,૦૦,૦૦૦ | નવ લાખ |
| પંચેન્દ્રિય જળચરની કુળ કોટિ | ૧૨,૫૦,૦૦૦ | સાડાબાર લાખ |
| ખેચર પક્ષીઓની કુળ કોટિ | ૧૨,૦૦,૦૦૦ | બાર લાખ |
| ચતુષ્પદ(ભૂચર)ની કુળ કોટિ | ૧૦,૦૦,૦૦૦ | દસ લાખ |
| ઉરપરિસર્પની કુળ કોટિ | ૧૦,૦૦,૦૦૦ | દસ લાખ |
| ભૂજપરિસર્પની કુળ કોટિ | ૯,૦૦,૦૦૦ | નવ લાખ |
| દેવોની કુળ કોટિ | ૨૬,૦૦,૦૦૦ | છવ્વીસ લાખ |
| નારકીની કુળ કોટિ | ૨૫,૦૦,૦૦૦ | પચીસ લાખ |
| મનુષ્યોની કુળ કોટિ | ૧૨,૦૦,૦૦૦ | બાર લાખ |
| **કુલ :** | **૧,૯૭,૫૦,૦૦૦** | |





આ રીતે જીવોની કુલકોટિ એક કરોડ સાડા સત્તાણું લાખની કહી છે. તેમાં ફૂલોની ૧૬ લાખ યોનિ આ પ્રમાણે છે– ૪ લાખ ઉત્પલાદિ જલજની, ૪ લાખ કોરંટાદિ સ્થલજની, ૪ લાખ મહુવા આદિ મહાવૃક્ષોની, ૪ લાખ જાયફળ આદિ ગુલ્મોની.

**સુગંધ :–** સુગંધના સાત મુખ્ય પદાર્થ છે અને તેના ૭૦૦ અવાંતરભેદ છે– (૧) મૂલ (૨) ત્વક (૩) કાષ્ઠ (૪) નિર્યાસ– કપૂર આદિ (૫) પત્ર (૬) પુષ્પ (૭) ફળ. તેને પાંચ વર્ણ, પાંચ રસ અને ચાર સ્પર્શથી અર્થાત્ ૧૦૦થી (૫×૫×૪=૧૦૦) ગુણતા ૭૦૦ અવાંતર ભેદ થાય છે.

**વિમાન વિસ્તાર :–** ઉપમા પ્રમાણથી વિમાનોનો વિસ્તાર આ પ્રમાણે દર્શાવેલ છે– સૂર્યોદયથી સૂર્યાસ્ત વચ્ચેનું જે આકાશક્ષેત્ર છે, તેનાથી ત્રણ ગણા ક્ષેત્ર જેટલું એક કદમ ભરતાં-ભરતાં કોઈ દેવ ચાલે તો કોઈક વિમાનનો પાર પામે છે અને કેટલાકનો પાર પામતા નથી. આ રીતે પાંચગણા, સાતગણા, નવગણા કદમ ભરતાં-ભરતાં છ માસ ચાલવા છતાં કોઈ વિમાનનો પાર પામી શકે છે અને કોઈ વિમાનનો પાર પામી શકતા નથી. વિમાનોના નામ ક્રમશઃ આ પ્રમાણે છે– (૧) અર્ચિ આદિ (૨) સ્વસ્તિક આદિ (૩) કામ કામાવર્ત આદિ (૪) વિજય, વેજયંત આદિ.

***નોંધ :– ઉક્ત નિર્દિષ્ટ ગતિથી દેવ પાર પામી શકતા નથી પરંતુ દેવ પોતાની ઉત્કૃષ્ટ ગતિથી સર્વ વિમાનો–નરકોનો પણ પાર પામી શકે છે.***

**પૃથ્વીના ભેદ :–** છ પ્રકારની પૃથ્વી છે– (૧) શ્લક્ષ્ણ– સુંવાળી માટી (૨) શુદ્ધ– પર્વત આદિના મધ્યની માટી (૩) વાલુ– રેતી (૪) મણશીલ (૫) શર્કરા– કાંકરા (૬) ખર પૃથ્વી– પત્થર આદિ કઠણ પૃથ્વી. તેની ઉત્કૃષ્ટ સ્થિતિ ક્રમશઃ આ પ્રમાણે છે– (૧) ૧,૦૦૦ વર્ષ (૨) ૧૨,૦૦૦ વર્ષ (૩) ૧૪,૦૦૦ વર્ષ (૪) ૧૬,૦૦૦ વર્ષ (૫) ૧૮,૦૦૦ વર્ષ (૬) ૨૨,૦૦૦ વર્ષ.

**નિર્લેપ :–** વર્તમાન સમયમાં ઉત્પન્ન થયેલા પૃથ્વીકાય જીવોમાંથી (કલ્પનાથી) એક-એક જીવને એક-એક સમયમાં કાઢવામાં આવે તો અસંખ્ય ઉત્સર્પિણી, અવસર્પિણીકાલમાં તે ખાલી થાય છે. અર્થાત્ એક સમયમાં અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણીકાલ સમય પ્રમાણ પૃથ્વીકાયના જીવોની ઉત્પત્તિ થાય છે. તે જ રીતે પાણી, અગ્નિ, વાયુ માટે પણ સમજી લેવું. વનસ્પતિકાયમાં એક સમયમાં

અનંતાનંત જીવોની ઉત્પત્તિ થાય છે. તેથી તેનો નિર્લેપ થઈ શકતો નથી. તેને ખાલી કરી શકાતા નથી. વર્તમાન સમયમાં ઉત્પન્ન થયેલા ત્રસકાયના જીવો સેંકડો સાગરોપમમાં નિર્લેપ થઈ શકે છે.

**પ્રશ્ન–૭ : મનુષ્યોનું વર્ણન અહીં કેવા પ્રકારે કરેલ છે ?**

**ઉત્તર :** કર્મભૂમિ, અકર્મભૂમિ અને અંતરદ્વીપના મનુષ્યો એમ ત્રણ પ્રકારે મનુષ્યો કહેલ છે. તેના ૧૦૧ ક્ષેત્ર હોવાને લીધે મનુષ્યોના ૧૦૧ પ્રકારે ભેદ બતાવેલ છે. અને ૧૦૧ ભેદને સંજ્ઞીના પર્યાપ્તા અને અપર્યાપ્તા તેમજ અસંજ્ઞીના અપર્યાપ્તા એમ ૩ પ્રકારે ગણતાં મનુષ્યના કુલ ૩૦૩ ભેદ થાય છે. જેમાં કર્મભૂમિના ભરત આદિ ૧૫ ક્ષેત્ર છે. અકર્મભૂમિના દેવકુઢ આદિ ૩૦ ક્ષેત્ર અને અંતરદ્વીપના એકોઢક વગેરે છપ્પન ક્ષેત્ર છે.

મનુષ્ય સંબંધી ભેદ-પ્રભેદ સાથેનું વર્ણન પ્રજ્ઞાપના સૂત્રમાં તેમજ છ આરા સંબંધી વર્ણન જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિમાં કરવામાં આવેલ છે. ભરત, ઐરવત, મહાવિદેહના કર્મભૂમિજ તેમજ દેવકુઢ આદિ ૬ અકર્મભૂમિજ મનુષ્યોનું વર્ણન જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ વક્ષસ્કાર–૪માં કરવામાં આવેલ છે. અહીં કર્મભૂમિજ, અકર્મ-ભૂમિજનું અતિ સંક્ષિપ્ત વર્ણન નામ નિર્દેશ માત્રથી કરી દેવામાં આવેલ છે. માત્ર ૫૬ અંતર્દ્વીપ ક્ષેત્રોનું અને અંતર્દ્વીપજ મનુષ્યોનું વર્ણન વિસ્તાર પૂર્વક મનુષ્યાધિકાર પ્રકરણમાં કરવામાં આવેલ છે.

આ ચોથી પ્રતિપતિમાં ત્રણ નરક ઉદ્દેશક છે. બે તિર્યંચ ઉદ્દેશક છે અને પછી મનુષ્ય દેવ કે દ્વીપ સમુદ્રોનું વર્ણન ઉદ્દેશકોમાં વિભાજિત ન કરતાં સીધું ક્રમશઃ આપેલ છે. જેમ કે મનુષ્યાધિકાર, દેવાધિકારમાં જ્યોતિષી સુધી પછી જંબુદ્વીપાધિકાર, લવણ સમુદ્રાધિકાર, સર્વદ્વીપ સમુદ્રાધિકાર સાથે જ્યોતિષી સંખ્યા બતાવવામાં આવી છે. અને જયોતિષી દેવાધિકાર અને વૈમાનિકાધિકાર છે અને અંતમાં આ ત્રીજી પ્રતિપત્તિનું સમાપન ઉપસંહાર રૂપ સંક્ષિપ્ત કથન કહેવામાં આવેલ છે.

**પ્રશ્ન–૮ : ૫૬ અંતરદ્વીપોના ક્ષેત્રનું વર્ણન કેવી રીતે છે ?**

**ઉત્તર :** જંબૂદ્વીપની ચારે બાજુ લવણ સમુદ્ર છે. તેમાં આ દ્વીપો છે. તેની આઠ પંક્તિઓ છે. એક-એક પંક્તિમાં સાત-સાત દ્વીપ છે. આ સાતે દ્વીપ થોડા-થોડા અંતરે આવેલા છે. અર્થાત્ તેની વચ્ચે-વચ્ચે સમુદ્રજલ છે. આ પ્રમાણે તે ૮×૭ = ૫૬ અંતરદ્વીપ છે.





ભરતક્ષેત્રની મર્યાદા કરનાર ચુલ્લહિમવંત પર્વત છે અને ઐરવત ક્ષેત્રની મર્યાદા કરનાર શિખરી પર્વત છે. તેના બંને કિનારા પૂર્વ અને પશ્ચિમમાં છે. જે લવણ સમુદ્રને સ્પર્શે છે. તે કિનારેથી દ્વીપોની એક પંક્તિ ઉત્તર તરફ ગોળાઈમાં ઝૂકેલી છે. બીજી પંક્તિ દક્ષિણ તરફ ગોળાઈમાં ઝૂકેલી છે. આ રીતે ચારે કિનારે બે-બે પંક્તિ હોવાથી આઠ પંક્તિ છે.

દરેક પંક્તિનો પ્રથમ દ્વીપ લવણસમુદ્રમાં ૩૦૦ યોજન જઈએ ત્યારે આવે છે. તેનાથી ૪૦૦ યોજન આગળ જઈએ ત્યારે બીજો અંતરદ્વીપ આવે છે. તે જ રીતે ***યાવત્*** ૯૦૦ યોજન જઈએ ત્યારે સાતમો અંતરદ્વીપ આવે છે. તે દ્વીપ જંબૂદ્વીપના કિનારેથી પણ તેટલાજ દૂર થાય છે અને તેટલાજ યોજનના વિસ્તારવાળા છે. તાત્પર્ય એ છે કે પ્રથમ અંતરદ્વીપ, જગતીથી ૩૦૦ યોજન દૂર છે અને ૩૦૦ યોજન લાંબો-પહોળો અને ગોળ છે. બીજો દ્વીપ, જગતીથી ૪૦૦ યોજન દૂર અને પ્રથમ દ્વીપથી પણ ૪૦૦ યોજન દૂર છે. તથા ૪૦૦ યોજન લાંબો-પહોળો અને ગોળ છે. આ રીતે ક્રમશઃ સાતમો દ્વીપ, છટ્ઠા દ્વીપથી ૯૦૦ યોજન દૂર છે ને જગતીથી પણ ૯૦૦ યોજન દૂર છે અને ૯૦૦ યોજનનો લાંબો-પહોળો તથા ગોળ છે.

આઠે ય પંક્તિઓના ૭-૭ અંતરદ્વીપ આ જ પ્રમાણે છે. આ ૫૬ દ્વીપોના કિનારા પર પદ્મવર વેદિકા(જગતીરૂપ) છે અને તેની ચારે તરફ વનખંડ છે, વન-ખંડમાં દેવ-દેવીઓનું આવાગમન થાય છે, ત્યાં વિશ્રામ કરે છે અને આનંદની અનુભૂતિ કરે છે. દ્વીપની અંદર યુગલિક મનુષ્યો રહે છે. ત્યાં વિવિધ પ્રકારના લતા-ગુલ્મ આદિ છે, અનેક શિલાપટ(બેસવાના બાકડા) છે. વિવિધ પ્રકારના વૃક્ષો સિવાય દસ પ્રકારના વિશિષ્ટ વૃક્ષ(કલ્પવૃક્ષ) પણ વિપુલ માત્રામાં હોય છે. તે વૃક્ષો યુગલિક જીવો માટે સુખમય જીવન નિર્વાહના મુખ્ય આધારસમ છે. તેને પ્રચલનમાં દસ કલ્પવૃક્ષ કહેવાય છે.

**પ્રશ્ન–૯ : યુગલિક ક્ષેત્રમાં યુગલિકોને ઉપયોગી ૧૦ વૃક્ષો કેવા હોય છે અને તેનો ઉપયોગ કઈ રીતે કરવામાં આવે છે ?**

**ઉત્તર : દસ વૃક્ષ :–** (૧) મત્તંગા– માદક ફળવાળા (૨) ભૃંગા (ભાજન)– પાત્રના આકારના ફળવાળા (૩) તુટિતંગા– વાજિંત્ર વિધિ યુક્ત ધ્વનિ કરનારા (૪) દીપ-શિખા– દીપકની સમાન પ્રકાશ કરનારા (૫) જ્યોતિશિખા– સૂર્ય જેવો પ્રકાશ

કરનારા (૬) ચિત્રંગા– વિવિધ માળાઓ પ્રદાન કરનારા (૭) ચિત્તરસા– વિવિધ પ્રકારની ભોજન સામગ્રીથી યુક્ત (૮) મણિયંગા– વિવિધ પ્રકારના આભૂષણ પ્રદાન કરનારા (૯) ગિહગારા– મકાનરૂપે ઉપયોગમાં આવી શકે તેવા. મનોનુકૂલ વિવિધ ભવનથી યુક્ત (૧૦) અણિયગણા– વિવિધ વસ્ત્ર વિધિથી યુક્ત.

આ વૃક્ષો વનસ્પતિકાયના હોય છે. તે વૃક્ષો દ્વારા યુગલિક મનુષ્યો તથા તિર્યંચ ઉપરોક્ત આવશ્યકતાઓની પૂર્તિ કરી લે છે. યુગલિકોની સંખ્યાની અપેક્ષાએ વૃક્ષોથી ઉપલબ્ધ વસ્તુઓની સંખ્યા અનેક ગણી વધારે હોય છે, તેથી યુગલિકોને કોઈ પણ વસ્તુની ઉણપ રહેતી નથી. ***આ વૃક્ષો પાસે કોઈ વસ્તુ માંગવામાં આવતી નથી પરંતુ તેનાથી ઉપલબ્ધ થતી વસ્તુઓનો સ્વયં ઉપયોગ કરવામાં આવે છે.***

**પ્રશ્ન–૧૦ : યુગલિક મનુષ્ય, મનુષ્યાણીના શરીર કેવા હોય છે અને ક્ષેત્ર સ્વભાવથી તેમનો જીવન વ્યવહાર કેવો હોય છે ?**

**ઉત્તર :** અંતરદ્વીપમાં રહેનારા યુગલિક મનુષ્યો સુસ્વરવાળા અને કોમળ ત્વચા-વાળા, રજ મેલ રહિત નિર્મળ શરીરવાળા, ઉત્તમ નિરોગી શરીરવાળા, તથા સુગંધી નિઃશ્વાસવાળા છે. તેની અવગાહના ૮૦૦ ધનુષની હોય છે તથા તેને ૬૪ પાંસળી હોય છે. તે મનુષ્યો પ્રકૃતિથી ભદ્રિક, વિનીત, ઉપશાંત, સ્વાભાવિક રીતે જ અલ્પ ક્રોધ, માન, માયા, લોભવાળા, નમ્ર, સરલ, નિરહંકારી, અલ્પ ઈચ્છાવાળા અને ઈચ્છાનુસાર વિચરણ કરનારા હોય છે. તે મનુષ્યોને આહારની ઈચ્છા એકાંતરા ઉત્પન્ન થાય છે.

**યુગલિક મનુષ્યાણી :–** અંતરદ્વીપની યુગલિક મનુષ્યાણી સુજાત, સર્વાંગ-સુંદર અને સ્ત્રીના સર્વ ગુણોથી સંપન્ન હોય છે. ઉત્તમ બત્રીસ લક્ષણયુક્ત પુરુષની ઊંચાઈથી કંઈક ન્યૂન, સ્વાભાવિક શ્રૃંગાર અને સુંદર વેશ યુક્ત હોય છે. તેનું બોલવું, ચાલવું, હસવું આદિ ચેષ્ટા સુસંગત હોય છે. યોગ્ય વ્યવહારમાં કુશલ, નિપુણ હોય છે. તેના અંગોપાંગ સ્તન, જંઘા, હાથ, પગ, મુખ, નયન આદિ સુંદર અને સુદઢ હોય છે. તેનું વર્ણ-લાવણ્ય યૌવન સંપન્ન, અત્યંત દર્શનીય, અપ્સરા જેવું હોય છે.(શાસ્ત્રના મૂળપાઠમાં સ્ત્રીના પ્રત્યેક અંગોનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે તથા ૩૨ લક્ષણ પણ બતાવ્યા છે.)





**ક્ષેત્ર સ્વભાવ અને મનુષ્યોનું જીવન :–** (૧) તે મનુષ્યો પૃથ્વી, પુષ્પ, ફળનો આહાર કરે છે. ત્યાં પૃથ્વી, પુષ્પ, ફળનો સ્વાદ અતિ ઉત્તમ અને પૌષ્ટિક ગુણયુક્ત હોય છે. (૨) ગામ, નગર, ઘર આદિ હોતા નથી, પરંતુ વૃક્ષો જ સુંદર ભવન અને બંગલા જેવા હોય છે. (૩) વ્યાપાર-વાણિજ્ય, ખેતી આદિ કોઈ પણ પ્રકારના કર્મ હોતા નથી. (૪) સોના, ચાંદી, મણિ, ધન આદિ હોય છે, પરંતુ યુગલિક મનુષ્યને તેમાં મમત્વ ભાવ નથી. (૫) રાજા, શેઠ, માલિક, નોકર આદિ સ્વામી-સેવકના ભેદ નથી. સર્વ મનુષ્યો અહમેન્દ્રની જેમ એક સમાન હોય છે. (૬) માતા-પિતા, ભાઈ-બહેન, પતિ-પત્ની, પુત્ર-પુત્રી, પુત્રવધુ આદિ સંબંધો હોય છે, પરંતુ તેમાં તેને તીવ્ર પ્રેમાનુરાગ હોતો નથી. (૭) શત્રુ-વૈરી, ઘાતક, મિત્ર, સખા, સખી આદિ નથી.

(૮) કોઈ પ્રકારના મહોત્સવ, લગ્ન, યજ્ઞ, પૂજન, મૃતપિંડ, નિવેદન-પિંડ આદિ ક્રિયાઓ નથી. (૯) નાટક, ખેલ આદિ નથી કારણ કે તેઓ કુતુહલ રહિત હોય છે. (૧૦) યાન, વાહન નથી. તેઓ પાદવિહારી હોય છે. (૧૧) હાથી, ઘોડા આદિ પશુ હોય છે, પણ તેનો ઉપયોગ મનુષ્યો કરતા નથી. (૧૨) સિંહ, વાઘ, બિલાડી, કૂતરા આદિ હોય છે પરંતુ તેમાં પરસ્પર સંઘર્ષ થતો નથી. તેમજ ત્યાંના મનુષ્યોને કિંચિત્ માત્ર પીડા પહોંચાડતા નથી.

(૧૩) ઘઉં આદિ ધાન્ય થાય છે. પરંતુ મનુષ્યો તેનો ઉપયોગ કરતા નથી.(૧૪) ખાડા-ટેકરા, ઉબડ-ખાબડ, વિષમ ભૂમિ તથા કીચડ આદિ નથી, ધૂળ-રજ ગંદકી આદિ નથી. (૧૫) કાંટા, કાંકરા નથી. (૧૬) ડાંસ, મચ્છર, માંકડ, જૂ, લીખ આદિ નથી (૧૭) સાપ, અજગર આદિ હોય છે. પરંતુ તે પણ ભદ્ર-પ્રકૃતિના હોય છે. માટે પરસ્પર અને મનુષ્યને પણ પીડા પહોંચાડતા નથી. (૧૮) વાવાઝોડું, આદિ કોઈ પણ પ્રકારની અનિષ્ટ ઘટનાઓ, ગ્રહણ, ઉલકાપાત આદિ કોઈ પણ અશુભ લક્ષણનો સંયોગ નથી. (૧૯) વૈર, વિરોધ, લડાઈ, ઝઘડા, યુદ્ધ આદિ નથી. (૨૦) કોઈ પણ પ્રકારના રોગ, વેદના, પીડા આદિ નથી. (૨૧) અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ નથી. (૨૨) સોનું, ચાંદી, આદિ ખાણ, નિધાન કે સુવર્ણ આદિની વૃષ્ટિ પણ થતી નથી.

૫૬ અંતરદ્વીપના યુગલિક મનુષ્યનું આયુષ્ય જઘન્ય અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું હોય છે. ઉત્કૃષ્ટ આયુષ્ય કરતાં જઘન્ય આયુષ્ય કંઈક અલ્પ હોય છે. છ માસ આયુષ્યના બાકી રહે ત્યારે પુત્ર-પુત્રી

યુગલને જન્મ આપે છે. ૪૯ દિવસ તેનું લાલન-પાલન કરે છે. ત્યાર પછી ગમે ત્યારે કાળ કરીને ભવનપતિ કે વ્યન્તર દેવમાં ઉત્પન્ન થાય છે.

**અંતરદ્વીપના નામ :–** (૧) એકોરૂક (૨) હયકર્ણ (૩) આદર્શ મુખ (૪) અ✓મુખ (૫) અ✓કર્ણ (૬) ઉલ્કામુખ (૭) ઘનદન્ત (૮) આભાષિક (૯) ગજકર્ણ (૧૦) મેંઢમુખ (૧૧) હસ્તિમુખ (૧૨) સિંહકર્ણ (૧૩) મેઘમુખ (૧૪) લષ્ટદંત.

(૧૫) વેષાણિક (૧૬) ગોકર્ણ (૧૭) અયોમુખ (૧૮) સિંહમુખ (૧૯) અકર્ણ (૨૦) વિદ્યુદ્દંત (૨૧) ગૂઢદંત (૨૨) નાગોલિક (૨૩) શષ્કુલિકર્ણ (૨૪) ગોમુખ (૨૫) વ્યાઘ્રમુખ (૨૬) કર્ણપ્રાવરણ (૨૭) વિદ્યુજિજ્વહા (૨૮) શુદ્ધ દંત.

આ ૨૮ દ્વીપો ચુલ્લહિમવંત પર્વતના બન્ને કિનારે છે. તે જ રીતે શિખરી પર્વતના બંને કિનારે આ જ નામવાળા ૨૮ અંતરદ્વીપ છે.

**પ્રશ્ન–૧૧ : દેવાધિકારમાં અહીં જાણવા જેવા કયા તત્વોનું નિરૂપણ કરેલ છે ?**

**ઉત્તર :** ભવનપતિ, વ્યંતરના ક્ષેત્રીય તેમજ અન્ય વર્ણન તો પ્રજ્ઞાપના સૂત્રનું સૂચન કરીને સંક્ષિપ્ત આપેલ છે. વિશેષમાં અહીં ભવનપતિ આદિ દેવેન્દ્રોની પરિષદ સંબંધી ખુલાસાપૂર્વક વર્ણન આવેલ છે તે આ પ્રમાણે છે– દેવો(દેવેન્દ્રો)ની પરિષદ ત્રણ પ્રકારની હોય છે– આભ્યંતર, મધ્યમ અને બાહ્ય. આ ત્રણેયના નામ ભવનપતિમાં સમિતા, ચંડા અને જાયા પરિષદ છે. આભ્યંતર પરિષદના દેવો બોલાવવાથી આવે છે. તેની સાથે ઈન્દ્ર આવશ્યક કાર્યની વિચારણા કરે છે. મધ્યમ પરિષદના દેવો બોલાવવાથી અથવા બોલાવ્યા વિના પણ આવે છે. તેમની સાથે ઈન્દ્ર ઉપરોકત વિચારણાના ગુણ-દોષની વિસ્તૃત વિચારણા કરીને નિર્ણય કરે છે. ત્રીજી બાહ્ય પરિષદમાં નિર્ણિત કરેલી આજ્ઞા અપાય છે. જેમ કે આ કાર્ય કરવાનું અથવા આ કાર્ય કરવાનું નથી વગેરે.

એ ત્રણ પરિષદના દેવ-દેવીની સંખ્યા તથા આયુષ્ય વગેરે આગળ કોષ્ટકમાં આપેલ છે. વ્યન્તર દેવોની ત્રણ પરિષદના નામ ઈશા, ત્રુટિતા અને દઢરથા છે. જ્યોતિષી દેવોની ત્રણ પરિષદના નામ તુંબા, ત્રુટિતા, પ્રેત્યા છે.





## દેવોની પરિષદ :–

| ક્રમ | પરિષદ | ચમરેન્દ્ર | | બલીન્દ્ર | |
|---|---|---|---|---|---|
| | | સંખ્યા | સ્થિતિ | સંખ્યા | સ્થિતિ |
| ૧ | આભ્યંતર દેવ | ૨૪,૦૦૦ | ૨½ પલ્યોપમ | ૨૦,૦૦૦ | ૩½ પલ્યોપમ |
| ૨ | મધ્યમ દેવ | ૨૮,૦૦૦ | ૨ પલ્યોપમ | ૨૪,૦૦૦ | ૩ પલ્યોપમ |
| ૩ | બાહ્ય દેવ | ૩૨,૦૦૦ | ૧½ પલ્યોપમ | ૨૮,૦૦૦ | ૨½ પલ્યોપમ |
| ૪ | આભ્યંતર દેવી | ૩૫૦ | ૧½ પલ્યોપમ | ૪૫૦ | ૨½ પલ્યોપમ |
| ૫ | મધ્યમ દેવી | ૩૦૦ | ૧ પલ્યોપમ | ૪૦૦ | ૨ પલ્યોપમ |
| ૬ | બાહ્ય દેવી | ૨૫૦ | ½ પલ્યોપમ | ૩૫૦ | ૧½ પલ્યોપમ |

## નવનિકાય દેવોની પરીષદ :–

| ક્રમ | ધરણેન્દ્ર આદિ–૯ | | ભૂતાનંદ આદિ–૯ | | કાલકુમાર આદિ–૧૬ | |
|---|---|---|---|---|---|---|
| | સંખ્યા | સ્થિતિ | સંખ્યા | સ્થિતિ | સંખ્યા | સ્થિતિ |
| ૧ | ૬૦૦૦૦ | ½ પલ્ય સાધિક | ૫૦૦૦૦ | ૧ પલ્ય દેશોન | ૮૦૦૦૦ | ½ પલ્ય |
| ૨ | ૭૦૦૦૦ | ½ પલ્ય | ૬૦૦૦૦ | ½ પલ્ય સાધિક | ૧૦૦૦૦ | ½ પલ્ય દેશોન |
| ૩ | ૮૦૦૦૦ | ½ પલ્ય દેશોન | ૭૦૦૦૦ | ½ પલ્ય | ૧૨૦૦૦ | ¼ પલ્ય સાધિક |
| ૪ | ૧૭૫ | ½ પલ્ય દેશોન | ૨૨૫ | ½ પલ્ય | ૧૦૦ | ¼ પલ્ય સાધિક |
| ૫ | ૧૫૦ | ¼ પલ્ય સાધિક | ૨૦૦ | ½ પલ્ય દેશોન | ૧૦૦ | ¼ પલ્ય |
| ૬ | ૧૨૫ | ¼ પલ્ય સાધિક | ૧૭૫ | ¼ પલ્ય સાધિક | ૧૦૦ | ¼ પલ્ય દેશોન |

## વૈમાનિક દેવોની પરીષદ :–

| પરિષદ | શકેન્દ્ર–૧ | | ઈશાનેન્દ્ર–૨ | |
|---|---|---|---|---|
| ક્રમ | સંખ્યા | સ્થિતિ | સંખ્યા | સ્થિતિ |
| ૧ | ૧૨૦૦૦ | ૫ પલ્યોપમ | ૧૦૦૦૦ | ૭ પલ્ય |
| ૨ | ૧૪૦૦૦ | ૪ પલ્યોપમ | ૧૨૦૦૦ | ૬ પલ્ય |
| ૩ | ૧૬૦૦૦ | ૩ પલ્યોપમ | ૧૪૦૦૦ | ૫ પલ્ય |
| ૪ | ૭૦૦ | ૩ પલ્યોપમ | ૯૦૦ | ૫ પલ્ય |
| ૫ | ૬૦૦ | ૨ પલ્યોપમ | ૮૦૦ | ૪ પલ્ય |
| ૬ | ૫૦૦ | ૧ પલ્યોપમ | ૭૦૦ | ૩ પલ્ય |

| પરિષદ | સનત્કુમાર–૩ | | માહેન્દ્ર–૪ | |
|---|---|---|---|---|
| | સંખ્યા | સ્થિતિ | સંખ્યા | સ્થિતિ |
| આભ્યંતર દેવ | ૮૦૦૦ | ૪½ સાગર–૫ પલ્ય | ૬૦૦૦ | ૪½ સાગર–૭ પલ્ય |
| મધ્યમ દેવ | ૧૦૦૦૦ | ૪½ સાગર–૪ પલ્ય | ૮૦૦૦ | ૪½ સાગર–૬ પલ્ય |
| બાહ્ય દેવ | ૧૨૦૦૦ | ૪½ સાગર–૩ પલ્ય | ૧૦૦૦૦ | ૪½ સાગર–૫ પલ્ય |

| પરિષદ | બ્રહ્મ–૫ | | લાંતક–૬ | |
|---|---|---|---|---|
| | સંખ્યા | સ્થિતિ | સંખ્યા | સ્થિતિ |
| આભ્યંતર દેવ | ૪૦૦૦ | ૮½ સાગર–૫ પલ્ય | ૨૦૦૦ | ૧૨ સાગર–૭ પલ્ય |
| મધ્યમ | ૬૦૦૦ | ૮½ સાગર–૪ પલ્ય | ૪૦૦૦ | ૧૨ સાગર–૬ પલ્ય |
| બાહ્ય | ૮૦૦૦ | ૮½ સાગર–૩ પલ્ય | ૬૦૦૦ | ૧૨ સાગર–૫ પલ્ય |

| પરિષદ | મહાશુક્ર–૭ | | સહસ્રાર–૮ | |
|---|---|---|---|---|
| | સંખ્યા | સ્થિતિ | સંખ્યા | સ્થિતિ |
| આભ્યંતર દેવ | ૧૦૦૦ | ૧૫½ સાગર–૫ પલ્ય | ૫૦૦ | ૧૭½ સાગર–૭ પલ્ય |
| મધ્યમ દેવ | ૨૦૦૦ | ૧૫½ સાગર–૪ પલ્ય | ૧૦૦૦ | ૧૭½ સાગર–૬ પલ્ય |
| બાહ્ય દેવ | ૪૦૦૦ | ૧૫½ સાગર–૩ પલ્ય | ૨૦૦૦ | ૧૭½ સાગર–૫ પલ્ય |

| પરિષદ | આણત–પ્રાણત(૯-૧૦) | | આરણ–અચ્યુત(૧૧-૧૨) | |
|---|---|---|---|---|
| | સંખ્યા | સ્થિતિ | સંખ્યા | સ્થિતિ |
| આભ્યંતર દેવ | ૨૫૦ | ૧૯ સાગર–૫ પલ્ય | ૧૨૫ | ૨૧ સાગર–૭ પલ્ય |
| મધ્યમ દેવ | ૫૦૦ | ૧૯ સાગર–૪ પલ્ય | ૨૫૦ | ૨૧ સાગર–૬ પલ્ય |
| બાહ્ય દેવ | ૧૦૦૦ | ૧૯ સાગર–૩ પલ્ય | ૫૦૦ | ૨૧ સાગર–૫ પલ્ય |

***નોંધ :–*** *જ્યોતિષી દેવેન્દ્રોની પરિષદની સંખ્યા અને સ્થિતિ વ્યંતરના કાલકુમારેન્દ્રની સમાન છે. નવ ગ્રૈવેયક અને અનુત્તર વિમાનમાં સર્વ દેવો અહમેન્દ્ર છે. ત્યાં પરિષદ હોતી નથી.*

## પ્રશ્ન–૧૨ : જંબુદ્વીપના વર્ણન માટે એક સ્વતંત્ર શાસ્ત્ર છે, તો પછી અહીં વિશિષ્ટ વર્ણન શું છે ?

**ઉત્તર :** જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રમાં દક્ષિણના ભરત ક્ષેત્રથી શરૂ કરીને ઉત્તરના ઐરવત ક્ષેત્ર સુધીનું ભૌગોલિક વર્ણન છે. પરંતુ અહીં જગતીનું(કોટનું) તેના દ્વારોનું, દ્વારોના માલિક વિજય દેવ વગેરે ચારે ય દેવોનું વિસ્તારપૂર્વક વર્ણન આપેલ છે. તે આ પ્રમાણે છે.





તિરછા લોકમાં જંબૂદ્વીપ આદિ અસંખ્ય દ્વીપ છે. લવણ સમુદ્ર આદિ અસંખ્ય સમુદ્ર છે. જંબૂદ્વીપ સર્વથી નાનો અને બરાબર વચ્ચે છે. તે પૂર્ણ ચંદ્રના આકારે છે. એક લાખ યોજન લાંબો, પહોળો છે. તેની ચારે તરફ વલયાકાર બે લાખ યોજન વિસ્તારવાળો લવણ સમુદ્ર છે. ત્યાર પછી એક દ્વીપ અને એક સમુદ્ર ક્રમશઃ વલયાકારે છે. તે સર્વ વિસ્તારમાં બમણા-બમણા છે. પ્રત્યેક દ્વીપ-સમુદ્રના કિનારે પદ્મવર વેદિકા અને વનખંડ છે. તે પણ વલયાકારે છે.

**જંબૂદ્વીપની જગતી :–** જંબૂદ્વીપના કિનારે વલયાકારે જગતી છે. તેની ઊંચાઈની મધ્યમાં ચારે તરફ ગવાક્ષકટક છે. જગતીની ઉપર(શિખરતલ પર) મધ્યમાં પદ્મવર વેદિકા છે અને તેની બંને બાજુ વનખંડ છે, તે બંને પણ વલયાકારે છે. વનખંડમાં અનેક વાવડીઓ આદિ છે.(સૂત્રમાં પદ્મવર વેદિકા અને વનખંડ તથા તેમાં રહેલી વાવડીઓનું વિસ્તૃત વર્ણન છે.) જગતી પર વાણવ્યંતર દેવો ક્રીડા, આમોદ-પ્રમોદ કરવા માટે આવે છે. ત્યાં બેસવા-સૂવા માટે આસન શિલાપટક આદિ છે.

**જંબુદ્વીપની જગતીના દરવાજા :–** મેઢ પર્વતથી પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણમાં જગતીમાં ચાર દ્વાર છે. તેના નામ વિજય, વિજયંત, જયંત, અપરાજિત છે. મેઢથી ૪૫૦૦૦ યોજન દૂર સીતામહાનદી ઉપર પ્રથમ વિજયદ્વાર છે. તે ચાર યોજન પહોળું ને આઠ યોજન ઊંચું છે. દરવાજાની અંદર અને બહાર સુવર્ણમય રેતી બિછાવેલી છે.

**વિજયદ્વારનું આભ્યંતર વર્ણન :–** દ્વારની અંદર બંને બાજુ ચોતરા (બેસવાના સ્થાન) છે. જેમાં ચંદન કળશ, માળાઓ યુક્ત ખીલીઓ, ઘંટડીઓ, ચાંદીના સીંકા અને તેમાં ધૂપદાનીઓ છે તેમજ પુતળીઓ, જાલઘર, વિશાળઘંટ અને માળાઓની પંક્તિઓ છે. બંને ચોતરામાં પીઠ પર પ્રાસાદાવતસંક મહેલ છે. પીઠ ચાર યોજન લાંબી-પહોળી, બે યોજન ઊંચી છે; પ્રાસાદ બે યોજન લાંબા-પહોળા અને ચાર યોજન ઊંચા છે. પ્રાસાદમાં મણિપીઠિકા(ચબુતરા) છે. તેના પર સિંહાસન છે.

**વિજયદ્વારનું બાહ્ય વર્ણન :–** બંને નિષીદિકાઓ(ચોતરા)ની સામે બે તોરણ છે. પ્રત્યેક તોરણની સામે બબ્બે પુતળીઓ છે. નાગદંત, હસ્તિયુગલ, અશ્વયુગલ, નર-કિન્નર, કિંપુરસ યુગલ, મહોરગ, ગંધર્વ અને ઋષભયુગલ છે. આ પ્રમાણે

અનેક મંગલરૂપ દર્શનીય બબ્બે પદાર્થ છે. બંને નિષીધિકાઓ ઉપર બબ્બે સિંહાસન, છત્ર, ચામર આદિ છે.

દ્વાર ઉપર ૧૦૮૦ ધ્વજાઓ છે. દરવાજાની ઉપર ૯ ભવન છે. પાંચમા ભવનમાં વિજયદેવનું સિંહાસન છે. તેની આસપાસ તેના દેવ-દેવીઓના ભદ્રાસનો છે. આ રીતે તે મધ્યમ ભવનમાં પરિવાર સહિત બેસવા યોગ્ય સંપૂર્ણ વ્યવસ્થા છે. અન્ય આઠ ભવનમાં એક-એક સિંહાસન છે.

**વિજયદેવનો પરિવાર :–** ૪,૦૦૦ સામાનિક દેવ, ૪,૦૦૦ અગ્રમહિષીનો પરિવાર, ૮,૦૦૦ આભ્યંતર પરિષદના દેવો, મધ્યમ પરિષદના ૧૦,૦૦૦ દેવો, બાહ્ય પરિષદના ૧૨,૦૦૦ દેવો, ૭ સેનાપતિ, ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો, આ દરેક દેવો માટે પાંચમાં ભવનમાં ભદ્રાસન છે. વિજયદ્વારના **'વિજય'** નામના માલિક દેવ અહીં રહે છે. તેની સ્થિતિ એક પલ્યોપમની છે.

**વિજયદેવની રાજધાની :–** પૂર્વ દિશામાં અસંખ્ય દ્વીપ સમુદ્રો પછી જ્યાં બીજો જંબૂદ્વીપ છે(એમ તો જંબૂદ્વીપ વગેરે નામના દ્વીપસમુદ્રો અસંખ્ય હોય છે) ત્યાં ૧૨,૦૦૦ યોજન અંદર ગયા પછી વિજયદેવની વિજયા નામની રાજધાની છે. તે ૧૨,૦૦૦ યોજનની લાંબી-પહોળી અને ગોળ છે. તેની ચારે બાજુ ૩૭ાા (સાડા સાડત્રીસ) યોજન ઊંચો કિલ્લો(ગઢ) છે. તે મૂળમાં ૧૨ાા યોજન પહોળો છે, મધ્યમાં ૬ા યોજન પહોળો અને ઉપર ૩ યોજન ને અર્ધ ગાઉ પહોળો છે. વિજયા રાજધાનીમાં કુલ ૫૦૦ દરવાજા છે. તે દ્વાર ૬૨ાા યોજન ઊંચા અને ૩૧ા યોજન પહોળા છે. શેષ વર્ણન ઉપરોક્ત દ્વારના વર્ણનની સમાન જાણવું. વિજયા રાજધાનીનું બાહ્ય અને આભ્યંતર વર્ણન પ્રાયઃ સૂર્યાભદેવના સૂર્યાભ વિમાન સદશ છે. તેના માટે જુઓ– ***રાયપસેણીય સૂત્ર, સારાંશ.***

**શેષ ત્રણ દ્વાર :–** મેરુ પર્વતથી પૂર્વદિશામાં સ્થિત વિજયદ્વારની સમાન દક્ષિણ દિશામાં વૈજયંત દ્વાર અને વૈજયંતદેવ તથા તેની વૈજયંતા રાજધાની, પશ્ચિમ દિશામાં જયંત દ્વાર, જયંત દેવ અને તેની જયંતા રાજધાની અને ઉત્તર દિશામાં અપરાજિતદ્વાર, અપરાજિત દેવ અને અપરાજીત રાજધાની છે. ચારે દ્વારોની વચ્ચે ૭૯,૦૫૨ યોજન અને દેશોન બે કોશ સાધિક અંતર છે.

**ઉપસંહાર :–** લવણ સમુદ્રના અંતિમ પ્રદેશો જંબૂદ્વીપથી સ્પૃષ્ટ છે અને જંબૂદ્વીપના અંતિમ પ્રદેશો લવણ સમુદ્રથી સ્પૃષ્ટ છે પરંતુ તે પ્રદેશો તેમની જ





મર્યાદાના કહેવાય છે. જંબૂદ્વીપમાંથી મરીને કેટલાય જીવો લવણ સમુદ્રમાં ઉત્પન્ન થાય છે અને લવણ સમુદ્રના કેટલાક જીવ મરીને, જંબૂદ્વીપમાં ઉત્પન્ન થાય છે.

**જંબૂદ્વીપનું નામ :–** મેરુ પર્વતથી ઉત્તર દિશામાં ઉત્તર કુરુક્ષેત્રમાં જંબૂસુદર્શન નામનું વૃક્ષ છે. તે પૃથ્વીમય–વિવિધ રત્ન મણિમય છે. જંબૂદ્વીપના અધિપતિ (માલિક) અનાદત નામના દેવ ત્યાં રહે છે. તેની અનાદતા રાજધાની અન્ય જંબૂ દ્વીપમાં છે. જંબૂસુદર્શન વૃક્ષના કારણે તથા અન્ય અનેક જંબૂવૃક્ષોના કારણે આ દ્વીપનું નામ જંબૂદ્વીપ છે. અથવા આ અનાદિ શાશ્વત નામ છે. જંબૂદ્વીપમાં બે સૂર્ય, બે ચંદ્ર, ૫૬ નક્ષત્ર, ૧૭૬ ગ્રહ, ૧,૩૩,૯૫૦ ક્રોડાક્રોડી તારા ભ્રમણ કરે છે.

**પ્રશ્ન–૧૩ : લવણ સમુદ્ર સંબંધી પરિચય-પરિજ્ઞાન અહીં કેવી રીતે આપેલ છે ?**

**ઉત્તર :** લવણસમુદ્ર સંબંધી વિશિષ્ટ વિષયો અહીં વર્ણવેલ છે એ આ શાસ્ત્રની ખાસ વિશેષતા છે. તાત્પર્ય એ છે કે જંબુદ્વીપનું વર્ણન તો જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ શાસ્ત્રમાં છે પરંતુ લોકના બીજા બધા દ્વીપોનું વર્ણન આ સૂત્રની ત્રીજી પ્રતિપત્તિમાં છે. જેમાં પણ લવણસમુદ્રને લગતી વિશેષતાઓ ક્રમશઃ આ પ્રકારે છે–

જંબૂદ્વીપની ચારેતરફ ઘેરાયેલો વલયાકારે લવણ સમુદ્ર છે. તેનું પાણી ખારું, કડવું અને અમનોજ્ઞ છે. તેમાં ઉત્પન્ન થયેલા જીવોને છોડીને અન્ય જીવો માટે તેનું પાણી અપેય છે. લવણ સમુદ્ર ચારેબાજુથી ક્રમશઃ પદ્મવર વેદિકા અને વનખંડથી ઘેરાયેલો છે. તેની ચારે દિશામાં લવણ સમુદ્રના વિજય આદિ ચાર દ્વાર છે. તેનું સંપૂર્ણ વર્ણન જંબૂદ્વીપના વિજય આદિ દ્વારો જેવું છે. લવણ સમુદ્રના માલિક દેવનું નામ 'સુસ્થિત' છે. તે લવણ સમુદ્રમાં જ ગૌતમદ્વીપમાં રહે છે. લવણાધિપતિ સુસ્થિતદેવની 'સુસ્થિતા' નામની રાજધાની અન્ય બીજા લવણ સમુદ્રમાં છે. સુસ્થિત દેવની સ્થિતિ એક પલ્યોપમની છે.

**પાતાળ કળશા :–** લવણ સમુદ્રમાં ચાર મહા પાતાળકળશા છે. તે એક લાખ યોજન ઊંડા છે. ૭,૮૮૪ નાના પાતાળકળશા છે. તે ૧૦૦૦ યોજન ઊંડા છે. ચાર મોટા કળશાના ચાર માલિક દેવ– કાલ, મહાકાલ, વેલંબ અને પ્રભંજન છે. તેમની સ્થિતિ એક પલ્યોપમની છે. નાના કળશાના માલિક દેવોની સ્થિતિ અર્ધ પલ્યોપમની છે. તે કળશાઓ વજ્રમય છે.

તે કળશામાં નીચે $\frac{1}{3}$ ભાગમાં વાયુ હોય છે, મધ્યના $\frac{1}{3}$ ભાગમાં વાયુ અને પાણી છે અને ઉપરના $\frac{1}{3}$ ભાગમાં ફક્ત પાણી છે. તે કળશોમાં ઊર્ધ્વ ગમનના સ્વભાવવાળો વાયુ ઉત્પન્ન થઈને ઉપરની તરફ ગતિ કરે છે, ગુંજારવ કરે છે, ત્યારે પાણી ઉછળે છે.

**લવણ શિખા :–** લવણ સમુદ્રના બંને કિનારેથી ૯૫,૦૦૦–૯૫,૦૦૦ યોજન અંદર જઈએ ત્યારે મધ્યમાં ૧૦,૦૦૦ યોજનનું સમતલ ક્ષેત્ર છે. તેમાં પાતાલ કળશા છે અને ત્યાં સમભૂમિથી ૧૬,૦૦૦ યોજન ઊંચી ૧૦,૦૦૦ યોજન પહોળી જલશિખા છે. તે લવણ સમુદ્રના બે વિભાગ કરે છે. આભ્યંતર અને બાહ્ય. પાતાલકળશોનું મુખ સમુદ્રની ઉપરની સપાટી તરફ છે. અર્થાત્ સમુદ્રની સપાટીથી ૧,૦૦૦ યોજન ઊંડા છે. પાતાલકળશોનીઅંદરનો વાયુ ક્ષુભિત અને ઉદીરિત થવાથી ૧૬૦૦૦ યોજનની જલશિખા દેશોન અર્ધયોજન ઉપર વધે છે. જ્યારે વાયુ શાંત હોય ત્યારે જલશિખા યથાવત્ રહે છે, તેમાં વૃદ્ધિ થતી નથી. સ્વાભાવિક રીતે દિવસમાં બે વખત જલશિખા વધે છે અને પુનઃ ઘટી જાય છે. પરંતુ આઠમ, ચૌદસ, પૂનમ, અમાસના દિવસે સ્વાભાવિક જ અતિશયરૂપમાં ઘણા સમય સુધી વધે છે અને ઘટે છે.

આ લવણશિખાના ઉછળતા પાણીને, અંદર જંબૂદ્વીપ તરફ અને બહાર ઘાતકીખંડ દ્વીપ તરફ અને ઉપર તરફ એમ ત્રણ દિશામાં ક્રમશઃ ૪૨,૦૦૦, ૭૨,૦૦૦ અને ૬૦,૦૦૦ નાગકુમાર દેવો રોકવાના હેતુથી દબાવે છે. જેમાં ચાર વેલંધર નાગરાજા છે– **૧.** ગોસ્તૂપ, **૨.** શિવક, **૩.** શંખ, **૪.** મનોશિલક.

**વેલંધર નાગરાજાના આવાસ પર્વત :–** મેઢપર્વતથી પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તરમાં લવણ સમુદ્રમાં ૪૨,૦૦૦ યોજન જવા પર ક્રમશઃ ગોસ્તૂપ આદિ ચારે નાગરાજાઓના ક્રમશઃ ચાર આવાસ પર્વત છે. **૧.** ગોસ્તૂપ **૨.** ઉદકભાસ, **૩.** શંખ, **૪.** દકસીમ. તે પર્વત સુવર્ણમય છે, ગોપુચ્છ સંસ્થાનવાળા છે. તેના શિખર પર મહેલ છે. તે મહલ ૫૨$\frac{1}{2}$ યોજન ઊંચા અને ૨૯$\frac{1}{4}$ યોજન લાંબા પહોળા છે. તેમાં સિંહાસન આદિ વિજયદેવના પ્રાસાદની સમાન છે. તેની રાજધાની અન્ય લવણસમુદ્રમાં તે દિશામાં તે સમુદ્રની જગતીથી ૪૨,૦૦૦ યોજન દૂર છે. તેનું વર્ણન વિજયા રાજધાની જેવું છે.

આવી જ રીતે મેઢપર્વતથી ચારે વિદિશાઓમાં અણુવેલંધર નાગરાજાઓના આવાસ પર્વત છે. તેના નામ– **૧.** કર્કોટક, **૨.** કર્દમક, **૩.**





કૈલાશ, **૪.** અઢણપ્રભ. તે આવાસ પર્વત ચાંદીમય છે. માલિકદેવ, આવાસ પર્વત, પ્રાસાદ અને રાજધાની તે તે નામવાળા છે.

**સુસ્થિતદેવ–** મેઢપર્વતથી પશ્ચિમમાં લવણસમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન દૂર ૧૨,૦૦૦ યોજનનો લાંબો પહોળો અને ગોળ ગૌતમદ્વીપ છે. તે પદ્મવર વેદિકા અને વનખંડથી ઘેરાયેલો છે. તેની મધ્યમાં **અતિક્રીડા** નામનું ભવન છે. તેને સેંકડો સ્તંભો છે. ત્યાં સુસ્થિત દેવ રહે છે. ગૌતમદ્વીપથી પશ્ચિમમાં અન્ય લવણ સમુદ્રના કિનારેથી ૧૨,૦૦૦ યોજન દૂર સુસ્થિતા નામની રાજધાની છે. દેવોનો જન્મ આદિ રાજધાનીમાં હોય છે પરંતુ તે આવાસ પર્વતો પર પ્રસંગાનુસાર આવાગમન કરે છે, બેસે છે અને ક્યારેક મર્યાદિત સમય માટે રોકાય પણ છે.

**ચંદ્ર-સૂર્ય દ્વીપ :–** જંબુદ્વીપના સૂર્ય-ચંદ્રના દ્વીપ આભ્યંતર લવણસમુદ્રમાં છે. આભ્યંતર લવણ સમુદ્રના ચન્દ્ર-સૂર્યના દ્વીપ આભ્યંતર લવણ સમુદ્રમાં છે અને બાહ્ય લવણસમુદ્રના સૂર્ય-ચંદ્રના દ્વીપ બાહ્ય લવણ સમુદ્રમાં છે. ધાતકીખંડના ચંદ્ર-સૂર્યના દ્વીપ કાલોદધિ સમુદ્રના અંદરના કિનારા તરફ છે અને કાલોદધિ સમુદ્રના ચંદ્ર-સૂર્યના દ્વીપ તેના બાહ્ય કિનારા તરફ છે. પુષ્કરદ્વીપના અને પુષ્કર સમુદ્રના સૂર્ય-ચંદ્રના દ્વીપ પુષ્કર સમુદ્રમાં છે. આ રીતે આગળ પણ સમજી લેવું. અર્થાત્ દ્વીપના ચંદ્ર-સૂર્યના દ્વીપા આગળના સમુદ્રની આભ્યંતર વેદિકાથી ૧૨૦૦૦ યોજન છે અને તે સમુદ્રના ચંદ્ર-સૂર્યના દ્વીપ બાહ્ય વેદિકાથી ૧૨૦૦૦ યોજન અંદરની તરફ સમુદ્રમાં છે.

ચંદ્રના ચંદ્રદ્વીપ પૂર્વદિશામાં છે અને સૂર્યના સૂર્યદ્વીપ પશ્ચિમ દિશામાં છે. તે સર્વ સમુદ્રી કિનારેથી ૧૨,૦૦૦ યોજન સમુદ્રમાં છે. તે દ્વીપો ૧૨,૦૦૦ યોજન લાંબા-પહોળા અને ગોળ છે. તેની રાજધાની તે જ દિશામાં તે નામના અન્ય દ્વીપ સમુદ્રમાં છે.

અંતમાં જે દ્વીપ સમુદ્રના નામના દ્વીપ કે સમુદ્ર આગળ ન હોય તો તે દ્વીપના ચંદ્ર-સૂર્યની રાજધાની દ્વીપવાળાની તે જ દ્વીપમાં અને સમુદ્રવાળાની તે જ સમુદ્રમાં છે, કિનારાથી અર્થાત્ વેદિકાથી અસંખ્ય-અસંખ્ય યોજન દૂર છે **અથવા** બંનેની રાજધાની તે જ સમુદ્રમાં છે. તેમાં દ્વીપવાળાની સમુદ્રના આભ્યંતર કિનારેથી અને સમુદ્રવાળાની સમુદ્રના બાહ્ય કિનારેથી અસંખ્ય યોજન દૂર સમુદ્રમાં છે.

**ઉપસંહાર :–** લવણ સમુદ્રનું પાણી ઊંચે ઉઠેલું છે તથા ક્ષુભિત ઉછળતું છે. અન્ય સમુદ્રોનું પાણી સમતલ છે અને અક્ષુભિત છે.

લવણ સમુદ્રમાં સ્વાભાવિક વરસાદ થાય છે. અન્ય સમુદ્રોમાં થતો નથી. ત્યાં અનેક અપ્‌કાય જીવો તથા પુદ્‌ગલોનો ચય-ઉપચય થાય છે. અનેક જીવો મરે છે અને નવા જીવો જન્મ ધારણ કરે છે.

**ગોતીર્થ–** લવણ સમુદ્રનું પાણી કિનારાથી ક્રમશઃ ઊંડુ થતું જાય છે. ક્રમશઃ એક-એક પ્રદેશની ઊંડાઈ વધતા ૯૫ યોજન જતાં એક યોજનની ઊંડાઈ વધે છે. આ રીતે ૯૫,૦૦૦ યોજન જવા પર એક હજાર યોજન પાણીની ઊંડાઈ વધે છે. આ રીતે ક્રમશઃ વધતી ઊંડાઈના કારણે તેનો આકાર ગોતીર્થ સમાન છે. ઊંચાઈ પણ ૭૦૦ યોજન ક્રમશઃ વધે છે. વચ્ચેના ૧૦,૦૦૦ યોજનના સમતલ ક્ષેત્રમાં લવણશિખા છે. જે સમભૂમિથી ૧૬,૦૦૦ યોજન ઊંચી ગઈ છે. સદા શા✓ત તેજ અવસ્થામાં રહે છે. અન્ય સર્વ સમુદ્રોમાં પાણીની ઊંડાઈ એક કિનારેથી બીજા કિનારા સુધી એક સમાન ૧૦૦૦ યોજનની હોય છે. ગોતીર્થ અને ડગમાળા–જલશિખા અન્ય સમુદ્રોમાં નથી.

લવણ સમુદ્ર ગોતીર્થ સંસ્થાન, નાવા સંસ્થાન, અ✓સ્કંધ સંસ્થાનથી સંસ્થિત, ગોળ–વલયકાર છે. ૧૬,૦૦૦ યોજન ઊંચું ૧,૦૦૦ યોજન ઊંડું અને ૧૭,૦૦૦ યોજનનું સર્વાંશે છે.

તેનું પાણી આટલું ઊંચું હોવા છતાં લોક સ્વભાવથી તથા મનુષ્ય, દેવ આદિના પુણ્યપ્રભાવથી અને ધર્માચરણી જીવોના ધર્મપ્રભાવથી તે જંબૂદ્વીપને જળબંબાકાર કરી શકતું નથી.

**પ્રશ્ન–૧૪ : મનુષ્ય ક્ષેત્રના બીજા દ્વીપ સમુદ્રો સંબંધી મુખ્ય જાણવા લાયક તત્વો શું છે ?**

**ઉત્તર : ધાતકીખંડ દ્વીપ :–** લવણ સમુદ્રની ચારે તરફ ઘેરાયેલો વલયાકારે ચાર લાખ યોજનના વિસ્તારવાળો ધાતકીખંડ દ્વીપ છે. તેના બે વિભાગ છે– પૂર્વ અને પશ્ચિમ, તેના બે માલિક દેવ છે– સુદર્શન અને પ્રિયદર્શન. તેની સ્થિતિ એક પલ્યોપમની છે. તે દ્વીપના બે ઈક્ષુકાર પર્વત દ્વારા બે વિભાગ હોવાથી તેમાં ભરતાદિ ક્ષેત્ર અને પર્વત, નદી આદિ એક નામના બબ્બે છે. ૧૨ સૂર્ય અને ૧૨ ચંદ્ર છે. વિજય આદિ ચાર દ્વાર જંબૂદ્વીપના દ્વારની સમાન છે. તે પદ્મવરવેદિકા અને વનખંડથી ઘેરાયેલો છે.





**કાલોદધિ સમુદ્ર :–** ધાતકીખંડને ચારે તરફ ઘેરીને વલયાકારે ૮ લાખ યોજન વિસ્તારવાળો કાલોદધિ સમુદ્ર છે. તેના પણ બે વિભાગ છે અને કાલ, મહાકાલ નામના બે માલિક દેવ છે. તેમાં ૪૨ ચંદ્ર અને ૪૨ સૂર્ય પ્રકાશ કરે છે. આ સમુદ્રનું પાણી પ્રાકૃતિક પાણીના જેવું અને સ્વાદિષ્ટ છે.

**પુષ્કરદ્વીપ :–** ૧૬ લાખ યોજનના વિસ્તારવાળો, વલયાકાર કાલોદધિ સમુદ્રને ઘેરીને રહેલો પુષ્કરદ્વીપ છે. તે પદ્મવર વેદિકા અને વનખંડથી ઘેરાયેલો છે. તેના પણ પૂર્વ અને પશ્ચિમ બે વિભાગ છે અને પદ્મ અને પુંડરીક નામના બે માલિક દેવ છે. પદ્મ, મહાપદ્મ નામના વૃક્ષો પર તેના પ્રાસાદાવતંસક છે. તેની સ્થિતિ એક પલ્યોપમની છે. ૧૪૪ ચંદ્ર અને ૧૪૪ સૂર્ય આ દ્વીપમાં પ્રકાશ કરે છે. વિજય આદિ ચાર દ્વાર છે. આ દ્વીપની બરાબર મધ્યમાં માનુષોત્તર નામનો પર્વત છે. તેનાથી આ દ્વીપના આભ્યંતર અને બાહ્ય બે વિભાગ થઈ જાય છે. આભ્યંતર વિભાગમાં જ ભરત આદિ ક્ષેત્ર છે. બાહ્ય વિભાગમાં એવા કોઈ ક્ષેત્ર, પર્વત આદિ નથી. તે બંને વિભાજિત ક્ષેત્રો આઠ-આઠ લાખ યોજન વિસ્તારવાળા છે. તે દરેક વિભાગમાં ૭૨ ચંદ્ર અને ૭૨ સૂર્ય છે.

**સમયક્ષેત્ર–મનુષ્યક્ષેત્ર :–** અઢીદ્વીપ અને બે સમુદ્ર પર્યંતનું ક્ષેત્ર, સમય ક્ષેત્ર છે; તેટલા ક્ષેત્રમાં સૂર્ય-ચંદ્ર આદિ ભ્રમણ કરે છે. દિવસ-રાત્રિના વિભાજનરૂપ સમયનો વ્યવહાર થાય છે. તેટલા ક્ષેત્રમાં જ મનુષ્ય જન્મે છે. માટે તેને મનુષ્યક્ષેત્ર કે સમયક્ષેત્ર કહેવાય છે. તેમાં લવણ અને કાલોદધિ બે સમુદ્ર છે. જંબૂદ્વીપ અને ઘાતકીખંડ બે દ્વીપ છે; માનુષોત્તર પર્વતના પૂર્વ ભાગ સુધી અર્ધ પુષ્કર દ્વીપ છે.

**મનુષ્યક્ષેત્રમાં ચંદ્રાદિનું જ્ઞાન :–** મનુષ્યક્ષેત્રમાં કુલ ૧૩૨ ચંદ્ર અને ૧૩૨ સૂર્ય પ્રકાશ કરે છે, ભ્રમણ કરે છે. એક-એક ચંદ્ર-સૂર્ય યુગલની સાથે ૨૮ નક્ષત્ર, ૮૮ ગ્રહ અને ૬૬,૯૭૫ ક્રોડાક્રોડી તારાગણનો પરિવાર હોય છે.

બે ચંદ્ર અને બે સૂર્ય પરિવારનોએક પિટક છે. એવા ૬૬ પિટક મનુષ્ય ક્ષેત્રમાં છે. ચંદ્રની બે અને સૂર્યની બે એમ ચાર પંક્તિ મનુષ્યલોકમાં છે. એક પંક્તિમાં ૬૬-૬૬ સંખ્યા હોય છે. એવી નક્ષત્રની ૫૬ અને ગ્રહની ૧૭૬ પંક્તિ હોય છે. આમ મનુષ્ય ક્ષેત્રમાં કુલપિટક એટલે ગોળા(રાઉન્ડ)–૬૬ છે. અને પંક્તિઓ કુલ, ચંદ્રની–૨ + સૂર્યની–૨ + ગ્રહની–૧૭૬ + નક્ષત્રની– ૫૬ = ૨૩૬ છે.

મનુષ્ય ક્ષેત્રમાં ચંદ્ર-સૂર્યના ગ્રહ-નક્ષત્ર સાથેના યોગ બદલાતા રહે

છે. માટે અહીં અનવસ્થિત યોગ હોય છે. નક્ષત્ર અને તારાઓના અવસ્થિત મંડલ હોય છે. સૂર્ય-ચંદ્રના મંડલ પરિવર્તનશીલ છે. પરંતુ તે ઉપર નીચે થતા નથી. ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્રની ગતિ વિશેષથી અને યોગ-સંયોગથી મનુષ્યના સુખ-દુઃખનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.

સૂર્ય બાહ્યમંડળથી આભ્યંતર મંડલની તરફ ક્રમશઃ આવે છે ત્યારે તાપક્ષેત્ર ક્રમશઃ વધે છે. જ્યારે આભ્યંતર મંડલથી બહારના માંડલા તરફ ગતિ કરે છે ત્યારે તાપક્ષેત્ર ક્રમશઃ ઘટે છે. ચંદ્રની સાથે ચાર અંગુલ નીચે કૃષ્ણ રાહુ સદા ગતિ કરે છે. જેનાથી ચંદ્રની કલાની હાનિ વૃદ્ધિ થાય છે.

**અઢી દ્વીપમાં ચંદ્ર-સૂર્ય સંખ્યા પરિજ્ઞાન :–** જંબૂદ્વીપમાં બે-બે ચંદ્ર-સૂર્ય, લવણસમુદ્રમાં ચાર-ચાર અને ઘાતકીખંડમાં બાર-બાર છે. આગળ કાલોદધિ આદિ કોઈ પણ દ્વીપ સમુદ્રના ચંદ્ર-સૂર્યની સંખ્યા જાણવી હોય તો તેના પૂર્વના અનંતર દ્વીપ સમુદ્રના ચંદ્રની સંખ્યાને ત્રણ ગુણી કરીને તેની આગળના સર્વ દ્વીપ સમુદ્રના સર્વ ચંદ્રની સંખ્યા ઉમેરવાથી જે સંખ્યા આવે, તે તે દ્વીપ કે સમુદ્રના ચંદ્રની કે સૂર્યની સંખ્યા નિશ્ચિત થાય છે. દા. ત. ઘાતકીખંડના ૧૨ ચંદ્ર છે તો ૧૨ × ૩ = ૩૬+૪+૨ = ૪૨ કાલોદધિના સૂર્ય-ચંદ્રની સંખ્યા છે. પુનઃ ૪૨×૩ =૧૨૬+૧૨ +૪+૨ = ૧૪૪ પુષ્કર દ્વીપના સૂર્ય-ચંદ્રની સંખ્યા છે.

આ પ્રકારનું ગણિત અઢીદ્વીપમાં અને ગતિમાન ચંદ્ર-સૂર્યો માટે સમજવું. અઢીદ્વીપની બહાર ચંદ્ર-સૂર્ય સ્થિર છે અને તેનું પરસ્પર અંતર પણ સ્થિર છે. તેમજ તે અંતર પોતાના પિટકમાં(ગોળ ચક્રમાં)જ હોય છે. ત્યાં પંક્તિઓ હોતી(બનતી) નથી.પોતાના પિટકમાં ચંદ્રથી સૂર્ય ૫૦ હજાર યોજન દૂર હોય છે અને સૂર્યથી આગળનો ચંદ્ર ૫૦ હજાર યોજન દૂર હોય છે. આમ ચંદ્રથી ચંદ્ર અને સૂર્યથી સૂર્ય એક લાખ યોજન દૂર હોય છે. પ્રત્યેક પિટકથી આગળનો પિટક(ગોળચક્ર)પણ એક લાખ યોજન દૂર હોય છે. તેનાથી બાહ્ય અર્ધપુષ્કર દ્વીપમાં ૮ પિટક થાય છે, કારણ કે તેની પહોળાઈ ૮ લાખ યોજનની છે અને એક-એક પિટક એક લાખ યોજનના અંતરથી હોય છે.

**પ્રશ્ન–૧૫ : અઢી દ્વીપ(મનુષ્ય ક્ષેત્ર)ની બહારના દ્વીપ સમુદ્રો કયા કયા છે અને તેનું વર્ણન કેવા પ્રકારે કરેલ છે ?**

**ઉત્તર :** બહારના દ્વીપ સમુદ્રની લંબાઈ-પહોળાઈ આદિ સંખ્યાત યોજન રૂપ





કહી છે. ઢચકદ્વીપ પછી લંબાઈ-પહોળાઈ, પરિધિ, ચંદ્ર અને સૂર્ય આદિ અસંખ્ય-અસંખ્ય કહ્યા છે. સર્વ દ્વીપ-સમુદ્રોમાં દ્વાર, પદ્મવરવેદિકા અને વનખંડ હોય છે. તે દરેક દ્વીપ સમુદ્રોના બે-બે માલિક દેવ છે. પુષ્કર સમુદ્રના શ્રીધર અને શ્રીપ્રભુ માલિક દેવ છે.

| દ્વીપ | માલિક દેવ | સમુદ્ર | માલિક દેવ |
|---|---|---|---|
| ૭ વઢણ દ્વીપ | વઢણ–વઢણપ્રભ | ૮ વઢણ સમુદ્ર | વાઢણી–વાઢણીકંતા |
| ૯ ક્ષીર દ્વીપ | પુંડરીક–પુષ્કર દંત | ૧૦ ક્ષીર સમુદ્ર | વિમલ–વિમલપ્રભ |
| ૧૧ ઘૃત દ્વીપ | કનક–કનકપ્રભ | ૧૨ ઘૃત સમુદ્ર | કાંત–સુકાંત |
| ૧૩ ક્ષોદવર દ્વીપ | સુપ્રભ–મહાપ્રભ | ૧૪ ક્ષોદવર સમુદ્ર | પૂર્ણભદ્ર–માણિભદ્ર |
| ૧૫ નંદી✓ર દ્વીપ | કૈલાસ–હરિવાહન | ૧૬ નંદી✓ર સમુદ્ર | સુમન–સોમનસ |
| ૧૭ અઢણ દ્વીપ | અશોક–વિતશોક | ૧૮ અઢણ સમુદ્ર | સુભદ્ર–સુમનભદ્ર |
| ૧૯ અઢણવર દ્વીપ | અઢણવર ભદ્ર–<br>અઢણવર મહાભદ્ર | ૨૦ અઢણવર સમુદ્ર | અઢણવર–<br>અઢણમહાવર |

ત્યારપછીના દ્વીપમાં 'ભદ્ર' અને સમુદ્રમાં 'વર' એ શબ્દોને જોડતા તેના માલિક દેવના નામ બને છે. (૨૧) અઢણવરાવભાસદ્વીપ (૨૨) અઢણવરાવ–ભાસસમુદ્ર (૨૩) કુંડલદ્વીપ (૨૪) કુંડલોદ સમુદ્ર (૨૫) કુંડલવરદ્વીપ (૨૬) કુંડલવર સમુદ્ર (૨૭) કુંડલવરાવભાસદ્વીપ (૨૮) કુંડલવરાવભાસસમુદ્ર (૨૯) ઢચક દ્વીપ(અસંખ્ય યોજન વિસ્તારની પરિધિ વાળો) (૩૦) ઢચક સમુદ્ર (૩૧) ઢચક વરદ્વીપ (૩૨) ઢચક વર સમુદ્ર (૩૩) ઢચકવરાવભાસ દ્વીપ (૩૪) ઢચક-વરાવભાસ સમુદ્ર. લોકમાં જેટલા શુભ નામ છે અને શુભ વર્ણ, શુભ ગંધ, શુભ રસ, શુભ સ્પર્શ, આભૂષણ, વસ્ત્ર, પૃથ્વી, રત્ન, નિધિ, દ્રહ, નદી, પર્વત, ક્ષેત્ર, વિજય, કલ્પ, આવાસ, કૂટ, નક્ષત્ર, ચંદ્ર, સૂર્ય આદિ છે તેના નામથી ત્રિપ્રત્યવતાર નામના દ્વીપ અને સમુદ્રો છે. જેમ કે હારદ્વીપ, હારસમુદ્ર હારવર દ્વીપ, હારવર સમુદ્ર, હારવરાવભાસ દ્વીપ, હારવરાવભાસ સમુદ્ર, ***યાવત્*** સુર-વરાવભાસ સમુદ્ર. અંતમાં દેવદ્વીપ, દેવસમુદ્ર, નાગદ્વીપ, નાગસમુદ્ર, યક્ષદ્વીપ, યક્ષસમુદ્ર, ભૂતદ્વીપ, ભૂતસમુદ્ર, સ્વયંભૂરમણદ્વીપ, સ્વયંભૂરમણ સમુદ્ર છે, સર્વદ્વીપોમાં વાવડીઓ છે. તેનું પાણી ઈક્ષુરસ જેવું છે. ઉત્પાત પર્વત છે તે સર્વ વજ્રમય છે.

**નંદીશ્વરદ્વીપ : અંજનગિરી**—આ દ્વીપમાં ચારે દિશાઓમાં બરાબર પહોળાઈની મધ્યમાં ચાર અંજન પર્વત છે. તે ૮૪,૦૦૦ યોજનના ઊંચા છે. ૧,૦૦૦ યોજન ભૂમિમાં છે. ૮૫,૦૦૦ યોજન સર્વાગ્ર છે. ૧૦,૦૦૦ યોજનનો વિસ્તાર છે. ક્રમશઃ ઘટતાં ઘટતાં ઉપર ૧,૦૦૦ યોજનનો વિસ્તાર છે. ગોપુચ્છ સંસ્થાનવાળા છે. પદ્મવર વેદિકા અને વનખંડથી ઘેરાયેલો છે. ઉપર શિખરના મધ્યભાગે સિદ્ધાયતન છે. *(વાસ્તવમાં આ, માલિક દેવનું ભવન છે.)*

**સિદ્ધાયતન(માલિક દેવનું ભવન) :–** ૧૦૦ યોજન લાંબુ, ૫૦ યોજન પહોળું અને ૭૨ યોજન ઊંચું તથા અનેક સ્તંભોથી બનેલું છે. તેના ચાર દ્વાર છે– દેવ દ્વાર, અસુરદ્વાર, નાગદ્વાર, સુવર્ણદ્વાર, તે દ્વાર ૧૬ યોજન ઊંચા, ૮ યોજન પહોળા છે. દ્વારના તોરણ, પ્રેક્ષાઘર, સ્તૂપ, ચૈત્યવૃક્ષ આદિ વિજયા રાજધાનીના દ્વારના વર્ણનની સમાન છે. મહેન્દ્ર ધ્વજ, નંદાપુષ્કરિણી અને ૪૮,૦૦૦ ભદ્રાસન છે. ૧૦૮ જિન પ્રતિમા આદિ સૂર્યાભદેવના વિમાનના વર્ણનની સમાન છે.

**વાવડીઓ :–** પૂર્વ દિશાના અંજન પર્વતની ચારે દિશાઓમાં ચાર નંદાપુષ્કરિણી છે. નંદુતરા, નંદા, આનંદા, નંદીવર્ધના. તે પુષ્કરિણી એક લાખ યોજનની લાંબી, પહોળી અને ૧૦ યોજન ઊંડી છે. તે વેદિકા અને વનખંડ સહિત છે.

**દધિમુખા :–** આ વાવડીઓની મધ્યમાં એક દધિમુખ પર્વત છે. ૬૪,૦૦૦ યોજન ઊંચો અને ૧૦,૦૦૦ યોજન લાંબો-પહોળો છે. ૧૦૦૦ યોજન ભૂમિમાં છે. તેના શિખર પર સિદ્ધાયતન છે. ***(વાસ્તવમાં તેના માલિક દેવનું ભવન છે.)***

પૂર્વદિશાના અંજન પર્વતની જેમ ચારે દિશાના અંજન પર્વતોની ચાર-ચાર વાવડીઓ અને તેમાં દધિમુખ પર્વત છે. તે વાવડીના નામ આ પ્રમાણે છે– દક્ષિણી અંજન પર્વતની ભદ્રા, વિશાલા, કુમુદા, પુંડરીકિણી; પશ્ચિમી અંજન પર્વતની નંદીસેના, અમોઘા, ગોસ્તુભા અને સુદર્શના તથા ઉત્તરી પર્વતની વિજય, વૈજયંતિ, જયંતિ અને અપરાજિતા છે.

અહીં અનેક ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવો ચૌમાસી સવંત્સરી આદિ પર્વોના દિવસે, પ્રતિપદાના દિવસે, તીર્થંકરોના જન્માદિના સમયે અને અન્ય પણ અનેક કાર્યો માટે અહીં આવે છે, અષ્ટાન્હિકા મહોત્સવ કરે છે તથા સુખપૂર્વક આમોદ-પ્રમોદ કરે છે.





**દ્વીપ સમુદ્રોનો પ્રકીર્ણ વિષય :–** જંબૂદ્વીપ નામના દ્વીપ અસંખ્ય છે. લવણ સમુદ્ર નામના સમુદ્ર અસંખ્ય છે. એ રીતે ધાતકી ખંડ, કાલોદધિ ***યાવત્*** સૂર્ય નામના દ્વીપ-સમુદ્ર પણ અસંખ્ય છે. ત્યારપછી દેવદ્વીપ એક છે. ત્યાર પછી ક્રમશઃ નાગ, યક્ષ, ભૂત અને સ્વયંભૂરમણ તે પાંચે દ્વીપ અને સમુદ્ર એક-એક છે. કાલોદધિ, પુષ્કર સમુદ્ર, સ્વયંભૂરમણ સમુદ્રનું પાણી સ્વાભાવિક પાણીના સ્વાદવાળું છે. લવણ, ક્ષીર, ઘૃત અને વઢણ તે ચાર સમુદ્રનું પાણી તેના નામ જેવા જ રસવાળું છે. શેષ સર્વ સમુદ્રોનું પાણી ઈક્ષુરસના સ્વાદવાળું છે.

લવણસમુદ્ર, કાલોદધિ સમુદ્ર અને સ્વયંભૂરમણ સમુદ્રમાં ઘણા મચ્છ કચ્છ છે. અન્ય સમુદ્રોમાં અલ્પ છે. તેમાં ક્રમશઃ મચ્છોની ૭ લાખ, ૯ લાખ અને ૧૨½ લાખ કુલ કોડી યોનિ છે. લવણસમુદ્રમાં મચ્છ, કચ્છની ઉત્કૃષ્ટ અવગાહના ૫૦૦ યોજનની છે. કાલોદધિ સમુદ્ર આદિમાં ઉત્કૃષ્ટ ૭૦૦ યોજનની છે. સ્વયંભૂરમણ સમુદ્રમાં ઉત્કૃષ્ટ ૧,૦૦૦ યોજનની અવગાહનાવાળા મચ્છ-કચ્છ છે.

તિરછાલોકમાં અસંખ્ય દ્વીપ-સમુદ્ર છે. તે અઢી ઉદ્ધાર સાગરોપમના સમય પ્રમાણ છે. પ્રાયઃ સર્વ જીવો અહીં પૃથ્વીકાયપણે ***યાવત્*** ત્રસકાયપણે અનેકવાર અથવા અનંતવાર ઉત્પન્ન થઈ ચૂક્યા છે.

**મનુષ્ય ક્ષેત્રની બહાર ચંદ્ર-સૂર્યનું પરિજ્ઞાન :–** ચંદ્રની સાથે અભિજીત નક્ષત્રનો સ્થિર યોગ છે અને સૂર્યની સાથે પુષ્ય નક્ષત્રનો સ્થિર યોગ છે; કારણ કે ત્યાં ચંદ્ર-સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા વગેરે બધા જ સ્થિર છે.

મનુષ્યક્ષેત્રની બહાર સ્વાભાવિક રીતે જ વરસાદ થતો નથી. ઘર ગામ આદિ હોતા નથી. મનુષ્યોનું ગમનાગમન થતું નથી. ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ, સાધુ-સાધ્વી આદિ નથી, પરંતુ વૈક્રિયથી કે વિદ્યા પ્રયોગથી અથવા પરપ્રયોગથી કોઈ મુનષ્ય જઈ શકે છે. દિવસ-રાત્રિ આદિનું કાળ જ્ઞાન નથી, અગ્નિ નથી, ગ્રહણ, પ્રતિચંદ્ર, ઈન્દ્રધનુષ આદિ હોતા નથી.

મનુષ્યક્ષેત્રમાં સૂર્ય-ચંદ્રના તાપક્ષેત્ર ઊર્ધ્વમુખી કદમ્બપુષ્પના સંસ્થાન વાળા છે. મનુષ્યક્ષેત્રની બહાર પાકી ઈંટના સંસ્થાનવાળું તાપક્ષેત્ર છે. ત્યાં સદાય ચંદ્ર-સૂર્યનો મિશ્ર પ્રકાશ હોય છે.

**ઈન્દ્રવિરહ :–** ચંદ્ર-સૂર્ય જ્યોતિષેન્દ્રનો વિરહ ઉત્કૃષ્ટ ૬ માસનો હોય છે.

ઈન્દ્રના વિરહકાલમાં બે-ચાર સામાનિક દેવો મળીને તે ઈન્દ્રનું કાર્ય કરે છે. અર્થાત્ સંપૂર્ણ જ્યોતિષ પરિવારનું આધિપત્ય ધારણ કરે છે.

**ઈન્દ્રિય વિષય :–** શુભ શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શવાળા પુદ્ગલ, અશુભમાં પરિવર્તિત થઈ શકે છે અને અશુભ પુદ્ગલ શુભમાં પરિવર્તિત થઈ શકે છે.

કોઈ પણ પુદ્ગલ ફેંકવાથી પ્રારંભમાં તેની તીવ્ર ગતિ હોય છે, ધીરે-ધીરે તેની ગતિ મંદ થઈ જાય છે. પરંતુ દેવતાની ગતિ શીઘ્ર શીઘ્રતર હોય છે મંદ થતી નથી, માટે તે કોઈ ચીજને ફેંકીને પુનઃ તેને ગ્રહણ કરી શકે છે, પકડી શકે છે. દેવો બહારના પુદ્ગલો ગ્રહણ કરીને કોઈ પણ ઉત્તરવૈક્રિય ક્રિયા કરી શકે છે.

**પ્રશ્ન–૧૬ : જ્યોતિષી મંડળ સંબંધી પરિચય–પરિજ્ઞાન કેવી રીતે આપેલ છે.**

**ઉત્તર :** મેરુ પર્વતથી ૧૧૨૧ યોજન દૂરથી જ્યોતિષ મંડળનો પ્રારંભ થાય છે અને લોકાંતથી ૧૧૧૧ યોજન અંદર સુધી રહે છે. રત્નપ્રભા પૃથ્વીની સમભૂમિથી ૭૯૦ યોજન ઊંચે જ્યોતિષ મંડળનો પ્રારંભ થાય છે અને ૯૦૦ યોજનની ઊંચાઈ પર પૂર્ણ થાય છે અર્થાત્ સમભૂમિથી ૯૦૦ યોજન ઊંચાઈ પછી કોઈ પણ સૂર્ય-ચંદ્ર ગ્રહ, નક્ષત્ર કે તારાના વિમાન નથી. આ રીતે કુલ ૧૧૦ યોજનમાં જ્યોતિષી મંડળ છે.

સમભૂમિથી સૂર્ય વિમાન ૮૦૦ યોજન ઊંચુ, ચંદ્રનું વિમાન ૮૮૦ યોજન ઊંચુ છે. નક્ષત્રોમાં અભિજિત નક્ષત્ર સર્વથી આભ્યંતર ચાલે, મૂળ(વૃશ્ચિક) નક્ષત્ર સર્વથી બાહ્ય ચાલે છે, સ્વાતિ સર્વથી ઉપર તથા ભરણી સર્વથી નીચે ચાલે છે. તારાઓના વિમાનો સૂર્યથી નીચે, ઉપર તથા સમકક્ષ પણ ચાલે છે.

**સંસ્થાન અને માપ :–** પાંચે જ્યોતિષીના વિમાનો અર્ધચંદ્રાકારે છે. અર્થાત્ ઉંધા રાખેલા અર્ધકપિત્થ અર્ધા કોઠાના ફળ સમાન છે. ચંદ્રનું વિમાન ૫૬/૬૧ યોજનનું લાંબું-પહોળું અને ગોળ છે. સૂર્યનું વિમાન ૪૮/૬૧ યોજનનું છે. ગ્રહનું વિમાન અર્ધ યોજનનું છે. નક્ષત્રનું વિમાન એક કોષનું અને તારાનું વિમાન અર્ધકોષનું લાંબું પહોળું અને ગોળ છે. એ વિમાનોની લંબાઈથી જાડાઈ અર્ધી છે અને પરિધિ સાધિક ત્રણ ગુણી છે.





**વાહક દેવ :–** ચંદ્રનાવિમાનને ૧૬,૦૦૦ દેવો ઉપાડે છે, પ્રત્યેક દિશામાં ૪,૦૦૦ દેવો ઉપાડે છે. પૂર્વમાં સિંહના રૂપથી, દક્ષિણમાં હાથીના રૂપથી, પશ્ચિમમાં વૃષભના રૂપથી અને ઉત્તરમાં અશ્વના રૂપમાં તે દેવો રહે છે. તે જ રીતે સૂર્યના વિમાનને પણ ૧૬,૦૦૦ દેવો ઉપાડે છે. ગ્રહના વિમાનને ૮,૦૦૦, નક્ષત્રના વિમાનને ૪,૦૦૦ અને તારાના વિમાનને ૨,૦૦૦ દેવો ઉપાડે છે. તેની પ્રત્યેક દિશામાં ૫૦૦-૫૦૦ દેવો ઉપાડે છે.

**ગતિઋદ્ધિ :–** ચંદ્રથી સૂર્યની ગતિ શીઘ્ર છે. સૂર્યથી ગ્રહની, ગ્રહથી નક્ષત્રની, નક્ષત્રથી તારાઓની ગતિ શીઘ્ર હોય છે. તારાગણથી નક્ષત્ર ઋદ્ધિમાન હોય છે. નક્ષત્રથી ગ્રહની, ગ્રહથી સૂર્યની, સૂર્યથી ચંદ્રની ઋદ્ધિ વધારે હોય છે.

તારાના વિમાનોમાં પરસ્પર નિર્વ્યાઘાત અંતર જઘન્ય ૫૦૦ ધનુષ્યનું, ઉત્કૃષ્ટ બે ગાઉનું છે. પર્વત કૂટ આદિના વ્યાઘાતથી થતું અંતર જઘન્ય ૨૬૬ યોજન અને ઉત્કૃષ્ટ ૧૨,૨૪૨ યોજનનું છે. દેવો પોતાની સુધર્મા સભામાં સંપૂર્ણ પરિવાર અને ઋદ્ધિ સંપદા સહિત બેસીને અમોદ-પ્રમોદ કરે છે, દૈવી સુખોનો ઉપભોગ કરી શકે છે પરંતુ ત્યાં મૈથુન સેવન કરતા નથી; કારણ કે ત્યાં માણવક ચૈત્યસ્તંભ ઉપર અનેક જિન સત્શાસ્ત્રો(દાઢાઓ)હોય છે. તે દેવોને અર્ચનીય, પૂજનીય છે. ચંદ્ર દેવેન્દ્રને ચાર અગ્રમહિષી હોય છે. એક દેવી ૪,૦૦૦ દેવી વિકુર્વિત કરે છે અને કુલ ૧૬,૦૦૦ દેવીનો પરિવાર ત્રુટિત કહેવાય છે.

**પ્રશ્ન–૧૭ : લવણ સમુદ્રમાં ચંદ્ર–સૂર્યના દ્વીપ, પાતાળ કળશ, આવાસ, પર્વત વગેરેના વર્ણનો કઈ રીતે આપેલ છે.**

**ઉત્તર** લવણ સમુદ્રના અધિપતિ માલિક દેવનું નિવાસ સ્થાન ગૌતમ દ્વીપ છે. દ્વીપ પછીના સમુદ્રમાં તે પૂર્વદ્વીપના અને ખુદ સમુદ્રના સૂર્ય, ચંદ્રના દ્વીપો આ સમુદ્રના પાણીમાં આવેલા છે. લવણ સમુદ્રમાં ૪ મોટા અને ૭૮૮૪ નાના પાતાળ કળશો છે. જે બંને તરફ ૯૫૦૦૦–૯૫૦૦૦ યોજન પછીના વચ્ચેના ૧૦,૦૦૦ યોજન ક્ષેત્રમાં ૧૦૦૦ યોજન પાણીની નીચેની ભૂમિમાં આવેલા છે. લવણ શિખાને સુરક્ષિત રાખવાની જેની જવાબદારી છે એવા દેવ, વેલંધર-અણુવેલંધર, નાગકુમાર જાતિના દેવો છે તેમના આવાસ પર્વત લવણ સમુદ્રમાં આવેલા છે. આ બધાની માપ–સંખ્યા વગેરે આ પ્રમાણે છે.

## ગૌતમ દ્વીપ અને ચંદ્ર-સૂર્ય દ્વીપઃ—

| નામ | કિનારાથી સમુદ્રમા | આયામ વિષ્કંભ | પરિધિ | જલથી બહાર | |
|---|---|---|---|---|---|
| | | | | દ્વીપ તરફ | સમુદ્ર તરફ |
| ગૌતમ દ્વીપ | ૧૨૦૦૦ યોજન | ૧૨૦૦૦ યોજન | ૩૭૯૪૮ યો.દેશોન | $\frac{87\frac{1}{2}}{95}$ યોજન | ૨ ગાઉ |
| ચંદ્ર–સૂર્ય દ્વીપ | ૧૨૦૦૦ યોજન | ૧૨૦૦૦ યોજન | ૩૭૯૪૮ યો.દેશોન | $\frac{87\frac{1}{2}}{95}$ યોજન | ૨ ગાઉ |
| રાજધાની અન્ય સમુદ્રમાં | ૧૨૦૦૦ યોજન | ૧૨૦૦૦ યોજન | ૩૭૯૪૮ યો.દેશોન | ૨ ગાઉ | ૨ ગાઉ |

## પાતાલ કળશો :—

| પાતાળ કળશો | સંખ્યા | ઊંડાઈ | મૂળમાં વિસ્તાર | મધ્યમાં વિસ્તાર | ઉપર વિસ્તાર | ઠીકરી |
|---|---|---|---|---|---|---|
| ૧ મોટા | ૪ | ૧ લાખ યો. | ૧૦,૦૦૦ યો. | ૧ લાખ યો. | ૧૦,૦૦૦ યો. | ૧,૦૦૦ યો. |
| ૨ નાના | ૭૮૮૪ | ૧,૦૦૦ યો. | ૧૦૦ યો. | ૧,૦૦૦ યો. | ૧૦૦ યો. | ૧૦ યો. |

## આવાસ પર્વત :—

| | ઊંચાઈ | ઊંડાઈ | મૂળમાં | મધ્યમાં | ઉપર | સમુદ્રમાં |
|---|---|---|---|---|---|---|
| વેલંધર– અણુવેલંધર | ૧૭૨૧ યોજન | ૪૩૦ ૧/૨ યોજન | ૧૦૨૨ યોજન | ૭૨૩ યોજન | ૪૨૪ યોજન | ૪૨,૦૦૦ યોજન |
| ***નોંધ :— વેલંધર—અણુવેલંધર બંનેનું પરિમાણ સરખું જ છે.*** | | | | | | |

## પ્રશ્ન—૧૮ : જ્યોતિષી વિમાનોની સંખ્યા અને માપ કયા પ્રકારે છે ?

**ઉત્તર :** અહીં જંબુદ્વીપથી લઈને પુષ્કરાર્ધદ્વીપ સુધીના અર્થાત્ અઢીદ્વીપ સમુદ્રોના સૂર્ય, ચંદ્રના પરિવારનું કોષ્ટક દર્શાવવામાં આવેલ છે. તથા મનુષ્યોને નજરે પડતા ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા અને તેના વિમોની લંબાઈ-પહોળાઈ, જાડાઈ વગેરે આ પ્રમાણે છે.





## મનુષ્યક્ષેત્રમાં જ્યોતિષી દેવોની સંખ્યા :—

| ક્ષેત્ર | ચંદ્ર | સૂર્ય | ગ્રહ | નક્ષત્ર | તારાગણ |
|---|---|---|---|---|---|
| એક ચંદ્ર પરિવાર | ૧ | ૧ | ૮૮ | ૨૮ | ૬૬, ૯૭૫ ક્રોડા ક્રોડી |
| જંબુદ્વીપ | ૨ | ૨ | ૧૭૬ | ૫૬ | ૧,૩૩,૯૫૦ ક્રોડા ક્રોડી |
| લવણ સમુદ્ર | ૪ | ૪ | ૩૫૨ | ૧૧૨ | ૨,૬૭,૯૦૦ ક્રોડા ક્રોડી |
| ધાતકી ખંડ | ૧૨ | ૧૨ | ૧૦૫૬ | ૩૩૬ | ૮,૦૩,૭૦૦ ક્રોડા ક્રોડી |
| કાલદધિ સમુદ્ર | ૪૨ | ૪૨ | ૩૬૯૬ | ૧૧૭૮ | ૨૮,૧૨,૯૫૦ ક્રોડા ક્રોડી |
| પુષ્પકર દ્વીપ | ૧૪૪ | ૧૪૪ | ૧૨૬૭૨ | ૪૦૩૨ | ૯૬,૪૪,૪૦૦ ક્રોડા ક્રોડી |
| આભ્યંતર પુષ્કર | ૭૨ | ૭૨ | ૬૩૩૬ | ૨૦૧૬ | ૪૮,૨૨,૨૦૦ ક્રોડા ક્રોડી |
| સમય ક્ષેત્ર | ૧૩૨ | ૧૩૨ | ૧૧૬૧૬ | ૩૬૫૬ | ૮૮,૪૪,૭૦૦ ક્રોડા ક્રોડી |

## જ્યોતિષી વિમાનોનું માપ :—

| નામ | આયામ-વિષ્કંભ | જાડાઈ | વાહક દેવ |
|---|---|---|---|
| ચંદ્ર વિમાન | ૫૬/૬૧ યોજન | ૨૮/૬૧ યોજન | ૧૬૦૦૦ |
| સૂર્ય વિમાન | ૪૮/૬૧ યોજન | ૨૪/૬૧ યોજન | ૧૬૦૦૦ |
| ગ્રહ વિમાન | ૦ાા યોજન | ૦ા યોજન | ૮૦૦૦ |
| નક્ષત્ર વિમાન | ૦ા યોજન | ૦ાા ગાઉ | ૪૦૦૦ |
| તારા વિમાન | ૦ાા ગાઉ | ૫૦૦ ધનુષ્ય | ૨૦૦૦ |

## પ્રશ્ન—૧૯ : વૈમાનિક દેવો સંબંધી પરિચય—પરિજ્ઞાન કેવા પ્રકારે છે ?

**ઉત્તર : વૈમાનિક દેવો :—**

| દેવલોક | પૃથ્વીપિંડ યોજન | વિમાન ઊંચાઈ | ઉત્કૃષ્ટ અવગાહના | વિમાન વર્ણ | અવધિ વિષય |
|---|---|---|---|---|---|
| ૧–૨ | ૨૭૦૦ | ૫૦૦ | ૭ હાથ | ૫ | ૧ નરક સુધી |
| ૩–૪ | ૨૬૦૦ | ૬૦૦ | ૬ હાથ | ૪ | ૨ નરક સુધી |
| ૫–૬ | ૨૫૦૦ | ૭૦૦ | ૫ હાથ | ૩ | ૩ નરક સુધી |
| ૭–૮ | ૨૪૦૦ | ૮૦૦ | ૪ હાથ | ૨ | ૪ નરક સુધી |
| ૯ થી ૧૨ | ૨૩૦૦ | ૯૦૦ | ૩ હાથ | ૧ | ૫ નરક સુધી |
| નવગ્રૈવેયક | ૨૨૦૦ | ૧૦૦૦ | ૨ હાથ | ૧ | ૬/૭ નરક સુધી |
| અનુત્તર વિમાન | ૨૧૦૦ | ૧૧૦૦ | ૧ હાથ | ૧ | ત્રસનાડી |

**આધાર :–** પહેલો, બીજો દેવલોક ઘનોદધિના આધારે સ્થિત છે, ૩/૪/૫ દેવલોક ઘનવાય પ્રતિષ્ઠિત ૬/૭/૮ ઉભય પ્રતિષ્ઠિત છે અને તેનાથી ઉપરના બધા દેવલોકો આકાશ પ્રતિષ્ઠિત છે. **આકારભાવ–** ૧/૨/૩/૪/૯/૧૦/૧૧/૧૨ દેવલોક અર્ધ ચંદ્રમાના આકારે છે. ૫/૬/૭/૮ દેવલોક પૂર્ણચંદ્રમાના આકારે છે. **આવલિકા બદ્ધ વિમાન** ગોળ, ત્રિકોણ અને ચોરસ આમ ત્રણ આકારના ક્રમથી સ્થિત હોય છે. પુષ્પાવકીર્ણ-પ્રકીર્ણ વિમાનો વિવિધ આકારના વ્યુત્ક્રમથી વિખરાયેલા ફૂળની જેમ હોય છે. અનુત્તર વિમાનમાં ગોળ અને ત્રિકોણ બે આકારના વિમાનો છે. આ સર્વ વિમાનો વિસ્તારમાં સંખ્યાતા અને અસંખ્યાતા યોજનના છે. વિમાન સુગંધિત અને સુખદ સ્પર્શવાળા છે. સર્વ વિમાનો રત્નમય હોય છે.

આઠમા દેવલોક સુધી એક સમયમાં જઘન્ય ૧–૨–૩, ઉત્કૃષ્ટ અસંખ્ય દેવો ઉત્પન્ન થાય છે. નવમા દેવલોકથી અનુત્તર વિમાન સુધી જઘન્ય ૧–૨–૩, ઉત્કૃષ્ટ સંખ્યાતા દેવો ઉત્પન્ન થાય છે. દેવોનું શરીર અને ✓ાસોચ્છ્વાસ સુગંધી હોય છે. દેવ અવધિજ્ઞાનથી ઊર્ધ્વદિશામાં પોતાની ધ્વજા સુધી અધોદિશામાં પૂર્વે કોષ્ટકમાં આપેલ પ્રમાણે અને તિરછી દિશામાં અસંખ્ય દ્વીપ સમુદ્ર સુધી દેખે છે. દેવોને ભૂખ તરસ લાગતી નથી. તેઓને આહારની ઈચ્છા હજારો વર્ષે થાય છે.

**વિકુર્વણા :–** દેવો સમાન અથવા અસમાન વિવિધ પ્રકારના સંખ્યાતા અથવા અસંખ્યાતા રૂપોની વિકુર્વણા કરીને તેના દ્વારા યથેચ્છ કાર્ય કરી શકે છે. ગ્રૈવેયક અને અનુત્તરના દેવોમાં વૈક્રિય શક્તિ છે પરંતુ વૈક્રિય લબ્ધિનો પ્રયોગ કરતા નથી. ગ્રૈવેયક દેવોને મનોજ્ઞ શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શનું સુખ હોય છે. અનુત્તર દેવોને અનુત્તર શબ્દાદિનું સુખ છે.

**વિભૂષા :–** દેવો અને દેવીઓ વસ્ત્રાભરણ રહિત પણ વિભૂષિત શરીરવાળા હોય છે અને વૈક્રિય દ્વારા વિવિધ આભૂષણો તથા વસ્ત્રોથી વિશેષ સુસજ્જિત શરીરવાળા થાય છે. ગ્રૈવેયક અને અનુત્તર વિમાનના દેવો આભરણ અને વસ્ત્ર રહિત હોય છે, છતાં પણ વિભૂષિત શરીરવાળા લાગે છે.

**જીવોની ઉત્પત્તિ :–** સર્વ જીવો દેવલોકમાં પૃથ્વીકાય રૂપે ***યાવત્*** ત્રસકાય રૂપે, દેવ રૂપે, દેવી રૂપે અનેકવાર કે અનંતવાર ઉત્પન્ન થયા છે. દેવીનું કથન બીજા દેવલોક સુધી અને દેવોનું કથન ગ્રૈવેયક સુધી જ સમજવું. અનુત્તર વિમાનમાં દેવ રૂપે જીવ એક કે બે વાર ઉત્પન્ન થાય છે, ત્યાં પણ જીવો પૃથ્વી આદિ રૂપે અનેક કે અનંતવાર ઉત્પન્ન થયા છે.





**પ્રશ્ન–૨૦ : ચારેય ગતિ સંબંધી વર્ણનવાળી ચતુર્વિધા ત્રીજી પ્રતિપત્તિનું સમાપન કેવી રીતે કરવામાં આવેલ છે ?**

**ઉત્તર :** નારકી, દેવતાની સ્થિતિ જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ; તિર્યંચ, મનુષ્યની **સ્થિતિ** જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ ૩ પલ્યોપમ. નારકી દેવતાની સ્થિતિ જેટલીજ કાયસ્થિતિ છે. તિર્યંચની કાયસ્થિતિ ઉત્કૃષ્ટ અનંતકાલ એટલે વનસ્પતિકાલ છે. મનુષ્યની **કાયસ્થિતિ** ૩ પલ્યોપમ અને અનેક ક્રોડ પૂર્વ સાધિક છે. નારકી, દેવતા અને મનુષ્યનું અંતર ઉત્કૃષ્ટ વનસ્પતિકાલ, તિર્યંચનું **અંતર** અનેક સો સાગરોપમનું છે.

**અલ્પબહુત્વ :–** સર્વથી થોડા મનુષ્ય, તેનાથી નારકી અસંખ્યાતગુણા, તેનાથી દેવ અસંખ્યાત ગુણા, તેનાથી તિર્યંચ અનંત ગુણા છે.

## તૃતીય પ્રતિપત્તિના શેષ વિષયો :–

| | | આયામ વિષ્કંભ | પરિધિ | દ્વારોનું અંતર/ આકાર | ઊંચાઈ | ઊંડાઈ | મૂલમાં વિસ્તાર | મધ્યમાં વિસ્તાર | ઉપરમાં વિસ્તાર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | જંબૂદ્વીપ | ૧ લાખ યોજન | ૩,૧૬, ૨૨૭ યો. ૩ કોશ ૨૮ ધ. ૧૩ અં. | ૭૯૦૫૨ યોજન | – | – | – | – | – |
| ૨ | જંબૂદ્વીપ જગતી | – | " " " " | ગોપુચ્છ સંસ્થાન | ૮ યોજન | – | ૧૨ યોજન | ૮ યોજન | ૪ યોજન |
| ૩ | જાલ કટક જગતી | ૫૦૦ ધનુષ | " " " " | વલયાકાર | અર્ધુ યોજન | – | – | – | – |
| ૪ | પદ્મવર વેદિકા | ૫૦૦ ધનુષ | " " " " | વલયાકાર | અર્ધુ યોજન | – | – | – | – |
| ૫ | વન ખંડ | દેશોન બે યોજન | " " " " | વલયાકાર | – | – | – | – | – |
| ૬ | વિજયા રાજધાની | ૧૨૦૦૦ યોજન | ૩૭૯૪૮ યો. સાધિક | ૧૩$\frac{૨}{૫}$ ગોળ | – | – | – | – | – |
| ૭ | પરકોટા | – | – | વલયાકાર | ૩૭$\frac{૧}{૨}$ યોજન | – | ૧૨$\frac{૧}{૨}$ યોજન | ૬ $\frac{૧}{૪}$ યોજન | ૩ યો. $\frac{૧}{૨}$ કોશ |
| ૮ | ૫૦૦ દ્વાર | ૬૨$\frac{૧}{૨}$ યોજન | – | ૧૩ $\frac{૨}{૫}$ યોજન | ૩૧$\frac{૧}{૪}$ યોજન | – | – | – | – |

| | | આયામ વિષ્કંભ | પરિધિ | દ્વારોનું અંતર/ આકાર | ઊંચાઈ | ઊંડાઈ | મૂલમાં વિસ્તાર | મધ્યમાં વિસ્તાર | ઉપરમાં વિસ્તાર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | કપિ-શીર્ષક | ૧/૨ કોશ ×૫૦૦ ધ. | – | – | દેશોન ૧/૨ કોશ | – | – | – | – |
| ૧૦ | વનખંડ ૪ | ૧૨૦૦૦× ૫૦૦ યો. | – | – | – | – | – | – | – |
| ૧૧ | લવણ સમુદ્ર | ૨ લાખ | ૧૫,૮૧, ૧૩૯ યો. સાધિક | ૩૯૫૨૮૦ યોજન | ૧૬૦૦૦ યોજન | ૧૦૦૦ યોજન | – | – | – |
| ૧૨ | ધાતકી ખંડદ્વીપ | ૪ લાખ યોજન | ૪૧,૧૦, ૧૬૧ યો. સાધિક | ૧૦,૨૭, ૭૩૫ યો. ૩ કોશ | – | – | – | – | – |
| ૧૩ | કાલોદધિ | ૮ લાખ યોજન | ૯૧,૭૦, ૬૦૫ યો. સાધિક | ૨૨,૯૨, ૬૪૨ યો. ૩ કોશ | – | – | – | – | – |
| ૧૪ | પુષ્કર દ્વીપ | ૧૬ લાખ યોજન | ૧,૯૨,૮૯, ૮૯૪ યો. | ૪૮,૨૨, ૪૯૬ યો. | – | – | – | – | – |
| ૧૫ | આભ્યંતર પુષ્કર | ૮ લાખ યોજન | ૧,૪૨,૩૦, ૨૪૯ યો. | – | – | – | – | – | – |
| ૧૬ | અઢીદ્વીપ | ૪૫ લાખ યોજન | ૧,૪૨,૩૦ ૨૪૯ યો. | – | – | – | – | – | – |
| ૧૭ | માનુષોત્તર પર્વત | – | ૧,૪૨,૩૬ ૭૧૯ યો. (બાહ્ય) | – | ૧૭૨૧ યોજન | ૪૩૦ યો. ૧ કોશ | ૧૦૨૨ યોજન | ૭૨૩ યોજન | ૪૨૪ યોજન |
| ૧૮ | અંજન–ગિરી પર્વત | – | – | ગોપુચ્છ સંસ્થાન | ૮૪૦૦૦ યોજન | ૧૦૦૦ યોજન | ૧૦૦૦૦ યોજન સાધિક | માત્રાએ માત્રાએ ન્યૂન | ૧૦૦૦ યોજન |
| ૧૯ | નંદા પુષ્કરિણી | ૧ લાખ યોજન | – | – | – | ૧૦ યોજન | – | – | – |
| ૨૦ | દધિમુખા પર્વત | ૧૦૦૦૦ યોજન | – | પલ્યંક સંસ્થાન | ૬૪૦૦૦ યોજન | ૧૦૦૦ યોજન | ૧૦૦૦૦ | સર્વત્ર સમાન | સર્વત્ર સમાન |





# પ્રતિપત્તિ–૪ : પંચ વિધા જીવ

**પ્રશ્ન–૧ : જીવોના પાંચ ભેદ કેવી રીતે કહેવામાં આવ્યા છે ?**

**ઉત્તર :** આ ચોથી પ્રતિપત્તિમાં સંસારી જીવોના પાંચ પ્રકાર ઈન્દ્રિયની અપેક્ષાએ કહેલ છે. જેમ કે એકેન્દ્રિય જીવ, બેઈન્દ્રિય જીવ, તેઈન્દ્રિય જીવ, ચૌરેન્દ્રિય જીવ અને પંચેન્દ્રિય જીવ. આ પાંચ પ્રકારના સમુચ્ચય જીવોની, પાંચના અપર્યાપ્તા જીવોની અને પાંચ પર્યાપ્તા જીવોની ક્રમશઃ સ્થિતિ, કાયસ્થિતિ અને અંતર તથા અલ્પબહુત્વ કહેલ છે. જેને અહીં કોષ્ટક દ્વારા આપીએ છીએ.

**જીવના પાંચ ભેદોમાં સ્થિતિ વગેરેનું પરિજ્ઞાન :–**

| જીવ | સ્થિતિ | કાયસ્થિતિ | અંતર |
|---|---|---|---|
| એકેન્દ્રિય | ૨૨૦૦૦ વર્ષ | વનસ્પતિકાલ | ૨૦૦૦ સાગરોપમ સાધિક સંખ્યાતાવર્ષ |
| બેઈન્દ્રિય | ૧૨ વર્ષ | સંખ્યાતકાલ | વનસ્પતિકાલ |
| તેઈન્દ્રિય | ૪૯ દિવસ | સંખ્યાતકાલ | વનસ્પતિકાલ |
| ચૌરેન્દ્રિય | છ માસ | સંખ્યાતકાલ | વનસ્પતિકાલ |
| પંચેન્દ્રિય | ૩૩ સાગરોપમ | ૧૦૦૦ સાગરોપમ સાધિક | વનસ્પતિકાલ |
| અપર્યાપ્ત | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત(અનંતકાલ) | અનેક સો સાગરોપમ |
| એકેન્દ્રિય પર્યાપ્ત | અંતર્મુહૂર્ત ન્યૂન ૨૨૦૦૦ વર્ષ | સંખ્યાતા હજાર વર્ષ | અનંતકાલ |
| બેઈન્દ્રિય પર્યાપ્ત | અંતર્મુહૂર્ત ન્યૂન ૧૨ વર્ષ | સંખ્યાતા વર્ષ | વનસ્પતિકાલ |
| તેઈન્દ્રિય પર્યાપ્ત | અંતર્મુહૂર્ત ન્યૂન ૪૯ દિવસ | સંખ્યાતા દિન | વનસ્પતિકાલ |
| ચૌરેન્દ્રિય પર્યાપ્ત | અંતર્મુહૂર્ત ન્યૂન છ માસ | સંખ્યાતા મહિના | વનસ્પતિકાલ |
| પંચેન્દ્રિય પર્યાપ્ત | અંતર્મુહૂર્ત ન્યૂન ૩૩ સાગરોપમ | અનેક સો સાગરોપમ સાધિક | વનસ્પતિકાલ |

**અલ્પબહુત્વ :–** ૧. સર્વથી થોડા ચૌરેન્દ્રિયના પર્યાપ્તા, ૨. પંચેન્દ્રિયના પર્યાપ્તા વિશેષાધિક, ૩. બેઈન્દ્રિયના પર્યાપ્તા વિશેષાધિક, ૪. તેઈન્દ્રિયના પર્યાપ્તા વિશેષાધિક, ૫. પંચેન્દ્રિયના અપર્યાપ્તા અસંખ્યગુણા, ૬. ચૌરેન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક,

(૭) તેઈન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક, (૮) બેઈન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક (૯) એકેન્દ્રિય અપર્યાપ્તા અનંતગુણા (૧૦) સઈન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક (૧૧) એકેન્દ્રિય પર્યાપ્તા સંખ્યાતગુણા (૧૨) સઈન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક (૧૩) સઈન્દ્રિય વિશેષાધિક.

**નોંધ :–** અહીં જઘન્ય સ્થિતિ, કાયસ્થિતિ અને અંતર ત્રણે ય અંતર્મુહૂર્ત હોય છે. એકલા પર્યાપ્તા કે અપર્યાપ્તાથી અનંતકાલ કાયસ્થિતિમાં થતો નથી.

# પ્રતિપત્તિ–૫ : ષડવિધા જીવ

**પ્રશ્ન–૧ : જીવોના ૬ ભેદ કઈ રીતે કહેલ છે ?**

**ઉત્તર :** આ પાંચમી પ્રતિપત્તિમાં છ કાયની અપેક્ષાએ સંસારી જીવોના પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય એમ છ ભેદ કહેલ છે. આ છના અપર્યાપ્ત જીવ તેમજ પર્યાપ્ત જીવ એમ ભેદ કરતાં કુલ ૧૮ ભેદમાં સ્થિતિ, કાયસ્થિતિ, અંતર, અલ્પબહુત્વનું નિરૂપણ કરવામાં આવેલ છે. ત્યાર પછી સૂક્ષ્મના પાંચ ભેદ કરીને તેની સ્થિતિ આદિ કહેલ છે, જે આ પ્રકારે છે–

**જીવના છ ભેદોમાં સ્થિતિ વગેરેનું પરિજ્ઞાન :–**

| જીવ | સ્થિતિ | કાયસ્થિતિ | અંતર | અલ્પ બહુત્વ |
|---|---|---|---|---|
| પૃથ્વીકાય | ૨૨૦૦૦ વર્ષ | અસંખ્યાતા કાલ | વનસ્પતિકાલ | |
| અપ્કાય | ૭૦૦૦ વર્ષ | " | " | |
| તેઉકાય | ત્રણ અહોરાત્રિ | " | " | |
| વાયુકાય | ૩૦૦૦ વર્ષ | " | " | |
| વનસ્પતિકાય | ૧૦૦૦૦ વર્ષ | અનંતકાલ | પૃથ્વીકાલ | |
| ત્રસકાય | ૩૩ સાગરોપમ | ૨૦૦૦ સાગરો∘ સં∘ વર્ષ સાધિક | વનસ્પતિકાલ | |
| પૃથ્વીકાય અપર્યાપ્ત | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત (અસં∘ કાલ) | વનસ્પતિકાલ | ૪ વિશેષાધિક |
| અપ્કાય અપર્યાપ્ત | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત (અસં∘ કાલ) | વનસ્પતિકાલ | ૫ વિશેષાધિક |
| તેઉકાય અપર્યાપ્ત | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત (અસં∘ કાલ) | વનસ્પતિકાલ | ૩ અસંખ્યાત – ગુણા |





| જીવ | સ્થિતિ | કાયસ્થિતિ | અંતર | અલ્પ બહુત્વ |
|---|---|---|---|---|
| વાયુકાય અપર્યાપ્ત | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત (અસં∘ કાલ) | વનસ્પતિકાલ | ૬ વિશેષાધિક |
| વનસ્પતિકાય અપર્યાપ્ત | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત (અનંતકાલ) | પૃથ્વીકાલ | ૧૧ અનંત ગુણા |
| ત્રસકાય અપર્યાપ્ત | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત (સંખ્યાતાકાલ) | વનસ્પતિકાલ | ૨ અસંખ્યાતગુણા |
| પૃથ્વીકાય પર્યાપ્ત | ઉપરોક્ત સ્થિતિથી અંતર્મુહૂર્ત ન્યૂન | સંખ્યાતા હજાર વર્ષ | વનસ્પતિકાલ | ૮ વિશેષાધિક |
| અપ્કાય પર્યાપ્ત | " | સંખ્યાતા હજાર વર્ષ | વનસ્પતિકાલ | ૯ વિશેષાધિક |
| તેઉકાય પર્યાપ્ત | " | સંખ્યાતા દિવસ | વનસ્પતિકાલ | ૭ સંખ્યાત ગુણા |
| વાયુકાય પર્યાપ્ત | " | સંખ્યાતા હજાર વર્ષ | વનસ્પતિકાલ | ૧૦ વિશેષાધિક |
| વનસ્પતિકાય પર્યાપ્ત | " | સંખ્યાતા હજાર વર્ષ | પૃથ્વીકાલ (અનંતકાલ) | ૧૨ સંખ્યાત ગુણા |
| ત્રસકાય પર્યાપ્ત | " | અનેક સો સાગરોપમ | વનસ્પતિકાલ | ૧ સર્વથી થોડા |
| સૂક્ષ્મ | અંતર્મુહૂર્ત | પૃથ્વીકાલ | બાદર કાલ | |
| સૂક્ષ્મ પર્યાપ્ત | " | અંતર્મુહૂર્ત (સંખ્યાતકાલ) | બાદર કાલ | |
| સૂક્ષ્મ અપર્યાપ્ત | " | અંતર્મુહૂર્ત (અસંખ્યાતકાલ) | બાદર કાલ | |
| સૂક્ષ્મ ચાર સ્થાવર | અંતર્મુહૂર્ત | પૃથ્વીકાલ | વનસ્પતિકાલ | |
| સૂક્ષ્મ વનસ્પતિ | અંતર્મુહૂર્ત | પૃથ્વીકાલ | બાદર કાલ | |

**બાદર કાલ :–** તે અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી પ્રમાણ, ક્ષેત્રથી અંગુલના અસંખ્યાતમા ભાગની શ્રેણીઓના પ્રદેશતુલ્ય છે.

**પૃથ્વીકાલ :–** તે અસંખ્ય ઉત્સર્પિણી, અવસર્પિણી પ્રમાણ, ક્ષેત્રથી અસંખ્યલોક ના પ્રદેશ પ્રમાણ છે.

**વનસ્પતિકાલ :–** તે અનંત ઉત્સર્પિણી, અવસર્પિણી પ્રમાણ, ક્ષેત્રથી અનંત લોક પ્રમાણ, આવલિકાના અસંખ્યાતમા ભાગના સમય જેટલા અસંખ્યાત પુદ્‌ગલ પરાવર્તન પ્રમાણ છે.

**અલ્પબહુત્વ :–** સર્વથી થોડા સૂક્ષ્મ તેઉકાયના અપર્યાપ્ત, સૂક્ષ્મ પૃથ્વીકાયના અપર્યાપ્ત વિશેષાધિક, સૂક્ષ્મ અપ્કાયના અપર્યાપ્ત વિશેષાધિક, સૂક્ષ્મ વાયુકાયના અપર્યાપ્ત વિશેષાધિક, સૂક્ષ્મ તેઉકાયના પર્યાપ્ત સંખ્યાતગણા, સૂક્ષ્મ પૃથ્વીકાયના પર્યાપ્ત વિશેષાધિક, સૂક્ષ્મ અપ્કાયના પર્યાપ્ત વિશેષાધિક, સૂક્ષ્મવાયુકાયના પર્યાપ્ત વિશેષાધિક, સૂક્ષ્મ વનસ્પતિ અપર્યાપ્ત અનંતગુણા, સૂક્ષ્મ વનસ્પતિ પર્યાપ્ત સંખ્યાતગુણા.

**બાદરની કાયસ્થિતિ અને અંતર :–**

| | કાયસ્થિતિ | અંતર |
|---|---|---|
| બાદર | બાદર કાલ | પૃથ્વીકાલ |
| પૃથ્વી આદિ ચાર બાદર | ૭૦ ક્રોડાક્રોડી સાગર | વનસ્પતિકાલ |
| પ્રત્યેક વનસ્પતિ | ૭૦ ક્રોડાક્રોડી સાગર | પૃથ્વીકાલ |
| બાદર નિગોદ | ૭૦ ક્રોડાક્રોડી સાગર | પૃથ્વીકાલ |
| સમુચ્ચય નિગોદ | અઢી પુદ્‌ગલ પરાવર્તન | પૃથ્વીકાલ |

**અલ્પબહુત્વ :–** સર્વથી થોડા બાદર તેઉકાય પર્યાપ્ત, ત્રસકાયના પર્યાપ્તા અસંખ્યાતગણા, ત્રસકાય અપર્યાપ્તા અસંખ્યાતગણા, પ્રત્યેક વનસ્પતિ પર્યાપ્તા અસંખ્યાતગણા, બાદર પૃથ્વીકાય પર્યાપ્તા અસંખ્યાતગણા, બાદર અપ્કાય પર્યાપ્તા અસંખ્યાતગણા, બાદર વાયુકાય પર્યાપ્તા અસંખ્યાતગણા, બાદર તેઉકાય અપર્યાપ્તા અસંખ્યાતગણા, પ્રત્યેક વનસ્પતિ અપર્યાપ્તા અસંખ્યાત ગણા, બાદર પૃથ્વી, પાણી, વાયુના અપર્યાપ્તા ક્રમશઃ અસંખ્યાતગણા, બાદર વનસ્પતિ પર્યાપ્તા અનંતગુણા, બાદર વનસ્પતિ અપર્યાપ્તા અસંખ્યગુણા.

**નિગોદ :–** સૂક્ષ્મ નિગોદ અને બાદર નિગોદ, તે બંનેના શરીર અસંખ્યાતા છે અને બંને નિગોદના જીવો અનંત-અનંત છે. સર્વથી થોડા બાદર નિગોદ શરીર, સૂક્ષ્મ નિગોદ શરીર અસંખ્યાતગણા, બાદર નિગોદ જીવો અનંતગુણા, સૂક્ષ્મ નિગોદ જીવો અસંખ્યાતગુણ.





## પ્રતિપત્તિ-૬ : સપ્તવિધા જીવ

**પ્રશ્ન–૧ : આ પ્રતિપત્તિમાં જીવોના સાત ભેદનું વર્ણન કઈ રીતે છે ?**

**ઉત્તર :** સાત પ્રકારના સંસારી જીવો છે– (૧) નારકી (૨) તિર્યંચ (૩) તિર્યંચાણી (૪) મનુષ્ય (૫) મનુષ્યાણી (૬) દેવ (૭) દેવી.

**જીવના છ ભેદોમાં સ્થિતિ વગેરેનું પરિજ્ઞાન :–**

| જીવ | સ્થિતિ | કાયસ્થિતિ | અંતર | અલ્પબહુત્વ |
|---|---|---|---|---|
| નરક | ૩૩ સાગર | ૩૩ સાગર | વનસ્પતિકાલ | ૩ અસંખ્યગુણા |
| તિર્યંચ | ૩ પલ્ય | વનસ્પતિકાલ | અનેક સો સાગર | ૭ અંનતગુણા |
| તિર્યંચાણી | ૩ પલ્ય | ૩ પલ્ય ૭ ક્રોડપૂર્વ | વનસ્પતિકાલ | ૪ અસંખ્યગુણી |
| મનુષ્ય | ૩ પલ્ય | ૩ પલ્ય ૭ ક્રોડપૂર્વ | વનસ્પતિકાલ | ૨ અસંખ્યાતગુણા |
| મનુષ્યાણી | ૩ પલ્ય | ૩ પલ્ય ૭ ક્રોડપૂર્વ | વનસ્પતિકાલ | ૧ સર્વથી થોડી |
| દેવ | ૩૩ સાગર | ૩૩ સાગર | વનસ્પતિકાલ | ૫ અસંખ્યગુણા |
| દેવી | ૫૫ પલ્ય | ૫૫ પલ્ય | વનસ્પતિકાલ | ૬ સંખ્યાતગુણી |

## પ્રતિપત્તિ-૭ : અષ્ટવિધા જીવ

**પ્રશ્ન–૧ : આ પ્રતિપત્તિમાં આઠ પ્રકારે જીવ કઈ રીતે કહ્યા છે ?**

**ઉત્તર :** સંસારી જીવોના આઠ પ્રકાર છે– પ્રથમ સમયના નૈરયિક, અપ્રથમ સમયના નૈરયિક તે જ રીતે ૩-૪ તિર્યંચ, ૫-૬ મનુષ્ય, ૭-૮ દેવ.

પ્રથમ સમયવાળાની સ્થિતિ અને કાયસ્થિતિ એક સમયની છે. અપ્રથમ સમયવાળાની સ્થિતિ કાયસ્થિતિ એક સમય ઓછી છે. **અંતર–** તિર્યંચનું અનેક સો સાગર, શેષ સર્વનું વનસ્પતિકાલ. (૧) સહુથી થોડા પ્રથમ સમયના મનુષ્ય (૨) અપ્રથમ સમયના મનુષ્ય અસંખ્યાતગણા, (૩) પ્રથમ સયમના નૈરયિક અસંખ્યગણા (૪) પ્રથમ સમયના દેવ અસંખ્ય ગણા (૪) પ્રથમ સમયના તિર્યંચ અસંખ્યગણા, (૬) અપ્રથમ સમયના નૈરયિક અસંખ્યગણા (૭) અપ્રથમ સમયના દેવ અસંખ્યગણા (૮) અપ્રથમ સમયના તિર્યંચ અનંતગુણા.

## પ્રતિપત્તિ–૮ : નવવિધા જીવ

**પ્રશ્ન–૧ : આ પ્રતિપત્તિમાં જીવોના નવ ભેદ કઈ રીતે કહ્યા છે ?**

**ઉત્તર :** સંસારી જીવોના નવ પ્રકાર છે, યથા– પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય. શેષ વર્ણન પૂર્વવત્.

**અલ્પબહુત્વ :–** (૧) સર્વથી થોડા પંચેન્દ્રિય (૨) ચૌરેન્દ્રિય વિશેષાધિક (૩) તેઈન્દ્રિય વિશેષાધિક (૪) બેઈન્દ્રિય વિશેષાધિક (૫) તેઉકાય અસંખ્યાતગણા (૬) પૃથ્વીકાય વિશેષાધિક (૭) અપ્કાય વિશેષાધિક (૮) વાયુકાય વિશેષાધિક (૯) વનસ્પતિ અનંતગુણા.

## પ્રતિપત્તિ–૯ : દશવિધા જીવ

**પ્રશ્ન–૧ : આ પ્રતિપત્તિમાં જીવોના ૧૦ ભેદ કઈ રીતે કહ્યા છે ?**

**ઉત્તર :** સંસારી જીવોના દસ પ્રકાર છે, યથા– (૧) પ્રથમ સમયના એકેન્દ્રિય ***યાવત્*** (૧૦) અપ્રથમ સમયના પંચેન્દ્રિય. આ સર્વની સ્થિતિ, કાયસ્થિતિ, અંતર પૂર્વવત્.

**અલ્પબહુત્વ :–** (૧) સર્વથી થોડા પ્રથમ સમયના પંચેન્દ્રિય (૨-૫) ચૌરેન્દ્રિય, તેઈન્દ્રિય, બેઈન્દ્રિય, એકેન્દ્રિય ક્રમશઃ વિશેષાધિક, અપ્રથમ સમયના પૂર્વવત્.

**॥ સંસારી જીવ પ્રતિપત્તિ : પ્રથમ ખંડ સંપૂર્ણ ॥**





# દ્વિતીય વિભાગ
# સર્વજીવ પ્રતિપત્તિ : ૧ થી ૯ સુધી

**પ્રશ્ન–૧ : આ વિભાગનો તેમજ ૯ પ્રતિપત્તિઓનો પરિચય શું છે ?**

**ઉત્તર :** પ્રથમ વિભાગમાં ૨ થી ૧૦ સુધીના જીવોના ભેદમાં સંસારી જીવોનો જ સમાવેશ કરવામાં આવેલ છે અને આ બીજા વિભાગમાં ૯ પ્રતિપત્તિના ભેદોમાં સિધ્ધોનો સમાવેશ પણ કરવામાં આવેલ છે અને તેથી આ વિભાગની પ્રતિપત્તિના નામની આગળ 'સર્વજીવ' એવો શબ્દ લાગે છે અને પહેલા વિભાગમાં "સંસારી જીવ" એવું કહેવામાં આવેલ છે. જેમ કે– સર્વ જીવ પ્રતિપત્તિ–૧, ***યાવત્*** સર્વજીવ પ્રતિપત્તિ–૯ તથા સંસારી જીવ પ્રતિપત્તિ–૧ ***યાવત્*** સંસારી જીવ પ્રતિપત્તિ–૯ આ પ્રમાણે બંને વિભાગ મળીને કુલ ૯ + ૯ = ૧૮ પ્રતિ-પત્તિઓ છે. જેમાં પહેલી અને ત્રીજી પ્રતિપત્તિમાં વિષયનો વિસ્તાર છે. બાકીની સોળ પ્રતિપત્તિ સંક્ષિપ્ત રીતે કહેલ છે.

**પ્રશ્ન–૨ : સર્વજીવ પ્રથમ પ્રતિપત્તિમાં વિષયનું નિરૂપણ કઈ રીતે કરેલ છે ?**

**ઉત્તર :** સિધ્ધ સહિત સર્વ જીવોનો બે ભેદમાં સમાવેશ થઈ શકે એવા જુદા જુદા પ્રકારે બે બે ભેદ દર્શાવેલ છે. જેમ કે– (૧) સિધ્ધ–સંસારી (૨) સઈન્દ્રિય–અનિન્દ્રિય (૩) સકાયિક–અકાયિક (૪) સયોગી–અયોગી (૫) સલેશી–અલેશી (૬) સશરીરી–અશરીરી.

ફરીથી (૭) સવેદી–અવેદી (૮) સકષાયી–અકષાયી (૯) જ્ઞાની–અજ્ઞાની (૧૦) સાકાર ઉપયોગી–અનાકાર ઉપયોગી (૧૧) આહારક–અનાહારક, છદ્મસ્થ આહારક–કેવલી આહારક અને છદ્મસ્થ અનાહારક, સજોગી કેવલી અનાહારક અને અજોગી કેવલી ભવસ્થ અનાહારક તથા અજોગી કેવલી સિધ્ધ અનાહારક. (૧૨) ભાષક–અભાષક (૧૩) ચરિત્ર–અચરિત્ર. આ તેરે ય બોલોની સ્થિતિ, કાયસ્થિતિ અંતર તથા અલ્પબહુત્વ; આ ચારે ભાવોનું નિરૂપણ આ રીતે છે–મમ

**સર્વ જીવોના બે ભેદ :–**

| જીવ પ્રકાર | ભંગ | કાયસ્થિતિ જઘન્ય/ઉત્કૃષ્ટ | અંતર જઘન્ય/ઉત્કૃષ્ટ | અલ્પબહુત્વ |
|---|---|---|---|---|
| સિદ્ધ | ૧ | સાદિ અનંત | – | અલ્પ |
| સંસારી | ૨ | અનાદિઅનંત અનાદિસાંત | – | અનંતગુણા |
| આ પ્રમાણે જ સઈન્દ્રિય-અનિંદ્રિય, સકાય-અકાય, સયોગી-અયોગી, સલેશી-અલેશી, સશરીરી-અશરીરીનું વર્ણન છે. | | | | |
| સવેદી | ૩ | અંતર્મુહૂર્ત/દેશોન અર્ધપુ૰પરા૰ | ૧ સમય, અંતર્મુહૂર્ત | અનંતગુણા |
| અવેદી | ૨ | ૧ સમય– અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત/દેશોન અર્ધપુ૰પરા૰ | અલ્પ |
| **નોંધ :** ભંગ–૩ = અનાદિ અનંત, અનાદિ સાંત, સાહિસાંત ત્રીજા ભંગની કાયસ્થિત હોય છે. ભંગ–૨ = સાદિ સાંત, સાદિ અનંત. સાદિ અનંતની કાયસ્થિત હોય છે. આ પ્રમાણે જ સકષાયી-અકષાયીનું વર્ણન છે. | | | | |
| જ્ઞાની | ૨ | અંત૰/૬૬ સાગર સા૰ | દેશોન અર્ધપુ૰પરા૰ | અલ્પ |
| અજ્ઞાની | ૩ | અંત૰/દેશોન અર્ધપુ૰પરા૰ | ૬૬ સાગર સાધિક | અનંતગુણા |
| સાકાર ઉપ૰ | | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | સંખ્યાત ગુણા |
| અનાકાર ઉ૰ | | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | અલ્પ |
| ભાષક | | ૧ સમય/ અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત/ વનસ્પતિકાલ | અલ્પ |
| અભાષક | ૨ | અંતર્મુહૂર્ત/ વનસ્પતિકાલ | ૧ સમય/ અંતર્મુહૂર્ત | અનંતગુણા |
| ચરમ | ૧ | અનાદિસાંત | – | અનંતગુણા |
| અચરમ | ૨ | સાદિ અનંત/ અનાદિ અનંત | – | અલ્પ |
| છદ્મસ્થ આહારક | | જઘન્ય–૨ સમય ન્યૂન ક્ષુલ્લકભાવ ઉત્કૃષ્ટ–અસંખ્ય કાલ ચક્ર | ૧ સમય / ૨ સમય | (૧) અનાહારક અલ્પ (૨)આહારક અસં૰ ગુણા |
| કેવલી આહારક | | અંતર્મુહૂર્ત / દેશોન ક્રોડપૂર્વ | ૩ સમય | |





| જીવ પ્રકાર | ભંગ | કાયસ્થિતિ જઘન્ય/ઉત્કૃષ્ટ | અંતર જઘન્ય/ઉત્કૃષ્ટ | અલ્પબહુત્વ |
|---|---|---|---|---|
| છદ્મસ્થ અનાહારક | | ૧ સમય / ૨ સમય | બે સમય ઓછા ક્ષુલ્લકભવ / અસંખ્યકાલ | |
| સયોગીઅના. | | ત્રણ સમય | અંતર્મુહૂર્ત | |
| અયોગીઅના. | | અંતર્મુહૂર્ત | × | |
| સિદ્ધ અના. | ૧ | સાદિ અનંત | × | |

**પ્રશ્ન–૩ : બીજી પ્રતિપત્તિમાં સર્વ જીવોના ત્રણ ત્રણ ભેદ કઈ રીતે કહેલા છે ?**

**ઉત્તર :** અહીં સિધ્ધ સહિતના સર્વ જીવોના ત્રણ ત્રણ ભેદ આ પ્રકારે કહ્યા છે– (૧) સમ્યક દૃષ્ટિ, મિથ્યા દૃષ્ટિ અને મિશ્ર દૃષ્ટિ (૨) કાયપરિત-સંસારપરિત, કાય-અપરિત-સંસારઅપરિત, નોપરિત-નોઅપરિત, (૩) પર્યાપ્ત, અપર્યાપ્ત, નોપર્યાપ્ત નોઅપર્યાપ્ત (૪) સૂક્ષ્મ, બાદર, નોસૂક્ષ્મ નોબાદર (૫) સંજ્ઞી, અસંજ્ઞી, નોસંજ્ઞી નોઅસંજ્ઞી (૬) ભવી, અભવી, નોભવી નોઅભવી (૭) ત્રસ, સ્થાવર, નોત્રસ નોસ્થાવર. આ સાતે પ્રકારના ભેદોમાં સ્થિતિ આદિનું નિરૂપણ આ પ્રમાણે છે–

**સર્વ જીવોના ત્રણ ભેદ :–**

| જીવ | ભંગ | કાયસ્થિતિ જઘન્ય/ઉત્કૃષ્ટ | અંતર જઘન્ય/ઉત્કૃષ્ટ | અલ્પબહુત્વ |
|---|---|---|---|---|
| સમ્યગ્દૃષ્ટિ | ૨ | અંત૰ / ૬૬ સાગર | અંત૰ / અર્ધ પુ૰ પરા૰ | ૨ અનંતગુણા |
| મિથ્યાદૃષ્ટિ | ૩ | અંત૰ / અર્ધ પુ૰ પરા૰ | અંત૰ / ૬૬ સાગર | ૩ અનંતગુણા |
| મિશ્રદૃષ્ટિ | | અંતર્મુહૂર્ત | અંત૰ / અર્ધ પુ૰ પરા૰ | ૧ અલ્પ |
| કાયપરિત્ત | | પૃથ્વીકાલ | વનસ્પતિકાલ | ૧ અલ્પ |
| સંસાર પરિત | | અંત૰ / અર્ધ પુ૰ પરા૰ | – | – |
| કાય અપરિત | | વનસ્પતિકાલ | પૃથ્વીકાલ | ૩ અનંતગુણા |
| સંસાર અપરિત | ૨ | અનાદિ અનંત / આનાદિ સાંત | – | – |
| નોઅપરિત૰ | ૧ | સાદિ અનંત | – | ૨ અનંતગુણા |
| પર્યાપ્ત | | અનેક સો સાગર અધિક | અંતર્મુહૂર્ત | ૩ સંખ્યાતગુણા |
| અપર્યાપ્ત | | અંતર્મુહૂર્ત(અનંતકાલ) | અનેક સો સાગર સાધિક | ૨ અનંતગુણા |
| નો પર્યાપ્ત૰ | | સાદિ અનંત | – | ૧ અલ્પ |

| જીવ | ભંગ | કાયસ્થિતિ જઘન્ય/ઉત્કૃષ્ટ | અંતર જઘન્ય/ઉત્કૃષ્ટ | અલ્પબહુત્વ |
|---|---|---|---|---|
| સૂક્ષ્મ | | પૃથ્વીકાલ | બાદર બાલ | ૩ અસં૦ ગુણા |
| બાદર | | બાદરકાલ | પૃથ્વીકાલ | ૨ અનંતગુણા |
| નો સૂક્ષ્મ૦ | | સાદિ અનંત | – | ૧ અલ્પ |
| સંજ્ઞી | | અનેક સો સાગર અધિક | વનસ્પતિકાલ | ૧ અલ્પ |
| અસંજ્ઞી | | વનસ્પતિકાલ | અનેક સો સાગર સાધિક | ૩ અનંતગુણા |
| નોસંજ્ઞી૦ | ૧ | સાદિ અનંત | – | ૨ અનંતગુણા |
| ભવી | ૧ | અનાદિ સાંત | | ૩ અનંતગુણા |
| અભવી | ૧ | અનાદિ અનંત | | ૧ અલ્પ |
| નોભવી૦ | ૧ | સાદિ અનંત | | ૨ અનંતગુણા |
| ત્રસ | | ૨૦૦૦ સાગર અધિક | વનસ્પતિકાલ | ૧ અલ્પ |
| સ્થાવર | | વનસ્પતિકાલ | ૨૦૦૦ સાગર અધિક | ૩ અનંતગુણા |
| નોત્રસ૦ | | સાદિ અનંત | – | ૨ અનંતગુણા |

## પ્રશ્ન–૪ : સર્વ જીવોના ચાર ભેદ કયા કયા છે ?

**ઉત્તર :** ત્રીજી પ્રતિપત્તિમાં સિધ્ધસહિત જીવોના ચાર-ચાર ભેદ આ પ્રકારે કહ્યા છે– (૧) મનયોગી, વચનયોગી, કાયયોગી અને અયોગી. (૨) સ્ત્રી વેદી, પુઢષ વેદી, નપુંસકવેદી અને અવેદી. (૩) ચક્ષુદર્શની, અચક્ષુદર્શની, અવધિદર્શની અને કેવલદર્શની. (૪) સંયત, અસંયત, સંયતાસંયત, નોસંયત નોઅસંયત નોસંયતા-સંયત (સિધ્ધ ભગવાન). આ ચારે પ્રકારના ભેદના જીવોની સ્થિતિ, કાયસ્થિતિ અંતર અને અલ્પબહુત્વનું નિરૂપણ આ પ્રમાણે છે–

| નામ | ભંગ | કાયસ્થિતિ જઘન્ય / ઉત્કૃષ્ટ | અંતર જઘન્ય / ઉત્કૃષ્ટ | અલ્પબહુત્વ |
|---|---|---|---|---|
| મનયોગી | | ૧ સમય / અંતર્મુહૂર્ત | અંત૦ / વનસ્પતિકાલ | ૧ અલ્પ |
| વચનયોગી | | ૧ સમય / અંત૦ | અંત૦ / વનસ્પકિાલ | ૨ સં૦ ગુણા |
| કાયયોગી | | અંત૦ / વનસ્પતિકાલ | ૧ સમય / અંત૦ | ૪ અનંતગુણા |
| અયોગી | ૧ | સાદિ અનંત | | ૩ અનંતગુણા |
| સ્ત્રીવેદી | | ૧ સમય / ૧૦૦ પલ્ય +અનેક ક્રોડપૂર્વ | અંતર્મુહૂર્ત / વનસ્પતિકાલ | ૨ સં૦ ગુણા |
| પુઢષવેદી | | અંતર્મુહૂર્ત / અનેક સો સાગર સાધિક | ૧ સમય / વનસ્પતિકાલ | ૧ અલ્પ |





| નામ | ભંગ | કાયસ્થિતિ જઘન્ય / ઉત્કૃષ્ટ | અંતર જઘન્ય / ઉત્કૃષ્ટ | અલ્પબહુત્વ |
|---|---|---|---|---|
| નપુંસકવેદી | | ૧ સમય / વનસ્પતિકાલ | અંતર્મુહૂર્ત / અનેક સો સાગર સાધિક | ૪ અનંતગુણા |
| અવેદી | ૨ | ૧ સમય / અંત૦ | અંત૦ / અર્ધ પુ૦ પરા૦ | ૩ અનંતગુણા |
| ચક્ષુ દર્શની | | ૧૦૦૦ સાગરોપમ સાધિક | વનસ્પતિકાલ | ૨ અસં૦ગુણા |
| અચક્ષુ દર્શની | ૨ | અનાદિ અનંત /અનાદિ સાંત | – | ૪ અનંતગુણા |
| અવધિ દર્શની | | ૧ સમય / બે ૬૬ સાગરોપમ સાધિક | વનસ્પતિકાલ | ૧ અલ્પ |
| કેવલ દર્શની | ૧ | સાદિ અનંત | – | ૩ અનંતગુણા |
| સંયત | | ૧ સમય / દેશોન ક્રોડપૂર્વ | અંત૦ / અર્ધ પુ૦ પરા૦ | ૧ અલ્પ |
| અસંયત | ૩ | અંત૦ / દેશોન અર્ધ પુ૦ પ૦ | ૧ સમય / દેશોન ક્રો૦પૂ૦ | ૪ અનંતગુણા |
| સંયતાસંયત | | અંત૦/ દેશોન ક્રોડપૂર્વ | અંત૦ /અર્ધ પુ૦ પરા૦ | ૨ અસં૦ગુણા |
| નોસંયત૦ | ૧ | સાદિ અનંત | | ૩ અનંતગુણા |

## પ્રશ્ન–૫ : સર્વ જીવોના પાંચ ભેદ કયા છે ? અને તે સંબંધી નિરૂપણ કઈ રીતે કરેલ છે ?

**ઉત્તર :** ચોથી પ્રતિપત્તિમાં સિધ્ધ સહિત સર્વ જીવોના પાંચ ભેદ આ પ્રકારે કરેલ છે– (૧) ક્રોધ, માન, માયા, લોભવાળા અને અકષાયી (૨) નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવ તથા સિધ્ધ. આ બે પ્રકારે પાંચ ભેદોમાં સ્થિતિ આદિનું વર્ણન આ રીતે છે–

| નામ | ભંગ | કાયસ્થિતિ જઘન્ય/ઉત્કૃષ્ટ | અંતર જઘન્ય/ઉત્કૃષ્ટ | અલ્પબહુત્વ |
|---|---|---|---|---|
| ક્રોધી | | અંતર્મુહૂર્ત / અંતર્મુહૂર્ત | ૧ સમય / અંતર્મુહૂર્ત | ૩ વિશેષાધિક |
| માની | | અંતર્મુહૂર્ત / અંતર્મુહૂર્ત | ૧ સમય / અંતર્મુહૂર્ત | ૨ અનંતગુણા |
| માયી | | અંતર્મુહૂર્ત / અંતર્મુહૂર્ત | ૧ સમય / અંતર્મુહૂર્ત | ૪ વિશેષધિક |
| લોભી | | ૧ સમય / અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત / અંતર્મુહૂર્ત | ૫ વિશેષાધિક |
| અકષાયી | ૨ | ૧ સમય / અંતર્મુહૂર્ત | અંત૦/ દેશોન અર્ધ પુ૦ | ૧ અલ્પ |
| **વિશેષ :–** નૈરયિક, તિર્યંચ, મનુષ્ય, દેવ, સિદ્ધ, તે પાંચ જીવના ભેદ છે. તેની કાયસ્થિતિ, અંતર આદિ પૂર્વવત્. | | | | |

## પ્રશ્ન–૬ : સર્વ જીવોના ૬ ભેદ કયા પ્રકારે કહેલ છે ?

**ઉત્તર** : પાંચમી પ્રતિપત્તિમાં સિધ્ધ સહિત સર્વ જીવોના ૬ ભેદ આ પ્રકારે કહ્યા છે– (૧) મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, કેવળ જ્ઞાની અને અજ્ઞાની (૨) એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય અને અનિન્દ્રિય (૩) ઔદારિક શરીરી આદિ પાંચ શરીરી અને અશરીરી. આ પ્રમાણે ત્રણ પ્રકારે છ, છ ભેદોની સ્થિતિ આદિનું નિરૂપણ આ પ્રમાણે છે–

**સર્વ જીવોના છ ભેદ :–**

| નામ | ભંગ | કાયસ્થિતિ જઘન્ય/ઉત્કૃષ્ટ | અંતર જઘન્ય/ઉત્કૃષ્ટ | અલ્પબહુત્વ |
|---|---|---|---|---|
| મતિજ્ઞાની | | અંત૦ / ૬૬ સાગર અધિક | દેશોન અર્ધ પુદ્‌ગલ | ૩ વિશેષાધિક |
| શ્રુતજ્ઞાની | | અંતર્મુહૂર્ત / ૬૬ સાગરોપમ | દેશોન અર્ધ પુદ્‌ગલ | ૩ વિશેષાધિક |
| અવધિજ્ઞાની | | ૧ સમય / ૬૬ સાગરોપમ | દેશોન અર્ધ પુદ્‌ગલ | ૨ અસંખ્યગુણા |
| મનઃપર્યવ૦ | | ૧ સમય / દેશોન ક્રોડપૂર્વ | દેશોન અર્ધ પુદ્‌ગલ | ૧ અલ્પ |
| કેવલજ્ઞાની | ૧ | સાદિ અનંત | × | ૪ અનંતગુણા |
| અજ્ઞાની | ૨ | અંત૦ / દે૦ અર્ધ પુ૦ પ૦ | ૬૬ સાગર સાધિક | ૫ અનંતગુણા |
| એકેન્દ્રિય યાવત્ પંચેન્દ્રિય, અનિન્દ્રિય એ છ ભેદ છે. તેની કાયસ્થિતિ આદિ પૂર્વવત્. | | | | |
| ઔદારિક શરીરી | | જ૦ બે સમય ન્યૂન ક્ષુલ્લકભવ / અસં૦ કાલ | ૧ સમય / ૩૩ સાગર | ૩ અસંખ્યગુણા |
| વૈક્રિય શરીરી | | ૧ સમય / ૩૩ સાગર અંતર્મુહૂર્ત અધિક | વનસ્પતિકાલ | ૨ અસંખ્યગુણા |
| આહારક શરીરી | | અંતર્મુહૂર્ત / અંતર્મુહૂર્ત | દેશોન અર્ધ પુદ્‌ગલ | ૧ અલ્પ |
| તૈજસ-કાર્મણ-શરીરી | ૨ | અનાદિ અનંત / અનાદિ સાંત | – | ૫ અનંતગુણા |
| અશરીરી | ૧ | સાદિ અનંત | – | ૪ અનંતગુણા |

## પ્રશ્ન–૭ : સર્વ જીવોના સાત ભેદ કયા પ્રકારે છે ?

**ઉત્તર** : ૬ઠ્ઠી પ્રતિપત્તિમાં સિધ્ધ સહિત સર્વ જીવોના સાત ભેદ આ પ્રકારે કહ્યા છે– (૧) કૃષ્ણલેશી આદિ છ લેશ્યાવાળા જીવ અને અલેશી જીવ (૨) પૃથ્વીકાયથી લઈને ત્રસકાય સુધીના છ ભેદ અને સાતમો અકાય જીવ. આ બંને પ્રકારે સાત–સાત ભેદોની સ્થિતિ આદિ આ મુજબ છે.





**સર્વ જીવોના સાત ભેદ :–**

| નામ | ભંગ | કાયસ્થિતિ જઘન્ય/ઉત્કૃષ્ટ | અંતર જઘન્ય/ઉત્કૃષ્ટ | અલ્પબહુત્વ |
|---|---|---|---|---|
| કૃષ્ણલેશી | | ૩૩ સાગર + અંતર્મુહૂર્ત | ૩૩ સાગર + અંત૦ | ૭ વિશેષાધિક |
| નીલલેશી | | ૧૦ સાગર+પલ્યનો અસં. ભાગ | ૩૩ સાગર + અંત૦ | ૬ વિશેષાધિક |
| કાપોતલેશી | | ૩ સાગર+પલ્યનો અસં૦ ભાગ | ૩૩ સગાર +અંત૦ | ૫ અનંતગુણા |
| તેજો લેશી | | ૨ સાગર+પલ્યનો અસં૦ભાગ | વનસ્પતિકાલ | ૩ સંખ્યાતગુણા |
| પદ્મલેશી | | ૧૦ સાગર + અંત૦ | વનસ્પતિકાલ | ૨ સંખ્યાતગુણા |
| શુક્લલેશી | | ૩૩ સાગર + અંત૦ | વનસ્પતિકાલ | ૧ અલ્પ |
| અલેશી | ૧ | સાદિ અનંત | | ૪ અનંતગુણા |
| પૃથ્વીકાય ***યાવત્*** ત્રસકાય અને અકાય તે સાત ભેદ છે. તેની કાયસ્થિતિ આદિ પૂર્વવત્. | | | | |

## પ્રશ્ન–૮ : સર્વ જીવોના આઠ ભેદોનું નિરૂપણ કેવી રીતે કરેલ છે ?

**ઉત્તર** : સાતમી પ્રતિપત્તિમાં જીવના આઠ ભેદ સિધ્ધ સહિતના આ મુજબ છે– (૧) પાંચ જ્ઞાની અને ૩ અજ્ઞાની જીવ (૨) નારકી, દેવ-દેવી, તિર્યંચ, તિર્યંચાણી, મનુષ્ય-મનુષ્યાણી અને સિધ્ધ ભગવાન. આ બંને પ્રકારે સર્વ જીવોના આઠ ભેદોની સ્થિતિ વગેરે આ મુજબ છે–

**સર્વ જીવોના આઠ ભેદ :–**

| નામ | ભંગ | કાયસ્થિતિ | અંતર |
|---|---|---|---|
| મતિ અજ્ઞાની | ૩ | દેશોન અર્ધપુદ્‌ગલ પરાવર્તન | ૬૬ સાગર સાધિક |
| શ્રુત અજ્ઞાની | | દેશોન અર્ધપુદ્‌ગલ પરાવર્તન | ૬૬ સાગર સાધિક |
| વિભંગ જ્ઞાની | | ૩૩ સાગર + દેશોન ક્રોડપૂર્વ | વનસ્પતિકાલ |
| પાંચ જ્ઞાનીના આગળ કહ્યા છે. મતિ-શ્રુતજ્ઞાનીથી વિભંગજ્ઞાની અસંખ્ય-ગુણા, કેવલ જ્ઞાની અનંતગુણા, મતિ-શ્રુત અજ્ઞાની બંને તુલ્ય અનંતગુણા, અવધિ, મનઃપર્યવનું વર્ણન પૂર્વવત્. | | | |

## પ્રશ્ન–૯ : સર્વ જીવોના ૯ અને ૧૦ ભેદોનું નિરૂપણ કઈ રીતે કરેલ છે ?

**ઉત્તર** : આઠમી પ્રતિપત્તિમાં સિધ્ધ સહિત સર્વ જીવોના ૯ ભેદ આ રીતે છે– (૧) એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, નારકી, દેવ, મનુષ્ય, તિર્યંચ

અને સિધ્ધ ભગવાન (૨) પ્રથમ સમયના નૈરયિક, અપ્રથમ સમયના નૈરયિક, આ રીતે પ્રથમ, અપ્રથમ, તિર્યંચ, મનુષ્ય, દેવ એમ આઠ ભેદોની સ્થિતિ આદિ અગાઉના પ્રશ્નોમાં કહેવામાં આવી ગયેલ છે. અલ્પબહુત્વમાં વિશેષ એ છે કે દેવોથી તિર્યંચ પંચેન્દ્રિય અસંખ્યગુણા હોય છે.

નવમી પ્રતિપત્તિમાં સિધ્ધ સહિત સર્વ જીવોના ૧૦—૧૦ ભેદ દર્શાવેલ છે, જે આ પ્રમાણે છે— (૧) પૃથ્વીકાયથી વનસ્પતિકાય એમ પાંચ, બેઈન્દ્રિયથી પંચેન્દ્રિય સુધી ચાર એમ કુલ નવ અને ૧૦માં સિધ્ધ ભગવાન (૨) પ્રથમ સમયના નૈરયિક અને અપ્રથમ સમયના નૈરયિક. એવી જ રીતે તિર્યંચ, મનુષ્ય, દેવ અને સિધ્ધોના બબ્બે ભેદ કરવાથી ૧૦ ભેદ થાય છે. આ બંને પ્રકારોના દશે ય ભેદોની સ્થિતિ આદિ અગાઉના પ્રશ્નોમાં કહેવામાં આવી ગયેલ છે.

## ।। સર્વ જીવ પ્રતિપત્તિ સંપૂર્ણ ।।

**।। જીવાભિગમ સૂત્ર સંપૂર્ણ ।।**

**।। ત્રણ ઉપાંગ સૂત્ર સંપૂર્ણ ।।**

**।। જૈનાગમ નવનીત પ્રશ્નોત્તર ભાગ–૬ સંપૂર્ણ ।।**





# પરિશિષ્ટ-૧

## સૂરતથી વિમલકુમારજી નવલખાના પ્રશ્નોના ઉત્તર

**પ્રશ્ન—૧ : ધનુષ અને આંગળ—અંગુલ કેવી રીતે માનવામાં આવે છે ?**

**ઉત્તર :** ચાર ગતિના જીવોની અવગાહના(શરીરની ઉંચાઈ) બતાવવા માટે જે ધનુષ, હાથ, અંગુલ વગેરે માપો શાસ્ત્રોમાં કહેવામાં આવે છે તેને ઉત્સેધાંગુલ કહેવાય છે. આવા આંગુલ(આંગળ) શાસ્ત્રોમાં ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે. ત્રણેયનો ઉપયોગ પણ જુદો જુદો બતાવવામાં આવેલ છે. ત્રણ પ્રકારના અંગુલ આ પ્રમાણે છે— (૧) પ્રમાણ અંગુલ (૨) આત્માંગુલ (૩) ઉત્સેધાંગુલ.

**(૧)** ભરત ચક્રવર્તી રાજાના શરીરની અવગાહના ૫૦૦ ધનુષની હતી. તેના એક આંગળની જે પહોળાઈ હોય તેને પ્રમાણાંગુલ કહે છે. તેના હાથની કોણી સુધીની જે લંબાઈ થાય તેને પ્રમાણાંગુલનો એક હાથ કહે છે અને તેના બંને હાથોને સીધા ફેલાવીને જે માપ થાય તેને પ્રમાણાંગુલનું ધનુષ કહે છે.

લોકની બધી શાશ્વત ચીજો, ક્ષેત્રો, નદી, પર્વતો, દ્વીપ-સમુદ્રો, નરકપૃથ્વી, દેવલોક વગેરેનું માપ આ પ્રમાણાંગુલના ધનુષ અને તેના યોજનથી કહેવામાં આવે છે.

**(૨)** પોત-પોતાના કોઈપણ સમયમાં સપ્રમાણ, સુડોળ માનવીના આંગળ, હાથ અને ધનુષનું જે માપ હોય તેને આત્માંગુલનું માપ કહે છે. આ આત્માંગુલનું માપ પ્રત્યેક જમાનામાં જુદુ-જુદુ હોય છે. આ માપથી જે તે સમયના ઘર, ખેતર, દરવાજા, જમીન, ભવન વગેરેનું માપ ગણવામાં આવે છે. સાધુ ચર્યામાં બે કોસ સુધી આહાર પાણી લઈ જવાનું માપ મર્યાદા આત્માંગુલથી ગણવામાં આવે છે. અર્થાત્ ૨૪મા તીર્થંકરના સમયમાં સાધુઓ માટે બે કોસ નાનો હોય તો ૨૦માં અને ૧૯માં તીર્થંકરોના સમયમાં કોસનું માપ મોટું હોય છે. આ રીતે પોત-પોતાના સમયના જરૂરી માપ જે તે સમયના આત્માંગુલથી હોય છે. આ રીતે જોતાં દરેક જમાનામાં આત્માંગુલનું માપ જુદુ-જુદુ હોય છે, જયારે પ્રમાણાંગુલ અને ઉત્સેધાંગુલનું માપ હંમેશને માટે નિશ્ચિત એક જ માપવાળું હોય છે.

**(૩)** પાંચમો આરો અર્ધો વીતી ગયા પછી એટલે કે પાંચમા આરાના ૧૦૫૦૦ વર્ષ વીતી ગયા પછી તે સમયાનુસાર સપ્રમાણ, સુડોળ મનુષ્યના આંગળીની જે જાડાઈ હોય તેને એક ઉત્સેધાંગુલ કહેવાય. તે માનવના હાથની કોણીથી મધ્યમા આંગળીના નખ સુધીના માપને ઉત્સેધાંગુલનો એક હાથ કહેવાય. તેવા ચાર હાથના માપને ઉત્સેધાંગુલનો એક ધનુષ કહેવામાં આવે છે. ઉત્સેધાંગુલનું માપ પણ હંમેશાં એક જ(સ્થિર) રહે છે. આ ઉત્સેધાંગુલના હાથ, ધનુષ, કોસ વગેરેથી ચારે ય ગતિના જીવોની અવગાહના શાસ્ત્રોમાં કહેવામાં આવી છે. આમ જોઈએ તો દરેક મનુષ્યની લંબાઈ સામાન્ય રીતે પોતાના હાથથી ૪ હાથની એટલે કે એક ધનુષની હોય છે. પરંતુ શાસ્ત્રમાં અવગાહના ઉત્સેધાંગુલથી કહેવામાં આવેલ છે. જેમ કે પ્રથમ તીર્થંકરના સમયમાં ભરત આદિની અવગાહના ૫૦૦ ધનુષની કહેવામાં આવી છે. તેને પણ પોતાના હાથથી તો અવગાહના ૪ હાથની એટલે કે એક ધનુષની જ હતી. પરંતુ આપણી શાસ્ત્રીય અવગાહના ઉત્સેધાંગુલના માપથી ગણાય છે. જેનાથી આપણે લગભગ દોઢ ધનુષના છીએ.

પરંપરા અનુસાર પાંચમા આરાના અર્ધો વીતી ગયા પછીના સમયનો સપ્રમાણ માનવનો હાથ લગભગ એક ફુટનો માનવામાં આવેલ છે જયારે વર્તમાનમાં માનવનો એક હાથ લગભગ દોઢ ફુટનો જોવામાં આવે છે. આ રીતે જોતા ભગવાન મહાવીર સ્વામી ઉત્સેધાંગુલના માપથી બે ધનુષ લગભગ હતા અને ઋષભદેવ ભગવાન ૫૦૦ ધનુષના લગભગ હતા. આ માપથી જ ત્રણ કોસના યુગલિયા ઉત્સેધાંગુલના માપવાળા ૬૦૦૦ ધનુષના હોય છે. ત્રણે પ્રકારના આંગળનું માપ, તેનું પ્રયોજન અને તેનો ઉપયોગ વગેરેનું વર્ણન અનુયોગદ્વાર સૂત્રમાં આપેલ છે.

**પ્રશ્ન–૨ : પાતાળ કળશ નીચે એક લાખ યોજન કયાંથી કયાં સુધી ગણાય છે ?**

**ઉત્તર :** આપણી પૃથ્વી, જે સમતળ ભૂમિ છે તે રત્નપ્રભા નામની પ્રથમ નરકની ઉપરની છત છે, કોઈ અલગ પૃથ્વી નથી. આપણી આ પૃથ્વીની સમતળ ભૂમિથી નીચે એક લાખ એંસી હજાર યોજન તો પ્રથમ નરકનો પૃથ્વીપિંડ છે. ત્યાર પછી આ પૃથ્વીનો કિનારો–છેડો આવી જાય છે. પાતાળ કળશ લવણ સમુદ્રમાં છે. આ સમુદ્ર ૧૦૦૦ યોજન ઊંડો છે. તેની નીચેની ભૂમિથી પાતાળ કળશ શરૂ





થાય છે અને ત્યાંથી એક લાખ યોજન પાતાળ કળશનો છેવટનો કિનારો આવે છે. આ રીતે એક લાખ યોજનનો પાતાળકળશ આ રત્નપ્રભા પૃથ્વીમાં જ સમાવિષ્ટ થઈ જાય છે. કારણ કે પાતાળ કળશની ઉંડાઈ એક લાખ યોજનની છે. જયારે રત્નપ્રભા પૃથ્વી ૧ લાખ ૮૦ હજાર યોજનની છે. તેથી આ પાતાળકળશ રત્નપ્રભા પૃથ્વીમાં જ આવી જાય છે, તે ક્યાંય બહાર નથી. આ પાતાળ કળશના પડ (ઠીકરી)ની જાડાઈ ૧૦૦૦ યોજનની બધી બાજુએથી છે. આ કળશનુ મુખ અને તળીયુ દશ હજાર યોજનનું લાંબું પહોળું છે અને વચ્ચેના ભાગમાં પાતાળ કળશની લંબાઈ-પહોળાઈ એક લાખ યોજનની છે. આ રીતે ગણીએ તો ૧૦૦૦ યોજન સુધી લવણ સમુદ્રનું પાણી છે. તેની નીચે એક લાખ યોજનના કળશ છે અને આ કળશની નીચે ફરી ૭૯૦૦૦ હજાર યોજનની રત્નપ્રભા પૃથ્વી છે. વ્યંતરોના નગર, ભવનપતિના ભવનો અને નારકીના જીવો વગેરે બધાના સ્થાન જંબૂદ્વીપ, લવણસમુદ્રની નીચે હોતા નથી પરંતુ તેના પછીના દ્વીપ સમુદ્રોના નીચેની ભૂમિમાં હોય છે. તેથી પાતાળ કળશો કોઈને નડતરરૂપ બાધારૂપ બનતા નથી.

**પ્રશ્ન–૩ : મહાવિદેહ ક્ષેત્રમાં કાળ એક સરખો હોય છે તો શું ત્યાં દિવસ અને રાત થતા નથી ?**

**ઉત્તર :** મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્સર્પિણી-અવસર્પિણી કાલ રૂપે પુદ્‌ગલ સ્વભાવોનું પરિવર્તન થતું નથી. જેનાથી છ આરા જેવું કાળપરિવર્તન પણ થતું નથી. હંમેશાં કેવળ ચોથા આરા જેવા પુદ્‌ગલ સ્વભાવ બની રહે છે. આથી મનુષ્યોની અવગાહના, સ્થિતિમાં પણ ફેરફાર થતો નથી. હંમેશાં ઉત્કૃષ્ટ એક કરોડ પૂર્વનું આયુષ્ય અને ૫૦૦ ધનુષની ઉત્કૃષ્ટ અવગાહના હોય છે.

જે સૂર્ય, ચંદ્ર આપણા ભરતક્ષેત્ર ઉપર ભ્રમણ કરે છે એ જ સૂર્ય, ચંદ્ર મહાવિદેહ ક્ષેત્ર ઉપર પણ ભ્રમણ કરે છે. તેથી દિવસ, રાત જેવો કાળ તો ભરત ક્ષેત્ર જેવો જ ત્યાં પણ ક્રમશઃ રહે છે.

**પ્રશ્ન–૪ : દેવલોકમાં તેમજ ઉંચા-નીચા લોકમાં ત્રસ જીવની કઈ રીતે ગણના થાય છે ?**

**ઉત્તર :** તિરછા લોકમાં બધા પ્રકારના ત્રસ જીવો હોય છે. પરંતુ દેવલોકમાં માત્ર દેવોને જ ત્રસ જીવ ગણવામાં આવે છે, તે સિવાય બીજા કોઈ ત્રસ જીવ

દેવલોકમાં હોતા નથી. સ્થાવરના પાંચે ય પ્રકારના સૂક્ષ્મ એકેન્દ્રિય દેવલોકમાં હોય છે. બાદર એકેન્દ્રિયમાં તેઉકાય(બાદર અગ્નિકાય જીવ) દેવલોકમાં હોતા નથી. તેમજ બાદર વનસ્પતિમાં પ્રત્યેક વનસ્પતિ દેવલોકમાં હોતી નથી, બાદર સાધારણ વનસ્પતિ અને સૂક્ષ્મ વનસ્પતિ દેવલોકમાં હોઈ શકે છે. સાધારણ વનસ્પતિ(બાદર નિગોદ)માં કંદમૂળ સિવાય લીલ-ફૂગ, સેવાળ, શિંગોડા આદિ જલજ(જલમાં ઉત્પન્ન થતી) વનસ્પતિ વગેરેનો સમાવેશ થાય છે. સૂક્ષ્મ વનસ્પતિ તો એક માત્ર સૂક્ષ્મ નિગોદરૂપ એક જ પ્રકારની હોય છે. અર્થાત્ તેના એક શરીરમાં અનંત જીવો હોય છે. ચાર સ્થાવર પૃથ્વી આદિ બધા જીવ પ્રત્યેક શરીરી જ હોય છે(એક શરીરમાં એક જીવ). ભલેને તે સૂક્ષ્મ હોય કે બાદર કોઈમાં અનંતકાય કે અનંત જીવ હોતા નથી.

ઉંચા લોકમાં મેઢ આદિ પર્વતોની અપેક્ષાએ બધા પ્રકારના ત્રસ જીવો ત્યાં હોઈ શકે છે. નીચા લોકમાં સલીલાવતી અને વપ્રા બે વિજયોની અપેક્ષાએ તેમજ ૧૦૦૦ યોજન ઉંડા સમુદ્રની અપેક્ષાએ ૯૦૦ યોજન પછી ૧૦૦ યોજનમાં બધા પ્રકારના જલચર તિર્યંચ ત્રસ જીવ હોય છે. પાતાળ કળશોમાં પણ જલચર તિર્યંચ ત્રસ જીવ હોય છે.

# પરિશિષ્ટ–૨

## શું માત્ર જિનકલ્પ જ એકલ વિહાર છે, આગમોમાં ?

**પ્રશ્ન : માત્ર જિનકલ્પી સાધુ જ એકલવિહારી છે ? શું આવું વિધાન આગમોમાં છે ?**

**ઉત્તર :** જિનકલ્પી વિશિષ્ટ સાધકોના નામથી એકાંતિક નિરૂપણ કરી દેવું એ યથાર્થ અને પરિપૂર્ણ હોતું નથી પરંતુ આવું કથન અયથાર્થ અને અધુરું છે. કારણ કે આગમોમાં સપરિસ્થિતિક અલ્પ પુણ્યવાળાની પણ એકલ વિહારચર્યાનું વર્ણન આવે છે.

(૧) ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન–૨૭ માં ગર્ગાચાર્યના ૫૦૦ શિષ્યોમાંથી એક પણ શિષ્ય અનુકૂળ ન હોતા. ત્યારે તેઓએ દુઃખી થઈને બધાને છોડી





એકલવિહાર કરવાનું નક્કી કરી લીધું. અહીં જિનકલ્પી કે ગુઢઆજ્ઞાની કોઈ વાત આવી નથી. માત્ર પાપકર્મોના ઉદયથી કે અનાદેય નામકર્મના કારણે એકલા રહીને ભગવાન મહાવીરના શાસનમાં મોક્ષગામી બન્યા. આવી વિગત સંસ્કૃત ટીકા તેમજ હિંદી વ્યાખ્યાઓમાં સ્પષ્ટ મળે છે.

(૨) ઉત્તરાધ્યયન સૂત્ર અ.૩૨, ગાથા ૪–૫ માં આવી સપરિસ્થિતિક એટલે કે કમનશીબે, કોઈ સમાધિકારક અને નિપુણ સહાયક ન મળવાને લીધે સાધુ પોતાની સમાધિ ટકાવી રાખવા માટે **"એક્કો વિ પાવાઈ વિવજ્જયંતો વિહરેજ્જ"** પાપોથી બચતો થકો એકલો પણ વિચરણ કરે. આ પણ પરિસ્થિતિને આધીન થયેલા એકલ વિહારની શાસ્ત્ર આજ્ઞા છે.

(૩) દશવૈકાલિક સૂત્રની ચૂલિકા–૧, ગાથા–૧૦માં આવા જ કર્મના કારણોથી એકલા રહેવાની સપરિસ્થિતિક આજ્ઞા શાસ્ત્રમાં આપવામાં આવી છે. વિક્રમની આઠમી સદીમાં થયેલા આચાર્ય અગત્સ્યસિંહ સૂરિએ પોતાની ચૂર્ણિ–ટીકામાં લખ્યું છે કે– હવે આગળની ગાથા ૧૧–૧૨માં શાસ્ત્રકાર સ્વયંભવાચાર્યએ, કારણવશ એકલા રહેતા સાધુએ કેવા પ્રકારની સાવધાની રાખવી જોઈએ, તે વાતોનું વર્ણન કરેલ છે. હકીકતમાં અહીં ગાથા ૧૧ થી ૧૬ સુધી સપરિસ્થિતિક એકલા રહેતા સાધુ માટે અનેક જાતની સાવધાની રાખવાની સૂચના આપેલ છે. આ વર્ણન પણ જિનકલ્પી સાધુ માટેનું નથી.

(૪) સૂત્રકૃતાંગ સૂત્ર અધ્યયન–૧૦, ગાથા ૧૧/૧૨ માં પણ સપરિસ્થિતિક એકલ વિહારીનું વર્ણન છે. અહીં આધાકર્મી આહાર-પાણી કરનારની સાથે રહેવાની મનાઈ કરવામાં આવતાં બતાવ્યું છે કે છેવટે એવી પરિસ્થિતિમાં સંયમશુદ્ધિના હેતુથી એકલા રહેવાનું સ્વીકારી લેવું. આમ કરવાથી પણ મોક્ષ મળી શકે છે, એમાં શંકા કરવાની જરૂર નથી, તેમ પણ કહેલ છે. જેમ કે एगत्तमेयं अभिपत्थएज्जा = પરિસ્થિતિ વશ સાધુ એકલા રહેવાનું अभिपत्थएज्जा – સ્વીકાર કરી લે. एवं पमोक्खो – આમ કરવાથી પણ મોક્ષ મળી શકે છે. न मुसं ति पास – આ અસત્ય ન સમજો અર્થાત્ સયંમ શુદ્ધિ કે આત્મસમાધિ માટે એકલા રહીને પણ સાધના કરી શકાય છે. एसप्पमोक्खे, अमुसे, वरे वि – આ રીતે પણ મોક્ષ થઈ શકે તે વાત અસત્ય નથી અને ઉલટાની શ્રેષ્ઠ પણ છે. આ ઉપરની બે ગાથાઓના અર્થ અને શબ્દાર્થ છે. આ રીતે અહીં પણ

સંયમ શુદ્ધિના લક્ષ્યથી તેમજ પુણ્યની ઉણપવાળાને, સારા સંયોગના અભાવ વાળાને એકલા રહીને આત્મકલ્યાણ કરવાની પ્રેરણા કરવામાં આવેલ છે.

(૫) જ્ઞાતા સૂત્રમાં ૨૦૬ સાધ્વીઓ માટે એકલા રહીને દેવનો એક ભવ કરીને મોક્ષ પ્રાપ્તિ પણ શાસ્ત્રકારે બતાવી દીધી. જેથી એકલ વિહારીને અનંત સંસાર વધારનાર કહેવો યોગ્ય નથી. સાધુની બાબતમાં વ્યવહારસૂત્રમાં આચાર્ય ઉપાધ્યાયને એકલા રહેવાની મનાઈ છે. ત્યાં સામાન્ય સાધુને એકલા રહેવાની મનાઈ કરી નથી. તેમજ સાધ્વીને માટે એકલા રહેવું, ગોચરીએ જવું, વિચરણ કરવું આદિ બાબતની અનેક સૂત્રો દ્વારા મનાઈ કરેલ છે. પરંતુ ત્યાં પણ એકલા સાધુ માટે કોઈ મનાઈ કરેલ નથી. અહીં જ્ઞાતાસૂત્રના સાધ્વીઓના વર્ણનમાં પણ સ્થવિર કલ્પીના એકલવિહારને સકારણ કે પ્રકૃતિવશ થયેલા એકલવિહાર બતાવેલ છે, તે જિનકલ્પી નથી.

ટૂંકમાં વ્યવહારસૂત્રના મૂલપાઠમાં સાધ્વીને એકલા રહેવાની મનાઈ કરેલ છે તો પણ જ્ઞાતાસૂત્રમાં ૨૦૬ સાધ્વીઓનું પ્રકૃતિદોષવશ એકલા રહેવું અને એક દેવનો ભવ કરીને મોક્ષે જવું તેવું વર્ણન છે. ત્યાં પણ સાધ્વીને અનંત સંસાર ભ્રમણ કરવાનું કથન નથી. વ્યવહારસૂત્રમાં પણ સાધુને એકલા રહેવાનો નિષેધ નથી. માટે એકાંતિક સાધુના એકલવિહારને નિષેધાત્મક ગણવો જોઈએ નહીં.

(૬) યુવાચાર્ય મધુકર મુનિશ્રીના નેતૃત્વ નીચે તૈયાર થયેલ આગમ બત્રીસીના વ્યવહારસૂત્ર ઉદ્દેશક–૮, સૂત્ર–૫ નો મૂળપાઠ, અર્થ અને વિવેચન પાના નં. ૪૦૬ થી અહીં અક્ષરશઃ લેવામાં આવે છે–

**સૂત્ર :– थेराणं थेरभूमिपत्ताणं कप्पइ दंडए वा भंडए वा छत्तए वा मत्तए वा लट्ठिया वा भिसे वा चेले वा चेलचिलमिलिं वा चम्मे वा चम्मकोसे वा चम्मपलिच्छेयणए वा अविरहिए ओवासे ठवेत्ता गाहावकुलं पिंडवायपडियाए पविसित्तए वा णिक्ख मित्तए वा । कप्पइ णं सण्णियट्टचारीणं दोच्चंपि उग्गहं अणुण्णवेत्ता परिहरित्तए ।**

**સૂત્રાર્થ :–** વૃદ્ધાવસ્થાને પ્રાપ્ત કરેલ સ્થવિરે દંડ, ભાજન, છત્ર, માત્રક, લાકડી, લાકડાનું આસન, વસ્ત્ર, વસ્ત્રની ચિલમિલિકા(મચ્છરદાની), ચર્મ





(બેસવા માટે), ચર્મકોષ(પગ માટેનું) અને ચર્મપરિચ્છેદક(આંગળી વગેરે માટેનું) વગેરે કોઈપણ ઉપકરણ અવિરહિત સ્થાનમાં રાખીને અર્થાત્ ગોચરીએ જતી વખતે કોઈની સંભાળ નીચે મૂકીને આવવા-જવાનું કલ્પે છે. ભિક્ષાચર્યા કરીને ફરી પાછા આવીને જેની દેખરેખ નીચે રાખેલ તેની પાછી આજ્ઞા લઈ પોતાના તે ઉપકરણોને લેવા કલ્પે છે.

**વિવેચન :–** અહીં પણ આચારાંગસૂત્ર શ્રુ.૧, અ.૬, ઉ.૨; સૂયગડાંગસૂત્ર શ્રુ.૧, અ.૧૦; ઉત્તરાધ્યયન સૂત્ર અ.૩૨, ગાથા–૫ તથા દશવૈકાલિક સૂત્ર ચૂ.૨, ગા.૧૦માં કહેલ સપરિસ્થિક એકલ વિહારી સાધુ માટે વિધિનિષેધ યુક્ત વર્ણન કરવામાં આવેલ છે. તે શ્રમણ શરીરની અપેક્ષાએ વૃદ્ધ કે અતિવૃદ્ધ છે, સ્થવિર કલ્પી સામાન્ય ભિક્ષુ છે અને કર્મયોગે વૃદ્ધાવસ્થા સુધી એકલા રહીને સંયમ પાલન કરી રહ્યા છે.

શારીરિક કારણે આવા સાધુને અનેક ભંડોપકરણો રાખવા પડે છે. તે ઉપકરણોને સાથે લઈને ગોચરીમાં કે બીજા કોઈ કારણસર બહાર ન જઈ શકાય, ત્યારે કોઈની દેખરેખમાં રાખીને જવું અને **પાછા આવી ફરી આજ્ઞા લઈ,** તે ઉપકરણો ગ્રહણ કરવાનું વિધાન છે. ઉપરોક્ત એકલા વૃદ્ધ કે અતિવૃદ્ધ ભિક્ષુને માટે પણ આ સૂત્રમાં અપવાદો આપવામાં આવેલ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે સૂત્રકાર જ્ઞાની ભગવંતો જિન શાસનમાં આવા એકલવિહારી શ્રમણો માટે ઉદાર તેમજ અનેકાંત દૃષ્ટિ રાખે છે.

(૭) વ્યવહાર સૂત્ર ઉદ્દે. ૬, સૂ. ૬–૭ માં એકલા ભિક્ષુએ ઉપાશ્રયમાં કેવી રીતે રહેવું, કેવી રીતે ન રહેવું અને રહેવાનું થાય તો તેની વિધિ બાબતોના ખુલાશા કરવામાં આવેલ છે. તેમાં પણ સપરિસ્થિતિક સાધુની અપેક્ષાએ અલ્પશ્રુત અને બહુશ્રુત એમ બંને પ્રકારના સાધુ માટે વિધિ અને નિષેધ સૂચવેલ છે. તેમજ તે ઉલ્લેખ કોઈ જિનકલ્પી સાધુ માટે નથી પરંતુ એકલા રહેતા સામાન્ય સાધુ માટે છે. પ્રમાણ માટે આગમ સમિતિ બ્યાવરથી(મધુકર મુનિ) છપાયેલ વ્યવહાર સૂત્ર પાના નં. ૩૮૦–૩૮૧ માં જોઈ શકાય છે.

હકીકતમાં એકલ વિહારી સંત પોતાની પરિસ્થિતિને વશ શ્રદ્ધા સાથે, તપ, સંયમ, જ્ઞાન, ધ્યાનથી જ્ઞાતાસૂત્રની સાધ્વીઓની જેમ આત્માનું કલ્યાણ કરી શકે છે. આ પ્રકારના પ્રમાણો આગમોમાં ઘણી જગ્યાએ બતાવેલ છે. જે

ઉપરની વિગતોથી સાબિત થાય છે. ત્યારે પોતાને વિદ્વાન કહેવડાવતા પંડિતો, શ્રમણો કલ્પિત કથાઓને પકડી, સૂત્રની એકપક્ષીય વાતોને આગળ કરીને પોતાને મનફાવે તેવા ઉત્સૂત્રની પરૂપણા કરે છે. આવા સ્થવિરકલ્પી એકલવિહારી સાધુઓ માટે એકાંતિક અને ખોટી પ્રરૂપણા કરવી એ એક આત્મવંચના છે. આવા એકલવિહારી સાધુઓ પર ખુદ શાસ્ત્રકારોએ ઉદારતા દાખવી છે, સાવધાની સૂચવી છે. ત્યારે આજના કહેવાતા વિદ્વાન સાધુઓ એકલવિહારી સંતો પ્રત્યે કદાગ્રહ અને પૂર્વગ્રહથી પીડાઈને પોતાની નિર્દયતા અને આક્રોશ ઠાલવતા હોય છે.

**સાર :** વંક અને જડ સ્વાભાવના આ પાંચમા આરાના માનવોમાં પણ ભગવાનના આગમ અને સદ્ગુરૂ પ્રત્યેની શ્રદ્ધા, તેમજ ધર્મ પ્રત્યેની સાચી સમજ હજુ ટકી રહી છે. એવો વિશ્વાસ રાખી શકાય તેમ છે. ત્યારે દશવૈકાલિક સૂત્રની ચૂલિકા–૧ માં અંતરાયકર્મનો ઉદય અને અલ્પ પુણ્યવાળા એકલવિહારી સાધુ માટે પ્રેરણા અને સાવધાની સૂચવી છે. બીજી ચૂલિકામાં ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિમાં પણ સંયમ છોડવો નહી, તેવી ભલામણ કરવામાં આવી છે. તાત્પર્ય એ છે કે એકલા રહેવાનું કબુલ રાખીને પણ સંયમ છોડવો નહી અને આત્મકલ્યાણના માર્ગે વળગી રહેવું, એ સંયમી આત્માનું લક્ષ્ય છે. એકાંતવાદી અશુદ્ધ પ્રરૂપણા કરનારા અને વિદ્વત્તાનો દુરૂપયોગ કરનારા કહેવાતા વિદ્વાનોએ આ વાતને સારી રીતે સમજવી જોઇએ. તેવી જ રીતે જૈન સમાજના સૂજ્ઞ શ્રાવકોએ પણ એકાંત પ્રઢપણામાં ખેંચાવાને બદલે ભગવાનની ઉદારતા અને અનેકાંતવાદને આગળ રાખી સાચા માર્ગની સેવના કરવી જોઇએ.

# પરિશિષ્ટ–૩

## ચિમનભાઈ દેસાઈ, રાજકોટના પ્રશ્નોના સમાધાન

**પ્રશ્ન–૧ :** દંડક કોને કહે છે અને તેના ભેદ કઈ અપેક્ષાએ કરવામાં આવ્યા છે?

**ઉત્તર :** જે સ્થાનોમાં જઈને જીવ પોતાના શુભાશુભ કર્મોનો દંડરૂપ ભોગવટો કરે તે સ્થાનોને દંડક કહેવામાં આવે છે. તે દંડક ૨૪ કહ્યા છે. જે આ પ્રમાણે





છે–(૧) સાત નારકીનો એક દંડક (૨ થી ૧૧) દસ ભવનપતિ દેવોના ૧૦ દંડક (૧૨ થી ૧૬) પાંચ સ્થાવરના ૫ દંડક (૧૭ થી ૧૯) ત્રણ વિકલેન્દ્રિયના ત્રણ દંડક (૨૦) તિર્યંચ પંચેન્દ્રિયનો એક દંડક (૨૧) મનુષ્યનો એક દંડક (૨૨ થી ૨૪) વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિકના ત્રણ દંડક.

આ દંડકનું કથન નીચા લોક, તિરછા લોક અને ઊંચા લોકના ક્રમથી કરવામાં આવેલ છે. નીચે લોકમાં સર્વ પ્રથમ સાત નરક છે. તેથી તેનો દંડક સર્વ પ્રથમ કહ્યો છે. ત્યાર પછી પહેલી નરક રત્નપ્રભા પૃથ્વીમાં ૧૦ ભવનપતિ દેવોના ભવન છે તેથી બીજા નંબરમાં તેના ૧૦ દંડ કહેવાયા છે.

ત્યારપછી તિરછા લોકનો ક્રમ છે. તેમાં પણ એકેન્દ્રિયથી પંચેન્દ્રિયનો ક્રમ લેવામાં આવ્યો છે. માટે તેમાં સર્વ પ્રથમ એકેન્દ્રિય (પૃથ્વી, પાણી વિગેરે પાંચ સ્થાવર)ના ૫ દંડક લીધા છે. ત્યારે પછી ત્રણ વિકલેન્દ્રિયના ૩ દંડક અને ત્યાર પછી તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યનો દંડક છે અને ત્યારપછી તિરછા લોકના દેવોના દંડક રાખ્યા છે. જેમાં વ્યંતર નીચે અને જ્યોતિષી ઉપરે એમ બંને તિરછા લોકના દેવો છે અને અંતે ઊંચા લોકમાં વૈમાનિક દેવલોકો છે. તેનો અંતિમ ૨૪ મો દંડક રાખવામાં આવ્યો છે. આ રીતે સર્વ જીવો ૨૪ દંડકમાં વિભાજિત કરવામાં આવ્યા છે.

**પ્રશ્ન–૨ : પરિગ્રહીતા અને અપરિગ્રહીતા દેવી એટલે શું સમજવું ?**

**ઉત્તર :** વૈમાનિક દેવોના ૧૨ દેવલોક કહ્યા છે. તેમાં દેવીઓ બે દેવલોકમાં જ છે અને દેવીઓનો ભોગવટો બારમાં દેવલોક સુધી છે. માટે પહેલા બીજા દેવલોકમાં બે પ્રકારની દેવીઓ હોય છે. ત્યાંના દેવોની જે દેવીઓ હોય તે પરિગ્રહીતા કહેવાય છે અને ત્રીજાથી બારમાં દેવલોકના દેવો માટે જે દેવીઓ હોય તે અપરિગ્રહીતા કહેવાય છે. પહેલા દેવલોકમાં રહેલી પરિગ્રહીતા દેવીઓ પહેલા દેવલોકના દેવોને આધીન હોય છે અને ત્યાંની અપરિગ્રહીતા દેવીઓ ત્રીજા, પાંચમા, સાતમા, નવમા અને અગિયારમા દેવલોકના દેવોને ઉપયોગમાં આવે છે.

બીજા દેવલોકમાં રહેલી પરિગ્રહીતા દેવીઓ ત્યાંના દેવોને આધીન હોય છે અને ત્યાંની અપરિગ્રહીતા દેવીઓ ચોથા, છટ્ઠા, આઠમા, દસમા અને બારમા દેવલોકના દેવોને ઉપયોગમાં આવે છે.

પહેલા બીજા દેવલોકમાં માનવની જેમ કાય પરિચારણા–મૈથુન સેવન હોય છે. ત્રીજા ચોથા દેવલોકમાં કાયપરિચારણા નથી, ત્યાં માત્ર રૂપ, શબ્દ અને સ્પર્શ પરિચારણા છે. પાંચમા છઠ્ઠા દેવલોકમાં સ્પર્શ પરિચારણા નથી માત્ર રૂપ અને શબ્દ પરિચારણા છે. સાતમા આઠમા દેવલોકમાં માત્ર શબ્દ પરિચારણા છે, રૂપ પરિચારણા નથી. ૯ થી ૧૨ મા દેવલોકના દેવોને માત્ર મનપરિચારણા હોય છે.

મનપરિચારણાવાળા માત્ર મનમાં વિકાર ભાવોથી દેવીનું સ્મરણ કરી પરસ્પર અવધિજ્ઞાનથી જાણીને કુશીલ ભાવોની તૃપ્તિ કરી લે છે. તે રીતે શબ્દ પરિચારણાવાળા શબ્દો, ગીતો સાંભળીને, રૂપ પરિચારણાવાળા વિકારભાવોથી જોઈને અને સ્પર્શ પરિચારણાવાળા દેવો માત્ર હાથ મુખ વગેરે શરીરના સ્પર્શથી મૈથુનસંજ્ઞાની તૃપ્તિ કરી લે છે. આ રીતે ૧૨ દેવલોકમાં કુલ ૫ પ્રકારની પરિચારણા છે. જેમાંથી પહેલા બીજામાં પાંચેય, ત્રીજા ચોથામાં ચાર, પાંચમા છઠ્ઠામાં ત્રણ, સાતમા આઠામાં દેવલોકમાં બે અને ૯ થી ૧૨ દેવલકોમાં એક મનપરિચારણા હોય છે. આમ અપરિગ્રહીતા દેવીઓ ત્રીજાથી બારમા દેવલોક સુધી જુદી જુદી રીતે મૈથુન ભાવનાના પોષણમાં ઉપયોગી થાય છે. પરિગ્રહીતા દેવીઓ માત્ર પોતાના દેવલોકમાં દેવોને બધી રીતે ઉપયોગી થાય છે.

### પ્રશ્ન–૩ : સ્થિતિ અને કાયસ્થિતિ એટલે શું ?

ઉત્તર : કોઈપણ જીવની કે ભાવોની સ્થિતિ એક ભવની જ હોય છે. જયારે કાયસ્થિતિ એક કે અનેક ભવોની થાય છે. જેમ કે મનુષ્ય સ્ત્રીની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ ૩ પલ્યોપમ છે. એની કાયસ્થિતિ આઠ ભવ લગાતાર થતાં ઉત્કૃષ્ટ સાત કરોડપૂર્વ અને ત્રણ પલ્યોપમની થાય છે. જઘન્ય કાયસ્થિતિ એક ભવની અપેક્ષા જ બને છે. તે માત્ર અંતર્મુહૂર્તની છે.

એકેન્દ્રિયની ઉત્કૃષ્ટ સ્થિતિ એક ભવની અપેક્ષા ૨૨૦૦૦ વર્ષની છે અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અનંતભવની અપેક્ષા અનંત કાલની હોય છે. આ રીતે જઘન્ય સ્થિતિ, કાયસ્થિતિ અંતર્મુહૂર્ત કે એક સમયની હોય છે, તે એક ભવની અપેક્ષા બને છે. ઉત્કૃષ્ટ સ્થિતિ એક ભવની અપેક્ષા હોય છે. જ્યારે ઉત્કૃષ્ટ કાયસ્થિતિ એક કે અનેક ભવની હોય.





### પ્રશ્ન–૪ : પલ્યોપમ સાગરોપમ એટલે શું ?

**ઉત્તર :** આ બંને અસંખ્ય વર્ષની ઉંમરનું માપ છે. જેમા વર્ષોની ગણના હોતી નથી પરંતુ ઉપમાથી સમજાવવામાં આવે છે. એક યોજનના લાંબા પહોળા અને ઉંડા ખાડામાં ભરેલા વાળના ખંડોને ૧૦૦–૧૦૦ વર્ષમાં એક કાઢવામાં આવે અને તે ખાડો વાળોથી ખાલી થાય તેમાં જેટલો સમય વીતે તેને પલ્યોપમ કાળ કહે છે અને દસ ક્રોડાક્રોડ પલ્યોપમ વીતે ત્યારે એક સાગરોપમ કાલ થાય છે. આનો ખુલાસા પૂર્વકનું વર્ણન અનુયોગ દ્વારા સૂત્રમાં છે.

### પ્રશ્ન–૫ : વનસ્પતિ કાલ અને પુઢવી કાલ એટલે શું ?

**ઉત્તર :** અનંતકાલને **વનસ્પતિ કાલ** કહે છે. તેમાં અનંતા ઉત્સર્પિણી અવસર્પિણી વીતી જાય છે તેમજ અસંખ્ય પુદ્ગલ પરાવર્તન વીતી જાય છે. તેમજ **પુઢવીકાલમાં** અસંખ્યાતા ઉત્સર્પિણી અવસર્પિણી કાલ થાય છે, તેમાં અસંખ્ય વર્ષ હોય છે. વનસ્પતિ કાલમાં અનંત વર્ષ હોય છે.

# પરિશિષ્ટ–૪

## आएसेणं પદ પ્રયોગ પદ્ધતિ

આગમોમાં "**आएस** આદેશ" શબ્દ પ્રયોગ અનેક જગ્યાએ થયો છે. ભગવતી સૂત્ર ૨૪માં 'ગમ્મા' શતકમાં વીસમા દ્વારના બે વિકલ્પ કરાયા છે– (૧) ભવાદેશ, (૨) કાલાદેશ. ભવાદેશમાં ભવોની સંખ્યાનું અને કાલાદેશમાં તે ભવોની સ્થિતિનું કથન છે.

નંદીસૂત્રમાં મતિ-શ્રુતજ્ઞાન માટે કહ્યું છે કે– **आएसेणं सव्वं दव्वं, सव्वं खेत्तं, सव्वं कालं, सव्वं भावं जाणइ पासइ** શ્રુતજ્ઞાની અપેક્ષાથી સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવને જાણે દેખે છે.

જીવાભિગમ સૂત્રમાં આદેશ શબ્દનો પ્રયોગ પ્રારંભથી જ થયો છે. આ સૂત્રમાં નવ પ્રતિપત્તિઓનું વિભાજન પણ **आदेश** શબ્દ પ્રયોગથી જ થાય છે. તેમજ બીજી પ્રતિપત્તિમાં સ્થિતિ અને કાયસ્થિતિમાં પણ **आदेश** શબ્દ પ્રયોગ છે.

જીવાભિગમસૂત્રની ઉત્થાનિકામાં બતાવ્યું છે કે એક આદેશથી (એક અપેક્ષાથી અથવા એક પ્રકારથી) જીવના બે ભેદ છે. એક આદેશથી જીવના ત્રણ ભેદ છે. એમ ક્રમશઃ વધતાં એક આદેશથી જીવના દસ ભેદ છે એ પ્રમાણે કથન છે અને એ નવ પ્રતિપત્તિઓમાં તે બે, ત્રણ, ચાર, પાંચ આદિ જીવના ભેદોની સ્થિતિ આદિની વિચારણા કરવામાં આવી છે.

અભિધાન રાજેન્દ્ર કોષમાં પણ **आएस** શબ્દનો અર્થ પ્રકારવાચી કર્યો છે. જેમા પ્રજ્ઞાપના સૂત્ર, જીવાભિગમ સૂત્ર આદિના ઉદાહરણ આપ્યા છે.

(૧) **एकेन आदेशेन–आदेश शब्द इह प्रकार वाची** (૨) **आएसो त्ति पगारो इति वचनात् । एकेन प्रकारेण–एकं प्रकारं अधिकृत्य इति भावार्थः ।**

આ પ્રકારે "આદેશ" શબ્દનો અર્થ પ્રકાર અથવા અપેક્ષા છે, તે સ્પષ્ટ છે. જીવાભિગમ સૂત્રની બીજી પ્રતિપત્તિમાં સ્ત્રી વેદની સ્થિતિ ચાર પ્રકારની અને કાયસ્થિતિ પાંચ પ્રકારની કહી છે. ત્યારપછી ચાર અને પાંચ અપેક્ષાથી સ્થિતિનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે.

ટીકાકાર આચાર્ય શ્રી મલયગિરિજીએ સ્થિતિના કથનમાં **आएस** શબ્દનો અપેક્ષા અર્થ કર્યો છે અને કાયસ્થિતિના કથનમાં **आएस** શબ્દપ્રયોગ 'માન્યતા' અર્થમાં થઈ જાય છે. ત્યાં ટીકાકારે **आएस** શબ્દ પ્રયોગથી અનેક આચાર્યોના મતભેદને પ્રગટ કર્યા છે, પરંતુ તે યથાર્થ નથી. નંદી સૂત્ર, ભગવતી સૂત્ર અને જીવાભિગમ સૂત્રની પ્રતિપત્તિઓના પ્રારંભિક વર્ણનથી સુપષ્ટ છે કે આગમોમાં 'આદેશ' શબ્દપ્રયોગ અપેક્ષા અને પ્રકાર અર્થમાં પ્રસિદ્ધ અને પ્રચલિત છે.

માન્યતા ભેદ કે મતાંતર આદિ બતાવવા માટે આગમમાં 'આદેશ' શબ્દનો પ્રયોગ ક્યાં ય થયો નથી. ઉપલબ્ધ આગમોમાં માન્યતા ભેદના અનેક પાઠ છે, પરંતુ ત્યાં ક્યાંય પણ 'આદેશ' શબ્દનો પ્રયોગ નથી. તે પ્રયોગ આ પ્રમાણે છે–

(૧) જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રમાં વક્ષસ્કાર–૨. પૃષ્ઠ–૫૬૦માં કુલકરના વિષયમાં માન્યતા ભેદ માટે **अण्णे पढंति** શબ્દ પ્રયોગ છે.





(૨) જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં ઋષભકૂટના વર્ણનમાં માન્યતા ભેદ **पाढंतरं** આ શબ્દ દ્વારા કહેવાયો છે.

(૩) ઉત્સર્પિણીના ચોથા આરાના વર્ણનમાં મતભેદ **अण्णे पढंति** શબ્દથી પ્રગટ થયો છે.

(૪) પ્રજ્ઞાપના પદ ૧૭માં **केइ भणंति** આ શબ્દનો પ્રયોગ કર્યો છે.

(૫) વ્યવહાર સૂત્રમાં **एगे एवं आहंसु एगे पुण एवं** તે પ્રમાણે પ્રયોગ છે.

(૬) ભગવતી સૂત્રમાં માન્યતા ભેદના કથન માટે **केइ अपज्जतगा पढमं भण्णंति पच्छा पज्जतगं** એવો વાક્ય પ્રયોગ થયો છે.

(૭) જ્ઞાતા સૂત્રમાં દેવને ઉપસ્થિત થવાના વર્ણનમાં **पाठंतर** શબ્દ દ્વારા માન્યતા ભેદ કહ્યા છે.

આ પ્રકારે માન્યતા ભેદના કથનો આગમોમાં છે. તેમાં વિવિધ શબ્દ પ્રયોગ કે વાક્ય પ્રયોગ છે પરંતુ ક્યાંય 'આદેશ' શબ્દ નથી તથા આ માન્યતા ભેદોમાં બે વિકલ્પ જ છે. અર્થાત્ બે થી અધિક માન્યતા ભેદના વિકલ્પો આગમમાં ક્યાંય નથી, પરંતુ આદેશ શબ્દ નંદી સૂત્રમાં ફક્ત એક વિકલ્પ માટે, ભગવતી સૂત્રમાં બે વિકલ્પ માટે અને જીવાભિગમ સૂત્રમાં તો ૪-૫ અને ૯ વિકલ્પ સુધી **आएस** શબ્દ પ્રયુક્ત છે. અતઃ અનેક વિકલ્પોવાળી કાયસ્થિતિના પ્રસંગમાં આદેશ શબ્દને માન્યતા ભેદમાં ખપાવવો તે ઉચિત નથી.

**સાર :–** આદેશ શબ્દના અનેક વિકલ્પ, પ્રકાર અને અપેક્ષા એવો અર્થ કરવો જોઈએ. માન્યતા ભેદ અર્થ ન કરવો જોઈએ.

# પરિશિષ્ટ–૫

## पुहत्त શબ્દ વિચારણા

જીવાભિગમ સૂત્ર, પ્રજ્ઞપન્ના સૂત્ર અને ભગવતી સૂત્રમાં **पुहत्त** શબ્દનો પ્રયોગ મળે છે. જ્યારે ક્યાંય પણ અનેક સંખ્યાનું અથવા અનેક સંખ્યાના વિકલ્પનું એક શબ્દમાં કથન કરવું હોય ત્યારે આગમકાર **पुहत्त**

શબ્દનો પ્રયોગ કરે છે. **पुहत्त** શબ્દનું સંસ્કૃત રૂપાંતર પૃથક્ત્વ બને છે. જેનો શબ્દાર્થ થાય છે– અલગ-અલગ, ભિન્ન-ભિન્ન, વિભાગરૂપ અથવા એકત્વનો પ્રતિપક્ષ અનેકત્વ = અનેક.

થોકડાની પ્રચલિત પરંપરા અનુસાર પૃથક્ત્વ શબ્દના સ્થાને પ્રત્યેક શબ્દનો પ્રયોગ થાય છે અને પ્રત્યેક શબ્દ બે થી નવ સંખ્યાનો વાચક છે. યથા– પૃથક્ત્વ ધનુષ = પ્રત્યેક ધનુષ અર્થાત્ બે થી નવ ધનુષ; આ રીતે પ્રત્યેક માસ, પ્રત્યેક ગાઉ વગેરે શબ્દોમાં પણ બે થી નવ અર્થને સ્વીકારવાની એક પરંપરા ચાલુ છે.

પરંતુ આગમિક દષ્ટિકોણથી વિચારતા આ પરંપરા યોગ્ય અને સંગત લાગતી નથી. કારણ કે– ***ટીકાકારે અને કોષકારોએ 'पुहत्त' નો અર્થ ' અનેક' કર્યો છે.***

(૧) જીવાભિગમ ટીકા પૃષ્ટ ૧૧૯માં **पुहत्त पृथक्त्व पृथक् शब्द बहुवाची ।**

(૨) કર્મપ્રકૃતિ સંગ્રહણી ચૂર્ણિકાર **पुहत्त शब्दो बहुवाची इति प्रभूतानि रूपाणि विकुर्वितुं प्रभवः? उत्तर– पृथकत्वमपि प्रभवो विकुर्वितुं** અનેક (સેંકડો–હજારો) રૂપોની વિકુર્વણા કરવામાં પણ સમર્થ હોય છે. ***–ભગવતી સૂત્ર શતક ૧૨ ઉદ્દેશક ૯.***

(૩) **एगत्त पुहत्तिया भंगा भाणियव्वा** એકવચન, બહુવચનના ભંગ કહેવા જોઈએ. ***– ભગવતી સૂત્ર, પ્રજ્ઞાપના સૂત્ર.***

(૪) **एगत्तेण पुहत्तेण खंधा य परमाणु य =** પુદ્ગલો એકત્રિત થવાથી સ્કંધો બને છે અને અલગ-અલગ વિભાગ થવાથી પરમાણુ બને છે.

(૫) પ્રજ્ઞાપનામાં દેવોના આહાર અને શ્વાસોશ્વાસનું કાલમાન બતાવામાં પણ **पुहत्त** શબ્દનો પ્રયોગ કર્યો છે. પલ્યના આઠમા ભાગની સ્થિતિવાળાથી લઈને દેશોન બે પલ્યવાળા માટે આ એક જ શબ્દ પ્રયોગ છે. તોપણ તે સર્વ સ્થિતિ-વાળાના શ્વાસોચ્છ્વાસ અને આહારના કાલમાનમાં ફરક છે કારણ કે સ્થિતિમાં ફરક છે, તેથી **पुहत्त** શબ્દના અનેક અર્થ થાય છે.

(૬) ભગવતી સૂત્ર શતક ૨૨માં અનેક ફળ અને બીની અવગાહના પણ **पुहत्त** શબ્દથી બતાવી છે. અર્થાત્ **अंगुल पुहत्त, विहत्थी पुहत्त, रयणी पुहत्त** આદિ.

(૭) તિર્યંચની અવગાહના અને મનુષ્યની અવગાહનાના વર્ણનમાં તેમજ





કાયસ્થિતિના વર્ણનમાં સૂત્રકારે **पुहत्त** શબ્દનો પ્રયોગ કર્યો છે. ત્યાં **धणु, धणुपुहत्त,** ત્યારપછી **गाउ, गाउपुहत्त** શબ્દનો પ્રયોગ છે. આ રીતે બે થી લઈને ૧૯૯૯ ધનુષ્યનું ગ્રહણ પણ **पुहत्त** શબ્દથી કર્યું છે.

(૮) આ જ રીતે પ્રજ્ઞાપના, ભગવતી, જીવાભિગમમાં **पुहत्त** શબ્દથી ક્યાંક બે, ક્યાંક સાત, ક્યાંક નવ, ૧૨, ૯૯, ૧૯૯, ૧૯૯૯, સંખ્યાતા, અસંખ્યાતા અને અનંત સુધીનું ગ્રહણ થાય છે. આ રીતે **पुहत्त** શબ્દનો અર્થ વિશાળ છે.

અતઃ આગમ પ્રયુક્ત *धणुपुहत्त, गाउपुहत्त, कोडीपुहत्त, सयपुहत्त, सहस्सपुहत्त, अंगुलपुहत्त, रयणिपुहत्त, विहत्थिपुहत्त, वासपुहत्त, मासपुहत्त, कोडीसयपुहत्त, कोडीसहस्सपुहत्त*આદિ શબ્દોને ભાષામાં ક્રમશઃ અનેક ધનુષ, અનેક ગાઉ, અનેક ક્રોડ, અનેક સો, અનેક હજાર, અનેક અંગુલ, અનેક હાથ, અનેક વેંત, અનેક વર્ષ, અનેક માસ, અનેક સો ક્રોડ, અનેક હજાર ક્રોડ કહેવું જોઈએ.

આવા અનેક દષ્ટાંતોથી સમજી શકાય છે કે **'पुहत्त'** આગમિક શબ્દ પ્રયોગ છે. તેના સંસ્કૃત શબ્દ 'પૃથક્ત્વ' છે. તેનો અર્થ 'વિશાળ' છે. તેનો ભાવાર્થ **'અનેક'** થાય છે. પૃથક્ત્વ શબ્દ અનિર્દિષ્ટ સંખ્યાનો વાચક છે. માટે જ્યાં જે સંખ્યા ઘટિત થાય ત્યાં તે પ્રમાણે તેનો અર્થ કરવો જોઈએ.

**યથા–** ચોથા આરાના મનુષ્યોની અવગાહના જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં અનેક ધનુષની કહી છે. તો ત્યાં પ્રયુક્ત **पुहत्त** શબ્દથી એક સાથે બે ધનુષવાળા પણ ગ્રહિત થાય છે અને ૫૦૦ ધનુષ્યવાળા પણ આવી જાય છે.

**સાર :–** આગમોક્ત આ **पुहत्त** શબ્દને થોકડામાં પ્રત્યેક શબ્દથી કહેવું સર્વથા અનુપયુક્ત છે. તેથી ઉપરોક્ત પ્રમાણોનું ચિંતન મનન કરીને, વાસ્તવિકતાને સ્વીકારવી જોઈએ. પૃથક્ત્વના સ્થાને પ્રત્યેક કે બેથી નવનો પ્રયોગ ન કરવો જોઈએ. 'અનેક' શબ્દથી સર્વત્ર કથન કરવું જોઇએ.

આગમોકારોએ જ્યાં ચોક્કસ સંખ્યાનું કથન ન કર્યું હોય ત્યાં આગમ આધાર વિના ચોક્કસ સંખ્યાનું કથન કરવું તે યોગ્ય નથી. તેથી જ **પ્રત્યેક** વર્ષ, **પ્રત્યેક** કરોડ વગેરે શબ્દપ્રયોગના સ્થાને **અનેક** વર્ષ, **અનેક** કરોડ વગેરે શબ્દનો પ્રયોગ કરવો જોઈએ.

## પરિશિષ્ટ–૬

## એક સમયની કાયસ્થિતિ : આગમિક વિચારણા

ભગવતી સૂત્ર, પન્નવણા સૂત્ર, જીવાભિગમ સૂત્રમાં કેટલાય ભાવો–પરિણામોની એક સમયની કાયસ્થિતિ કહી છે. વ્યાખ્યાકારોએ તેને સમજાવવા માટે ક્યાંક મરણની અપેક્ષાથી અને ક્યાંક પરિણામોનું પરિવર્તન એક સમયમાં થઈ જાય છે, તેવું સ્પષ્ટીકરણ કર્યું છે. વ્યાખ્યાકારોએ ગમે તેમ કરીને આગમોક્ત કથનને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

તે સર્વ કથનોને જોતાં આ સ્પષ્ટ થાય છે કે આત્માના કોઈપણ ઉદયજન્ય ભાવો એક સમયના હોય શકે છે. એક સમયમાં જ તેનો ઉદયભાવ પરિવર્તન પામી શકે છે, તેથી એક સમયની કોઈપણ સ્થિતિ મરણની અપેક્ષાએ જ હોય તેવું એકાંતે નથી. એક સમયની સ્થિતિ પરિણામોના પરિવર્તનની અપેક્ષાએ, ઉદયભાવના પરિવર્તનની અપેક્ષાએ અથવા મરણની અપેક્ષાએ તે ત્રણે અપેક્ષાએ હોય છે.

**યથા**– જો સ્ત્રીવેદની એક સમયની સ્થિતિ મરણની અપેક્ષાએ માનવામાં આવે તો પણ એક સમયનો સ્ત્રીવેદનો ઉદય સ્વભાવ તો માનવો જ પડશે અને સ્ત્રી વેદના પરિણામનું એક સમયમાં પરિવર્તન પણ માનવું જ પડશે.

**(૧)** ભગવતી સૂત્ર શતક ૨૫માં પુલાક આદિ સર્વ નિયંઠામાં હાયમાન, વર્ધમાન અને અવસ્થિત પરિણામોની જઘન્ય એક સમયની સ્થિતિ કહી છે. તેનાથી સ્પષ્ટ થાય છે કે પરિણામો એક સમયના હોવા અને એક સમયમાં પરિવર્તિત થવા તે આગમકારોને માન્ય છે. તે સિવાય પુલાક નિર્ગ્રંથમાં પણ એક સમયમાં પરિણામોનું પરિવર્તન થાય, તેમ કહ્યું છે અને પુલાક નિર્ગ્રંથ અવસ્થામાં કાલધર્મ ન થાય તો પણ પરિણામ પરિવર્તિત થતાં રહે છે તે પણ માન્ય છે. માટે ટીકાકાર શ્રી અભય દેવ સૂરિજીએ ભગવતી સૂત્રના ૨૫મા શતકમાં સ્પષ્ટ કર્યું છે કે– કષાયાદિથી બાધિત થવાથી પુલાક નિર્ગ્રંથના હાયમાન–વર્ધમાન અને અવસ્થિત પરિણામોમાં એક સમયની કાયસ્થિતિ બને છે.

સર્વ નિર્ગ્રંથોના અવસ્થિત પરિણમોની ઉત્કૃષ્ટ સ્થિતિ પણ સાત સમયની કહી છે. બકુશ આદિ નિર્ગ્રંથોની એક સમયની સ્થિતિને સમજાવવા ટીકાકારે મરણની અપેક્ષાથી પણ ઘટિત કરેલ છે. તે કથનમાં તેઓએ 'પણ' શબ્દનો પ્રયોગ કર્યો છે. અર્થાત્ મરણની અપેક્ષાએ પણ એક સમયની સ્થિતિ ઘટે છે. અહીં 'પણ' શબ્દથી સ્પષ્ટ થાય છે કે– એકાંત મરણની અપેક્ષાથી જ એક સમયની સ્થિતિ માનવી ટીકાકારને અભિમત નથી !

જો મરણની અપેક્ષાએ જ એક સમયની સ્થિતિ હોય તેમ એકાંત માનીએ





તો શ્રેણી અવસ્થારૂપ અપ્રમત્તદશામાં વર્તમાન શ્રમણનું સ્ત્રીવેદ પરિણામમાં જવું અથવા તો નપુંસકતાના પરિણામમાં જવું, તે જ રીતે શ્રમણીનું પુઢષવેદના પરિણામમાં જવું માનવું પડે છે, પરંતુ અપ્રમત્ત દશામાં વિપરીત લિંગના પરિણામોને માનવા ઉપયુક્ત નથી.

છટ્ઠા ગુણસ્થાનવર્તી પ્રમત્ત શ્રમણને પણ અન્યલિંગી પરિણામો હોય તે આ પ્રકારની ઉદયની પ્રબળતાથી સંભવે છે, પરંતુ અપ્રમત્ત અને શ્રેણીમાં વર્તમાન ઉચ્ચ દશાના શ્રમણમાં માનવું એ અત્યંત વિચારણીય છે. આવા વિચિત્ર પરિણામોની દશામાં મરીને અનુત્તર આદિ દેવોમાં ઉત્પત્તિ માનવી તે તેના કરતાં પણ વિચારણીય બાબત છે. તેથી સ્પષ્ટ થાય છે કે એક સમયની સ્થિતિ સ્વભાવથી કે પરિણામથી હોય શકે છે, એકાંતે મૃત્યુની અપેક્ષાએ જ હોય તેમ નથી.

**(૨)** ***सामान्य रूपेण विशेष रूपेण आदिष्टष्य जीवस्य यद अव्यवछेदेन भवनं सा कायस्थिति ।***

**(૩)** ***सर्व विरतिस्तु सर्व सावद्यं अहं न करोमि इत्येवं रूपा, ततस्तत् प्रतिपत्ति उपयोग एक सामयिकोपि भवति ।***

**(૪)** ***आह च मूल टीकाकार–पढम समये कायजोगेण गहियाणं भास दव्वाणं बिइय समये वइ जोगेण निसग्गं काउण, उवरमंतस्स, मरणंतस्स वा एक समयो लब्भइ ।*** મન યોગ માટે ત્રીજે સમયે ***उपरमते म्रियते वा तत्र एक समयं मनयोगी लभ्यते ।*** અહીં પરિણામોના સ્વાભાવિક પરિવર્તન થવાથી પણ એક સમયની સ્થિતિ હોવાનું ટીકાકારે સમજાવ્યું છે.

**(૫)** અવધિજ્ઞાનની એક સમયની કાયસ્થિતિ માટે ***च्यवनेन मरणेन अन्यथा वा अनंतर समये प्रतिपतति तदा अवधि ज्ञानस्य एक समयता भवति*** અહીં પણ પરિણામો પરિવર્તિત થઈ જવાથી એક સમયમાં અવધિજ્ઞાન નષ્ટ થઈ જાય છે તેવું સ્વીકાર્યું છે અને મૃત્યુની અપેક્ષા પણ સ્વીકાર્યું છે.

**(૬)** અવધિજ્ઞાનની જેમ જ વિભંગજ્ઞાનના એક સમયને ટીકામાં સિદ્ધ કર્યો છે.

**(૭)** જીવાભિગમ ટીકા પૃષ્ઠ ૬૦માં ક્ષયોપશમની વિચિત્રતાથી એક સમયની સ્થિતિ માની છે.– ***सर्व विरति परिणामस्य तदावरण कर्म क्षयोपशम वैचित्र्यतः समयेकं संभवात ।***

(૮) પ્રજ્ઞાપના સૂત્રની ટીકામાં અવધિજ્ઞાનનો એક સમય ***मरणतः प्रतिपातेन मिथ्यात्वं गमनतो वा*** જીવાભિગમ ટીકા પૃષ્ઠ ૪૬૦માં વિભંગજ્ઞાનની એક સમયતા માટે ***सम्यकत्व लाभतो ज्ञान भावेन*** એ પ્રમાણે કથન છે આ બંને વ્યાખ્યાથી પણ સ્પષ્ટ છે કે મરણ વિના પણ મિથ્યાત્વ કે સમકિતની પ્રાપ્તિથી પણ એક સમયના પરિણામ હોઈ શકે છે. તે જ્ઞાન એક સમય રહી શકે છે.

**(૯)** જીવાભિગમ ટીકા પૃષ્ઠ–૪૫૨, અવધિ દર્શનની એક સમયની સ્થિતિ, મરણથી કે અધ્યવસાય પરિવર્તનથી તેમ બંને રીતથી સમજાવી છે.

**(૧૦)** અવધિદર્શનનું અંતર એક સમય ***अनंतर समये पुनस्तद् लाभः*** અર્થાત્ વચ્ચેનાં પરિણામ સ્વાભાવિક રીતે એક સમય રહે છે, તે સ્પષ્ટ છે.

**સાર :–** (૧) કાળ કર્યા વિના સંયમાવસ્થામાં કેટલીય પ્રકૃતિઓનો સ્વાભાવિક એક સમયનો ઉદય હોઈ શકે છે. (૨) કેટલાય પરિણામો એક સમયની સ્થિતિ પછી પરિવર્તિત થઈ શકે છે. (૩) પ્રકૃતિઓનો ક્ષયોપશમ કાલ એક સમયનો થઈ શકે છે. (૪) કેટલીક અવસ્થાઓ મૃત્યુની અપેક્ષાએ એક સમયની હોઈ શકે છે. (૫) કેટલાય ભાવો સ્વાભાવિક મૃત્યુની અપેક્ષાએ અંતર્મુહૂર્તના હોય છે. તે મૃત્યુની અપેક્ષાથી પણ એક સમયના હોતા નથી. જેમ કે પુઢષવેદ, કાયયોગ, બંને ઉપયોગ, ત્રણ કષાય (૬) લેશ્યા આદિ અસંયતાવસ્થામાં એક સમયના પરિણામો હોતા નથી. (૭) અસંયતાવસ્થામાં મૃત્યુની અપેક્ષાથી જ એક સમયની સ્થિતિ બને છે. (૮) ધર્માચરણી ત્રણેની એક સમયની કાયસ્થિતિ, અંતર આદિ પરિણામોના પરિવર્તનથી થાય છે. (૯) સંયમ અવસ્થાના ભાવોની કોઈ પણ એક સમયની સ્થિતિ માટે મરણ કાલનો જ એકાંત આગ્રહ ન રાખવો જોઈએ.